नासिकावधी.चउरिंद्रीने इंद्रीचार. आंख वधि.समुद्घात त्रण,वेदनी, कषायने मारणांतिक ए त्रण. संज्ञी के० ते असंज्ञी. वेद एक नपुंसक. पर्या पांच मन नही. द्रष्टि बे. समकितद्रष्टी ने मिथ्यात द्रष्टी. दर्शन बेइंद्री तेइंद्रीने एक अचक्षूदर्शन. चउरिंद्रीयने बे दर्शन. चक्षूदर्शन ने अचक्षूदर्शन. ज्ञान बे, मतिज्ञान ने श्रुतज्ञान. अज्ञान बे मतिअज्ञान, श्रुतअज्ञान. जोग चार उदारिक, उदारिकनो मिश्र, कार्मणकाय जोग, व्यवहार वचन. उपयोग बेइंद्री तेइंद्री ने पांच. बे ज्ञान बे अज्ञान, एक अचक्षुदर्शन ए पांच. चउरिंद्रीने उपयोग छ. बे ज्ञान, बे अज्ञान, बे दर्शन ए छ. तहा कहेतां तिमज आहार ले. जघन्य अने उत्कृष्टो छदिसनो. तथा त्रण प्रकारनो आहार ले. ओज, रोम, ने कवल. ऊववाय ते आवीने उपजे दस दंडकना. पांच स्थावर त्रण विगलेंद्री मनुष्यने तिर्यंच ए दस. स्थिति बेरिंद्रीनी जघन्य अंतर्मुहूर्त्तनी उत्कृष्टि बार वरसनी. तेइंद्रीनी जघन्य अंतर्मुहूर्त्तनी उत्कृष्टी उगणपचासदिवसनी. चउरिंद्रीयनी जघन्य अंतर्मुहूर्त्तनी उत्कृष्टी छ महिनानी. समोहिया मरण अने असमोहिया मरण बे छे. चवण ते चविने जाय दस दंडकमां, पांच स्थावर, त्रण विगलेंद्री, मनुष्य ने तिर्यंचमां जाय. गइ ते मरीने बेगतिमां जाय, मनुष्य ने तिर्यंचमां. आगइ ते आवे पण बेगतिनो मनुष्यने तिर्यंचनो. प्राण बेरिंद्री ने छ प्राण, बेइंद्रीना बे प्राण, कायबल, स्वासोस्वास, आउखू, वचन, ए छ. तेरिंद्री ने सात प्राण. ते नासिका वधी. चउरिंद्रीने आठप्राण आंख वधी. जोग बे. वचनजोग ने कायजोग. इति त्रण विगलेंद्रिना त्रण दंडक संपूर्ण. हवे विसमो तिर्यंच पंचेंद्रीनो दंडक कहे छे. हवे पांचे समु-

छिंमने सरीर त्रण. उदारिक, तेजस ने कार्मण अने गर्भजने च्यार सरीर वैक्रेय वध्युं. अवघेणा पांचेनी कहे छे. हवे जलचर समुछिम ने गर्भजनी ज० अंगु० असं० उ० हजार जोजननी. थलचर समुर्छिमनी ज० अंगु० असं. उ० प्रत्येक गाउनि. गर्भजनी ज० अंगु० असं० उ० छ गाउनी. उरपर सर्प समुर्छिमनी ज० अंगु असं० उ० प्रत्येक जोजननी. अने गर्भजनी ज० अंगु० असं० उ० हजार जोजननी. भुजपर समुर्छिमनी ज० अंगु० असं० उ० प्रत्येक धनुषनी. गर्भजनी ज० अंगु० असं० उ० प्रत्येक गाउनी. खेचर समुर्छिमने गर्भजनी ज० अंगु असं० उ० प्रत्येक धनुष्यनी. उत्तर वैक्रेय करे तो ज०अंगु० संख्या० उ० नवसें जोजननी. संघेण समुर्छिमने एक छेवट्ठ गर्भजने छ संघेण. संठाणसमुर्छिमने एक हुंड, गर्भजने छ संठाण. कषाय च्यारे पण तिर्यंचने माया घणी. संज्ञा चारे पण तिर्यंचने आहार संज्ञा घणी, लेस्या समुर्छिमने त्रण पेहेली. गर्भज ने छ लेस्या. इंद्री पांचे छे. समुद्घात समुर्छिमने त्रण वेदनी कषाय ने मारणांतिक. अने गर्भज ने समुद्घात पांच वेदनी कषाय मारणांतिक वैक्रेय ने तेजस. संज्ञी क० समुछिम असंज्ञी. गर्भजंसज्ञी. समुछिममां वेद एक नपुंसक. गर्भजने त्रण वेद. पर्या समुर्छिमने पांच, मन नही. अने गर्भजने पर्या छ. द्रष्टि समुर्छिमने बे. समकित ने मिथ्यात. गर्भजने त्रण द्रष्टी. दर्शन समुर्छिम ने बे चक्षुदर्शन ने अचक्षुदर्शन. गर्भजने त्रण दर्शन. ज्ञानसमुछिम ने बे मतिज्ञान, श्रुतज्ञान. गर्भजने त्रण. अज्ञानसमुर्छिम ने बे मतिअज्ञान ने श्रुतअज्ञान. गर्भजने त्रण अज्ञान. जोग समुर्छिमने च्यार. उदारिकना बे, कार्मण ३, व्यवहार वचन ४. गर्भजने तेर जोग

आहारकना बे नही. उपयोगसमुर्छिमने छ. बे ज्ञान, बे अज्ञान, बे दर्शन. गर्भजने नव उपयोग. त्रण ज्ञान, त्रण अज्ञान, त्रण दर्शन. तिमज आहार ले जघन्य उत्कृष्टो छ दिसनो आहार ले. तथा त्रण प्रकारे आहार ले, ओज, रोमने, कवल, आहार ले. ते पण सचेत अचेतने मिश्र. उववाय ते आवीने उपजे. समुर्छिममां दस दंडकना. पांच स्थावर, त्रण विगलेंद्री, मनुष्यने त्रिजंच, गर्भजमां चोविसे दंडकना आवीने उपजे. स्थिति जलचर समुर्छिमने गर्भजनी ज० अंत० उ० पूर्व क्रोडनी. थलचर समुर्छिमनी ज० अंत० उ० चोरासी हजार वर्षनी. अने गर्भजनी ज० अंत० उ० त्रण पल्योपमनी. उरपरसर्प समुर्छिमनी ज० अंत० उ० त्रेपनहजार वरसनी. अने गर्भजनी अ० अंत० उ० पूर्वक्रोडनी. भुजपर समुर्छिमनी ज० अंत० उ० बेतालीस हजारवरसनो अने गर्भजनी ज० अंत० उ० पूर्व क्रोडनी. खेचर समुर्छिमनी ज० अंत० उ० बोहोतेर हजार वरसनी अने गर्भजनी ज० अंत० उ० पल्योपमनो असंख्यातमो भाग. समोहियामरण ने असमोहियामरण ए बे मरण छे. चवण के० चवीने, समुर्छिम जाय तो बाविस दंडकमां. ज्योतिषीने विमानीकमां जाय नहि. अने गर्भज चोवीसे दंडकमां जाय. गइ ते० समुर्छिम अने गर्भज मरीने चार गतिमां जाय. आगइ ते आवे समुर्छिममां बे गतिनो मनुष्य ने तिर्यंचनो, अने गर्भजमां चारे गतिनो आवे. प्राण समुर्छिमने नव मन नही, अने गर्भजने प्राण दशे लाभे. जोग समुर्छिमने बे. कायजोग ने वचनजोग. अने गर्भजने त्रण जोग. मन, वचन, ने कायजोग. इति विसमो: तिर्यंचपंचेंद्रीनो दंडक संपूर्ण.

हवे एकविसमो मनुष्यनो दंडक कहे छे. तेमां समुर्छिम मनु-

ष्यमां शरीर त्रण. उदारिक, तेजस ने कार्मण. जुगलीयामां सरीर त्रण तेहीज. कर्मभुमिमनुष्यमां सरीरपांच लाभे. अवघेणा, समुछिमनि जघन्य ने उत्कृष्टी अंगुलनो असंख्यातमो भाग, अने गर्भज मनुष्यनी भरत ईरवतमां आराना परे जाणवी. पहेले आरे बेसतां त्रण गाउनी, उतरतां बे गाउनी. बीजे आरे बेसतां बे गाउनी, उतरतां एक गाउनी. त्रीजे आरे बेसतां एक गाउनी, उतरतां पांचसें धनुषनी. चोथे आरे बेसतां पांचसें धनुषनी, उतरतां सात हाथनी. पांचमे आरे बेसतां सात हाथनी, उतरतां एक हाथनी, छठे आरे बेसतां एक हाथनी, उतरतां मुंढा हाथनी. पछे चडतां अवला सवली जाणबी. ५ महाविदेहमां पांचसें धनुषनी उत्तर वैक्रेय करे तो ज० अंगु० संख्या० उ० लाख जोजन झाझेरी. हेमवय, इरणवयमां ज० अंगु० असं० उ० एक गाउनी. हरिवास, रमकवासमां ज० अंगु० असं० उ० बे गाउनी. देवकुरु उत्तरकुरुमां ज० अंगु० असं० उ० त्रण गाउनी. हवे छपन्न अंतर द्विपामां ज० अंगु० असं० उ० आठसें धनुषनी, संघयण समुर्छिम ने एक छेवटुं जुगलियाने एक वज्ररुषभनाराचसंघयण. पन्नर कर्मभुमिना गर्भज मनुष्यने छ संघयण. संठाण समुर्छिमने एक हुंड. जुगलियाने एक समचउरंस. कर्मभुमिना गर्भज मनुष्यने छ संठाण कषाय चारे पण मनुष्यने मान घणुं. संज्ञा चारे पण मनुष्यने मैथुन संज्ञा घणी. लेस्यासमुर्छिमने त्रण पेहेली जुगलीयाने लेस्या चार पहेली. गर्भज ने छ लेस्या. इंद्री पांचे. समुद्घात समुर्छिमने त्रण, वेदनी कषाय ने मरणांतिक. जुगलियाने समुद्घात त्रण तेहीज कर्मभुमीना गर्भज मनुष्यने सात समुद्घात. समुर्छिम असंज्ञी, गर्भजसंज्ञी. वेद समुर्छिमने एक नपुंसक. जुगलियामां वेद बे. स्त्री ने पुरुष. कर्म-

भुमिना गर्भज मनुष्यमां त्रण वेद. स्त्री पुरुष ने नपुंषक. पर्या समुर्छिमने चार, भाषाने मन नही. गर्भजने छ पर्या. दृष्टी समुर्छिमने एक मिथ्यात. दस अकर्मभुमामां बे दृष्टी. समकित ने मिथ्यात. वीस अकर्मभुमीने छपन्न अंतरद्वीपामां एकमिथ्यातदृष्टी. कर्मभुमिना मनुष्यमां त्रणे दृष्टी. दर्शन समुर्छिम अने जूगलीयाने बे. चक्षुदर्शन ने अचक्षुदर्शन. गर्भजने दर्शन चारे लाभे. दसअकर्मभुमीमां ज्ञान बे अने वीसअकर्म भूमी ने छपन्न अंतरद्वीपा न समुर्छिममां ज्ञान नथी. गर्भजने ज्ञान पांच. अज्ञान समुर्छिमने बे मति अज्ञान न श्रुतअज्ञान, गर्भजने त्रण. जोग समुर्छिम ने त्रण उदारिकना बे ने १ कार्मणकायजोग ए त्रण. जूगलीयाने जोग ११ ते मनना ४, वचनना ४, उदारिकना २, कार्मण १, एवं जोग ११. गर्भजने पनर जोग. दश अकर्मभूमी ते पांच देवकुरु पांच ऊत्तरकुरु ए दशमां ऊपयोग ६. ते २ ज्ञान, २ अज्ञान, २ दर्शन ए ६. अने वीस अकर्मभूमी ५६. अंतरद्वीपामां न समुर्छिमने बे अज्ञान, बे दर्शन ए ४. गर्भजने बार ऊपयोग. तिमज आहार ले तो जघन्यने ऊत्कृष्टो छ दिसनो. तथा त्रण प्रकारे आहार ले. उंच रोमने कवल ते पण सचेत, अचेतने मिश्र. ऊववाय ते आवीने उपजे. समुर्छिममां आठ दंडकना, पृथ्वी, पाणी, वनस्पति, त्रण विगलेंद्री, मनुष्य ने तिर्यंच ए आठनो. जुगलीयामां २ दंडकनो ते मनुष्य ने तिर्यंचनो गर्भज मनुष्यमां बाविस दंडकना ऊपजे ते तेऊवाऊना नही. स्थिति समुर्छिमनी जघन्यने ऊत्कृष्टी अंतर्मुहूर्तनी. गर्भजनी आरानी परे जाणवी. पहेले आरे बेसतां त्रण पल्योपमनी, ऊतरतां बे पल्योपमनी. बीजे आरे बेसतां बे पल्योपमनी, उतरतां एक पल्योपमनी. त्रीजे आरे बेसतां एक पल्योपमनी, उतरतां पूर्व क्रोडनी. चोथे आरे बेसतां पूर्व क्रोडनी, उतरतां

सो वरस झाझेरानी. पांचमे आरे बेसतां सो वरस झाझेरानी, उतरते आरे विस वरसनी. छठे आरे बेसतां वीस वरसनी, उतरते आरे शोल वरसनी. एम चडतां उतरतां अवला सवली जाणवी. हिमवय इरणवयमां एक पल्योमनी, हरिवास रमकवासमां बे पल्योपमनी, देवकुरु ऊत्तरकुरुमां त्रण पल्योपमनी छपन्न अंतरद्विपामां पल्योपमनो असंख्यातमो भाग ५ महाविदेहमां पूर्व क्रोडनी. समोहिया ने असमोहिया ए बे मरण छे. चवण ते चवीने समुर्छिम दस दंडकमां जाय. पांच स्थावर ने त्रण विगलेंद्री, मनुष्यने तिर्यंच एवं दस. जुगलीया एक देवगतिमां जाय. गर्भजचोविसे दंडकमां जाय. गइ ते मरीने समुर्छिम बे गतिमां मनुष्य ने तिर्यंचमां जाय. गर्भज मनुष्य पांच गतिमां जाय. आगइ ते समुर्छिमने जुगलीयामां आवे तो बे गतिनो, मनुष्य ने तिर्यंचनो. गर्भजमां चार गतिनो आवे. प्राण समुर्छिमने आठभाषा ने मन नही. गर्भजने दस प्राण. जोगसमुर्छिमने एक कायानो. गर्भजने त्रण जोग, इति एकविसमो मनुष्यनो दंडक संपूर्ण. २१

हवे बाविसमो वाणव्यंतरनो दंडक. तेमां शरीर त्रण वैक्रेय, तेजस ने कार्मण. अवघेणा ज० अंगु० असं० उ० सात हाथनी, अने उत्तर वैक्रेय करे तो ज० अंगु० संख्या० उ० लाख जोजननी. संघयण नथी. संठाण एक. समचउरंस. कषाय चारे पण देवता ने लोभ घणो, संज्ञा चारे पण देवताने परिग्रह संज्ञा घणी. लेस्या चारपहेली. इंद्री पांचे. समुद्घात पांच. आहारकने केवल नही. संज्ञी असंज्ञी बे. वेद बे. स्त्री ने पुरुष. पर्या ४ भाषा मन भेला बांधे. दृष्टि त्रण. दर्शन त्रण. ज्ञान त्रण. अज्ञान त्रण. जोग अगीयार. चार मनना, चार वचनना, त्रण कायाना.

ते वैक्रेय, वैक्रेयनो मिश्र, कार्मण कायजोग एवं अगीयार. उपयोग नव. त्रण ज्ञान, त्रण अज्ञान, त्रण दर्शन एवं नव. तेमज आहार ले तो जघन्य ने उत्कृष्टो छ दिसनो. तथा बे प्रकारे ओज ने रोम ते पण सुभ ते पण अचेत आहार. उववाय ते आवीने ऊपजे. बे दंडकना. मनुष्यने तिर्यंचना. स्थिति वाणव्यंतरनी, ज० दस हजार वरसनी, ऊ० एक पल्योपमनी. तेहनी देवोनी, ज० दस हजार वरसनी, ऊ० अरध पल्योपमनी. समोहिया ने असमोहिया ए बे मरण छे. चवण ते चविने जाय पांच दंडकमां, पृथ्वी, पाणी ने वनस्पति मनुष्य ने तिर्यंच ए पांच. गइ ते मरीने बे गतिमां जाय, मनुष्यन तिर्यंचमां. आगइ ते आवे पण बे गतिना मनुष्य ने तिर्यंचना. प्राण दस. जोग त्रण मन वचन, ने कायाना. इति बाविसमो वाणव्यंतरनो दंडक संपूर्ण. २२.

हवे त्रेविसमो जोतिषीनो दंडक. तेहमां सरीर त्रण. वैक्रेय, तेजस ने कार्मण. अवघेणा ज० अंगु० असं० ऊ० सातहाथनी अने ऊत्तर वैक्रेय करे तो ज० अंगु संख्या० ऊ० लाख जोजननी, संघयण नथी. संठाण एक. समचऊरंस. कषाय चारे. संज्ञा चारे. लेस्या एक तेजु. इंद्री पांचे. समुद्घात पांच आहारकने केवल नही. संज्ञी छे. वेद बे. पर्या ५ भाषा मन भेला बांधे. दृष्टी त्रण. दर्शण त्रण. ज्ञान त्रण. अज्ञान त्रण. जोग अगीयार. चार मनना, चार वचनना, त्रण कायाना. ते वैक्रेय, वैक्रेयनो मिश्र ने कार्मण कायजोग एवं अगीयार. ऊपयोग नव. त्रण ज्ञान, त्रण अज्ञान, त्रण दर्शन एवं नव. तिमच आहार ले तो जघन्य ने ऊत्कृष्टो छ दिसनो तथा बे प्रकारे ऊज ने रोम ते पण सुभ ने अचेत आहार. ऊववाय ते आवीने ऊपजे, बे दंडकना. मनुष्य ने तिर्यंचना. स्थिति चंद्रमाना

देवतानी, ज० पा पल्यनी, ऊ० एक पल ने लाख वरसनो. तेहनी देवीनी ज० पा पल्यनी, ऊ० अरध पल्य ने पचास हजार वरसनी. सूर्यना देवतानी, ज० पा पल्यनी, ऊ० एक पल्य ने हजार वरसनी. तेहनी देवीनी ज० पा पल्यनी, ऊ० अरध पल्य ने पांचसें वरसनी. ग्रहनादेवतानी ज० पा पल्यनी, उ० एक पल्यनी, तेहनी देवीनी ज० पापल्यनी, उ० अरध पल्यनी, नक्षत्रना देवतानी ज० पा पल्यनी, उ० अरध पल्यनी, तेहनी देवीनी, ज० पल्यनो आठमो भाग, उ० पा पल्यनी. ताराना देवतानी ज० पल्यनो आठमो भाग, उ० पा पल्यनी. तेहनी देवीनी ज० पल्यनो आठमो भाग, उ० पल्यनो आठमो भाग झाझेरी. समोहिया ने असमोविया ए बे मरण छे. चवण ते चविने जाय. पांच दंडकमां, पृथ्वी, पाणी, वनस्पति, मनुष्य ने तिर्यंचमां. गइ ते मरीने बे गतिमां जाय. मनुष्य ने तिर्यंचमां. आगइ ते मनुष्य ने तिर्यंचनो आवे. प्राण दस जोग त्रण. इति त्रेविसमो ज्योतिषीनो दंडक संपूर्ण २३.

हवे चोविसमो वैमानिकनो दंडक. तेहमां सरीर त्रण. वैक्रेय, तेजस ने कार्मण. अवघेणा सुधर्म, इशान ए बे देवलोके ज० अंगुळ असं० उ० सात हाथनी. त्रीजे, चोथे देवलोके छ हाथनी. पांचमे छठे देवलोके पांच हाथनी. सातमे, आठमे देवलोके चार हाथनी, नवमे, दसमे, इग्यारमे, बारमे दे० त्रण हाथनी. नव ग्रैवेयकें बे हाथनी. चार अनुत्तर विमानमां एक हाथनी. सर्वार्थसिद्धमां मुंढा हाथनी. अने उत्तरवैक्रेय करे तो बार देवलोक सुधी ज० अंगु० संख्या० उत्कृष्टी लाख जोजननी. संघयण नथी. संठाण एक. समचउरंस. कषाय चारे पण लोभ घणो. संज्ञा चारे पण परिग्रहसंज्ञा घणी. लेस्या पेहेले बीजे देवलोके एक तेजु

लेस्या. त्रीजे, चोथे, पांचमे, एक पदम लेस्या. छठाथी मांडी नव ग्रैवेयकमां. एक सुकल लेस्या, अने पांच अनुत्तर विमानमां, १ परमसुकल लेस्या. इंद्री पांचे. समुद्घात बार देवलोकमां पांच. आहारक ने केवल नही. नव ग्रैवेयक ने पांच अनुत्तर विमानमां त्रण. वेदनी, कषाय ने मारणांतिक. संज्ञी एकला छे. वेद पेहेले बीजे देवलोके बे. स्त्रीवेद, पुरुष वेद. त्रीजाथी ते सार्वार्थसिद्ध लगे एक पुरुष वेद. पर्या ५ भाषा मन भेला बांधे. दृष्टी बारदेवलोकमां त्रण दृष्टी. नवग्रैवेयकमां बे दृष्टी. समकित ने मिथ्यात. पांच अनुत्तर विमानमां एकदृष्टी. समकित. बारदेवलोक ने नव ग्रैवेयकमां त्रण ज्ञान, त्रण अज्ञान, त्रण दर्शन. पांच अनुत्तर विमानमां अज्ञान नथी. जोग अगीयार, चार मनना, चार वचनना, त्रण कायाना ते. वैक्रेय. वैक्रेयनो मिश्र ने कार्मण कायजोग एवं अगीयार. उपयोग बारदेललोक ने नव ग्रैवेयकमां नव. त्रण ज्ञान, त्रण अज्ञान, त्रण दर्शन एवं नव. पांच अनुत्तर विमानमां छ उपयोग त्रण ज्ञान, त्रण दर्शन ए छ. तिमज आहार ले तो जघन्य ने उत्कृष्टो छ दिसनो तथा बे प्रकारे ओज ने रोम ते पण अचेत ने सुभ आहार. उववाय ते आवीने उपजे पहेला देवलोकथी मांडीने आठमा देवलोक सुधी बे दंडकना. मनुष्य ने तिर्यंचना अने नवमेथी ते सर्वार्थसिद्ध लगे एक मनुष्यनो आवे. स्थिति पेहेले देवलोके जघन्य एक पल्यनी, उत्कृष्टी बे सागरनी. तेहनी परीग्रहीत देवीनी ज० एक पल्यनी, उ० सात पल्यनी, अने अपरिग्रहीत देवीनी ज० एक पल्यनी, उ० पचास पल्यनी, बीजे देवलोके एके पल्यनी झाझेरी, उ० बे सा० झाझेरी. तेहनी परिग्रहीत देवीनी, ज० एक पल्यनी झाझेरी, उ०

नव पल्यनी, अने अपरिग्रहित देवीनी, ज० एक पल्यनी झाझेरी उ० पंचावन पल्यनी. त्रीजे देवलोके ज० बे सा० उ० सात सा० तिहां देवी नथी पण तेडावी जाय. चोथे देवलोके ज० बे सा० झाझेरी, उ० सात सा० झाझेरी. पांचमे देवलोके ज० सात सा० उ० दस सा०. छठे देवलोके ज० दस सा० उ० चऊद सा० सातमे देवलोके ज० चऊद सा० ऊ० सतर सा० आठमे देवलोके ज० सतर० सा० उ० अढार सा०, नवमे देवलोके ज० अढार सा० उ० उंगणीस० सा० दसमे देवलोके ज० उंगणीस सा०, ऊ० वीस सा० अग्यारमे देवलोके ज० वीस सा० उ० एकविस सा०, बारमे देवलोके ज० एकविस सा० उ० बाविस सा० प्रथम ग्रैवेयके ज० बाविस सा० उ० त्रेविस सा० बीजो ग्रैवेयके ज० त्रेविस सा० उ० चोविस सा०, त्रीजी ग्रैवेयके ज० चोविस सा० उ० पचीस सा०, चोथी ग्रैवेयके ज० पचीस सा० उ० छविस सा०, पांचमी ग्रैवेयके ज० छविस सा० उ० सताविस सा० छठि ग्रैवेयके ज० सताविस सा० उ० अठाविस सा०, सातमी ग्रैवेयके ज० अठाविस सा० उ० उंगणत्रिस सा०, आठमी ग्रैवेयके ज० उंगणत्रिस सा० उ० त्रिस सा०, नवमी ग्रैवेयके ज० त्रीस सा० नी उ० एकत्रिस सा० ४ अनुत्तर विमानमां ज० एकत्रीस सा० उ० तेत्रीस सा० सर्वार्थसिद्धमां ज० ने उ० तेत्रीस सा० समोहिया ने असमोहिया ए बे मरण लाभे. चवण ते चविने पेहेला बीजा देवलोकना देवता पांच दंडकमां जाय. पृथ्वी, पाणी वनस्पति, मनुष्य ने तिर्यचए पांच त्रीजाथी ते आठमा देवलोकना देवता बे दंडकमां जाय. मनुष्य, ने त्रिर्य-चमां नवमेथी मांडीने सर्वार्थसीद्धलगेना देवता एक दंडकमां जाय. मनुष्यमां. गइ ते मरीने पेहेलाथी मांडीने आठमां देवलोकना देवता

बे गतिमां जाय. अने नवमांथी मांडीने सर्वार्थसिद्ध सुधिना एक मनुष्यनी गतिमां जाय. आगइ ते पेहेलाथी मांडीने आठमां देवलोक लगे बे गतिनो आवे. मनुष्य ने त्रिजंचनो अने नवमाथी मांडीने सर्वार्थसिद्ध लगे एक मनुष्यनो आवे. प्राण दस. जोग त्रण. इतिश्री चोविसमो वैमानिकनो दंडक संपूर्ण.

हवे सिद्धनो द्वार कहे छे. सिद्धने सरीर नथी. अववेणा सिद्धनी अरूपि जीवना प्रदेशना घननी, ज० एक हाथने आठ आंगुलनी, मझम चार हाथने सोल अंगुलनी, अने उत्कृष्टी त्रणसें तेत्रीस धनुष ने बत्रीस अंगुलनी. सिद्धने संघयण नथी, सिद्धने संठाण नथी. सिद्धने कषाय नथी. सिद्धने संज्ञा नथी. सिद्धने लेस्या नथी. सिद्धने इंद्रीय नथी. सिद्धने समुद्घात नथी. सिद्ध संज्ञी असंज्ञी नथी. सिद्धने वेद नथी. सिद्धने प्रजा नथी. सिद्ध समकितद्रष्टी छे. सिद्धने एक केवल दर्शन छे. सिद्धने एक केवल ज्ञान छे. सिद्धने अज्ञान नथी. सिद्धने जोग नथी. सिद्धने उपयोग बे छे. केवलज्ञान, केवल दर्शन, सिद्धने आहार नथी. उववाय ते आवीने उपजे, एक दंडक ते मनुष्यनो. सिद्धनी स्थितिनो छेडो नथी. सिद्धने मरण नथी. सिद्धने चववुं नथी. गइ ते मरीने सिद्धने कोइ गतिमां जावुं नथी. आगइ ते सिद्धमां एक मनुष्यनो आवे. सिद्धने प्राण नथी. पण भाव प्राण बे छे, केवल ज्ञान ने केवल दर्शन. सिद्धने जोग नथी. इति सिद्धनो द्वार इतिश्री लघुदंडकना बोल संपूर्ण.

## अथ श्री गतागतना बोल.

पहेलीनर्के आगत २५ भेदनी ते १५ कर्मभूमी, ५ संज्ञी

तिर्यंच ने ५ असंज्ञीतिर्यंच ए २५ ना प्रजाप्तानि गत ४० भेदनि ते १५ कर्मभूमी ने ५ संज्ञीतिर्यंच ए २० ना अप्रजाप्ता ने प्रजाप्तानि. बिजी नर्के आगत २० भेदनि ते, ५ असंज्ञीतिर्यंचना प्रजाप्ता वर्ज्या. गत ४० नी पूर्ववत्, त्रजीनर्के आगत १९ भेदनि ते पूर्वे २० कह्या तेहमांथि १ भूजपर वर्ज्या. गत ४० नि पूर्ववत्. चोथी नर्के आगत १८ भेदनी ते पूर्वे १९ कह्या तेहमांथि १ खेचर वर्ज्या. गत ४० नि पूर्ववत्. पांचमो नर्के आगत १७ भेदनि ते पूर्वे १८ कह्या तेहमांथी १ थलचर वर्ज्या. गत ४० नि पूर्ववत्. छठी नर्के आगत १६ भेदनि ते १७ पूर्वे कह्या तेहमांथि १ उरपर वर्ज्या. गत ४० नि पूर्ववत्. सातमी नर्के आगत १६ भेदनि ते १५ कर्मभूमि ने १ जलचरमच्छ, ए १६ ना प्रजाप्ता तेमां स्त्री वर्जीने. गत १० भेदनि ते ५ संज्ञीतिर्यंचना अप्रजाप्ता ने प्रजाप्तानि. दस भवनपति, १५ पर्मा-धामी, १६ वाणव्यंतर, १० जंभका. ए ५१ जातिना देवतामां आगत १११ भेदनि ते १०१ क्षेत्रना संज्ञीमनुष्य, ५ संज्ञीतिर्यंच ५ असंज्ञीतिर्यंच ए १११ ना प्रजाप्तानि. गत ४६ नि ते १५ कर्म-भूमि, ५ संज्ञीतिर्यंच, ए २० ने पृथ्वी १, पाणि २, वनस्पति ३, ए २३ ना अप्र० ने प्रजाप्तानि ८. दस ज्योतषी ने पहिला देव-लोकमां आगत ५० भेदनि ते, १५ कर्मभूमी, ५ संज्ञी तिर्यंच ने ३० अक-र्मभूमी ए ५० ना प्रजाप्तानि. गत ४६ नि पूर्ववत्. ९. बिजा देवलोकमां आगत ४० भेदनि ते पूर्वे ५० भेद कह्या तेहमांथि ५ हेमवय ने ५ एरणवय ए १० ना प्रजाप्ता वर्ज्या. गत ४६ नि पूर्ववत्. १०. पहिला किल्विषीमां आगत, ३० भेदनि ते पूर्वे ४० कह्या. तेहमांथि ५ हरिवास, ५ रमकवास ए १० ना प्रजाप्ता वर्ज्या. गत ४६ नि पूर्ववत्. ११. त्रिजा देवलोकथी आठमा देवलोकसुधि ६ देवलोक, ९

लोकांतिक, २ किल्विषी, ए १७ जातिना देवतामां आगत २० भेदनि ते १५ कर्मभूमी, ५ संज्ञीतिर्यंच, ए २० ना प्रजाप्तानि. गत ४० नि ते पनर कर्मभूमी, पांच संज्ञीतिर्यंच, ए वीशना अप्र० प्रजा० एवं ४० ॥ १२. नवमां देवलोकथि ते सर्वार्थसिद्धलगे ४ देवलोक, ९ ग्रैवेयक, ५ अनुत्तर विमान ए १८ मां आगत १५ कर्मभूमिना प्रजाप्तानि. गत ३० नि ते पनर कर्मभूमीना अप्र० प्रजा० एवं ३० ॥ १३. पृथ्वि, पाणि, वनस्पति ए ३ मां आगत २४३ भेदनि ते १०१ सम्मुर्छिम मनुष्यना अप्रजाप्ता, १५ कर्मभूमीना अप्र० ने प्रजाप्ता एवं १३१ ने ४८ भेदतिर्यंचना एवं १७९ नी लट ने ६४ भेद देवतना ते १० भवनपति, १५ परमाधामी, १६ वाणव्यंतर, १० जंभका १० ज्योतषी एवं ६० ने २ देवलोक, एक किल्विषी एवं ६४ ना प्रजाप्ता, एवं २४३ नि. गत १७९ लटनि. १४. तेउ वाउ ए २ मां आगत १७९ लटनि. गत ४८ भेदतिर्यंचनी. १५. त्रण विगलेंद्रियमां आगत १७९ लटनि. गत पण १७९ लटनि. १६. असंज्ञीतिर्यंचमां आगत १७९ लटना. गत ३९५ भेदनि ते ५६ अंतरद्विपा ने ५१ जातिना देवता ते १० भवनपति, १५ परमाधामी, १६ वाणव्यंतर, १० जंभका ए ५१ जातिना देवता. एवं सर्व मिलि १०७ भेद थया, अने १ पहिली नर्क एवं १०८ ना अप्र० ने प्रजाप्ता एवं २१६ अने १७९ लट सर्वमिली ३९५ भेदनि. १७. संज्ञीतिर्यंचमां आगत. २६७ भेदनि ते ८१ भेद देवताना ते ९९ मांहिथि ४ देवलोक, ९ ग्रैवेयक, ५ अनुत्तरविमान ए १९ वर्ज्या ने १७९ लट एवं सर्वमिलि २६० ने ७ नर्कना प्रजाप्ता एवं २६७ नि. पांचे त्रीर्यंचनी गत जुदी जुदी कहे छे. जलचरनी ५२७ नी ते ५६३ मांहिथि नवमा देवलो-

कथी सर्वार्थ सिद्ध सुधि ए १८ ना अप्र० ने प्रजा० एवं ३६ वर्ज्यां शेष ५२७ रह्या. थलचरनी गत ५२१ नी ते ५२७ मांहिथी पांचमी, छठी, सातमी ए त्रण नर्कना अप्र० प्रजा० ए छ वर्ज्यां शेष ५२१ रह्या. उरपरनी गत ५२३ नी ते ५२७ मांहिथि छठी, सातमी, ए बे नर्कना अप्र० प्रजा० ए चार वर्ज्यां शेष ५२३ रह्या. भुजपरनी गत ५१७ नी ते त्रीजी, चोथी, पांचमी, छठी, सातमी, ए पांचना अप्र० प्रजा० ए दस वर्ज्यां शेष ५१७ रह्या. खेचरनी गत ५१९ नी ते ५२७ मांहिथि चोथी, पांचमी. छठी, सातमी, ए चारना अप्र० प्रजा० ए आठ वर्ज्यां शेष ५१९ रह्या. १८. समुर्छिम मनुष्यमां आगत १७१ भेदनि ते, १७९ लाटमांथि ८ तेउ, वाउना वर्ज्यां, शेष १७१ नि. गत १७९ लटनि. १९. संज्ञीमनुष्यमां आगत २७६ भेदनि. ते १७९ लटमांहिथि तेउ, वाउना ८ वर्ज्यां शेष १७१ रह्या अने ९९ जातिना देवतानाप्रजाप्ता एवं २७० ने ६ नर्कना प्रजाप्ता सर्व मिलि २७६ नि. गत ५६३ भेदनि. २०. त्रीश अकर्मभूमीमां आगत २० भेदनि ते. १५ कर्मभूमी, ५ संज्ञीतिर्यंच, ए २० ना प्रजाप्तानि. गत जुदी जुदी कहे छे. ५ देवकुरु ५ उतरकुरुनि गत १२९ भेदनि ते १० भवनपति, १५ परमाधामी, १६ वाणव्यंतर, १० जंभका, १० ज्योतषी २ देवलोक. पहेलो बिजो ने १ किल्विषी ए ६४ जातिना देवताना अप्र० प्रजा० एवं १२८ नि. ५ हरिवास ५ रमकवास नि. गत १२६ नि ते पुर्वे १२८ भेद कह्या. तेमांहीथि पहेला कील्विषीना अप्रजा० प्रजा० ए २ भेद वर्ज्यां. ५ हेमवय, ५ एरणवयनि गत. १२४ भेदनि ते पुर्वे १२६ भेद कह्या. तेहमांथि बिजा देवलोकना अप्र० प्रजा० ए २ भेद वर्ज्यां. २१. छपन्न अंतरद्विपमां आगत. २५ भेदनि ते १५ कर्मभूमी, ५ संज्ञीतिर्यंच, ५

असंज्ञीतिर्यंच ए २५ ना प्रजाप्तानि. गत १०२ भेदनि ते, १० भवनपति, १५ परमाधामी, १६ वाणव्यंतर, १० जंभका, एवं ५१ ना अप्र० प्रजाप्ता सर्व मिलि १०२ भेद. २२. इति २४ दंडकनि गता गत समाप्तं. तिर्थंकरदेवमां आगत. ३८ भेदनि ते. १२ देवलोक, ९ लोकांतिक, ९ ग्रैवेयक, ५ अनुत्तरविमान ने पहेली ३ नरक एवं ३८ना प्रजाप्तानि. गत मोक्षनि. २३. चक्रवर्तिमां आगत ८२ भेदनिःते ९९ जातिना देवतामांहिथि १५ परमाधामी, ३ किल्विषी, ए १८ वर्ज्या. शेष ८१ रह्या ने १ पहेली नरक एवं ८२ भेदनि. गत संसार त्यागे तो देव तथा मोक्षनी अने चक्रवर्तिपणे मरे तो चौद भेदनी. ते ७ नरकना अप्र० ने प्रजाप्तानि एवं चोद. २४. बलदेवमां आगत. ८३ भेदनि ते, ८२ पूर्वे कह्या ते ने १ बीजी नरक वधी एवं ८३ नि. गत ७० भेदनि ते १२ देवलोक, ९ लोकांतिक, ९ ग्रैवेयक, ५ अनुत्तर विमान एवं ३५ना अप्र० प्रजाप्तानि एवं ७०. २५. वासुदेवमां आगत, ३२ भेदनि ते. १२ देवलोक, ९ लोकांतिक, ९ ग्रैवेयक ए ३० ने पहेली-२ नरक एवं ३२ नि. गत १४ भेदनि ७ नरकना अप्र० प्रजाप्तानि. २६. केवलीमां आगत. १०८ भेदनि ते. ९९ भेदना देवता मांहिथि १५ परमाधामी ने ३ किल्विषी ए १८ वर्ज्या. शेष ८१ रह्या ने १५ कर्मभूमी, ५ संज्ञी तिर्यंच एवं १०१ तथा ४ नरक पहेली ने पृथ्वी, पाणी, वनस्पति, एवं १०८ नि. गत मोक्षनि. २७. साधुमां आगत २७५ भेदनि ते १७९ नि लटमांहीथि तेऊ, वाऊना ८ वर्ज्या शेष १७१ रह्या ने ९९ जातिना देवता अने ५ नरक एवं २७५ नि. गत ७० भेदनि ते. १२ देवलोक, ९ लोकांतिक, ९ ग्रैवेयक, ५ अनुत्तर विमान एवं ३५ ना अप्र० प्रजाप्ता एवं

७० नी. २८. श्रावकमां आगत. २७६ भेदनी ते पूर्वे २७५ कह्या ते अने एक छठी नरकवधि ए २७६ नि. गत ४२ भेदनि ते १२ देवलोक ने ९ लोकांतिक ए २१ ना अप्र० प्रजाप्तानी. २९. समदृष्टिमां आगत ३६३ भेदनि ते ९९ जाति देवताना प्रजाप्ता, १०१ समुर्छिम मनुष्यना अप्रजाप्ता, १०१ संज्ञी मनुष्यना प्रजाप्ता, १५ कर्मभूमीना अप्रजाप्ता, ७ नरकना प्रजाप्ता अने ४८ तिर्यंचमांहिथि तेऊ वाऊना ८ वर्ज्या. शेष ४० रह्या ते एवं सर्व थइने ३६३ नि. गत २२२ नि ते ८१ जातिना देवता ते ९९ मांहीथि १५ परमाधामि ने ३ किल्विषि ए १८ भेद वर्ज्या. ने १५ कर्मभूमी, ५ संज्ञी तिर्यंच, ने ६ नरक एवं १०७ ना अप्र० प्रजाप्ता बसें चउद अने ३ विगलेंद्रिना अप्र० अने ५ असंज्ञी तिर्यंचना अप्र० एवं २२२ नि० ३०. मिथ्यातिमां आगत ३७१ भेदनि ते पूर्वे ३६३ कह्यां तेहमां तेउ, वाउना ८ वध्या. गत ५५३ भेदनि ते ५६३ भेदमांहीथि ५ अनुत्तर विमानना अप्र० ने प्रजाप्ता ए १० वर्ज्या शेष ५५३ नि. ३१. स्त्रीवेद, पुरुषवेद, ए बेमां आगत ३७१ भेदनि ते मिथ्यातिनी परे. गतपुरुषनि ५६३ नि. स्त्रीवेदनि ५६१ नि ते सातमी नरकना २ भेद वर्ज्या. ३२. नपुंसकवेदमां आगत २०५ भेदनि ते ९९ जाति देवताना प्रजाप्ता, १७९ नि लट ७ नरक ए २०५ नि. गत ५६३ भेदनि. ३३. नारकी देवता अपर्याप्ता मरे नहि माटे अपर्याप्ता मरती वखते गणवा नहि. इति गतागतना बोल संपूर्ण.

# अथ श्री गुणस्थानद्वार.

गाथा. नाम, लखण,गुण ठिइ, किरिया, सत्ता, बंध, वेदेय,
उदय, उदिरणा, चेव, निज्जरा, भाव, कारणा, १
परिसह, मग्ग, आयाय, जीवाय भेदे, जोग, उविऊग,
लेस्सा, चरण, सम्मत्तं अप्पाबहुच्च, गुणठाणेहिं २

ए द्वार २२ नी गाथा २ कहि. हवे पहेलो नामद्वार कहे छे. पहेलुं मिथ्यात्व गुणठाणुं. बिजुं सास्वादान गु०, त्रिजुं समामिथ्यात्व गु०, चोथुं अविरति सम्यक्त्वदृष्टि गु०, पांचमुं देश-विरति गु०, छठुं प्रमत्तसंजति गु०, सातमुं अप्रमत्तसंजति गु०, आठमुं नियट्टिबादर गु०, नवमुं अनियट्टिबादर गु०, दशमुं सुक्ष्म-संपराय गु०, इग्यारमुं उपशांतमोह गु०, बारमुं क्षिणमोह गु०, तेरमुं सजोगि केवलि गु०, चउदमुं अजोगि केवलि गुणठाणुं. ए नामद्वार समाप्तं. हवे लक्षणगुणद्वार कहे छे. पहेला मिथ्यात्व गुणठाणाना लक्षण कहे छे. श्रीवीतरागनि वाणीथी ओछुं अधिक विपरीत शर्द्दहे परुपे फरसे तेहने मिथ्यात्व कहिये. ओछी परुपणा ते केहने कहिये. जिम कोइ कहे जे जीव अंगुठा मात्र छे, तंडुल मात्र छे, शामा मात्र छे, दीपक मात्र छे, तेहने ओछी परुपणा कहिये १. अधिकी परुपणा ते केहने कहिये. एक जीव सर्व लोक ब्रह्मांड मात्रमां व्यापी रह्यो छे तेहने अधिकी परुपणा कहीये.२ विपरीत परुपणा ते केहने कहिये कोइ कहे जे पंच भूत थकि आत्मा उपनो छे, अने एहने विनाशे जीव पण विणशे छे, ते जड छे, ते थकि चैतन्य उपजे विणशे इम कहे तेहने विपरीत परुपणा कहिये. ३. ए मीथ्यात्व इम नव पदार्थनुं विपरीतपणुं सरदहे परुपे फरसे

तेह्ने मीथ्यात्व कहिये, अने जैनमार्गे आत्मा अकृत्रिम अखंड अविनाशी नित्य छे, शरिर मात्र व्यापक छे तिवारे गौतम स्वामि वंदना करीने श्रीभगवंतने पूछता हवा. स्वामिनाथ ! ते मिथ्यात्वी जीवने सुं गुण निपनो ? तिवारे श्रीभगवंते कह्युं ते जीवरूप दडि ने कर्मरुप गेडिये करि ४ गति, २४ दंडक, ८४ लाख जावाजोनि मांहि वारंवार परिभ्रमण करे पण संसारनो पार पामे नहि १. हवे बिजा गुणठाणाना लक्षण कहे छे. जिम कोइ पुरुष खिरखांडनुं भोजन जम्यो. तिवारपछि वमन कर्युं, तिवारे कोइक पुरुषे पुछयुं भाइ कांइ स्वाद रह्यो, तिवारे कहे जे थोडो स्वाद रह्यो, ते समान समाकत अने वम्यो ते समान मिथ्यात्व १. बिजुं दृष्टांत कहेछे. जेह्वो घंटानो नाद पहेलो गहेर गंभीर, पछि रणको रहि गयो, गहेर गंभीर समान समकित ने रणको रहि गयो ते समान मिथ्यात्व २. हवे त्रिजुं दृष्टांत आंबानो. जीवरूप आंबो ने प्रणामरूप डाल, समकितरूप फल, ते मोहरूप वायरे करि, प्रणामरूप डालथि समकितरूप फल त्रुटयुं, मिथ्यात्वरुप धरतीये आवि पडयुं नथि विचमां छे, तिहांसुधि सास्वादान समकित कहिये,अने जीवारे धरतीये आवि पडयुं,तिवारे मिथ्यात्व ३. तिवारे गौतमस्वामि हाथ जोडि मान मोडि श्रीभगवंतने पुछता हवा, स्वामिनाथ ! ते जीवने सुं गुण निपनो ? तिवारे श्रीभगवंत कहेछे, कृष्णपक्षी हतो ते शुकलपक्षी थयो, अर्द्ध पुद्गल संसार भोगववो रह्यो, जिम कोइ पुरुषने माथे लाख क्रोडनुं देणुं हतुं ते परदेश जइने कमाइ आव्यो, देणुं देतां एक अधेलिनुं देणुं रह्युं तेह्नुं व्याज थयुं, तेटलो संसार भोगववो रह्यो, सास्वादान समकित पांचवार आवे २. हवे त्रिजा गुणठाणानां लक्षण कहे छे. त्रिजुं मिश्रगुणठाणुं. ते बे

वस्तु मिलिने मिश्र श्रीखंडनो दृष्टांत. श्रीखंड जिम खाटो ने मिठो, मिठास समान समकित ने खटास समान मिथ्यात्व, ते जिनमार्ग पण रुडो जाणे, तथा अन्य मार्ग पण रुडो जाणे. जिम कोइक नगर बाहिर साधु महापुरुष पधार्या छे, तेहने श्रावक वांदवा जाय छे, तेहवामां मिश्रदृष्टिवालो मित्र मिल्यो, तिणे पुछयुं जे किहां जाओछो? तिवारे श्रावक कहे जे साधु महापुरुषने वांदवा जइये छीए, तिवारे मिश्रदृष्टिवालो कहे एहने वांदे शुं थाय? तिवारे श्रावक कहे जे महालाभ थाय, तिवारे कहे जे हुं पण वांदवा आवुं, इम कहिने मिश्रगुणठाणावाले वांदवाने पग उपाडयो, तेहवामां बिजो महामिथ्यात्वी मित्र मिल्यो, तेणे पुछयुं के स्याभणि जावछो? तिवारे मिश्रगुणठाणावालो कहे जे साधु महापुरुषने वांदवा जइये छीए, तिवारे महामिथ्याति कहे जे एहने वांदे शुं थाय? ए तो मेला घेला छे, इम कहिने भोलवि नांख्यो अने पाछो वाल्यो, तिवारे साधुज्ञानिने श्रावके वांदिने पुछयुं, जे स्वामि वांदवा पग उपाडयो तेहने शुं गुण निपनो? तिवारे ज्ञानिगुरु कहे छे, जे काला अडद सरिखो हतो ते छडिदाल सरिखो थयो, कृष्णपक्षी टलिने शुक्लपक्षी थयो, अनादि कालनो उलटो हतो ते सुलटो थयो, समकित सन्मुख थयो पण पग भरवा समर्थ नहि, तिवारे गैातम स्वामि हाथ जोडी मान मोडि वंदणा नमस्कार करिने श्रीभगवंतने पुछता हवा, स्वामिनाथ! ते जीवने शुं गुण निपनो? तेवारे श्रीभगवंत कहेछे, ते जीव ४ गती, २४ दंडकमां भमिने पण उत्कुष्टो देशे उणो अर्द्ध पुद्गल परावर्त्तनमां संसारनो पार पामशे ३. चोथुं अविरतिसम्यक्त्व दृष्टिगुणठाणुं तेहना शुं लक्षण? ७ प्रकृति ने क्षयोपशमावे अनंतानुबंधि क्रोध, मान, माया, लोभ, सम्यक्त्वमोहनीय, मिथ्या-

त्वमोहनीय, मिश्रमोहनीय, ए ७ प्रकृतिने कांइक उदय आवे तेहने क्षय करे अने सत्तामां दल छे तेहने उपशमावे तेहने क्षयोपशम सम्यकत्व कहिये. ते सम्यक्त्व असंख्याति वार आवे अने ७ प्रकृतिना दलने सर्वथा उपशमावे ढांके तेहने उपशमसम्यत्व कहिये. ते समकित पांच वार आवे अने ७ प्रकृतिना दलने सर्वथा क्षय करे तिवारे क्षायकसमकित कहिये. ते सम्यक्त्व १ वार आवे. चोथे गुणठाणे आव्यो थको जीवादिक पदार्थ द्रव्यथकि, क्षेत्रथकि, कालथकि, भावथकि, नोकारसी आदि छमासी तप जाणे सरदहे परुपे पण फरसि शके नहि. तिवारे गैातम- स्वामि हाथ जोडि मान मोडि श्रीभगवंतने पुछता हवा, स्वामिनाथ ! ते जीवने शुं गुण निपनो ? तिवारे श्रीभगवंत कहे गैातम ! ते जीव समकितव्यवहारपणे शुद्ध प्रवर्ततो ते जीव जघन्य त्रीजे भवे मोक्ष जाय, उत्कृष्टो पंदर भवे मोक्ष जाय. वेदक समकित एकवार आवे, एक समयनि स्थिति छे, पूर्वे जो आयुषनो बंध पडयो न होय तो ७ बोलमां बंध पाडे नहि. नरकनुं आयुष, भवनपतिनुं आयुष, तिर्यंचनुं आयुष, वाणव्यंतरनुं आयुष, ज्योतिषीनुं आयुष, स्त्रीवेद, नपुंसकवेद, ए ७ बोलमां आयुषनो बंध पाडे नहि ते जीव ८ आचार समकितना आराधि चतुर्विधसंघनि वाछलका परमहर्षभर भक्तिकरतो थको जघन्य पहेले देवलोके उपजे, उत्० बारमे देवलोके उपजे पन्नवणानि शाखे. पूर्व कर्मने उदये करीने व्रत पच्चखाण करी न शके पण अनेक वरसनि श्रमणोपाशकनि प्रवज्यानो पालक कहिये. दशाश्रुतस्कंधे श्रावक कह्या छे ते माटे दर्शन श्रावकने अविरय समद्रष्टि कहिये ४ पांचमुं देशविरतिगुणठाणुं तेहना शुं लक्षण ? इग्यार प्रकृतिने क्षयोपशमावे ते ७ पूर्वे कहि ते अने अप्रत्याख्यानी

क्रोध, मान, माया, लोभ, एवं ११ प्रकृतिने क्षय करे तो क्षायकसमकित कहिये. अने ११ प्रकृ० ढांके उपशमावे तो उपसम समकित कहिये. अने ११ प्रकृतिने कांइक ढांके कांइक क्षय करे तेहने क्षयोपशम समकित कहिये. पांचमे गुणठाणे आव्योथको जीवादिक पदार्थ द्रव्यथि, क्षेत्रथि, कालथि, भावथि, नोकारसी आदी देइने छमासीतप जाणे सरदहे, परूपे शक्तिप्रमाणे फरसे, एक पच्चखाणथि मांडीने १२ व्रत ११ श्रावकनि पडिमां आदरे. जावत् संलेखणासुधि अनशन करि आराधे, तिवारे गौतमस्वामी हाथ जोडि मान मोडि श्रीभगवंतने पुछता हवा, ते जीवने शुं गुण निपनो? तिवारे श्रीभगवंते कहुं. ज० त्रिजे भवे मोक्ष जाय, उ० १५ भवे मोक्ष जाय. ज० पहिले देवलोके उपजे, उत्० १२ मे देवलोके उपजे, तेने साधुना व्रतनि अपेक्षाये देशविरति कहिये, पण परिणामथि अव्रतनि क्रिया उतरि गइ छे, अल्प इच्छा, अल्प आरंभ, अल्प परिग्रही, सुशिल, सुव्रति, धर्मिष्ट, धर्मव्रति, कल्पउग्रविहारी, महासंवेगविहारी, उदासी, वैराग्यवंत, एकांतआर्य, सम्यगमार्गी, सुसाधु, सुपात्र, उत्तम, क्रियावादि, आस्तिक्य, आराधक, जैनमार्गप्रभावक, अरिहंतना शिष्य वर्णव्या छे, गीतार्थ जाणे छे, सिद्धांतनि शाख छे, श्रावकपणुं एक भवमां प्रत्येक हजारवार आवे ५. छठुं प्रमतसंजतिगुणठाणुं तेहनुं शुं लक्षण १५ प्रकृतिने क्षयोपशमावे ते ११ प्रकृति पुर्वे कहि ते अने पच्चखाणावरणीय क्रोध, मान, माया, लोभ, एवं १५ प्रकृतिने क्षयकरे तो क्षायिकसमकित कहिये. अने १५ प्रकृतिने ढांके तो उपसम समकित कहिये. अने कांइ ढांके ने कांइ क्षय करे तो क्षयोपशमसमकित कहिये. तिवारे गौतमस्वामि हाथ जोडि मान मोडि श्रीभगवंतने पुछता हवा. ते जीवने शुं गुण निपनो ? तेवारे श्री-

भगवंते कह्युं जे ते जीव द्रव्यथि, क्षेत्रथि, कालथि, भावथि, जीवादिक नव पदार्थनो तथा नोकारसी आदि छमासि तप जाणे सरदहे परूपे फरसे. साधुपणुं एक भवमां नवसेंवार आवे ते जीव जघन्य त्रिजे भवे मोक्ष जाय, उत्० १५ भवे मोक्ष जाय, आराधीक जीव जघ० पहिले देवलोके उपजे, उत्० अनुत्तर विमाने उपजे, १७ भेदे संजम निर्मल पाले, १२ भेदे तपस्या करे, पण जोग चपल, कषाय चपल, वचन चपल, दृष्टि चपलताना अंशछे. तेणे करिने यद्यपि उतम अप्रमादिथका रहेछे तोपण प्रमाद रहेछे. माटे प्रमादपणे करि तथा कृष्णादिक लेशा अशुभ जोग कोइक काले प्रणति प्रणमे छे. माटे कषाय प्रकृष्टमत्त थइ जाय छे. तेहने प्रमत्तसंजतिगुणठाणुं कहिये. सातमुं अप्रमत्तसंजतिगुणठाणुं तेहनुं शुं लक्षण ? पांच प्रमाद छांडे तिवारे सातमे गुणठाणे आवे ते. ५ प्रमादना नाम. गाथा मद, विषय, कषाया, निंद्रा, विगहा, पंचमा भणिया, एए पंच पमाया, जीवापाडंति संसारे, १ ए ५ प्रमाद छांडे अने १६ प्रकृतिने उपशमावे. १५ पूर्वे कहि ते अने संजलनो क्रोध एवं १६. प्रकृतिने क्षयोपशमावे तेहने शुं गुण निपनो ? ते जीव जीवादि पदार्थ द्रव्यथि, क्षेत्रथि, कालथि, भावथि तथा नोकारसि आदि देइने छमासी तप ध्यान जुगतपणेजाणे. सरहदे परूपे फरसे, ते जीव जघन्य० तेज भवे मोक्ष जाय, उतकृष्टो त्रीजेभवे मोक्ष जाय. गति तो प्राये कल्पातीतनि थाय, ध्यानने विषे अनुष्टानने विषे अप्रमत्त उद्यत थका रहेछे. तथा शुभ लेश्यापणेज करिने नथि प्रमत्त कषाय जेहने तेहने अप्रमत्त संजतिगुणठाणुं कहिये. आठमुं नियट्टि बादरगुणठाणुं तेहनुं शुं लक्षण ? १७ प्रकृति ने क्षयोपशमावे. १६ पूर्वे कहि ते अने संजलनो मान ए १७ प्रकृति ने क्षयोपशमावे तिवारे गौतमस्वामी हाथ जोडि मान मोडि श्रीभगवंतने पुछता हवा

स्वामीनाथ ते जीवने शुं गुण निपने ? तिवारे श्रीभगवंते कह्युं परि-णामधारा, अपूर्व करण जे कोइ काले जीवने, कोइ दिने आव्युं नथि. ते श्रेणि जुगत जीवादिकपदार्थद्रव्यथि, क्षेत्रथि, कालथि, भावथि, नोकारसी आदि दइ छमासी तप जाणे, सरदहे परुपे फरसे तेजीव जघन्य तेज भवे मोक्ष जाय. उत्० त्रिजे भवे मोक्ष जाय. इहांथि श्रेणि २ करे. उपशमश्रेणि, ने क्षपकश्रेणि. उपशम श्रेणिवाळो जीव ते मोहनीय कर्मनी प्रकृतिना दलने उपशमावतो इग्यारमा गुण-ठाणा सुधिजाय, पडिवाइ पण थाय, हायमान परिणामपण परिणमे, अने क्षपकश्रेणिवाळो जीव ते मोहनीय कर्मनि प्रकृतिना दलने खपा-वतो शुद्ध मुलमांथि निर्जरा करतो नवमे दशमे गुणठाणे थइने बारमे गुणठाणे जाय, अपडिवाइज होय वर्द्धमान परिणाम परिण-मे. हवे नियट्टिबादरनो अर्थ ते निवर्त्यो छे. बादर कषायथि, बादर संपराय क्रियाथि, श्रेणि करवे, अभ्यंतर परिणामे अध्यवसाय स्थिर-करवे, बादर चपलताथी निवृत्यो छे माटे नियट्टिबादरगुणठाणुं कहिये. तथा बिजुं नाम अपूर्व करणगुणठाणुं पण कहीये. श्यामाटे जे कोइ काले जीवे पुर्वे ए श्रेणि करि नहति अने ए गुणठाणे पहिलुंज करण ते पंडितवीर्यनुं आवरण क्षयकरणरुप, करणपरिणामधारा, वर्द्धन रुप श्रेणि करे तेहने अपूर्वकरण गुणठाणुं कहिये. हवे नवमुं अनिय-ट्टिबादरगुणठाणुं तेहनुं शुं लक्षण ? एकविश प्रकृतिने क्षयोपशमावे ते १७ प्रकृति पुर्वे कहि ते. अने संजलनि माया. स्त्रीवेद, पुरुषवेद, नपुंसकवेद. एवं २१ प्रकृतिने क्षयोपशमावे तिवारे गौतमस्वामि हाथ जोडी मान मोडी श्रीभगवंतने पुछता हवा स्वामिनाथ ते जीवने शुं गुण निपने ? तिवारे भगवंते कह्युं ते जीव जीवादिक पदार्थ तथा नोकारसी आदि देइने छमासी तप द्रव्यथि, क्षेत्रथि,

कालथि, भावथि निर्विकार अमायी विषयनिरवंछापणे जाणे सरदहे परूपे फरसे ते जीव जघन्य तेज भवे मोक्षजाय. उत्० त्रीजे भवे मोक्ष जाय. हवे अनियट्टि बादर ते सर्वथा प्रकारे निवर्त्यो नथि. अंश मात्र हजि बादरसंपरायक्रिया रहि छे माटे अनियट्टि-बादर गुणठाणुं कहिये. तथा आठमा नवमा गुणठाणाना शब्दार्थ घणा गंभीर छे; ते अन्य पंचसंग्रहादिक ग्रंथ तथा सिद्धांतथि समजवा. दशमुं सूक्ष्म संपरायगुणठाणुं तेहनुं शुं लक्षण ? २७ प्रकृति ने क्षयोपशमावे, २१ प्रकृति पूर्वे कहि ते, अने हास्य १, रति २, अरति ३, भय ४, शोक ५, दुगंछा ६. एवं २७ प्रकृतिने क्षयोपशमावे तिवारे गौतमस्वामि हाथ जोडि मान मोडि श्रीभगवंतने पुछता हवा. स्वामिनाथ ते जीवने शुं गुण निपनो ? तिवारे भगवंते कह्युं ते जीव द्रव्यथि, क्षेत्रथि, कालथि, भावथि जीवादिक पदार्थ तथा नोकारसी आदी देइने छमासीतप, निरभिलाष, निर्वंछक, निर्वेदकतापणे, निराशी, अव्यामोह, अविभ्रमपणे, जाणे सरदहे परूपे फरसे ते जीव जघन्य० तेजभवे मोक्ष जाय उत्० त्रीजे भवे मोक्ष जाय. सूक्ष्म थोडीक लगारेक पांतलीसी संपरायक्रिया रहि छे तेहने सुक्ष्मसंपराय गुणठाणुं कहिये. इग्यारमुं उपशांतमोहगुणठाणुं तेहनुं शुं लक्षण ? २८ प्रकृति ने उपशमावे ते २७ प्रकृति पूर्वे कहि ते, अने संजलनो लोभ १. एवं २८ मोहनीय कर्मनी प्रकृतिने उपशमावे सर्वथा ढांके, भस्म भारि प्रछन्न अग्निवत् तिवारे गौतमस्वामि हाथ जोडी मान मोडि श्रीभगवंतने पुछता हवा. स्वामिनाथ ते जीवने शुं गुण निपनो ? तिवारे श्रीभगवंते कह्युं. ते जीव जीवादिक पदार्थ द्रव्यथि, क्षेत्रथि, कालथि, भावथि, नोकारसी आदि देइने छमासी तप वीतराग भावे जथाख्यात चारित्रपणे जाणे सरदहे परूपे फरसे

एहवामां जो काल करे तो अनुत्तर वीमानमां जाय. पछि मनुष्य थइ मोक्ष जाय. अने जो सूक्ष्म लोभनो उदय थाय, तो कषाय अग्नि प्रकटे पछि पडे, दशमांथि पडे तो पहिला गुणठाणासुधि जाय. पण इग्यारमेथि चढवुं तो नथि. उपशांत एटले ? उपशम्यो छे मोह सर्वथा. जले करी अग्नि ऊलव्यानिपरेनहि, पण ढांक्योछे माटे उपशांतमोह गुणठाणुं कहिये. बारमुं क्षीणमोह गुणठाणुं तेहनुं शुं लक्षण ? जे २८ प्रकृति ने सर्वथा खपावे, क्षपकश्रेणि, क्षायकभाव, क्षायकसमकित, क्षायकजथाख्यातचारित्र, करणसत्य, जोगसत्य, भावसत्य, अमायी, अकषायी, वीतरागी, भावनिर्ग्रंथ, संपूर्ण संवुड, संपूर्ण भावितात्मा, महातपस्वी, महासुशिल, अमोही अविकारी, महाज्ञानी, महाध्यानी, वर्ध्धमान परिणामी, अपडिवाइ थइ अंतर्मुहूर्त रहे ए गुणठाणे काल करवो नथि. पुनर्भव छे नहि छेहले समये पांच ज्ञानावरणिय, नव दर्शनावरणिय, पंचविध अंतराय क्षयकरणोद्यमकरि, तेरमा गुणठाणाने पहिले समये क्षयकरे केवल ज्योति प्रकटे माटे क्षीणतेक्षयकर्यो छे मोह सर्वथा जेगुणठाणे, तेहने क्षीणमोह गुणठाणुं कहिये. तेरमुं सजोगी केवलि गुणठाणुं तेहनुं शुं लक्षण ? दश बोल सहित तेरमे गुणठाणे विचरे. सजोगी, सशरिरी, सलेशी, शुकललेशी, जथाख्यातचारित्र, क्षायकसमकित, पंडितवीर्य, शुकलध्यान, केवलज्ञान, केवलदर्शन, ए १० बोलसहित जघन्य अंतर्मुहुर्त्त उत्० देशेउणी पुर्वक्रोडिसुधि, विचरे घणा जीवने तारि प्रतिबोधि निहाल करिने बिजा त्रिजा शुकलध्यानना पायाने ध्याइने चउदमे जाय. सजोगी ते शुभ मन, वचन, कायाना जोगसहित छे. बाहाज्य चलोपकरण छे. गमनागमनादिक चेष्टा शुभ सहित छे. केवलज्ञान, केवलदर्शन उपयोग

समयांतर अविछिन्नपणे शुद्ध प्रणमे माटे सजोगी केवलिगुणठाणुं कहिये. हवे चउदमुं अजोगी केवलीगुणठाणुं तेहनुं शुं लक्षण.? शुकलध्याननो चोथो पायो समुछिन्नक्रिय, अनंतर अप्रतिपाती, अनिवृतिध्याता मनजोग रुंधि, वचनजोग रुंधि, कायजोग रुंधि, आन प्राण निरोध करि, रुपातित परमशुकलध्यान ध्याता. ७ बोलसहित विचरे, तेरमे १० बोल कह्या तेहमांथि सजोगी, सलेशी, शुकल लेशी, ए त्रण वर्जीने शेष ७ बोलसहित सकल गिरीनो राजा मेरु तेहनि परे अडोल अचल स्थिर अवस्थाने पामे शैलेशी पणे रहि पंचलघु अक्षर उच्चार प्रमाण काल रहि. शेष वेदनीय, आयुष, नाम, गोत्र, ए ४ कर्म क्षीण करिने मुक्तिपद पामे. शरिर उदारिक, तेजस, कार्मण सर्वथा छांडिने समश्रेणि रुजुगति अन्य आकाशप्रदेशने न अवगाहतो अणफरसतो एक समय मात्रमां उर्द्धगति अविग्रहगतिये तिहां जाय. एरंडबीज बंधन मुक्तवत्, निर्लेप तुंबिवत्, कोदंड मुक्तबाणवत्, इंधनवह्निमुक्तधुम्रवत् तिहांसिद्धक्षेत्रे जइ साकारो पयोगे सिद्ध थाय. बुद्ध थाय. परांगत थाय. परंपरगत थाय. सकल कार्य अर्थसाधि कृतकृतार्थ निष्ठितार्थ अतुल सुखसागर निर्मग्न सादिअनंत भागे सिद्ध थाय, ए सिध्ध पदनो भावस्मरण चिंतन मनन कदा काले मुझने होशे? शो घटि पल धन्य सफल होशे. हवे अजोगी ते जोगरहित केवलसहित विचरे तेहने अजोगी केवली गुणठाणुं कहिये. इति लक्षण गुणद्वार बीजो संपूर्ण २. हवे त्रिजो स्थितिद्वार कहे छे. पहेला गुणठाणानि स्थिति ३ प्रकारनि छे. अणादिया अपज्जवसिया ते जे मिथ्यात्वनि आदि नथि ने अंतपण नथि ते अभव्यजीवना मिथ्यात्व आश्रि १ अणादिया सपज्जवसिया ते जे मिथ्यात्वनि आदि नथि पण अंतछे ते भव्यजीवना मिथ्यात्व आश्रि,

सादियासपज्जवसिया ते जे मिथ्यात्वनि आदि पण छे ने अंतपणछे पडिवाइ समद्रष्टिना मिथ्यात्वआश्रि. तेहनी स्थिति जघन्य अंतर्मुहूर्त उत्० अर्द्धपुद्गल परावर्त्तन देशे उणी, पछि अवश्य समकित पामीने मोक्ष जाय. ३. बिजा गुणठाणानि स्थितिजघ० १ समयनी उत्० ६ आवलिकाने ७ समयनि. त्रिजा गुणठाणानि स्थिति ज० उ० अंतर्मुहूर्तनी चोथागुणठाणानि स्थिति ज० अंतर्मुहूर्तनी उ० ६६ सागरोपम झाझेरानी ते २२ सागरोपमनि स्थितिये ३ वार बारमे देवलोके उपजे, त्रण पूर्वक्रोडि अधिक मनुष्यना भव आश्रि जाणवि. तथा बेवार अनुत्तरविमानमां ३३ सागरोपमनि स्थितिये उपजे ३३ दु छासठ सागरोपम, ने ३ पूर्वक्रोडि अधिक मनुष्यना भव आश्रि जाणवि. पांचमा छठा तेरमा गुणठाणानि स्थिति ज० अंत० उ० देशेउणि ते साडा आठ वर्षे उणि पूर्वक्रोडनि. सातमांथि ते इग्यारमा गु० सुधि ज० १ समय० उ० अंत० बारमां गु० स्थिति ज० उ० अंत० चउदमां गुणठाणानि स्थिति पांच ह्रस्व अक्षर अ१ इ२ उ३ ऋ४ ऌ५ बोलवा प्रमाणे जाणवि इति त्रिजो स्थिति-द्वार समाप्तं ३.

हवे चोथो क्रियाद्वार कहे छे. पहिले ने त्रिजे गुणठाणे २४ क्रिया लाभे. इरियावहियाक्रियावर्जिने. बिजे चोथे गु० २३ क्रिया लाभे. इरियावहिया ने मिथ्यात्वनि ए २ वर्जिने. पांचने गु० २२ क्रिया लाभे. मिथ्यात्व, अविरति, इरियावहिया ए ३ वर्जिने. छठे गुणठाणे २ क्रिया. आरंभिया, मायावत्तिया, ए २ लाभे. सातमे गुणठाणेथी ते दशमा गुणठाणा सुधी १ मायावत्तिया क्रिया लाभे. इग्यारमे, बारमे, तेरमे गुणठाणे १ इरियावहिया क्रिया लाभे. चउदमे गुण० कोइ क्रिया लाभे नहि इति ४ थो क्रियाद्वार समाप्तं ४.

हवे पांचमो सत्ताद्वार कहे छे. पहिलागुण ठाणाथिते इग्यारमा गुणठाणा सुधि आठ कर्मनि सत्ता. बारमे ७ कर्मनि सत्ता.१ मोहनियकर्म वर्जिने, तेरमे, चउदमे गुण० ४ कर्मनि सत्ता, वेदनीय, आयुष, नाम, गोत्र, इति पांचमो सत्ताद्वार समाप्तं ५.

हवे छठो बंधद्वार कहेछे पहिला गुणठाणाथि ते सातमा गुणठाणासुधि त्रिजुं गुणठाणुं वर्जिने ८ कर्म बांधे, अने जो ७ बांधे तो आयुष्य वर्जिने. त्रिजे, आठमे, नवमे गु० ७ कर्म बांधे, आयुष वर्जिने. दशमे गुण० ६ कर्म बांधे, आयुष, ने मोहनीय ए २ वर्जिने. इग्यारमे, बारमे, तेरमे गुण०१ सातावेदनीय बांधे. चउदमे गुण अबंध० इति० ६ ठो बंधद्वार समाप्तं.

हवे ७ मो वेद द्वारने ८ मो उदयद्वार भेला कहे छे. पहिला गुणठाणाथि ते दशमा गुणठाणासुधि ८ कर्म वेदे ने ८ नो उदय. इग्यारमे, बारमे ७ कर्म वेदे ने ७ नो उदय, मोहनीय वर्जिने. तेरमे चउदमे ४ कर्म वेदे ने ४ नो उदय. वेदनीय, आयुष, नाम, गोत्र, इति ७ मो वेद ने ८ मो उदयद्वार समाप्तं.

हवे नवमो उदीरणाद्वार कहे छे. पहिला गुणठाणाथि मांडिने ७ मा गुणठाणासुधि ८ कर्मनी उदीरणा तथा ७ नी करे तो आयुष वर्जिने. आठमे, नवमे गुणठाणे ७ कर्मनि उदीरणा ते आयुष वर्जिने, तथा ६ नि करे तो आयुष, मोहनीय, ए २ वर्जिने. दशमे ६ नि उदीरणा करे. आयुष मोहनीय, ए २ वर्जिने, अने ५ नि करे तो आयुष, मोहनीय, वेदनीय, ए ३ वर्जिने. इग्यारमे, बारमे गु० ५ नि उदीरणा, आयुष मोहनीय, वेदनीय ए ३ वर्जिने, तथा २ नि करे तो, नाम, गोत्र ए २ नि. तेरमे गुणठाणे २ कर्मनि उदीरणा. नाम, गोत्र, ए २ नि. चउदमे गुण० उदीरणा करे नहि. इति ९ मो उदीरणाद्वार समाप्तं. चेवक० निश्चे.

हवे १० मो निर्जराद्वार कहे छे. पहिलाथि ते ११ मा गुणठाणा सुधि ८ कर्म नि निर्जरा. बारमे ७ कर्मनि निर्जरा मोहनीय वर्जिने. तेरमे, चउदमे ४ कर्मनि निर्जरा. वेदनीय, आयुष, नाम, गोत्र, ए ४. इति १० मो निर्जराद्वार समाप्तं.

हवे इग्यारमो भावद्वार कहे छे. उदयभाव, उपशमभाव, क्षायकभाव, क्षयोपशमभाव, परिणामिकभाव, संनिवाइभाव. पहिले ने त्रिजे गुणठाणे ३ भाव. उदय, क्षयोपशम, परिणामिक. बिजे, चोथे, पांचमे, छठे, सातमे ने आठमेथि ते इग्यारमा गुणठाणा सुधि उपशम श्रेणिवालाने ४ भाव उदय, उपशम, क्षायोपशमने परिणामिक तथा कोइक उपशमने ठेकाणे क्षायकपण कहेछे अने ८ मांथि मांडिने बारमा सुधि क्षपकश्रेणिवालाने ४ भाव उदय, क्षयोपशम, क्षायक, परिणामिक. तेरमे चउदमे गु० ३ भाव. उदय, क्षायक, परिणामिक. सिद्धमां २ भाव. क्षायक, परिणामिक. इति ११ मो भावद्वार समाप्तं.

हवे १२ मो कारणद्वार कहे छे. कारण ५ कर्मबंधना मिथ्यात्व, अविरति, प्रमाद, कषाय, जोग. पहिले त्रिजे गु० ५ कारण लाभे. बीजे चोथे ४ कारण लाभे. मिथ्यात्व वर्जिने. पांचमे छठे गुण० ३ कारण लाभे. मिथ्यात्व, अविरति ए २ वर्जिने. सातमेथि ते दशमा गुणठाणासुधि २ कारण लाभे. कषाय, जोग, ए २ लाभे. इग्यारमे. बारमे, तेरमे १ कारण लाभे ते १ जोग चउदमे कोइ कारण नथि. इति १२ मो कारणद्वार समाप्तं.

हवे १३ मो परिसहद्वार कहेछे. पहिलाथि ते चोथा गुणठाणा सुधि यद्यपि परिसह २२ लाभे पण दुःखरुप छे. निर्जरारुप प्रणमे नहि. पांचमाथि ते ९ मा गुणठाणासुधि २२ परिसह लाभे. एक समये २० वेदे टाढनो तिहां तापनो नहि. तापनो तिहां टाढनो

नहि. चालवानो तिहां बेसवानो नहि. बेसवानो तिहां चालवानो नहि. दशमे इग्यारमे बारमे १४ परिसह लाभे. आठ जे मोहनीय कर्मने उदये हता ते वर्ज्या ते कहे छे. अचेलनो, अरतिनो, स्त्रीनो, बेशवानो, आक्रोशनो, मेलनो, सत्कार पुरस्कारनो ए ७ चारित्र मोहनीय कर्मने उदय हता ते. ने ८ मो दंसण परिसह दर्शन मोहनीयने उदय हतो ते ए ८ वर्जिने शेष १४ रह्या ते मांहिला एक समये १२ वेदे टाढनो तिहां तापनो नहि. तापनो तिहां टाढनो नहि. चालवानो तिहां स्थानकनो नहि. स्थानकनो तिहां चालवानो नहि. तेरमे चउदमे गूणठाणे ११ परिसह लाभे. पूर्वे १४ कह्या तेहमांथि प्रज्ञानो, अज्ञाननो ए बे ज्ञानावरणिय कर्मने उदय हता ते अने १ अलाभनो अंतराय कर्मने उदय हतो ते ए ३ वर्जिने शेष ११ रह्या. ते मांहिला एक समये ९ वेदे टाढना तिहां तापनो नहि. तापनो तिहां टाढनो नहि. चालवानो तिहां स्थानकनो नहि. स्थानकनो तिहा चालवानो नहि इति १३ मो परिसहद्वार समाप्तं १३.

हवे १४ मो मार्गणाद्वार कहे छे. पहेलेगुणठाणे मार्गणा ४. त्राजे, चोथे, पांचमे, सातमे जाय. बिजे गुण० मार्गणा १. पडे तो पहेले आवे पण चडवुं नथि त्रिजे मार्गणा ४. पडे तो पहेले आवे अने चडे तो चोथे, पांचमे अने सातमे जाय. चोथे मार्गणा ५. पडे तो पहेले बिजे, त्रिजे आवे अने चडे तो पांचमे सातमे जाय. पांचमे मार्गणा ५. पडे तो पहेले, बिजे, त्रिजे, चोथे आवे अने चडे तो सातमे जाय. छठे मार्गणा ६. पडे तो पहेले, बिजे, त्रिजे, चोथे, पांचमे आवे अने चडे तो सातमे जाय. सातमे मार्गणा ३. पडे तो छठे, चोथे आवे अने चडे तो ८ मे जाय. आठमे मार्गणा ३. पडे तो सातमे, चोथे आवे चडे तो नवमे जाय. नवमे मार्गणा ३. पडे तो आठमे, चोथे आवे

अने चडे तो दशमे जाय. दशमे मा<sup>ग</sup>णा४. पडे तो नवमे, चोथे आवे चडे तो इग्यारमे बारमे जाय. इग्यारमे मार्गणा२. काल करे तो अनुंत्तर विमाने जाय. पडे तो दशमांथी पहेलासुधि आवे. चडवुं नथि. बारमे मार्गणा १. तेरमे जाय. पडवुं नथि. तेरमे मार्गणा १ चैादमे जाय पडवुं नथि. चउदमे मार्गणा एके नथि मोक्ष जाय. इति मार्गणाद्वार १४ मो समाप्तं.

हवे पनरमो आत्माद्वार कहेछे. आत्मा ८ द्रव्यआत्मा, कषाय-आत्मा, योगआत्मा, उपयोगआत्मा, ज्ञानआत्मा, दर्शनआत्मा, चारित्र-आत्मा, वीर्यआत्मा एवं ८. पहेले, त्रिजे गुण० ६ आत्मा, ज्ञान ने चारित्र ए २ वर्जिने. बिजे चोथे गुण० ७ आत्मा चारित्र वर्जिने. पांचमे गुणठाणे पण ७ आत्मा देशथि चारित्र छे, छठेथि दशमा गुण-ठाणासुधि ८ आत्मा. इग्यारमे, बारमे, तेरमे गू० ७आत्मा कषाय वर्जिने. चउदमे गु० ६ आत्मा कषाय ने जोग वर्जिने. सिद्धमां ४ आत्मा. ज्ञानआत्मा, दर्शनआत्मा द्रव्यआत्मा, उपयोगआत्मा. इति १५ मो आत्मद्वार समाप्तं.

हवे १६ मो जीवभेदद्वार कहे छे. पहेले गुणठाणे १४ भेद लाभे. बिजे गुण० ६ भेद लाभे. बेइंद्रिय, तेइंद्रिय, चउरिं-द्रिय, असंज्ञितिर्यंचपंचेंद्रिय, ए ४ ना अपजाप्ता ने संज्ञी पंचेद्रि-यनो अपजाप्तो ने पजाप्तो ए ६. त्रिजे गुण० १ संज्ञी पंचेद्रियनो पजाप्तो लाभे. चोथे गुणठाणे २ भेद लाभे. संज्ञी पंचेद्रियनो अपजाप्तो ने पजाप्तो ए २. पांचमांथि ते १४ मा गुणठाणासुधि १ संज्ञी पंचेद्रियनो पजाप्तो लाभे इति १६ मो जीवभेदद्वार समाप्तं. १६.

हवे १७ मो जोगद्वार कहेछे पहेले बिजे ने चोथे गुणठाणे जोग १३ लाभे बे आहारकना वर्जिने. त्रिजे गुण० १० जोग लाभे ते ४ मनना,

४ वचनना, १ उदारिकनो, १ वैक्रेयनो ए १० लाभे. पांचमे गुणठाणे १२जोग आहारकना २ ने एक कार्मणनो ए ३ वर्जीने १२ लाभे. छठे गु० १४ जोग लाभे १ कार्मणनो वर्जिने. सातमे गु० ११ जोग ते ४ मनना, ४ वचनना, १ उदारिकनो, १ वैक्रेयनो, १ आहारकनो एवं ११. आठमांथि मांडिने १२ मां गुणठाणासुधि जोग ९ लाभे ते ४ मनना ४ वचनना ने १ उदारिकनो ए ९. तेरमे गुणठाणे जोग ९ लाभे बे मनना बे वचनना ए ४ ने उदारिकनो, उदारिकनो मिश्र, कार्मणकायजोग, एवं ९. चौदमे गुण० जोग नथि इति १७ मो जोगद्वार समाप्तं.

हवे १८ मो उपयोगद्वार कहेछे. पहेले ने त्रिजे गुणठाणे ६ उपयोग लाभे ३ अज्ञान ने ३ दर्शन एवं ६. बिजे, चोथे, पांचमे गुण० ६ उपयोग लाभे. ३ज्ञान, ३ दर्शन, एवं ६.छठाथि ते बारमा गुणठाणासुधि उपयोग ७ लाभे ते ४ ज्ञान ने ३ दर्शन एवं ७. तेरमे, चौदमे गुणठाणे तथा सिद्धमां २ उपयोग, केवलज्ञान ने केवलदर्शन इति १८ मो उपयोगद्वार समाप्तं.

हवे १९ मो लेशाद्वार कहे छे. पहेलाथि ते छठा गुणठाणासुधि ६ लेशालाभे.सातमे गुण०उपली ३ लेशा लाभे.आठमेथि मांडिने बारमा गुणठाणासुधी १ शुकल लेशा लाभे. तेरमे गुणठाणे १ परमशुकल-लेशा लाभे. चौदमे गु० लेशा नथि. इति १९ मो लेशाद्वार समाप्तं.

हवे २० मो चारित्रद्वार कहेछे.पहेलाथि ते चोथा गुणठाणासुधि कोइ चारित्र नथि. पांचमे गुणठाणे देशथि सामायक चारित्र छे. छठे सातमे गुणठाणे ३ चारित्र लाभे. सामायकचारित्र, छेदोपस्थापनीयचारित्र, परिहारविशुद्धचारित्र ए ३ लाभे. आठमे, नममे गुणठाणे २ चारित्र लाभे. सामायक ने, छेदोपस्थापनीय. दशमे गुण० १ सुक्ष्मसंपराय-

चारित्र लाभे. इग्यारमेथि ते चौदमा गुणठाणा- सुधि १ जथाख्यात चारित्र लाभे. इति २० मो चारित्रद्वार समाप्तं.

हवे२१मोसमकितद्वार कहेछे.पहेलेनेत्रिजे गुणठाणे समकितनथि बोजेगुण१सास्वादानसमकित लाभे.चोथेथितेसातमा गुणठाणासुधि४ समकित लाभे.उपशम,क्षयोपशम,वेदक,क्षायकसमकित. आठमे,नवमे गुणठाणे ३ समकित लाभे. उपशम, क्षयोपशम क्षायक. दशमे, इग्यारमे गुणठाणे २ समकित लाभे,उपशम ने क्षायक. बारमे, तेरमे, चैादमे गुणठाणे तथा सिद्धमां १ क्षायकसमकित लाभे. इति २१ मो समकितद्वार समाप्तं.

हवे २२ मो अल्पबहुत्वद्वार कहेछे. सर्वथि थोडा इग्यारमा गुणठाणावाला, एक समये उपशमश्रेणीवाला ५४ जीव लाभे. माटे १, तेथि बारमां गुणठाणावाला संख्यातगुणा, एक समये क्षपकश्रेणिवाला एकसो ने आठ जीव लाभे. माटे २. तेथि आठमा, नवमा, दशमा गुणठाणावाला संख्यातगुणा, जघन्य बशे उत् नवसें लाभे माटे ३. तेथि तेरमां गुणठाणावाला संखेजगुणा,जघ० बे क्रोडि उत्० नव क्रोडि लाभे माटे ४, तेथि सातमां गुणठाणावाला संख्यातगुणा, जघ० बसेक्रोडि उत्० नवसें क्रोडि लाभे माटे ५. तेथि छठां गुणठाणावाला संख्यातगुणा, जघ० बे हजार क्रोडी उत्० नव हजार क्रोडि लाभे माटे ६. तेथि पांचमां गुणठाणावाला असंख्यातगुणा, तिर्यंच श्रावक भल्या माटे ७. तेथि बिजा गुणठाणावाला असंख्यातगुणा, ४ गतिमां लाभे माटे ८. तेथि त्रिजा गुणठाणावाला असंख्यातगुणा, ४ गतिमां विशेष छे माटे ९. तेथी चोथा गुणठाणावाला असंख्यातगुणा,घणि स्थितिछे माटे १०. तेथि चैादमां गुणठाणावाला ने सिद्धभगवंतजि अनंतगुणा ११. तेथि पहेला गुणठाणवाला अनंत-

गुणा एकेंद्रिय प्रमुख सर्व मिथ्यादृष्टि छे माटे १२. इति २२ मो अल्पबहुत्वद्वार समाप्तं. इतिगठागुणाना २२ द्वार समाप्तं.

हवे भाव ६ कहेछे.उदयभाव,उपशमभाव,क्षायकभाव,क्षयोपशमभाव,परिणामिकभाव ने सन्निवाइभाव.हवे उदयभावनाना २ भेद.जीवउदय निष्पन्न ने अजीवउदयनिष्पन्न. जीवउदयनिष्पन्नमा ३३ बोल. पामे ४ गति, ६ काय, ६ लेश्या, ४ कषाय, ३ वेद एवं २३ ने मिथ्यात्व १, अज्ञान २, अविरति ३, असंज्ञिपणुं ४, अहारपणुं ५, छद्मस्थपणुं ६, सजोगिपणुं ७,संसार परियट्टणा ८,असिद्ध ९, अकेवलि १० एवं ३३. हवे अजीव उदयनिष्पन्नना ३० बोल पामे ५ वर्ण २ गंध ५ रस ८ स्पर्श, ५ शरीर, ५ शरीरना व्यापार एवं ३०. एवं उभय मलिने ३३. ने ३० त्रेशठ भेद उभयभावना कह्या १. हवे उपशमभावे ११ बोल छे. चार कषायनो उपशम ४, रागनो उपशम ५, द्वेषनो उपशम ६, दर्शनमोहनियनो उपशम ७, चारित्रमोहनियनो उपशम, एवं ८ मोहनियनि प्रकृति अने उवसमिया दंशणलद्धि ते समकित ९, उवसमियाचरित्तलद्धि १० उवसमियाअकषायछउमथवीतरागलद्धि एवं ११. हवे क्षायक भावे ३७ बोल छे. ५ ज्ञानावरणिय, ९ दर्शनावरणिय, २ वेदनीयनि, १ रागनि १ द्वेषनि, ४ कषायनि, १ दर्शनमोहनीयनि १ चारित्रमोहनीयनि, ४ आयुषनि, २ नामनि, २ गोत्रनि, ५ अंतरायनि, एवं ३७ प्रकृतिने क्षय करे तेहने क्षायकभाव कहिये ते ९ बोल पामे. क्षायकसमकित, क्षायकजथाख्यातचारित्र, केवलज्ञान, केवलदर्शन. अने क्षायकदानादि पांच लब्धि एवं ९ बोल. ३ हवे क्षयोपशमभावे ३० बोल छे. ४ ज्ञान प्रथमना ३ अज्ञान, ३ दर्शन, ३ दृष्टि. ४ चारित्र प्रथमना १ चरित्ताचरित्त ते श्रावकपणु पामे. १ आचार्य-

गणिनि पदवी १ चौद पूर्व ज्ञाननी प्राप्ति, ५ इंद्रियनिलब्धि, ५ दानादिलब्धि, एवं सर्व मिली ३० बोल ४. हवे परिणामिक भावनाना २ भेद सादिपरिणामिक, अनादिपारणामिक. सादि विणशे अनादि विणशे नहि. सादिपरिणामिकना अनेक भेद छे. जुनी सुरा, मदिरा, जुनो गोळ, तंदुल ए आदि ७३ बोल भगवतिनी शाखे छे. अनादिपरिणामिकभावना १० बोल धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, पुद्गलास्तिकाय, जीवास्तिकाय, काल, लोक, अलोक, भव्य, अभव्य, एवं १०, ॥ ५ ॥ हवे सन्निवाइभावना २६ भांगा. १० द्विकसंजोगीना. १० त्रिकसंजोगीना, ५ चोकसंजोगीना, १ पंचसंजोगीनो एवं २६ भांगा. एहनो विचार श्रीअनुयोगद्वार सिद्धांतथि जाणवो ६. हवे १४ गुणठाणा उपर १० क्षेपकद्वार उतारेछे. तेहमां प्रथम हेतुद्वार कहे छे. २५ कषाय, १५ जोग एवं ४० ने ६ काय, ५ इंद्रिय १ मन, ए १२ अव्रत, एवं ५२ ने ५ मिथ्यात्व एवं ५७ हेतु. पहेले गुणठाणे ५५ हेतु ते अहारकना २ वर्जिने. बिजे गु० ५० हेतु ते ५५ मांथि ५ मिथ्यात्व टल्या. त्रीजे गु० ४३ हेतु ते ५७ मांथि अनंतानुबंधि ४ उदारिकनो मिश्र १. वैक्रेयनो मिश्र १, आहारकना २, कारमणनो १, मिथ्यात्व ५, एवं १४ वर्ज्या. शेष ४३. चोथे गु० ४६ हेतु ते पूर्वे ४३ कह्या ते अने उदारिकनो मिश्र, वैक्रेयनोमिश्र, कार्मण कायजोग ए ३ वध्या सर्व मलिने ४६. पांचमे गुणठाणे ४० हेतु ते पूर्वे ४६ कह्या तेहमांथि अप्रत्याख्यानीनि चोकडि ४, त्रशकायनो अव्रत कार्मणकायजोग. एवं ६ घटया. शेष ४० हेतु. छठे गुण० २७ हेतु पूर्वे ४० कह्या तेहमांथि प्रत्याख्यानावरणियनि चोकडि ४ पांच स्थावरनो अव्रत ५ इंद्रियनो अव्रत ने एक मननो आव्रत १ एवं १५ वर्ज्या.

शेष २५ रह्या ने आहारकना २ वध्या एवं सर्व मलि २७ हेतु. सातमे गुण० २४ हेतु ते पूर्वे २७ कह्या तेहमांथि उदारिकमिश्र, वैक्रेयमिश्र, आहारकमिश्र ए ३ वर्ज्या शेष २४ हेतु. आठमे गुण० २२ हेतु ते पूर्वे २४ कह्या तेहमांथि वैक्रेयनो, आहारकनो, ए २ वर्ज्या शेष २२ हेतु. नवमे गुण० १६ हेतु ते पूर्वे २२ कह्या तेहमांथि हाश्य, रति, अरति, भय, शोक, दुर्गछा, ए छ वर्ज्या. शेष १६ हेतु. दशमे गुण० १० हेतु ते ९ जोग ने १ संजलनो लोभ एवं १० हेतु. इग्यारमे, बारमे गुण० ९ हेतु ते ९ जोग जाणवा. तेरमे गुण० ७ हेतु ते ७ जोग जाणवा. चौदमे गुण० हेतु नथि. इति पहिलो हेतुद्वार समाप्तं.

हवे बीजो दंडक द्वार कहेछे. पहिले गुण० २४ दंडक, बिजे गुण० १९ दंडक, ते ५ स्थावरना वर्ज्या. त्रिजे चोथे गुण० १६ दंडक ते ३ विकलेंद्रिय वर्ज्या. पांचमे गुण० २ दंडक. संज्ञिमनुष्य, संज्ञितिर्यंच ए २. छठाथि ते चौदमा गुणठा० सुधि १ मनुष्यनो दंडक. इति २ दंडकद्वार समाप्तं.

हवे त्रिजो जीवाजोनिद्वार कहे छे. पहेले गुण० ८४ लाख जीवा जोनि. बिजे गुण० ३२ लाख ते एकेंद्रियनि वर्जि. त्रिजे, चोथे गुण० २६ लाख जीवा जोनि. पांचमे गुण० १८ लाख जीवा जोनि. छठाथि ते १४ मा गुणठाणासुधि १४ लाख जीवा जोनि. इति त्रिजो जोनिद्वार समाप्तं.

हवे ४ थो अंतरद्वार कहेछे. पहिले गुण० जघ० अंतरमुहूर्त्त उत्कृ० ६६ सागर झाझेरानुं अथवा १३२ सागर झाझेरानुं ते ६६ सागर चोथे गुण० रहे, अंत० त्रीजे गु० रहि पाछो चौथे गुण० ६६ सागर रहि मिथ्यात्वे आवे. बीजाथि मांडिने इग्यारमा गुणठाणा सुधि ज०

अंत अथवा पल्यनो असंख्यातमो भाग ते एटला काल विना उप-सम श्रेणीकरिने पडे नहीं उत्० अर्द्धपुद्गल देशे उणुं, बारमे तेरमे ने चौदमे गुण० आंतरुं नथि. ए एक जीवआश्रि इति ४ अंतरद्वार समाप्तं.

हवे ५ मो ध्यानद्वार कहेछे पहेले, बिजे, त्रिजे गुण० २ ध्यान पहेला, चोथे, पांचमे गुण० ३ ध्यान पहेला. छठे गुण० २ ध्यान आर्त्त, ने धर्म ध्यान. सातमे गुण० १ धर्मध्यान०. आठमेथि मांडिने चौदमा गुण० १ शुकलध्यान. इति ५ मो ध्यानद्वार समाप्तं.

हवे छठो फरसनाद्वार कहेछे. पहेलुं गुणठाणुं १४ राजलोक स्पर्शे. बिजुं गुण० हेठुं पंडगवनथि ते ६ ठि नरक लगे फरसे तथा उंचुं अघोगामनी विजयथि ते ९ ग्रैवेयकसुधि फरसे. त्रिजुं गुण० लोकनो असंख्यातमो भाग फरसे. चोथुं गुण० अघोगामनी विजयथि १२मा देवलोकसुधि फरसे अथवा पंडगवनथि छठी नरक सुधी फरसे. पांचमुं गुण० पण इमज अघोगामनी विजयथि १२ मा देव-लोक सुधि फरसे. छठाथि ते इग्यारमा गुणठाणावाला अघोगामनी विजयथि ५ अनुत्तरविमानसुधिफरसे. बारमुं गुण० लोकनो असं-ख्यातमो भाग फरसे. तेरमुं गुण० सर्वलोकफरसे. चैादमुं गुण० लोकनो असंख्यातमोभाग फरसे इति ६ ठो फरसनाद्वार समाप्तं.

हवे तिर्थंकर गोत्र ४ गुणठाणे बांधे. चोथे, पांचमे, छठे ने सातमे, ए ४ गुणठाणे बांधे शेष गुणठाणे न बांधे. तिर्थंकर देव ९ गुणठाणा फरसे ते ४, ६, ७, ८, ९, १०, १२, १३, १४. ए ९ फरसे इति ७ मो द्वार समाप्तं.

गुणठाणा १४ मां १, ४, ५ ६, १३. ए ५ शास्वता, शेष ९ गुण० अशास्वता. इति आठमो द्वार समाप्तं.

गुणठाणा १४ मा १,२,३,४,५,६,७, ए ९ गुण० ६ संघयण.

आठमाथि ते १४ मा गुणठाणा सुधि एकवज्रऋषभ नाराचसंघयण. इति ९ मो द्वार समाप्तं.

आर्याजी, अवेदि, परिहारविशुद्धचारित्र वंत, पुलाक लब्धिवंत, अप्रमादि साधु, चौद पुर्वी साधु अने आहारकशरीर ए ९ नुं कोइ देवता साहारणकरि शके नहि. इति १० मो द्वार समाप्तं. इति क्षेपक द्वार समाप्तं इति गुणठाणाद्वार समाप्तं.

## अथ श्री मोहोटो बासठियो.

गाथा ॥ जीव, गइ, इंद्रिय, काए; जोग, वेय, कसाय, लेस्सा;
सम्मत्तं, नाण, दंसण; संजय, उवऊग, आहारे; ॥ १॥
भासग, परित्त, पज्जती; सुहूम, सन्नि, भवथि, चरिमेय;
जीवेयखेत्ते, बंधे; पुग्गलए, महादंडएचेव; ॥ २ ॥

उपली २ गाथानो अर्थ विस्तारी कहे छे.

१ समुच्चय जीवमां जीवना भेद १४. गुणठाणा १४. जोग १४. उपयोग १२. लेशा ६. इति प्रथम द्वार.

१ नरक गतिमां जीवना भेद ३, संज्ञीनो अप्र० ने प्रजाप्तो, असंज्ञी पहेली नरकनो अप्र० ए ३. गुण ४ प्रथम, जोग ११, ते ४ मनना, ४ वचनना, १ वैक्रेय, वैक्रेयनो मिश्र, कार्मणकायजोग एवं ११.उपयोग ९.३ ज्ञान, ३ अज्ञान, ३ दर्शन.लेशा ३ प्रथमनी.

२. तिर्यंचनि गतिमां जीवना भेद १४. गुण० ५ प्रथमना. जोग १३,आहारकना२ वर्जिने.उप०९. ३ ज्ञान,३ अज्ञान,३ दर्शन लेशा ६.

३. तिर्यंचणीमां जोवना भेद २ संज्ञीनो अप्र० ने प्रजाप्तो, गुण० ५ प्रथमना, जोग १३. उप० ९. ज्ञान३. अज्ञान३. दर्श०३ लेसा६.

४. मनुष्यनी गतिमां जीवना भेद ३ संज्ञीनो अप्र० ने प्रजाप्तो. तथा सुर्छिमममनुष्यनो अप्र० गुण०१४.जोग०१५.उप०१२. लेसा६.

५. मनुष्यणीमां जीवना भेद २ संज्ञीना. गुण० १४.जोग १३ आहारकना ३ वर्जिने. उप १२. लेशा ६.

६. देवतानि गतिमां जीवना भेद ३ संज्ञीनो अप्र० १ ने प्रजाप्तो २असंज्ञीनो अप्र० ए ३. गुण० ४ पहिला. जोग ११,४ मनना, ४ वचनना, २ वैक्रेयना, १ कार्मणनो. एवं ११ उप० ९. लेशा ६.

७. देवांगनामां जीवना भेद २. संज्ञीनो अप्रजाप्तो १ ने प्रजाप्तो २. गुण० ४ प्रथमना. जोग ११, ४ मनना ४ वचनना, २ वैक्रेयना ने १ कार्मणनो एवं ११. उपयोग ९. लेशा ४ प्रथमनी.

८. सिद्धगतिमां जीवना भेद नथि. गुणठाणा नथि. जोग नथि. उपयो० २. केवलज्ञान, केवलदर्शन. लेशा नथि. एहनो अल्पबहुत्व. सर्वथि थोडि मनुष्यणी. तेहथि मनुष्य समुर्छिम भेलवता असंख्यातगुणा, तेहथी नारकी असंख्यातगुणा, तेहथी तिर्यंचणी असंख्यातगुणि,तेहथि देवता असंख्यातगुणा, तेहथि देवी संख्यातगुणी, तेहथि सिद्ध भगवंत अनंतगुणा, तेहथि तिर्यंच वनस्पति भेलवतां अनंतगुणा, इति बिजो द्वार.

१. सइंदियमांजीवनाभेद १४. गुण० १२. प्रथमना. जोग १५. उपयोग १०. केवलज्ञान, केवलदर्शन ए २ वर्जीने. लेशा ६.

२. एकेंद्रियमां जीवना भेद ४. सूक्ष्म एकेंद्रियनो अप्रजाप्तो ने प्रजाप्तो. बादरएकेंद्रियनो अप्रजाप्तो ने प्रजाप्तो. गुण० १ प्रथमनुं. जोग ५ उदारिक, उदारिकनो मिश्र, वैक्रेय, वैक्रेयनो मिश्र, कार्मणकायजोग, उपयोग ३. बे अज्ञान ने १ अचक्षु दर्शन. लेशा ४.

५. बेइंद्रिय, तेइंद्रिय, चउरिंद्रिय, ए ३ मां जीवना भेद २.

पोतपोतानो अप्रजाप्तो ने प्रजाप्तो. गुण० २ पहेला. जोग ४. २ उदारिकना, १ कार्मणनो, ने १ व्यवहार वचननो एवं ४. उपयोग बेइंद्रिय तेइंद्रियमां ५, २ ज्ञान, २ अज्ञान, ने १ अचक्षुदर्शन एवं ५ अने चउरिंद्रियमां ६ ते १ चक्षुदर्शन वध्युं एवं ६. लेशा ३.

६. पंचेंद्रिय जीवना भेद ४. संज्ञिनो अप्रजाप्तो, ने प्रजाप्तो, असंज्ञीनो अप्रजाप्तो ने प्रजाप्तो एवं ४ गुण० १२ प्रथमना. जोग १५. उपयोग १० केवळज्ञान, केवलदर्शन. ए २ वर्ज्या. लेशा ६.

७. अणिंदियामां जीवनो भेद १. संज्ञिनो प्रजाप्तो. गुणठाणा २ तेरमुं ने चउदमुं. जोग ७. २ मनना ते सत्य मन ने व्यवहार मन, २ वचनना ते सत्यवचन ने व्यवहारवचन एवं ४. अने उदारिक, उदारिकनो मिश्र ने कार्मणकायजोग ए ७. उपयोग २. केवलज्ञान, केवलदर्शन. लेशा १ शुकल. एहनोअल्पबहुत्व सर्वथि थोडा पंचेंद्रिया, तेहथी चउरिंद्रिया विशेषाहिया, तेहथि तेइंद्रिया विशेषाहिया, तेहथी बे इंद्रिया विशेषाहिया, तेहथी अणिंदिया अनंतगुणा, तेहथि एकेंद्रिया अनंतगुणा, तेहथि सइंद्रिया विशेषाहिया. इति त्रिजोद्वार समाप्तं.

१.सकायामांजीवनाभेद१४.गुण०१३.जोग१४.उप०१२.लेशा६.

४. पृथ्वीकाय, अपकाय, वनस्पतिकाय ए ३ मां जीवना भेद ४. गुण० १. जोग ३. उप० ३. लेशा ४.

६. तेउकाय, वाउकाय. ए २ मां जीवना भेद ४, गुण० १. जोग तेउमां ३ ने वाउमां ५ ते. २ वैक्रेयना वध्या. उप० ३.लेशा ३.

७. त्रशकायमां जीवना भेद १० ते ४ एकेंद्रियना वर्ज्या. गुण० १४. जोग १५. उपयोग १२. लेशा ६.

८. अकायामां जीवना भेद नथि. गुण० नथि. जोग नथि.

उप० २, लेश्या नथि. एहनो अल्प बहुत्व सर्वथी थोडा त्रसकाया, तेहथि तेउकाया असंख्यातगुणा, तेहथि पृथ्वीकाया विशेषाहिया, तेहथि अपकाया विशेषाहिया, तेहथि वाउकाया विशेषाहिया, तेहथी अकाया अनंतगुणा, तेहथि वनस्पतिकाया अनंतगुणा, तेहथि सकायाविशेषाहिया, इति चोथो द्वार समाप्तं.

१. सजोगीमां जीवना भेद १४. गुण० १३. उपल्युं एक नही. जोग १५. उप० १२. लेश्या ६.

२. मनजोगीमां जीवनो भेद १. संज्ञीनो प्रजाप्तो. गुण० १३. जोग १४. एक कार्मणनो वर्जिने. उपयोग १२. लेश्या ६.

३. वचनजोगीमां जीवना भेद ५. बेइंद्रिय, तेइंद्रिय, चउरिंद्रिय, असंज्ञीपंचेंद्रिय, ने संज्ञीपंचेंद्रिय ए ५ ना प्रजाप्ता. गुण० १३. जोग १४. कार्मणनो वर्जिने उप० १२. लेश्या ६.

४. कायजोगीमां जीवना भेद १४. गुण० १३. जोग १५. उप० १२, लेश्या ६.

५. अजोगीमां जीवनो भेद १ संज्ञीनो प्रजाप्तो. गुणठाणुं १ चैादमुं. जोग नहि. उपयोग २ केवल ज्ञान ने केवलदर्शन. लेश्या नथि. एहनो अल्पबहुत्व सर्वथि थोडा मन जोगी, तेहथि वचन जोगी असंख्यातगुणा, तेहथि अजोगी अनंतगुणा, तेहथि कायजोगी अनंतगुणा, तेहथि सजोगी विशेषाहिया. इति पांचमो द्वार.

१. सवेदीमां जीवना भेद १४. गुण० ९. प्रथमना जोग १५. उ० १० केवलज्ञान ने केवलदर्शन ए बे वर्जिने, लेश्या ६,

३. स्त्रीवेद, पुरुषवेद, ए २ मां जीवना भेद २ संज्ञीना. गुण० ९ जोग पुरुषवेदमां १५ अने स्त्रीवेदमां १३ ते अहारकना बे वर्जिने उप० १०. लेश्या ६.

४. नपुंसकवेदमां जीवना भेद १४. गुण० ९. जोग १५. उपयोग १०. केवलज्ञान १ केवलदर्शनवर्जिने. लेशा ६.

५. अवेदीमां जीवनो भेद १ संज्ञीनो प्रजाप्तो गुण० ६ नवमाथि ते १४ मां सुधि. जोग ११. ४ मनना, ४ वचनना, २ उदारिकना ने, १ कार्मणनो एवं ११. उपयोग ९. ३ अज्ञान वर्जिने. लेशा १ शुकल. एहनो अल्पबहुत्व सर्वथि थोडा पूरुषवेदी, तेहथि स्त्रीवेदी संख्यातगुणी, तेहथि अवेदी अनंतगुणा, तेहथि नपुंसकवेदी अनंतागुणा, तेहथि सवेदी विशेषाहिया. इति छठो द्वार समाप्तं.

१. सकषायीमां जीवना भेद १४.गुण०१० प्रथमना.जोग१५. उपयोग १० केवलज्ञान, केवलदर्शन, वर्जिने. लेशा ६.

४. क्रोध, मान, माया, ए ३ मां जीवना भेद १४. गुण ९. जोग १५. उपयोग १०. लेशा ६.

५. लोभकषायीमां जीवना भेद १४. गुणठाणा १० पहेला. जोग १५. उपयोग १०. लेशा ६.

३. अकषायीमां जीवनो भेद १. संज्ञीनो प्रजाप्तो. गुण० ४ उपरना. जोग ११. ४ मनना, ४ वचनना, २ उदारिकना, १ कार्मणनो एवं ११. उपयोग ९. ५ ज्ञान, ४ दर्शन, एवं ९. लेशा ६. एहनो अल्पबहुत्व सर्वथि थोडा अकषायी. तेहथि मानकषायी अनंतगुणा. तेहथि कोहकषायी विशेषाहिया. तेहथिमायाकषायी विशेषाहिया. तेहथि लोभकषायी विशेषाहिया. तेहथि सकषायी विशेषाहिया. इति सातमो द्वार समाप्तं.

१. सलेशीमां जीवना भेद १४. गुण० १३. जोग १५. उप० १२. लेशा ६.

४. कृष्ण, निल्ल, कापुत, ए ३ लेशामां जीवना भेद १४. गुण-

ठाणा ६ प्रथमना. जोग १५. उपयोग १०. बे केवलना वर्ज्या. लेशा पोतपोतानि.

५. तेजु० लेशामां जीवनां भेद ३. संज्ञिनो अप्रजाप्तो, प्रजाप्तो. बादर एकेंद्रियनो अप्रजाप्तो. गुण० ७ प्रथमना. जोग १५. उपयोग १०. लेशा १ तेजु.

६. पद्मलेशीमां जीवना भेद २ संज्ञिना. गुण० ७ प्रथमना जोग १५. उपयोग १०. लेशा १ पद्म.

७. शुकललेशीमां जीवना भेद २ संज्ञिना. गुण० १३ प्रथमना. जोग १५. उपयोग १२. लेशा १ शुकल.

८. अलेशीमां जीवनो भेद १ संज्ञिनो प्रजाप्तो. गुण० १ चैादमुं. जोग नथि. उपयोग २. केवलज्ञान ने केवलदर्शन. लेशा नथि. एहनो अल्पबहुत्व सर्वथि थोडा शुकललेशी, तेहथि पद्मलेशी संख्यातगुणा, तेहथि तेजुलेशोसंख्यातगुणा, तेहथि अलेशी अनंत गुणा, तेहथि कापुतलेशी अनंतगुणा, तेहथि निललेशी वीशेषाहिया, तेहथि कृष्ण-लेशी विशेषाहिया, तेहथि सलेशी विशेषाहिया. इति ८ मो द्वार.

१. समुचय सम्यक्तदृष्टिमां जीवना भेद ६. बेइंद्रिय, तेइंद्रिय, चउरिंद्रिय, असंज्ञीपंचेंद्रिय, ए ४ ना अप्रजाप्ता अने संज्ञीपंचेंद्रियनो अप्रजाप्तो ने प्रजाप्तो. एवं ६. गुण० १२ पहेलुं, त्रिजुं वर्जिने. जोग १५. उपयोग ९. ३ अज्ञान वर्जिने. लेशा ६.

२. सास्वादान सम्यक्तदृष्टिमां जीवना भेद ६. गुण० बिजुं. जोग १३ आहारकना २ वर्जिने. उप० ६. ३ ज्ञान. ३ दर्शन. लेशा ६.

३. उपशम सम्यक्तदृष्टिमा जीवना भेद २ संज्ञीना. गुण ८ चोथाथि ११मां सुधि. जोग १५. उप० ७. ४ ज्ञान, ३ दर्शन. लेशा ६.

५. क्षयोपशम ने वेदकसम्यक्तदृष्टिमां जीवना भेद २ संज्ञीना.

गुण० क्षयोपसम सम्यक्तदृष्टिमां ४ थी नवमा सुधि अने वेदकमां ४ थी सातमा सुधी. जोग १५. उप० ७. लेशा ६.

क्षायक सम्य० जीवना भेद २ संज्ञीना. गुण० ११. चोथाथि ते १४ मां सुधि. जोग १५. उपयोग ९. ३ अज्ञानवर्जिने. लेशा ६.

७. मिथ्यात्व दृष्टिमां जीवना भेद १४. गुण० १ प्रथम. जोग १३ आहारकना २ वर्जिने. उपयोग ६. ३ अज्ञान ३ दर्शन. लेशा ६.

८. समामिथ्यात्वदृष्टिमां जीवनो भेद १. संज्ञिनोप्रजाप्तो, गुण० १ त्रिजुं. जोग १०. ४ मनना, ४ वचनना, १ उदारिकनो १ कार्मणनो एवं १०. उप० ६. लेशा ६. एहनो अल्पबहुत्व सर्वथि थोडासास्वादान समकिति, तेहथि उपसम समकिति संख्यातगुणा, तेहथि मिश्रदृष्टी संख्यातगुणा, तेहथि क्षयोपशम समकितिअसंख्यातगुणा, तेहथि वेदकसमकिति संख्यातगुणा, तेहथि क्षायकसमकित अनंतगुणा, तेहथि समुचयसमकिति विशेषाहिया, तेहथि मिथ्यात्वदृष्टि अनंतगुणा. इति ९ मो द्वार समाप्तं.

१. समुचयज्ञानिमां जीवना भेद ६. बेइंद्रिय, तेइंद्रिय, चउरिंद्रिय, असंज्ञीपंचेंद्रिय, ए ४ ना अप्रजाप्ता ने संज्ञीनो अप्रजाप्तो ने प्रजाप्तो एवं ६. गुण० १२ पहेलुं, त्रिजुं वजिने. जोग १५. उपयोग९. ५ज्ञान ने ४ दर्शन. लेसा ६.

३. मतिज्ञाना, श्रुतज्ञानोमां जीवना भेद ६. गुण० १० पहेलुं, त्रिजुं, तेरमुं, चैादमुं वर्जिने. जोग १५, उप० ७. लेशा ६.

४. अवधिज्ञानीमां जीवना भेद २ संज्ञीना. गुण १०. जोग१५ उपयोग० ७. लेशा० ६.

५. मनपर्यवज्ञानीमां जीवनो भेद १ संज्ञीनो प्रजाप्तो गुण० ७ छठाथि बारमां सुधि. जोग १४ कार्मणनो वर्जिने. उप०७ लेसा६.

६. केवलज्ञानामां जीवनो भेद १ संज्ञीनो प्रजाप्तो. गुण० २ तेरमुं ने १४ मुं. जोग ७. उपयोग २. लेशा १ परम शुकल.

७. अज्ञानीमां जीवना भेद १४. गुण २ पहेलुं ने त्रिजुं. जोग १३ आहारकना २ वर्जिने. उप० ६, ३ अज्ञान, ३ दर्शन. लेशा ६.

९. मतिश्रुत अज्ञानीमां जीवना भेद १४. गुण० २ पहेलुं ने त्रिजुं. जोग १३. उपयोग ६. लेशा ६.

१०. विभंग अज्ञानीमां जावना भेद २ संज्ञीना. गुण २ पहेलुं ने त्रिजुं. जोग १३. उप० ६. लेजा० ६. एहनो अल्पबहुत्व सर्वथि थोडा मनपर्यवज्ञानी, तेहथि अवधिज्ञानी असंख्यात गुणा, तेहथि मतिज्ञानी ने श्रुतज्ञानी माहोमांहि तुल्य ने विशेषाहिया तेहथि विभंग अज्ञानी असंख्यात गुणा, तेहथि केवलज्ञानी अनंतागुणा, तेहथि ज्ञानी विशेषाहिया, तेहथि मति श्रुतअज्ञानी माहोमांहितुल्यने अनंतगुणा, तेहथि अज्ञानी विशेषाहिया. इति १० मो द्वार समाप्त.

१. चक्षुदर्शनमां जीवना भेद ६. चउरिंद्रिय, असंज्ञि पंचेद्रिय, संज्ञी पंचेद्रिय, ए ३ ना अप्रजाप्ता ने प्रजाप्ता. गुण० १२ प्रथमना जोग १४ कार्मणनोवर्जिने. उप० १० केवलना २ वर्ज्या. लेशा ६.

२. अचक्षुदर्शनमां जीवना भेद १४. गुण० १२. जोग १५. उप० १०. लेशा ६.

३. अवधिदर्शनमां जीवना भेद २. गुण० १२. जोग १५. उप० १०. लेशा ६.

४. केवलदर्शनमां जीवनो भेद १. गुण० २. तेरमुं, चौदमुं. जोग ७. उप० २. लेशा १. एहनो अल्पबहुत्वसर्वथि थोडा अवधि दर्शनी, तेहथि चक्षुदर्शनी असंख्यातगुणा, तेहथि केवलदर्शनी अनंतगुणा. तेहथी अचक्षु दर्शनी अनंतगुणा. इति ११ मो द्वार समाप्तं.

१. संजतिमां जीवनो भेद १ संज्ञानो प्रजाप्तो. गुण० छठाथि ते १४ मा सुधि. जोग १५.उप० ९. ३ अज्ञानवर्जिने. लेशा० ६.

३. सामायक, छेदोपस्थापनीय, ए बे चारित्रमां जीवनो भेद १ संज्ञिनो प्रजाप्तो. गुण० ४ छठाथी ९ मां सुधि. जोग १४ कार्मणनो वर्जिने. उपयोग ७. ४ ज्ञान ने ३ दर्शन एवं ७.लेशा ६.

४. परिहार विशुद्धचारित्रमां जीवनो भेद १. संज्ञी प्र० गुण० २ छठुं ने सातमुं. जोग ९. ४ मनना, ४ वचनना ने १ उदारिकनो एवं ९. उप० ७. लेशा० ३ उपलि.

५. सुक्ष्मसंपरायचारित्रमां जीवनो भेद १ संज्ञीनो प्र०. गुण० १ दशमुं. जोग ९. उपयोग ७. लेशा १ शुकल.

६. यथाख्यातचारित्रमां जीवनो भेद१ संज्ञीनो प्र०.गुण ४उपल्या जोग ११. ४ मनना, ४ वचनना, २ उदारिकना ने १ कार्मणनो. उप० ९. ३ अज्ञान वर्जिने. लेशा० १.

७. संजतासंजतिमां जीवनो भेद १ संज्ञीनो प्र०. गुण० १ पांचमुं. जोग १२ आहारकना २ ने १ कार्मणनोवर्जिने. उपयोग ६. ३ ज्ञानने ३ दर्शन. लेशा ६.

८. असंजतिमां जीवना भेद १४. गुण०४ प्रथमना. जोग १३ आहारकना २ वर्जिने. उप०९. ३ ज्ञान,३ अज्ञान,३ दर्शन. लेशा६.

९. नोसंजतिनोअसंजतिनोसंजतासंजतिमां जीवनो भेद नथी. गुण० नथी. जोग नथि. उप० २. लेशा नथि. एहुनो अल्पबहुत्व सर्वथि थोडा सुक्ष्म संपरायचारित्रिया, तेहथि परिहारविशुद्धचारित्रिया संख्यातगुणा, तेहथि यथाख्यातचारित्रिया संख्यातगुणा, तेहथि छेदोपस्थापनीयचारित्रिया संख्यातगुणा, तेहथि सामायकचारित्रिया संख्यातगुणा, तेहथि संजति विशेषाहिया, तेहथि संजता-

संजति असंख्यातगुणा, तेहथि नोसंजति नोअसंजति नोसंजतासंजति अनंतगुणा, तेहथि असंजतिवनस्पतिभेळवतांअनंतगुणा. ९इति १२मोद्वार

१ सागारोवउत्तामां जीवना भेद १४. गुण० १४. जोग १५. उप० १२. लेशा ६.

२ अणागारोवउत्तामां जीवना भेद १४. गुण० १३ दसमुं वर्जिने. जोग. १५. उप० १२. लेशा६. एहनो अल्पबहुत्वसर्वथिथोडाअणागारोवउत्ता, तेहति सागारोवउत्ता संख्यातगुणा. इति १३ मो द्वार समाप्तं.

१ आहारकमां जोवना भेद १४. गुण० १३ पहेला. जोग १४ कार्मणनो वाजने. उप० १२. लेशा० ६.

२ अणाहारकमां जीवना भेद ८. सात अप्रजाप्ता ने १ संज्ञिनो प्रजाप्तो एवं ८. गुण० ५ पहिलुं, बिजुं, चोथुं, तेरमुं, ने चौदमुं ए ५. जोग १ कार्मणनो. उपयोग १० मनपर्यवज्ञान ने चक्षुदर्शन ए २ वर्जिने. लेशा ६. एहनो अल्पबहुत्व सर्वथि थोडा अणाहारक तेहथि अहारक असंख्यातगुणा. इति १४ मो द्वार समाप्तं.

१. भासगामां जीवना भेद५. बेइंद्रिय, तेइंद्रिय, चउरिंद्रिय, असंज्ञीपंचेंद्रिय, संज्ञीपंचेंद्रिय, ए ५ ना प्रजाप्ता. गुण० १३ प्रथमना. जोग १४ कार्मणनो वर्जिने. उपयोग १२. लेशा ६.

२ अभासगामां जीवना भेद १० ते १४ मांथि बेइंद्रिय, तेइंद्रिय, चउरिंद्रिय, असंज्ञीपंचेंद्रिय, ए ४ वर्ज्या. गुण० ५ ते पहिलुं, बिजुं, चोथुं, तेरमुं, चौदमुं ए ५ जोग. ५. २ उदारिकना, २ वैक्रेयना ने १ कार्मणनो. उ० ११ ते मनपर्यवज्ञान नहि. लेशा ६. एहनो अल्पबहुत्व सर्वथि थोडा भासगा, तेहथि अभासगा अनंतगुणा. इति १५ मो द्वार.

१ परीत संसारिमां जीवना भेद १४. गुण० १४. जोग १५. उप० १२. लेशा ६.

२ अपरीत संसारीमां जीवना भेद १४. गुण० १ पहेलुं. जोग १३ आहारकना २ वर्जिने.उप०६.अज्ञान ३, दर्शन ३,लेशा ६.

३ नोपरीत नोअपरीतमां जीवना भेद नथी. गुण० नथी.जोग नथि, उप० २ केवलज्ञान केवलदर्शन. लेशा नथि. एहनो अल्प-बहुत्व सर्वथि थोडा परीत, तेहथि नोपरीत नोअपरीत अनंत गुणा. तेहथि अपरीत अनंतगुणा. इति १६ मो द्वार समाप्तं.

१.प्रजाप्तामांजीवनाभेद ७.गुण०१४.जोग१५.उप०१२.लेशा६.

२. अप्रजाप्तामां जीवना भेद ७. गुण० ३ ते पहेलुं, बिजुं ने चोथुं. जोग ५ २ उदारिकना, २ वैक्रेयना ने १ कार्मणनो. उप० ९. ३ ज्ञान, ३ अज्ञान, ३ दर्शन एवं ९. लेशा ६.

३. नोप्रजाप्ता नोअप्रजाप्तामां जीवना भेद नथी. गुण०नथी. जोग नथी. उप० २ केवलज्ञान ने केवलदर्शन. लेशा नथि. एहनो अल्पबहुत्व सर्वथि थोडा नोप्रजाप्तानोअप्रजाप्ता, तेहथि अप्रजाप्ता अनंतागुणा, तेहथि प्रजाप्ता संख्यातगुणा.इति १७ मो द्वार समाप्तं.

१. सुक्ष्ममां जीवना भेद २. सुक्ष्म एकेंद्रियनो अप्रजाप्तो ने प्रजाप्तो २. गुण० १ प्रथमनुं. जोग ३. बे उदारिकना ने १ कार्मणनो. उप० ३ बे अज्ञान, १ अचक्षुदर्शन ए ३. लेशा ३.

२. बादरमां जीवना भेद १२ ते २ सुक्ष्मनावर्ज्या. गुण० १४ जोग १५. उपयोग १२. लेशा ६.

३नोसुक्ष्मनोबादमांजीवनाभेदनथी.गुण०नथी.जोग०नथि.उप० २. लेशानथी.एहनोअल्पबहुत्व सर्वथिथोडा नोसुक्ष्मनोबादर तेहथी बादर अनंतगुणा, तेहथिसुक्ष्मअसंख्यातगुणा. इति १८ मो द्वार.

१ संज्ञीमां जीवना भेद २. गुण० १२ पहेला. जोग १५. उप० १० केवलना २ वर्ज्या. लेशा ६.

२ असंज्ञीमां जीवनाभेद १२ ते२संज्ञीनावर्ज्या.गुण०२प्रथमना. जोग६.२ उदारिकना, २वैक्रेयना.१कार्मणनो, १ व्यवहारवचननोएवं ६.उपयोग६,२ ज्ञान.२ अज्ञान. २ दर्शन एवं६. लेशा ४ प्रथमनी.

३. नोसंज्ञी नोअसंज्ञीमां जीवनो भेद १. संज्ञीनो प्रजाप्तो. गुण० २ तेरमुं, चैादमुं. जोग ७, उपयोग २. लेशा १. परम शुक्ल. एहनो अल्पबहुत्व सर्वथि थोडा संज्ञी, तेहथी नोसंज्ञी नोअसंज्ञी, अनंत गणा, तेहथि असंज्ञा अनंत गुणा, इति १९ मो द्वार.

१. भव्यमां जीवनाभेद१४.गुण०१४.जोग१५ उ०१२.लेशा६.

२ अभव्यमां जीवना भेद १४ गुण० १ प्रथमनुं. जोग १३ आहारकना २ वजिने. उप ६. लेशा० ६.

३ नोभव्य नोअभव्यमां जीवना भेद नथी. गुण० नथी. जोग नथि. उपयोग २. लेशा नथी. एहनो अल्पबहुत्व सर्वथि थोडा अभव्य, तेहथि नोभव्यनोअभव्य अनंतगुणा, तेहथि भव्य अनंत-गुणा. इति २० मो द्वार समाप्तं.

१. चरममांजीवनाभेद १४.गु०१४.जो०१५.उप० १२लेशा ६.

२. अचरममां जीवना भेद १४. गुण० १: प्रथमनुं. जोग १३ आहारकना २ वर्जिने. उप० ९, लेशा ६. एहनो अल्पबहुत्व सर्वथि थोडा अचरम, तेहथि चरम अनंत गुणा. इति २१ मो द्वार समाप्तं.

१. समुच्चयकेवलीमां जीवना भेद २ संज्ञीना. गुण० ११. उपल्या. जोग १२. उप० ९. ३ अज्ञान वर्जिने. लेशा ६.

२.वीतरागिमांजीवनोभेद१.गुण०४उपल्या.जोग११.उप०९.लेशा१.

३. जुगलियामां जिवना भेद २.संज्ञीना.गुण०२ पहेलुं ने चोथुं. जोग ११ ते ४ मनना, ४ वचनना,२ उदारिकना, १ कार्मणनो एवं ११. उप० ६. बे ज्ञान,बे अज्ञान,बे दर्शन एवं ६. लेशा ४ प्रथमनी.

४. असंज्ञीतिर्यंच पंचेद्रियमां जीवना भेद २. गुण०२ प्रथमना. जोग ४ ते २ उदारिकना, १ कार्मणनो ने १ व्यवहार वचननो एवं ४. उपयोग ६ ते. २ ज्ञान, २ अज्ञान, २ दर्शन एवं ६. लेशा ३प्रथमनी.

५. समुर्छिम मनुष्यमां जीवनोभेद १ अप्र०. गुण० १ पहेलुं जोग ३ ते. २ उदारिकना ने १ कार्मणनो एवं ३. उपयोग ३ ते बे अज्ञान ने १ अचक्षुदर्शन एवं ३. लेशा ३ प्रथमनी. एहनो अल्पबहुत्व सर्वथि थोडा जुगलीया, तेहथि समुर्छिम मनुष्य असंख्यातगुणा, तेहथि असंज्ञीतिर्यंच पंचेद्रिया असंख्यातगुणा, तेहथि वीतरागी अनंतगुणा, तेहथिसमुच्चय केवली विशेषाहिया, इति २२मोद्वार.

१. उदारिक शरिरमां जीवना भेद १४. गुण १४. जोग १५. उप० १२. लेशा ६.

२. वैक्रेयशरिरमां जीवना भेद ४ ते. २ संज्ञीना, १ अशंज्ञी तिर्यंचनो अप्रजाप्तो अने १ बादर वाउकायनो प्रजाप्तो एवं ४. गुण० ७ प्रथमना. जोग १२ ते २ आहारकना ने १ कार्मणनो ए ३ वर्ज्या. उप० १० ते २ केवलना वर्ज्या. लेशा ६.

३. आहारकशरिरमां जीवनो भेद १ संज्ञोना प्रजाप्तो. गुण०२ छठुं ने सातमुं. जोग १२ ते. २ वैक्रेयना ने १ कार्मणनो ए ३ वर्ज्या. उप० ७ ते ४ ज्ञान ने ३ दर्शन. लेशा ६.

५. तेजसकार्मणशरिरमां जीवना भेद १४. गुण० १४. जोग १५. उपयोग १२. लेशा ६. एहनो अल्पबहुत्व सर्वथि थोडा आहारकशरीरि, तेहथि वैक्रेय शरीरि असंख्यातगुणा, तेहथि उदारिक शरीरि असंख्यातगुणा, तेहथि तेजस कार्मण शरीरि मांहोमांहि तुल्य ने अनंतगुणा. ॥ इति महोटो बासठियो समाप्तं ॥

# अथ श्री अठाणुं बोलनो बासठीयो.

१ सर्वथी थोडा गर्भज मनुष्य
२ मनुष्यणी संख्यातगुणी
३ बादर तेउकाया प्रजाप्ता अ०
४ अनुत्तर विमानना देवता अ०
५ उपली त्रिकना देवता सं०
६ मझम त्रिकना देवता सं०
७ नोचलो त्रिकना देवता सं०
८ बारमा देवलोकना देवता सं०
९ इग्यारमादेवलोकनादेवता सं०
१० दसमा देवलोकना देवता सं०
११ नवमा देवलोकना देवता सं०
१२ सातमी नरकना नारकी अ०
१३ छठी नरकना नारकी अ०
१४ आठमा देवलोकना देवता अ०
१५ सातमा देवलोकना देवता अ०
१६ पांचमी नरकना नारकी अ०
१७ छठा देवलोकना देवता अ०
१८ चोथी नरकना नारकी अ०
१९ पांचमा देवलोकना देवता अ०
२० त्रीजी नरकना नारकी अ०
२१ चोथा देवलोकना देवता अ०
२२ त्रिजा देवलोकना देवता अ०
२३ बीजी नरकनां नारकी अ०
२४ समुर्छिम मनुष्य असं०
२५ बीजा देवलोकनादेवता असं०
२६ बीजा देवलोकनी देवी सं०
२७ पहेला देवलोकना देवता सं०
२८ पहेला देवलोकनी देवी सं०
२९ भवनपति देवता असं०
३० भवनपतिनी देवी संख्यातगुणी
३१ पहेली नरकना नारकी असं०
३२ खेचर पुरुष असंख्यातगुणा
३३ खेचरनी स्त्री संख्यातगुणी
३४ थलचर पुरुष संख्यातगुणा
३५ थलचरनी स्त्री संख्यातगुणी
३६ जलचर पुरुष संख्यातगुणा
३७ जलचरनी स्त्री संख्यातगुणी
३८ व्यंतर देवता संख्यातगुणा
३९ व्यंतरनी देवी संख्यातगुणी
४० जोतिषी देवता संख्यातगुणा
४१ जोतिषीनी देवी संख्यातगुणी
४२ खेचर नपुंसक संख्यातगुणा

४३ थलचर नपुंसक संख्यातगुणा
४४ जलचर नपुंसक संख्यातगुणा
४५ चउरिंद्रिय प्रजाप्ता सं०
४६ पंचेद्रीय प्रजाप्ता विसेषाहीया
४७ बेइंद्रिय प्रजाप्ता विसेषाहीया
४८ तेइंद्रीय प्रजाप्ता विसेषाहीया
४९ पंचेंद्रीय अप्रजाप्ता असं०
५० चउरिंद्रीय अप्रजाप्ता विसे०
५१ तेइंद्रीय अप्रजाप्ता विसेषाहीया
५२ बेइंद्रीय अप्रजाप्ता विसेषाहीया
५३ बादर प्रत्येक शरीरि वनस्पति प्रजाप्ता असंख्यातगुणा
५४ बादर निगोदीया प्रजाप्ता अ०
५५ बादर पृथ्वीकाया प्रजाप्ता अ०
५६ बादर अपकाया प्रजाप्ता अ०
५७ बादर वाउकाया प्रजाप्ता अ०
५८ बादर तेउकाया अप्रजाप्ताअ०
५९ बादर प्रत्येक शरीरि वनस्पति० अप्रजाप्ता असं०
६० बादर निगोदीया अप्रजाप्ताअ०
६१ बादर पृथ्वी अप्रजाप्ता असं०
६२ बादर अपकाया अप्रजाप्ता अ०
६३ बादर वाउकाया अप्रजाप्ता अ०
६४ सुक्ष्म तेउकाया अप्रजाप्ता अ०
६५ सुक्ष्म पृथ्वी अप्रजाप्ता विसे०
६६ सुक्ष्म अपकाया अप्रजाप्ता वि०
६७ सुक्ष्म वाउकाया अप्रजाप्ता वि०
६८ सुक्ष्म तेउकाया प्रजाप्ता सं०
६९ सुक्ष्म पृथ्वीकाया प्रजाप्ता वि०
७० सुक्ष्म अपकाया पर्याप्ता विसे०
७१ सुक्ष्म वाउकाया पर्याप्ता वि०
७२ सुक्ष्म निगोदीया अपर्याप्ता अ०
७३ सुक्ष्म निगोदीया प्रजाप्ता सं०
७४ अभव्य अनंतगुणा
७५ पडिवाइ समद्रष्टी अनंतगुणा
७६ सिद्धभगवंतजी अनंतगुणा
७७ बादर वनस्पति प्रजाप्ता अनं०
७८ बादर प्रजाप्ता विसेषाहीया
७९ बादर वनस्पतिअपर्याप्ताअसं०
८० बादर अप्रजाप्ता विशेषाहीया
८१ समुचय बादर विसेषाहीया
८२ सुक्ष्म वनस्पति अपर्याप्ताअसं०
८३ सुक्ष्म अपर्याप्ता विसेषाहीया
८४ सुक्ष्म वनस्पति पर्याप्ता सं०
८५ सुक्ष्म पर्याप्ता विसेषाहीया
८६ समुचय सुक्ष्म विसेषाहीया
८७ भव्य सिद्धीया विसेषाहीया
८८ निगोदीया जीव विसेषाहीया

८९ वनस्पति जीव विसेषाहीया
९० एकेंद्रीया जीव विशेषाहीया
९१ तिर्यंच जीव विशेषाहीया
९२ मिथ्यादृष्टी जीव विसेषाहीया
९३ अवरति जीव विसेषाहीया
९४ सकसाया जीव विसेषाहीया
९५ छदमस्त जीव विसेषाहीया
९६ सजोगी जीव विसेषाहीया
९७ संसारिक जीव विसेषाहीया
९८ सर्व्व जीव विसेषाहीया

इतिश्री अठाणुं बोलनो अल्प बहुत्व संपूर्ण

## अथ श्री छ आराना बोल.

दशक्रोडा क्रोडि सागरोपमना छआरा जाणवा, तेहमां पहेलो आरो ४ क्रोडाक्रोडि सागरोपमनो जाणवो. ए आरो सुसम सुसम-नामा जाणवो. एकलुं सुखमां सुख जाणवुं. ए आराने विषे ३ गाउनुं देहमान अने ३ पल्योपमनुं आउखुं. उत्तरते आरे २ गाउनुं. देहमान अने २ पल्योपमनुं आउखु जाणवुं. ए आरे बसेनेछपन पांसली, उत-रते आरे एकसो ने अठाविस पांसली जाणवी. ए आराने विषे, वज्र रुषभनाराच संघयण ने समचउरंस संठाण जाणवुं. स्त्री पुरुषना रूप सोभाग्य घणा दिपे. ए आराने विषे अठम भक्त आहारनी इच्छा उपजे. तेवारे शरीर प्रमाणे आहार करे. धरतिनी सरसाइ साकर सरखी जाणवी. उतरते आरे खांड सरखि जाणवि, ए आराने विषे दश प्रकारना कल्पवृक्ष मनवंछीत सुख पहोचाडे ते कल्पवृक्षनां नाम.

गाथा कहे छे. मतंगायभिंगा तुडियंगा दिव जोइ चित्तगा चित्तरसा मणवेगा गिहगारा अणियगणाउं १. ए गाथा सूत्र पाठे कही तेनो अर्थ कहे छे. मतंगाय कहेता मिठा मधुरा रसना कल्प-वृक्ष थइ आवे. भिंगा कहेता रत्नजडाव भाजनना कल्पवृक्ष थइ आवे. तुडियंगा कहेता उंगणपचास जातिनां वाजिंत्रना क० थ०

दिव कहेतां रत्नजडाव दीवीउंना क० जोइ कहेता सूर्यनीं जोतिना क० चित्तगा कहेता चित्रामणसहित फूलनी मालाना क०. चितरसा के० चितने गमे तेवा रसवति भजनना क०. मणवेगा के०. रत्नजडाव आभरणना क०. गिहगारा के० बेतालीस भोमिया अवासना क०. अनियगणाउं के० रत्नजडाव नाकने वायरेउडे एहवा वस्त्रना क० ए १० प्रकारना कल्पवृक्ष मनवंछित सुख आपे. ए आराने विषे छेवटे जुगलना आउखा आडा ६ मास रहे तेवारे जुगल परभवनुं आउखुं वांधे. तेवारे जुगलीणी एक जोडलुं प्रसवे. ते छोरुनी प्रति पालना ४९ दिन करे. जुगलजुगलीणी ने क्षण मात्रनो विजोग न पडे. एकने छीक ने एकने बगासुं आवे. मरिने देवता थाय. एहना शरीरनो निहरण देवता करे. गति तो १ देवनी जाणवी. ए आराने विषे जुगलीया ने वेर विरोध इर्षा झेहेर नही. इति पहेलो आरो संपूर्ण १.

हवे पहेलो आरो उतरीने बीजो आरो बेठो. तेवारे अनंता वर्ण, गंध, रस, स्पर्सना पर्यव अनंता अनंता हीणा थया. ए आरो त्रण क्रोडाक्रोड सागरोपमनो सूसमनामे जाणवो. एकलुं सुख जाणवुं. ए आराने विषे बे गाउनुं देहमान अने २ पल्योपमनुं आउखुं. उत्तरते आरे एक गाउनुं देहमान ने एक पल्योपमनुं आउखुं ए आराने विषे वज्ररूषभनाराच संघयण, समचउरंस संठाण, ए आरे एकसो अठावीस पांसली. उतरते आरे ६४ पासली जाणवि ए आरे छठ भक्त आहारनी इछा उपजे. तेवारे शरीर प्रमाणे आहार करे. धरतिनि सरसाई खांड सरखि, उतरते आरे गोल सरखि जाणवी. ए आरे १० प्रकारना कल्पवृक्ष मनवंछीत सूख पोचाडे. अने छेवटे जूगलना आउखा आडा छ मास

रहे तेवारे जुगल परभवनुं आउखुं बांधे. तेवारे जूगलिणी एक जोडलुं प्रसवे. छोरुनी प्रतिपालण ६४ दिन करे. जुगल जुगलीणीने क्षण मात्रनो विजोग न पडे. एकने छीक ने एकने बगासूं आवे. मरिने देवता थाय. एना शरीरनुं निहरण देवता करे. गति १ देवतानि जाणवि इति बिजो आरो संपूर्ण.

हवे बीजो आरो उतरीने त्रिजो आरो बेठो तिवारेअनंता वर्ण,गंध, रस,स्पर्सना पर्यव अनंता हीणा थया. ए आरो बेक्रोडाक्रोडसागरोपमनो जाणवो.ए आरो सूखम दुखम नामा जाणवो.सुख घणुं ने दुख थोडुं जाणवुं.ए आरने विषे एक गाउनुं देहमान ने एकपल्योपमनुं आउखुं जाणवुं. उतरते आरे पांचसें धनुष्यनुं देहमान ने क्रोडपूर्वनुं आउखुं जाणवुं. ए आराने विषे वज्रऋषभनाराच संघयण ने समचउरंस संठाण जाणवुं. ए आरा विषे चोसठ पांसली जाणवी. उत्तरते आरे बत्रिस पांसली जाणवि ए आराने विषे चौथ भक्ते आहारनी इच्छा उपजे. तिवाये शरीर प्रमाणे आहार करे. धरतिनि सरसाइ गोल सरखि जाणवि. उतरते आरे थोडेरी जाणवि. ए आरे दस प्रकारना कल्पवृक्ष मनवंछीत सूख पहोंचाडे. अने छेवटे जूगलना आउखा आडा छ मास रहे. तेवारे जूगल परभवनुं आउखुं बांधे.तेवारे जूगलिणी एक जोडलुं प्रसवे. ते छोरुनी प्रतिपालणा ७९ दिन करे. जूगल जूगलिणीने क्षणमात्रनो विजोग न पडे. एकने छीक ने एकने बगासूं आवे तेवारे मरीने देवता थाय. एहना शरीरनो निहरण देवता करे.ए ३ आरा जूगलना जाणवा. एकलो जूगल धर्म जाणवो. ए आराने विषे जरा, रोग, कुरुप नहि प्रतिपूर्ण अंग उपांग विषय सुख भोगवे ते दान पुन्यना फल जाणवा. ए आराने विषे छेवटे चोरासि लाख पूर्व त्रण वर्ष ने साडा आठ महीना बाकी रह्या.

तेवारे सर्वार्थ सिद्ध महाविमान थकी तेत्रीस सागरोपमनुं आउखुं भोगवीने चविने वनिता नगरीमां नाभी कुलगर राजापिता मरुदेवी मातानी कुंखे ऋषभ देव स्वामी उपना. सवानव मासे जन्म्या. प्रथम ऋषभनुं स्वप्न देखि ऋषभदेव नाम दिधुं. ऋषभदेव स्वामीये जूगला धर्म निवारीने असि, मसि, कसि आदि बोतेर कलाओ अनुकंपा निमिते सिखवि. विस लाख पूर्वलगे कुंवरपणे रह्या. त्रेसठ लाख पूर्वलगे राज्य भोगव्युं. भरतने राज्य आपिने चार हजार पुरुष संघाते संजम लिधो. एक लाख पूर्व लगे संजम पाल्यो. केवल पामिने अष्टापद पर्वत उपरे पद्मासने बेसीने दसहजार साधु संघाते स्वामि निर्वाण पधार्या. ते स्वामिना ६ कल्याणिक थया. पेहेले कल्याणिके उत्तरासाढा नक्षत्रमां स्वार्थसिद्ध विमान थकी चविने मातानि कुंखे उपना. बाजे क० उ० जन्म्या. त्रीजे क० उ० राज्य बेठा. चोथे क० उ० संजम लीधो. पांचमे क० उ० केवलज्ञान उपनुं. ने ६ ठुं क० अभीच नक्षत्रमां मोक्ष पधार्या ए ६, ए आराने विषे गति पांच जाणवि मोक्षवधी इति त्रीजो आरो संपूर्ण ३.

हवे त्रीजो आरो उतरीने चोथो आरो बेठो. तेवारे अनंता वर्ण, गंध, रस, स्पर्सना पर्यवहीणा थया. ए आरो १ क्रोडाक्रोड सागरोपममां बेतालीस हजार वर्ष उणो जाणवो. ए आरो दुसम सूसम नामे जाणवो. दुःख घणुं ने सूख थोडुं जाणवुं. ए आराने विषे पांचसे धनुषनुं देहमान ने क्रोड पूर्वनुं आउखुं. उतरते आरे सात हाथनुं देहमान ने सो वर्ष झाझेरानुं आउखुं. ए आराने विषे छ संघयण ने ६ संठाण जाणवा. ए आराने विषे बत्रिस पांसली उतरते आरे १६ सोल पांसली जाणवो. ए आराने विषे दिन दिन प्रते आहारनि इच्छा उपजे. तेवारे ३२ कवळनो आहार करे. धर-

तिनि सरसाइ सारेरि उतरते आरे थोडेरी जाणवि. ए आराने छेवटे पंच्योतेर वर्ष ने साडाआठ महिना बाकी रह्या तेवारे दशमा देवलोकथि २० सागरोपमनुं आवखुं भोगविने चविने माहणकुंड नामना नगरने विषे रुषभदत्त ब्राह्मणने घेर देवानंदाजीनी कुंखे महाविर-स्वामी उपना. तिहां स्वामी साडीब्यासी रात रह्या. त्यासिमी राते शक्रेंद्रनुं आसन चल्युं तेवारे शक्रेंद्रे उपयोग मुकीने जोयुं. प्रभुने भीक्षुक कुले उपना दीठा ते अनंते काले अछेरु थयुं. तेथी हरण गमेषी देवताने कह्युं के जाओ जइने महावरिस्वामिनो गर्भ साहरो, साहरीने क्षत्रीकुंभ गाम नगरने विषे सिद्धार्थ राजाने घेर त्रिसला-देवी क्षत्रियाणीनी कुंखे मुको अने त्रिसलादेवि राणीनी कुंखे पुत्रिपणे गर्भ छे ते देवानंदाजीनी कुंखे मुको. तेवारे हरणगमेषी देवता तेहतप्रमाण करी तेज वेलाए आव्यो. आवीने भग-वंतने वंदणा नमस्कार करीने कह्युं जे स्वामी रुडुं जाणजो हुं तमारो गर्भ साहरुं छुं. तेवारे माता देवानंदाजीने अवस्थापिना निद्रा मुकिने नाभिथि गर्भ साहरीने त्रिसलादेवीजीनी कुखे मुक्यां. तिहां स्वामि सर्वे थईने सवानव मासे जन्म्या. त्रिस वर्ष घरमां रह्या. एकाकी पणे संयम लिधो. संयम लेईने साडाबार वर्ष ने एक पखवाडिया सुधि आकरा तप, जप, ज्ञान, ध्यान करिने स्वामि केवलज्ञान केवल-दर्शन पाम्या. बहोतेर वर्षनुं आउखुं भोगवीने चोथा आराना ३ वर्ष ने साडा आठ महिना बाकी रह्या तेवारे महावीरस्वामि निर्वाण पधार्या. ते स्वामिना छ कल्याणिक थया. तेमां ५ कल्याणिक तो उतराफाल्गुनी नक्षत्रमां थया. ते चवण क०. गर्भ साहारण क०. जन्म क०. दिक्षा क०. केवलज्ञान क०. ए पांचने स्वांति नक्षत्रमां निर्वाण पधार्या ६. ए आराने विषे गति ५ जाणवि. महावीरस्वामि

निर्वाण पधार्या तेज वखते गैातमस्वामिने केवलज्ञान उपनुं. ने ते बार वर्ष केवल प्रवर्जा पालिने निर्वाण पधार्या. तेहज वेलाए सुधर्मास्वामिने केवलज्ञान उपनुं ते आठ वर्ष सुधि केवल प्रवर्जा पालिने निर्वाणपधार्या. तेहज वेलाए जंबुस्वामिने केवलज्ञान उपनुं ते चुमालिस वर्ष सुधि केवल प्रवर्जा पालिने नीर्वाण पधार्या. महावीरस्वामि पछी भर्तक्षेत्रमां चोसठ वर्ष सुधि केवलज्ञान रह्युं. चोथा आरानो जन्मेलो होय ते पांचमा आरमां मोक्ष जाय. पांचमा आरानो जन्मेलो पांचमा आरामां मोक्ष जाय नही. जंबुस्वामि मोक्ष पहोंता पछी दश बोल वीछेद गया ते परम अवधि ज्ञान, मनपर्यवज्ञान, केवलज्ञान, परिहारविसुध चारित्र, सुक्ष्म संपराय चारित्र, जथाख्यात चारित्र, पूलाक लब्धी, क्षायक समकीत, आहरक शरिर, जिनकल्पी साधु. ए १० बोल. इति चोथो आरो संपूर्ण. ४.

हवे चोथो आरो उतराने पांचमो आरो बेठो. तेवारे अनंता वर्ण, गंध, रस, फर्सना पर्यव हीणा थया. ए आरो दुसमनामा एकलुं दुःख जाणवुं. ए आरो २१ हजार वर्षनो जाणवो. ए आराने विषे ७ हाथनुं देहमानने १ सो वर्ष झाझेरानुं आउखुं. उतरते आरे १ हाथनुं देहमान ने २० वर्षनुं आउखुं. ए आराने विषे ६ संघयण ने छ संठाण जाणवा. उतरते आरे १ छेवटुं संघयण ने १ हुंड संठाण जाणवुं. ए आराने विषे १६ सोल पांसली. उतरते आरे आठ पांसलिजाणवि. ए आराने विषे दिन दिन प्रते आहारनि ईच्छा उपजे तेवारे शरीर प्रमाणे आहार करे. धरतिनी सरसाइ कांइक सारेरि जाणवी. उतरते आरे कुंभारना निभाडानी छार सरखी जाणवी. हवे पांचमा आरानां लक्षण ३२ कहे छे. मोटा नगर ते गामडा सरिखा थाशे. गाम ते मसाण सरिखा थाशे.

भला कुलनां छोरु ते दास दासीपणां करशे. प्रधान ते लालचि थाशे. राजा ते जम दंड सरिखा थाशे. भला कुलनी स्त्री ते लजा रहित थाशे. रुडा कुलनी स्त्री वेश्या सरिखि थाशे. पोताना पुत्र पोताने छांदे चालशे. शिष्य गुरुना अपवाद बोलशे. दुर्जन लोक सुखी थाशे. सज्जन लोक दुःखी थाशे. दुर्भिक्ष दुकाल घणा पडशे. उंदर सर्पादीकनी दाढ घणी थाशे. ब्राह्मण अर्थना लोभी थाशे. हसा धर्मना परूपक घणा थाशे. एक धर्मनां घणा भेद थाशे. मिथ्याति देवता घणा पूजाशे. मिथ्याति लोक घणा थाशे. माणसने देवदर्शन दुर्लभ थाशे. विद्याधरनी विद्याना प्रभाव थोडा थाशे. गोरस दुध दहिमां सरसाइ थोडी रहेशे. बलद प्रमुखनां बल, आउखा थोडा थाशे. साधु साध्विने मास कल्प तथा चोमासां कर्यां जेवां खेत्र थोडां थाशे. श्रावकनि ११ पडिमा साधुनी १२ पडिमा विछेद जाशे. गुरु शिष्यने भणावशे नहि. शिष्य अविनित कलहकारी थाशे. अधर्मकारि झगडाकारी कुमाणस घणा थाशे. सुमाणस थोडा थाशे. आचार्य आप आपणा गच्छनी परंपरा समाचारि जूदी जूदी प्रवर्तावशे तथा मूढ, मूर्ख जनने मोह उपजावी मिथ्यात्वपासमां पाडशे. उत् सूत्र भांखशे. आप आपणा प्रसंसामां राचशे. निंदक कुबुद्धि होशे. सरल, भद्रिक, न्यायी, प्रमाणिक माणस थोडा थाशे. म्लेच्छनां राज घणा थाशे. हिंदु राजा अल्प रूधिया थोडा थाशे. मोटा कुलना राजा थाशे ते निच काम करशे. अन्याय अधर्म कुविसनमां घणा राचशे. एवा ३२ लक्षण ए आरानां जाणवां. ए आराने विषे धातु सर्वे विछेद जाशे. लोढानी धातु रहेशे. चामडानी मोहरो चालशे. जेने घेर सवाशेर कांसु रहेशे ते धनवंत कहेवाशे. ए आराने विषे एक उपवास करशे ते मास खमण सरिखो थाशे. ए

आराने विषे ज्ञान तथा सूत्र सर्वे विछेद जाशे. तेमां दशवैकालिकना अध्ययन ४ पहेला रहेशे. ते उपरे ४ जीव एका अवतारि थाशे तेनां नाम. दुप्सह नामा साधु. फल्गुणि नामा साध्वि. नागील श्रावक. नागश्रि श्राविका ए ४ आषाड सुद पूनमने दिने शक्रेंद्रनुं आसन चलशे तेवार शक्रेंद्र उपयोग मुकि जोशे जे आज पांचमो आरो उतरीने काले छठो आरो बेसशे तेवारे शक्रेंद्र आवशे. ते ४ जीवने कहेसे जे काले छठो आरो बेसशे माटे आलवी पडिकमी निसलथाओ ते ४ जीव सर्व जीवने खमाविने संथारो करशे ते वारे संवर्तक वायरो थाशे. तेणे करीने पहाड, पर्वत, गढ, कोठा, वाव, कुवा, सरोवर सर्वे वोसराल थाशे. वैताढ पर्वत, गंगा, सिंधु, ऋषभकुट, लवण समुद्रनिखाडी ए ५ वर्जिने शेष सर्व स्थानक त्रुटी पडशे. ते ४ जीव समाधि परिणामे काल करीने देवलोकमां जाशे, तेवारे ४ बोल विछेद जाशे. पेहले पोहरे जैन धर्म विछेद जशे. बीजे पोहरे ३६३ पाखंडी मिथ्यातिनो धर्म विछेद जाशे. त्रीजे पोहरे राज नीति विछेद जाशे. चोथे पोहरे बादर अग्नि विछेद जाशे. ए आरे बेसता गति ५ जाणवी. उतरता ४ गति ते मोक्ष अटकी. इति पांचमो आरो संपूर्ण.

हवे पांचमो आरो उतरीने छठो आरो बेसशे तेवारे अनंता वर्ण, गंध, रस, स्पर्सना प्रर्यव हीणा थशे. ए आरो एकवीस हजार वर्षनो जाणवो. ए आरो दुसमदुसम नामा एकलुं दुःखमां दुःख जाणवुं. ए आरे एक हाथनुं देहमान ने २० वर्षनुं आउखुं. उतरते आरे मूंढा हाथनी काया ने सोल वर्षनुं आउखु जाणवुं. ए आराने विषे १ छेवटुं संघयण ने हुंड संठाण जाणवुं. उतरते आरे पण एमज जाणवुं. ए आराने विषे आठ पांसली. उतरते

आरे चार पांसली जाणवी. ए आराने विषे छ वर्षनी स्त्री गर्भ धरशे. ते काला कुदर्शनी रोगी ने रिसाल थशे. नखने मोवाला घणा एहवा छोकरा घणा जणशे. ते कुतरीनी पेरे परीवार भेलो फेरवशे. ए आराने विषे गंगा सिंधु नदि रहेशे. तेमां ७२ बील छे. तेमां त्रण त्रण माल छे. तेमां मनुष्य त्रीर्यच पंखी बीज मात्र रहेशे. गंगा सिंधुनो साडीबासठ जोजननो पट छे. तेमां रथना चिला प्रमाणे पहोळुं ने गाडानि धुरि बूडे एटलु उंडुं पाणि रहेशे. तेहमां मछ कछ घणा थाशे. ते ७२ बीलनां मनुष्य सांझे ने प्रभाते. मछ कछ काढीने वेलुमां भारशे. सूर्य घणो तपशे. टाढ घणी पडशे. तेणे करी सीझवाइ रहेशे. तेहनो आहार करशे. तेना हाडका चामडा तिर्यंच चाटीने रहेशे. मानवीना माथानि तुंबलीमां पाणी लाविने पिशे. एणिपरे एकविस हजार वर्ष पुरां करशे. पाचमां आराना प्राणी नवकार रहित, समकित रहित, व्रत पचखाण रहित हशे ते एहवा छठा आराने विषे आविने अवतरशे. माटे एहवुं जाणिने जे जीव जैन धर्म करशे ते जीव सुखी थाशे. इति छ आराना बोल संपुर्ण.

## अथ श्री चोविस जिनांतरा.

अढार क्रोडाक्रोडि सागरने आंतरे पेहेला श्री आदिनाथ तिर्थंकर थया. विनिता नगरीने विषे नाभी राजा पिता. मरुदेवी राणी माता. हेमवर्णे. वृषभ लंछन. पांचसें धनुषनुं देहमान. चोरासी लाख पूर्वनुं आउखुं वीश लाख पूर्व कुंवरपणे रह्या. त्रेसठ लाख पूर्वनुं राज्य पाल्युं. एक लाख पूर्वनीप्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि एक हजार वरसे केवलज्ञान उपनुं. साधु, साधवी, श्रावक, श्रावीकारुप चतुर्विध संघतिर्थ

स्थापीने द्वादशांगी गणीनी पेटी आपीने त्रीजा आराना त्रण वरसने साडाआठ महिना छेवटे बाकी रह्या. तेवारे महा वद तेरसने दहाडे दस हजार साधु संघाते अष्टापद पर्वत उपरे स्वामी मोक्ष पधार्या. १.

पहेला श्री आदीनाथ तिर्थंकर मोक्ष पोहोंच्या पछी पचास लाख क्रोडि सागरने आंतरे बीजा अजितनाथ तिर्थंकर थया. अयोध्या नगरीने विषे जीत शत्रुराजा पिता. विजयादेवी राणी माता. हेमवर्णे. गज कहेता हस्तिनुं लंछन. साडाचारसें धनुषनुं देहमान. बहोतेर लाख पूर्वनुं आउखुं. तेमां अढार लाख पूर्व कुंवरपणे रह्या. त्रेपन लाख पूर्वनुं राज पाल्युं. एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी बार वरसे केवलज्ञान उपज्युं. साधु साधवी, श्रावक, श्रावीकारुप चतुर्विध संघतिर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपीने एक हजार साधु संघाते स्वामी मोक्ष पहोंच्या. २.

हवे बीजा अजितनाथ तिर्थंकर मोक्ष पहोंच्या पछि त्रीस लाख क्रोडि सागरने आंतरे त्रीजा संभवनाथ तिर्थंकर थया. सावर्थी नगरीने विषे जीतार्थ राजा पिता, सेन्यादेवी राणी माता. हेमवर्णे. अश्व कहेतां घोडानुं लंछन. चारसें धनुषनुं देहमान. साठ लाख पूर्वनुं आयुष्य. पनर लाख पूर्व कुंवरपणे रह्या. चुमालीस लाख पूर्वनुं राज पाल्युं. एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि चौद वर्षे केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक श्रावीकारूप चतुर्विध संघतिर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपीने एक हजार साधु संघाते स्वामी मोक्ष पधार्या. ३.

त्रीजासंभवनाथ तिर्थंकर मोक्ष पोहोंच्या पछि दस लाख क्रोडि सागरोपमने आंतरे चोथा अभीनंदन तिर्थंकर थया. विनीता नगरीने विषे संवर राजा पिता. सीद्धार्था राणी माता. हेमवर्णे. वानरनुं

लंछन. साडा त्रणसें धनुष्यनुं देहमान. पचास लाख पूर्वनुं आयुष्य. तेमां साडा बार लाख पूर्व कुंवरपणे रह्या. साडी छत्रीस लाख पूर्वनु राज पाल्युं. एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी अढार वर्ष केवलज्ञान उपनुं साधु, साधवी, श्रावक, श्रावीकारूप चतुर्विध संघ तिर्थ स्थापी द्वादसांगी गणीनी पेटी आपीने एक हजार साधु संघाते स्वामी मोक्षने विषे पोहोंच्या. ४.

हवे चोथा अभीनंदन तिर्थंकर मोक्ष पोहोंच्या पछि नव लाख क्रोडि सागरने आंतरे पांचमा सुमत्तिनाथ तिर्थंकर कुसलपुरी नगरीने विषे थया. मेघरथ राजा पिता. सुमंगला देवी राणी माता. हेमवर्णं. क्रौंच पंखीनुं लंछन. त्रणसें धनुषनुं देहमान. चालीस लाख पूर्वनुं आयुष्य. तेमां दश लाख पूर्व कुंवरपणे रह्या. ओगणत्रीस लाख पूर्वनु राज पाल्युं. एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि वीस वर्षे केवलज्ञान उपनुं. साधु, साधवी, श्रावक, श्रावीकारूप चतुर्विध संघतिर्थ थापीने द्वादशांगी गणीनि पेटि आपिने एक हजार साधु संघाते स्वामी नीर्वाण मोक्ष पधार्या. ५.

पांचमा सुमतिनाथ तिर्थंकर निरवाण मोक्ष पोहोंच्या पछि नेवुं हजार क्रोडि सागरने आंतरे छठा पद्मप्रभ तिर्थंकर थया. कोसंबी नगरीने वीषे धरराजा पिता. सुसिमा देवी राणी माता. राते वर्णं. पद्म कमलनुं लंछन. अढीसो धनुषनुं देहमान. त्रीश लाख पूर्वनुं आयुष्य साडासात लाख पूर्व कुंवरपणे रह्या. साडीएकविस लाख पूर्वनुं राज पाल्युं. एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी छठे महीने केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक श्रावीकारूप चतुर्विध संघतिर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपीने त्रोंहोंतेर साधु संघाते स्वामी नीर्वाण मोक्ष पधार्या. ६.

छठा पद्मप्रभ तिर्थंकर निर्वाण मोक्ष पोंहोंता पछि नव हजार क्रोडि सागरने आंतरे सातमा सुपार्श्वनाथ तिर्थंकर थया. वाणारसी नगरीने विषे पइठ राजा पिता. पृथ्वि देवि राणी माता. हेमवर्णे. साथीयानुं लंछन. बसे धनुषनुं देहमान. विस लाख पूर्वनु आयूष्य. तेमां पांच लाख पूर्व कुंवरपणे रह्या. चौद लाख पूर्वनुं राज पाल्युं एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि नव मासे केवलज्ञान उपज्युं. साधु, साधवी,श्रावक, श्राविकारुप चतुर्विध संघ तिर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपीने पांचसें साधु संघाते स्वामी नीर्वाण मोक्ष पधार्या. ७.

सातमा सुपार्श्वनाथ तिर्थंकर मोक्ष पोहोंच्या पछे नवसें क्रोडि सागरने आंतरे आठमा चंद्रप्रभ तिर्थंकर थया. चंदनपुरी नगरीने विषे महासेनराजा पिता. लखमणदेवी राणी माता. उज्वल वर्णे. चंद्रमानुं लंछन. दोढसो धनुष्यनुं देहमान. दशलाख पूर्वनुं आयूष्य तेहमां अढीलाख पूर्व कुंवरपणे रह्या. साडाछ लाख पूर्वनुं राज पाल्युं. एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि छठे महिने केवलज्ञान उपनुं साधु, साधवी, श्रावक, श्राविकारुप चतुर्विध संघतिर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपीने एक हजार साधु संघाते स्वामी निर्वाण मोक्ष पधार्या. ८

हवे आठमा श्रीचंद्रप्रभ तिर्थंकर मोक्ष पोहोंच्या पछि नेवुं क्रोडि सागरने आंतरे नवमां श्री सुविधीनाथ तिर्थंकर थया. काकंडी नगरीने विषे. सुग्रीव राजा पिता. रामादेवि राणी माता. उज्वल वर्णे. मघरमछनुं लंछन. सो धनुष्यनुं देहमान. बे लाख पूर्वनु आउखु तेमां अर्ध लाख पूर्व कुंवरपणे रह्या. अर्ध लाख पूर्वनुं राज पाल्युं. एक लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवज्या लीधा पछि चार महीने केवलज्ञान उपज्युं. साधु,

साधवी, श्रावक, श्रावीका रुप चतुर्विध संधतिर्थ थापीने द्वादशांगी गणीनी पेटी आपीने एक हजार साधु संघाते स्वामी निर्वाण मोक्षने विषे पधार्या. ९.

हवे नवमा सुविधीनाथ तिर्थंकर निर्वाण मोक्ष पोहोंच्या पछि नव क्रोडिसागरने आंतरे दशमा श्री सितलनाथ तिर्थंकर थया. भद्लपुर नगरीने विषे द्रढरथ राजा पिता. नंदा देवी राणी माता. हेम वर्णे. श्रीवछ साथीयानुं लंछन. नेवुं धनुष्यनुं देहमान. एक लाख पूर्वनुं आउखुं तेमां पा लाख पुर्व कुंवरपणे रह्या. अर्ध लाख पूर्वनुं राज पाल्युं. पा लाख पूर्वनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछे त्रण मासे केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्रावीकारूप चतुर्विध संघतिर्थ थापी द्वादसांगी गणीनी पेटी आपीने एक हजार साधु संघाते स्वामी निर्वाण मोक्ष पधार्या. १०.

हवे दशमा सितलनाथ तिर्थंकर मोक्ष पोहोंच्या पछि एकक्रोडि-सागर तेमां १०० सागर छासठ लाख छविस हजार वरसने उणेआंतरे इग्यारमा श्रेयांसनाथ तिर्थंकर थया. सिंहपुरी नगरीने विषे विश्नु राजा पिता. विश्नु देवी राणी माता. हेमवर्णे. गेंडानुं लंछन. एसी धनुष्यनुं देह-मान. चोरासी लाख वर्षनुं आयूष. तेमां २१ लाख वरस कुंवरपणे रह्या. ४२ लाख वर्षनुं राज पाल्युं. २१ लाख वर्षनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि छ मासे केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्रावीकारूप चतुर्विध संघ तिर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपीने एक हजार साधु संघाते निर्वाण मोक्षनेविषे पोहोंच्या. १०.

हवे इग्यारमां श्रेयांसनाथ तिर्थंकरमोक्ष पोहोंच्या पछी ५४सागरने आंतरे बारमां श्री वासुपूज्य तिर्थंकर थया. चंपापुरी नगरीने विषे वसुपुज्य राजा पिता. जयादेवी राणी माता. राते वर्णे. भेंसानुं

लंछन. सिंतेर धनुष्यनुं देहमान बोहोतेर लाख वर्षनु आयुष. तेमां अढार लाख वरस कुंवरपणे रह्या. चोपन लाख वरसनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि एक मासे केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्रावीकारूप चतुर्विध संघ तिर्थ थापी. द्वादसांगी गणीनी पेटी आपीने छसें साधु संघाते स्वामी नीर्वाण मोक्ष पधार्या. १२.

हवे बारमा वासुपुज्य तिर्थंकर निर्वाण मोक्ष पोहोंच्या पछि त्रीस सागरने आंतरे तेरमा श्री वीमलनाथ तिर्थंकर थया. कंपीलपुर नगरने विषे कृतवर्म राजा पिता. सामा देवि राणी माता. हेमवर्ण. वराह के० सुवरनुं लंछन. साठ धनुष्यनुं देहमान ६० लाख वर्षनुं आउखुं. १५ लाख वर्ष कुंवरपणे रह्या. त्रीस लाख वर्षनुं राज्य पाल्युं. १५. लाख वरसनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि बे महीने केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक श्राविकारूप चतुर्विध संघ-तिर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपीने ६०० साधु संघाते स्वामी निर्वाण मोक्ष पोहोंच्या. १३.

हवे तेरमां विमलनाथतिर्थंकर मोक्ष पोहोंच्या पछी९सागरनेआंतरे चौदमां अनंतनाथ तिर्थंकर थया. अयोध्या नगरीने विषे संघेसन राजा पिता. सुजसा देवी राणी माता. हेम वर्ण. सकरानुं लंछन अने पचास धनुष्यनुं देहमान. ३० लाख वरसनुं आयुष तेमां साडासात लाख वर्ष कुंवरपणे रह्या. पन्नर लाख वरसनुं राज पाल्युं. साडासात लाख वरसनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछि ३ महीने केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्राविकारूप चतुर्विध संघ तिर्थ थापी द्वादसांगी गणनी पेटी आपीने सातसें साधु संगाते स्वामी मोक्ष पधार्या. १४.

हवे चौदमा अंनतनाथ तिर्थंकर निर्वाण मोक्ष पोहोंच्या पछी चार सागरने आंतरे पंदरमा धर्मनाथ तिर्थंकर थया. रत्नपुरी

नगरीने वीषे भानु राजा पीता. सुव्रता देवी राणी माता. हेमवर्णे. वज्रनु लंछन. पिस्तालिस धनुष्यनुं देहमान. दस लाख वर्षनुं आउखुं. तेमां अढी लाख वर्ष कुंवरपणे रह्या. साडा छ लाख वरसनुं राज पाल्युं. एक लाख वर्षनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछो बे महिने केवलज्ञान पाम्यां. साधु, साधवी, श्रावक, श्रावीकारूप चतुर्विध संघ-तीर्थ थापीने द्वादसांगी गणीनि पेटी आपिने आठसें साधु संघाते स्वामी नीर्वाण–मोक्षने विषे पधार्या. १५.

हवे पन्नरमां धर्मनाथ तीर्थंकर निर्वाण–मोक्ष पोहोंच्या पछी त्रण सागर तेमां पोणा पल्यने उणे आंतरे सोलमा श्री शांतिनाथ तिर्थंकर थया. हस्तीनापूर नगरने विषे विश्वसेन राजा पीता. अचिरा देवी राणी माता. हेमवर्णे. मृगनुं लंछन. चालीस धनुष्यनुं देहमान. एक लाख वर्षनुं आउखुं. तेमां पा लाख वर्ष कुंवरपणे रह्या. पा लाख वरसनुं राज पाल्युं. पा लाख वर्षनि चक्रव्रतीनि पदवी भोगवी. पा लाख वरसनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी एक महीने केवलज्ञान उपज्युं. साधु,साधवी,श्रावक,श्रावीकारूप चतुर्विध संघतिर्थ थापीने द्वादसांगी गणानी पेटी आपीने नवसें साधु संघाते स्वामी नीर्वाण–मोक्षने विषे पधार्या. १६.

हवे सोलमां शांतिनाथ तीर्थंकर निर्वाण–मोक्ष पोहोंच्या पछी अर्द्ध पल्यने आंतरे सतरमां श्री कुंथुनाथ तिर्थंकर थया. गजपुर नगरीने वीषे सुर राजा पीता. सुरादेवी राणी माता. हेमवर्णे. बाकडानुं लंछन. पांत्रीस धनुषनुं देहमान. पंचाणुं हजार वरसनुं आउखुं. तेमां पोणी चोवीस हजार वरस कुंवरपणे रह्या. पोणी चोवीस हजार वरसनुं राज पाल्युं. पोणी चोवीस हजार वरस चक्रवत्तिनी पदवी भोगवी. पोणी चोवीस हजार वरसनी प्रवर्ज्या पाली.

प्रवर्ज्या लीधा पछी सोल महीने केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्राविकारूप चतुर्विध संघतीर्थ थापिने द्वादसांगी गणीनी पेटी आपिने एक हजार साधु संघाते स्वामी निर्वाण–मोक्ष पधार्या. १७.

हवे सतरमा कुंथुनाथ तीर्थंकर निर्वाण–मोक्ष पोहोंच्या पछी पा पल्यमांथी एक क्रोडने १ हजार वर्षने उणे आंतरे १८ मां श्री अरनाथ तिर्थंकर थया. नागपुर नगरीने विषे सुदर्सन राजा पिता. देवकी देवी राणी माता, हेमवर्णे, नंदाव्रत साथीयानुं लंछन. त्रीस धनुषनुं देहमान. चोरासी हजार वरसनुं आउखुं. तेमां २१ हजार वरस कुंवरपणे रह्या. २१ हजार वर्षनुं राज पाल्युं, २१ हजार वर्षनी चक्रवृत्तीनी पदवी पाली. २१ हजार वर्षनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी त्रण वर्षे केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्राविकारूप चतुर्विध संघतीर्थ थापीने द्वादसांगी गणीनी पेटी आपिने एक हजार साधु संघाते स्वामी नीर्वाण-मोक्ष पधार्या. १८.

हवे अढारमा अरनाथ तीर्थंकर निर्वाण–मोक्ष पोहोंच्या पछी एक क्रोड ने एक हजार वरसने आंतरे १९ मां मल्लीनाथ तीर्थंकर थया. मिथिला नगरीने विषे कुंभ राजा पिता. प्रभावति राणी माता. निल वर्णे. कलसानुं लंछन. पचविस धनुषनुं देहमान. पंचावन हजार वर्षनुं आउखुं. तेमां सो वरस तो कुंवरी पणे रह्या. बाकी प्रवर्ज्या पालि. प्रवर्ज्या लीधा पछी त्रीजे पोहोरे केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्राविकारूप चतुर्विध संघतीर्थ स्थापिने द्वादसांगी गणीनी पेटी आपिने पांचसें साधु अने पांचसें साधवी संघाते स्वामी निर्वाण–मोक्ष पधार्या. १९.

हवे ओगणीसमां मल्लिनाथ तीर्थंकर मोक्ष पोहोंच्या पछी चोपन लाख वरसने आंतरे २० मां मुनिसुव्रत तीर्थंकर थया. राजग्रही

नगरीने विषे सुमित्र राजा पीता. पद्मावति राणी माता. साम वर्ण. काचबानुं लंछन. विस धनुषनुं देहमान त्रीस हजार वर्षनुं आउखुं तेमां साडा सात हजार वर्ष कुंवरपणे रह्या. पंदर हजार वर्षनुं राज पाल्युं. साडासात हजार वर्षनी प्रवर्ज्या पालि. प्रवर्ज्या लीधा पछी इग्यार महीने केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्राविका-रूप चतुर्विध संघतीर्थ थापीने द्वाद्सांगी गणीनी पेटी आपिने एक हजार साधु संघाते स्वामी नीर्वाण–मोक्ष पधार्या. २०.

हवे वीसमा मुनिसुव्रत तीर्थंकर मोक्ष पहोंच्या पछी छ लाख वर्षने आंतरे २१ मा नमिनाथ तीर्थंकर थया. मथुरा नगरीने विषे विजय राजा पिता. विपुलादेवी राणा माता. हेम वर्ण. निलोत्पल कमलनुं लंछन. पनर धनुषनुं देहमान. दश हजार वर्षनुं आउखुं. अढि हजार वर्ष कुंवरपणे रह्या. साडा छ हजार वर्षनुं राज पाल्युं. एक हजार वर्षनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी नव महीने केवलज्ञान उपज्युं. साधु, साधवी० एक हजार साधु संघाते स्वामी निर्वाण–मोक्षने विषे पधार्या. २१.

हवे एकवीसमां नमीनाथ तीर्थंकर मोक्ष पोहोंच्या पछी पांच लाख वर्षने आंतरे २२ मां नेमनाथ तीर्थंकर थया. सोरीपुर नगरीने विषे समुद्र विजय राजा पीता. सीवा देवी राणी माता. सामवर्ण. शंखनु लंछन. दस धनुषनुं देहमान. एक हजार वर्षनु आउखुं. तेमां त्रणसें वर्ष कुंवरपणे रह्या. सातसें वर्षनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी चोपन दहाडे केवलज्ञान उपज्युं. साधु० पांचसें ने छत्रीस साधु संघाते स्वामी निर्वाण–मोक्ष पधार्या. २२.

हवे बावीसमां नेमनाथ तीर्थंकर मोक्ष पोहोंच्या पछी पोंणा चोरासी हजार वर्षने आंतरे २३ मा पार्श्वनाथ तीर्थंकर थया. वणा-

रसी नगरीने विषे अश्वसेन राजा पिता. वामा देवी राणी माता. निल वर्णे. सर्पनुं लंछन. नव हाथनुं देहमान. सो वर्षनुं आउखुं. तेमां ३० वर्ष कुंवरपणे रह्या. सितेर वर्षनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी चोरासी दहाडे केवलज्ञान उपज्युं. साधु० एक हजार साधु संघाते स्वामी निर्वाण–मोक्ष पधार्या. २३.

हवे त्रेवीसमां श्रीपार्श्वनाथ तीर्थंकर मोक्ष पोंहच्या पछी अढिसें वर्षने आंतरे चोवीसमा श्रीमहावीर तीर्थंकर थया. क्षत्रीकुंडग्राम नगरने विषे सिद्धार्थ राजा पिता. त्रिसलादेवी राणी माता. हेम वर्णे. सिंहनुं लंछन. सात हाथनुं देहमान. बोहोतेर वर्षनुं आउखुं. तेमा ३० वर्ष कुंवरपणे रह्या. बेतालिस वर्षनी प्रवर्ज्या पाली. प्रवर्ज्या लीधा पछी साडाबार वर्ष ने पन्नर दहाडे केवलज्ञान उपज्युं. साधु, साधवी, श्रावक, श्राविका रूप चतुर्विध संघतीर्थ थापिने द्वादसांगी गणोनी पेटी आपीने कारतक वद अमावास्यानी रात्रे (लौकिक पक्षे आसो वद अमावास्यानी रात्रे) पावापुरी नगरीने विषे चोथा आराना त्रण वर्ष ने साडाआठ महीना बाकी रह्या त्यारे स्वामीनाथ एकाकिपणे बे दीवसनुं अणसण करी निर्वाण–मोक्षने विषे पहोंच्या. २४.

पहेला तीर्थंकर श्री रूषभदेव स्वामी अने चोविसमां तीर्थंकर श्री महावीरस्वामी ए बेहू वचे एक क्रोडाक्रोड सागरोपम झाझेरामां बेंतालिस हजार वर्ष उणानुं आंतरुं जाणवुं. इति श्री चोविस तीर्थंकरनां आंतरा संपूर्ण.

# अथ श्री कर्मप्रकृतिना बोल.

पहेलुं ज्ञानावरणीय कर्म ते आंखना पाटा समान. बिजुं दर्शनावरणीय कर्म ते राजाना पोळिया समान. त्रिजुं वेदनीय कर्म ते मध तथा अफिणे खरडया खडग समान. चोथुं मोहनीय कर्म ते मदिरापान समान. पांचमुं आयुष कर्म ते हेड समान. छठुं नाम कर्म ते चितारा समान. सातमुं गोत्र कर्म ते कुंभारना चाकडा समान. आठमुं अंतराय कर्म ते राजाना भंडारी समान. ज्ञानावरणीय कर्मे अनंतज्ञान गुण ढांक्यो छे. दर्शनावरणीय कर्मे अनंत दर्शन गुण ढांक्यो छे. वेदनीय कर्मे अनंत अव्याबाध आत्मिक सुख रोक्युं छे. मोहनीय कर्मे क्षायक समकित गुण रोक्यो छे. आयुष्य कर्मे अक्षय स्थिति गुण रोक्यो छे. नाम कर्मे अमूर्ति गुण रोक्यो छे. गोत्र कर्मे अगुरु लघु गुण रोक्यो छे. अंतराय कर्मे अनंत आत्मिकशक्ति गुण रोक्यो छे. ज्ञानावरणीय कर्म ते ६ प्रकारे बांधे. पहेले बोले नाणपडिणीयाए ते ज्ञानीना वांका बोले. बिजे बोले नाणनिन्हवणयाए ते ज्ञानिनो उपकारओलवे. त्रिजे बोले नाणआसायणाए ते ज्ञानिनि अशातना करे. चोथे बोले नाणअंतराएण ते ज्ञाननि अंतराय पडावे. पांचमे बोले नाणपऊसेणं ते ज्ञानि उपर द्वेष करे. छठे बोले नाणविसंवायणा जोगेणं ते ज्ञानि साथे खोटा झगडा विखवाद करे. ए छ प्रकारे बांधे ते पांच तथा १० प्रकारे भोगवे. ते पांच क्रिया ते कहे छे. मति ज्ञानावरणीय, श्रुत ज्ञानावरणीय, अवधि ज्ञाना वरणीय, मनपर्यव ज्ञानावरणीय, केवलज्ञानावरणीय, ए ५ ज्ञान प्रगट थावादेमहि तथा १० प्रकारे भोगवे ते कहे छे. सोया

वरणे, सोय विन्नाणा वरणे, नेत्ता वरणे, नेत्त विन्नाणा वरणे, घाणा वरणे, घाण विन्नाणा वरणे, रसा वरणे, रस विन्नाणा वरणे, फासा वरणे, फास विन्नाणा वरणे ए १० प्रकारे भोगवे. हवे ज्ञानावरणीय कर्मनि स्थिति जघ० अंतर्मुहूर्त्तनि उत्० त्रिश क्रोडाक्रोडि सागरोपमनी अने अबाधा काल करे तो त्रण हजार वरसनि स्थिति.

हवे दर्शना वरणीय कर्म ६ प्रकारे बांधे ते कहे छे. पहेले बोले दंशण पडिणीयाए, दंशण निन्हवणयाए, दंशण आसायणाए, दंशण अंतराएणं, दंशणपउसेणं, दंशण विसंवायणाजोगेणं, ए ६ प्रकारे बांधे. ते ९ प्रकारे भोगवे ते कहे छे. चक्षु दर्शना वरणीय, अचक्षु दर्शनावरणीय, अवधि दर्शनावरणीय, केवलदर्शनावरणीय, निद्रा, निद्रानिद्रा, प्रचला, प्रचलाप्रचला, थिणद्धिनिद्रा ए ९ प्रकारे भोगवे. दर्शनावरणीय कर्मनि स्थिति जघ० अंतर्मुहूर्त्तनि उत्० ३० क्रोडाक्रोडि सागरोपमनि अने अबाधा काल करे तो स्थिति त्रण हजार वरसनि. २.

त्रिजुं वेदनीय कर्म तेहना २ भेद. सात्तावेदनीय, असाता वेदनीय. तेहमां सात्तावेदनीय दश प्रकारे बांधे ते कहे छे. पाणाणु कंपयाए, भुयाणु कंपयाए, जीवाणु कंपयाए, सत्ताणु कंपयाए, बहुणं पाणाणं भुयाणं जीवाणं सत्ताणं अदुखणयाए, असोयणयाए, अजुरणयाए, अतिप्पणयाए, अपिटणयाए, अपरियावणयाए ए १० प्रकारे बांधे ते ८ प्रकारे भोगवे. मणुणा सद्दा, मणुणा रुवा, मणुणा गंधा, मणुणा रसा, मणुणा फासा, मणसुहया, वयसुहया, कायसुहया ए ८ प्रकारे भोगवे. हवे एहनी स्थिति जघ० २ समयनि. उत्० १५ क्रोडाक्रोड सागरोपमनि. अबाधा काल करे तो जघ० अंतर्मुहूर्त्तनि उत्० दोढ हजार वरसनी स्थिति. हवे

असाता वेदनीय १२ प्रकारे बांधे ते कहे छे. परदुखणयाए, परसोयणयाए, परजुरणयाए, परतिप्पणयाए, परपिटणयाए, पर परियावणयाए, बहुणं, पाणाणं, भुयाणं, जीवाणं, सताणं, दुखणयाए, सोयणयाए, झुरणयाए, तिप्पणयाए, पिटणयाए, परियावणयाए ए १२ प्रकारे बांधे ते ८ प्रकारे भोगवे. अमणुणा सद्दा, अमणुणा रुवा, अमणुणा गंधा, अमणुणा रसा, अमणुणा फासा, मणदुहया, वयदुहया, कायदुहया ए ८ प्रकारे भोगवे. हवे एहनिस्थिति जघ० १ सागरना ७ भागकरिये एहवा ३ भाग एकपल्यने असंख्यातमेभागे उणानि. उत्० त्रिस क्रोडाक्रोडि सागरोपमनि एहनो अबाधा काल ३ हजार वरसनो ३.

हवे चोथुं मोहनीय कर्म ते छ प्रकारे बांधे. तिव्वकोहे, तिव्वमाणे, तिव्वमायाए, तिव्वलोहे, तीव्वदंसण मोहणिज्जे तिव्वचरित्त मोहणिज्जे ए ६ प्रकारे बांधे ते २८ प्रकारे भोगवे. अनंतानुबंधि क्रोध ते पर्वतनि राइ समान, अनंतानुबंधि मान ते पथरना स्तंभ समान, अनंतानुबंधि माया ते वांसनी गांठ समान, अनंताबंधि लोभ ते किरमजना रंग समान. ए ४ गति करे नरकनि, स्थिति करे जावजीवनि, घात करे समकितनि. ४ अप्रत्याख्यानी क्रोध ते तलावना खोट समान, अप्रत्याख्यानी मान ते हाडकाना स्तंभ समान, अप्रत्याख्यानी माया ते घेटाना शृंग समान, अप्रत्याख्यानी लोभ ते नगरनि खालना कादव समान ए चारे गति करे तिर्यंचनी, स्थिति करे वरस एकनि, घात करे देश व्रतीनी. ८ पचखाणावरणीय क्रोध ते वेलुनि लिटि समान, पचखाणावरणीय मान ते लाकडाना स्तंभ समान, पचखाणावरणीय माया ते गोमुत्रिका समान, पचखाणा वरणीय लोभ ते गाडाना खंजन समान, ए चारे गति करे मनुष्यनि, स्थिति करे चार मासनि, घात करे सर्व व्रतीनि. १२ संज्वलनो

क्रोध ते पाणिनि लिटि समान, संज्वलनुं मानते नेत्रना स्तंभ समान, संज्वलनी माया ते वांसनी छोइ समान, संज्वलनो लोभ ते पतंग तथा हलिद्रना रंग समान, ए ४ गति करे देवतानि, स्थिति करे पनर दिननि, घात करे केवल ज्ञाननि. ए १६ कषाय. हवे ९ नो कषाय कहे छे. हाश्य १७, रति १८, अरति १९. भय २०, शोग २१, दुगंछा २२, स्त्री वेद २३, पुरुष वेद २४. नपुंसक वेद २५ ए चारित्र मोहनीयनी २५ प्रकृति. हवे दंसण मोहनियनि ३ प्रकृति कहे छे. समकित मोहनीय, मिथ्यात्व मोहनीय, समामिथ्यात्व मोहनीय, ए ३ दर्शन मोहनीयनि एवं सर्व मलि २८ प्रकृति. हवे एहनि स्थिति जघ० अंतर्मुहूर्त्तनी उत्० , ७० क्रोडाक्रोडि सागरोपमनी. अबाधा काल करे तो जघ० अंतर्मुहूर्तनी उत्० ७ हजार वरसनि. ४.

हवे पांचमुं आयुष्य कर्म सोल प्रकारे बांधे तेहमांह नारकिनुं आयुष्य. ४ प्रकारे बांधे ते. महारंभयाए, महापरिग्गहियाए, कुणिमाहारेणं, पंचिंदियवहेणं. तिर्यंचनुं आयुष्य ४ प्रकारे बांधे. माइलयाए, नियडिलयाए, अलियवयणेणं, कुडतोले कुडमाणे, मनुष्यनुं आयुष्य ४ प्रकारे बांधे. पगइभदयाए, पगइविणीयाए, साणुकोसयाए, अमछरियाए. देवतानुं आयुष्य ४ प्रकारे बांधे, सराग संजमेणं, संजमासंजमेणं, बालतवोकमेणं, अकाम निजराए ए १६ प्रकारे बांधे ते. ४ प्रकारे भोगवे नारकि देवतानुं आयुष्य जघ० १० हजार वर्षने अंतर्मुहूर्त अधिकनुं उत्० ३३ सागर ने पूर्व क्रोडिनो त्रीजो भाग अधिक. मनुष्य तिर्यंच, ए २ नुं आयुष्य जघ० अंतर्मुहूर्तनुं उत्० ३ पल्यने पूर्व क्रोडिनो. त्रिजो भाग अधिक. ५.

हवे छठुं नामकर्म तेहना २ भेद. शुभ नाम, अशुभ नाम. तेमां शुभ नाम कर्म ४ प्रकारे बांधे. कायुजुयाए, भासुजुयाए,

भावुजुयाए, अविसंवायणाजोगेणं ते १४ प्रकारे भोगवे. इठासद्दा, इठारुवा, इठागंधा, इठारसा, इठाफासा, इठागइ, इठाठीइ, इठालावणे, इठाजसोकित्ती, इठाउठाण, कम्म, बल, वीरिय, पुरिसाकार, परक्रमे, इठासरया, कंतसरया, पियसरया, मणुणासरया, ए चौदप्रकारेभोगवे. अशुभनामकर्म चार प्रकारे बांधे. कायअणुजुयाए, भाषाणुजुयाए, भावाणुजुयाए, विसंवायणाजोगेणं ते चौदप्रकारेभोगवे अणिठासद्दा, अणिठारुवा, अणिठागंधा, अणिठारसा, अणिठाफासा, अणिठागइ, अणिठाठीइ, अणिठेलावणे, अणिठाजसोकित्ती, अणिठाउठाण, कम्म, बल, वीरिय, पुरिसाकार, परक्रमे, हिणसरया, दिनसरया, अणिठसरया, अकंतसरया, ए चौद प्रकारे भोगवे.

हवे नाम कर्मनी ९३ प्रकृति कहेछे. नरकगति, तिर्यंचगति, मनुष्यगति, देवगति, एकेंद्रियजाति, बेइंद्रियजाति, तेइंद्रियजाति, चउरिंद्रियजाति, पंचेद्रियजाति, उदारिकशरिर, वैक्रेयशरिर, आहारकशरिर, तेजसशरिर, कार्मणशरिर, उदारिकअंगोपांग, वैक्रेयअंगोपांग, आहारक अंगोपांग, उदारिकबंधन, वैक्रेयबंधन, आहारकबंधन, तेजसबंधन, कार्मणबंधन, उदारिकसंघातन, वैक्रेयसंघातन, आहारक संघातन, तेजससंघातन, कार्मणसंघातन. वज्रऋषभनाराचसंघयण, ऋषभनाराचसंघयण, नाराचसंघयण, अर्द्धनाराचसंघयण, किलकुसंघयण, छेवट्ठुसंघयण, समचौरशसंठाण, निगोहपरिमंडलसंठाण, सादिसंठाण, वामनसंठाण, कुब्जसंठाण, हुंडसंठाण, कालोवर्ण, निलोवर्ण, रातोवर्ण, पिलोवर्ण, धोलोवर्ण, सुरभिगंध, दुरभिगंध, तिखोरस, कडवोरस, कसायलोरस, खाटोरस, मिठोरस, खरखरोस्पर्श, सुंहालोस्पर्श, भारेस्पर्श, हलवोस्पर्श, टाढोस्पर्श, उन्होस्पर्श, चोपडयोस्पर्श, लुखोस्पर्श, नरकानुपूर्वी, तिर्यंचानुपूर्वी, मनुष्यानुपूर्वी, देवतानुपूर्वी, शुभविहायगति, अशुभविहायगति, ए

६५ पिंड प्रकृतिथइ. पराघातनाम, उस्वासनाम, अगुरुलघुनाम, आतापनाम, उद्योतनाम, उपघातनाम, तीर्थंकरनाम, निर्माणनाम, त्रशनाम, बादरनाम, प्रत्येकनाम, पर्याप्तनाम, स्थिरनाम, शुभनाम, सौभाग्यनाम, सुस्वरनाम, आदेयनाम, जशोकीर्तिनाम, थावरनाम, सुक्ष्मनाम, साधारण नाम, अप्रजाप्तनाम, अस्थिरनाम, अशुभनाम, दौर्भाग्यनाम, दुःस्वरनाम, अनादेयनाम, अजशोकीर्तिनाम, ए ९३ प्रकृति थइ. तेह्मां १० बंधननी अधिक भेलवतां १०३ प्रकृति पण ग्रंथवाळा कहे छे अथवा नामकर्मनो ४२ पण कही छे, ते गति, जाति, शरीर, अंगोपांग, बंधन, संघातन, वर्ण, गंध, रस, स्पर्स, संघयण, संठाण, अनुपूर्वी, विहायगति, ए १४ अने प्रत्येक प्रकृति ८. त्रसनो दशको स्थावरनो दशको एवं ४२ थइ. तथाविस्तारे चौदनी ६५ तथा प्रत्येक प्रकृति ८. त्रशनोदशको, स्थावरनो दशको, एवं विस्तारे ९३ प्रकृति थइ. नाम कर्मनि स्थिति जघन्य आठ मुहूर्त्तनी. उत्० विश क्रोडाक्रोडि सागरोपमनी. अबाधा काल करे तो २ हजार वरसनो ६.

हवे गोत्र कर्मना २ भेद. उंच गोत्र, निचगोत्र. तेह्मां उंच गोत्र ८ प्रकारे बांधे. जाइअमदेणं, कुलअमदेणं, बलअमदेणं, रुवअमदेणं, तवअमदेणं, सूयअमदेणं, लाभअमदेणं, इस्सरियअमदेणं ए आठ मद अणकरवे करि उंचगोत्र बांधे. ते ८ प्रकारे भोगवे. जाइविसिठिया, कुलविसिठिया, बलविसिठिया, रुवविसिठिया, तवविसिठिया, सूयविसिठिया, लाभविसिठिया, इस्सरियविसिठिया, ए ८ प्रकारे भोगवे. १. हवे नीच गोत्र ८ प्रकारे बांधे ते. जाइ मएणं, कुल मएणं, बल मएणं, रुप मएणं, तप मएणं, सूय मएणं, लाभ मएणं, इस्सरिय मएणं ए८मदकरवेकरि नीचगोत्र बांधे. ते ८ प्रकारे भोगवे. जाइविहिणया, कुलविहिणया, बलविहिणया, रुप-

विहिणया, तपविहिणया, सूयविहिणया, लाभविहिणया, इस्सरियविहिणया ए ८. गोत्र कर्मनी स्थिति जघ० ८ मुहूर्त्तनी. उत्०वीश क्रोडाक्रोडिसागरोपमनी. अबाधाकालकरेतो बेहजार वर्षनो. ७.

हवे ८ मुं अंतरायकर्म पांच प्रकारे बांधे. दानांतराय, लाभांतराय, भोगांतराय, उवभोगांतराय, वीर्यांतराय, ए ५ अंतराय पाडवे करि अंतराय कर्म बांधे, ते पांच प्रकारे भोगवे. दानांतराय, लाभांतराय, भोगांतराय, उवभोगांतराय, वीर्यांतराय, ए ५ पामे नहि. ए अंतराय कर्मनी स्थिति जघन्य अंतर्मुहूर्त्तनी. उत्० त्रिश क्रोडाक्रडि सागरोपमनी. अबाधा काल करे तो ३ हजार वर्षनो ८.

बांधवानि ८५ प्रकृति. ज्ञानावरणीयनी ६, दर्शनावरणीयनी ६, वेदनीयनि २२, मोहनीयनी ६, आयुषनी १६, नामनी ८, गोत्रनी १६, अंतरायनी ५, एवं सर्व मलि ८५ प्रकृति बांध्यानि जाणवी. हवे भोगव्यानि ९३ प्रकृति ते. ज्ञानावरणीयनि १०, दर्शनावरणीयनि ९, वेदनीयनि १६, मोहनीयनि ५, ते. सम्मत्तवेयणिज्जे, मिछत्तवेयणिज्जे, सम्मामिछत्त वेयणिज्जे, कसायवेयणिज्जे, नोकसायवेयणिज्जे ए ५. आयुषनि ४, नामनी २८, गोत्रनि १६, अंतरायनि ५ ए सर्व मली ९३ प्रकृति भोगव्यानि जाणवी. अथवा १४८ प्रकारे पण भोगवे ते ज्ञानावरणीयनि ५, दर्शना वरणीयनि ९, वेदनीयनि २, मोहनीयनि २८, आयुषनि ४, नाम कर्मनि ९३, गोत्र कर्मनि २, अंतरायनि ५ एवं सर्व मलिने १४८ प्रकृति जाणवि. तथा बंधन नामकर्मनि १० प्रकृति ग्रंथांतरे कहि छे ते भेलवतां १५८ प्रकृति पण थाय. अथवा मूल प्रकृति ८, तेहनि उत्तर प्रकृति ३१, ज्ञानावरणीयनी ५, दर्शनावरणायनी ९, वेदनीयनी २, मोहनीयनी २, आयुषनी ४, नामनी २, गोत्रनी २, अंतरायनी ५ एवं ३१ प्रकृति थाय तेहनो विस्तार १४८ कर्म प्रकृति जाणवि. ए बोल सिद्धांत प्रमाणे छे. इति कर्म प्रकृतिना बोल समाप्तं.

# अथ श्री धर्मध्यान.

उववाई सूत्रपाठ–सेकिंतं धम्मेझाणे १.चउविहे,चउपडयारेपन्नते तंज्जहा. आणाविज्जए १ अवायविजये २ विवागविजये ३ संठाणविजए ४ धम्मस्सणंझाणस्स चत्तारिलखणा पन्नत्ता तंजहा, आणारुइ १ निसग्गरुइ२सूतरुइ३उवएसरुइ४धम्मस्सणंझाणस्सचत्तारिआलंबणापन्नता तंज्जहा,वायणा १ पुछणा २ परियट्टणा ३ धम्मकहा ४ धम्मस्सणंझाणस्स चत्तारिअणुप्पेहा पन्नता तंजहा.एगत्ताणुप्पेहा १ अणित्ताणुप्पेहा २ असरणाणुप्पेहा ३ संसाराणुप्पेहा ४ ए सूत्र पाठ कह्यो. हवे सूत्रनो अर्थ कहे छे. धर्म ध्यानना चार भेद. ते मांहि पहेला भेदनो अर्थ कहे छे. आणा विज्जए कहेता वीतरागनी आज्ञानो विचार चींतववो ते वीतरागनी आज्ञा जे समकित सहित बार व्रत, श्रावकनी इग्यार पडिमा,पंच महाव्रत, भिखुनि बार पडिमा शुभध्यान शुभयोग, ज्ञान, दर्सण, चारित्र,तप,छकायनी रक्षा ए वीतरागनी आज्ञा आराधवी, तिहां समयमात्रनोप्रमाद न करवो. चतुर्विध तीर्थनां गुणकीर्तनकरवां. ए धर्मध्याननो पहेलो भेद कह्यो.

हवे धर्मध्याननोबीजोभेदकहेछे.अवायविजए कहेतांसंसारमांहि जीवजेहथकीदुःखपामेछे तेहनोविचारचींतववो.तेहनो ए विचार,मिथ्यात्व,अव्रत,प्रमाद,कषाय,असुभयोग तथा अढारपापस्थानक, छकायनी हिंसा,एह दुःखना कारण जाणी एहवो आश्रवमार्ग छांडिने संवर मार्ग आदरवो.जेहथी जीव दुःख न पामे.ए धर्मध्याननो बीजो भेद कह्यो.

हवे धर्मध्याननो त्रीजो भेद कहे छे. विवागविजए कहेतां जीव जे सुख दुःख भोगवे छे. ते श्याथकी तेहनोविचारचिंतववो.

तेहनो एह विचार. जीवे जेवेरसेकरिपूर्वे जेवा शुभाशुभ ज्ञानावरणीयादिक कर्मउपार्ज्यां छे. ते शुभाशुभकर्मना उदयथी जीव तेहवां सुख दुःख अनुभवे छे. ते अनुभवताथका कोइ उपर राग द्वेष न आणीये. समताभाव आणीए. मन, वचन, कायाना शुभयोग सहित श्री जैनधर्मने विषे प्रवर्तिये. जेम निराबाध परम सुख पामीए. ए धर्मध्याननो त्रीजोभेद कह्यो.

हवे धर्मध्याननो चोथो भेद कहे छे संठाणविजए कहेतां त्रणलोकना आकारनुं स्वरुप चिंतवीए. तेनुं ए स्वरुप, आ लोक सुपइठकने आकारे छे. जीव अजीवे संपूर्ण भर्यो छे. असंख्याता जोजननी क्रोडाक्रोडि प्रमाणे त्रीछो लोक छे. तिहां असंख्याताद्वीपसमुद्र छे. तथा असंख्याता वाणव्यंतरना नगर छे. तथा असंख्याता ज्योतिषीना विमान छे, तथा असंख्याती ज्योतिषीनी राजधानी छे. तीहां अढी द्वीप मांहि तीर्थंकर जघन्य २० उत्कृष्टा एकसो सितेर होय. तथा केवली जघन्य बे क्रोडि, उत्कृष्टा नव क्रोडि तथा साधु जघन्य बे हजार क्रोडि, उत्कृष्टा नव हजार क्राडि, तेहने वंदामि नमंसामि, सक्कारेमि समाणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पजुवास्सामि. तथा त्रिछा लोकमांहि असंख्याता श्रावक श्राविका छे. तेहना गुणग्राम करिये. ते त्रिछा लोकथकी असंख्यात गुणो अधिको उर्द्धलोक छे. तिहां बार देवलोक नवग्रैवेयक पांचअनुत्तरविमान सर्व थइने चोरासी लाख सत्ताणुं हजार त्रेवीस विमान छे. तथा ते उपर सिद्धसिला छे. त्यां सिद्ध भगवंत बिराजे छे. तेहने वंदामि जाव पजुवासामि ते उर्द्ध लोकथी नीचो अधोलोक छे. तिहां चोरासी लाख नरकावासा छे. सातक्रोडि बहोंतेरलाख भवनपतिनाभवन छे. एहवा त्रण लोकनां सर्व स्थानक समकित राहत करणी विना सर्वजीवे अनंती वार जन्म

मरणे करी फरसी मुक्या छे. एम जाणी समकित सहित श्रुत अने चारित्र धर्मनी आराधना करीये. जेम अजरामर पद पामीये. ए धर्म ध्याननो चोथो भेद कह्यो.

हवे धर्मध्यानना चार लक्षण, तेमां धर्म ध्याननुं पहेलुं लक्षण कहे छे. आणारुइ कहेतां वीतरागनी आज्ञा अंगीकार करवानी रुचि उपजे तेहने आणारुइ कहिये ए धर्म ध्याननुं पहेलुं लक्षण कह्युं.

हवे धर्म ध्याननुं बीजुं लक्षण कहे छे. निसर्गरुइ कहेतां जीवने स्वभावेज तथा जाति स्मरणादिक ज्ञानेकरी श्रुतसहित चारित्र धर्म करवानी रुचिउपजे. तेहने निसर्गरुचि कहिये ए धर्म ध्याननुं बीजुं लक्षण कह्युं.

हवे धर्म ध्याननुं त्रीजुं लक्षण कहे छे. सूत्तरुइ कहेतांसूत्रना बे भेद. अंग पविठ अने अंगबाहिर. अंगपविठ, ते आचारांगादि १२ अंग तेमां ११ अंग कालिक, अने बारमुं अंग दृष्टिवाद ते उत्कालिक. अंग बाहिरनां २ भेद आवश्यक, अने आवश्यक व्यतिरिक्त. आवश्यक ते सामायकादिक छ अध्ययन ते उत् कालिक, तथा उत्तराध्ययनादिक कालिकसुत्र, तथा उववाइ प्रमुख उत्कालिक सुत्र सांभलवा तथा भणवानी रुचि उपजे तेहने सुत्र रुचि कहिए. ए धर्म ध्याननुं त्रिजुं लक्षण कह्युं.

हवे धर्म ध्याननुं चोथुं लक्षण उवएसरुइ कहे छे. उवएसरुई कहेतां अज्ञाने करी उपाज्यां कर्म ते ज्ञाने करी खपावीए, ज्ञाने करी नवा कर्म न बांधीए. मिथ्याते करी उपाज्यां कर्म ते समकिते करी खपावीए, समकिते करी नवा कर्म न बांधीए. अव्रते करी उपज्यां कर्म ते व्रते करी खपावीए, व्रते करी नवा कर्म न बांधीए. प्रमादे

करी उपार्ज्यां कर्म तेअप्रमादे करी खपावीए,अप्रमादे करी नवा कर्म न बांधीए. कषाये करी उपार्ज्यां कर्म ते कषायने अणकरवे करीने खपावीए. कषायने अणकरवे करीने नवा कर्म न बांधीए. अशुभ योगे करी उपार्ज्यां कर्म ते सुभ योगे करी खपावीए, शुभ योगे करी नवा कर्म न बांधीए. पांच इंद्रीयना स्वादरुप आश्रवे करी उपार्ज्यां कर्म ते तपरूप संवरे करी खपावीए, तपरुप संवरे करी नवा कर्म न बांधीए. माटे अज्ञानादिक आश्रव मार्ग छांडीने ज्ञानादिक संवर माग आदरवो एहवो तीर्थंकरनो उपदेश सांभलवानी रुचि उपजे. तेहने उपदेश रुचि कहीए. तथा उगाढ रुचि पण कहीए. ए धर्म ध्याननुं चोथुं लक्षण कह्युं.

हवे धर्मध्यानना चार आलंबनकहे छे.वायणा,पूछणा,परियट्टणा, धर्म कथा. हवे धर्म ध्याननुं पहेलुं आलंबन वायणा कहे छे. वायणा ते केहने कहिए ? विनय सहित ज्ञान तथा निर्जराने अर्थे सूत्रना, अर्थना जाण गुर्वादिक समीपे सूत्र तथा अर्थनी वांचणी लेवी. तेहने वायणा कहीए ए धर्मध्याननुं पहेलुं आलंबन कह्यु.

हवे धर्मध्याननुं बीजुं आलंबन पुछणा कहे छे. पुछणा ते केहनें कहिए? अपूर्वज्ञान पामवाने अर्थे तथा जैनमत दीपाववाने अर्थे तथा संदेह निवारवाने अर्थे तथा परनी परीक्षा लेवाने अर्थे यथा योग्य विनय सहित गुर्वादिकने प्रश्न पूछीए तेहने पुछणा कहिए. ए धर्म ध्याननुं बीजुं आलंबन कह्युं.

हवे धर्मध्याननुं त्रीजुं आलंबन परियट्टणा कहे छे. परियट्टणा ते कहने कहिए ? पूर्वे जे जिनभाषित सूत्र अर्थ भण्या छे. ते अस्खलित करवाने अर्थे तथा निर्जराने अर्थ शुद्ध उपयोग सहित

शुद्ध सूत्र अर्थनी वारंवार सझाय करे तेहने परियट्टणा कहिये ए धर्मध्याननुं त्रीजुं आलंबन कह्युं.

हवे धर्मध्याननुं चोथुं आलंबन धर्मकथा कहे छे. धर्म कथा ते केहने कहिए ? वीतरागे जे भाव जेहवा परुप्या छे. ते भाव पोते ग्रहीने विशेषे निश्चय करीने शंका कंखा वितिगिछा रहितपणे पोतानी निर्जराने अर्थे परना उपकारने अर्थे सभा मध्ये ते भाव तेहवाज प्ररुपीए तेहने धर्मकथा कहीए. एहवी धर्मकथा कहेता थकां अने सांभलीने सरद्दहता थकां ते बन्ने वीतरागनी आज्ञाना आराधक होय. ते धर्मकथा–संवररुपीवृक्षसेवीए. तेथी मनवंछित सुख पामीए ते संवररुपी वृक्ष वखाणीए छींए ते संवररुपी वृक्ष केहवुं छे ? जेहनुं विशुद्ध समकितरुप मूल छे, धीर्यरुप कंद छे, विनयरुप वेदिका छे, तीर्थंकर तथा चार तीर्थना गुण कीर्तनरुप स्कंध छे, पांच महाव्रतरुप मोटी शाखा छे, पचीस भावनारुप त्वचा छे, शुभध्यानने शुभयोगरुप प्रधान पल्लव पत्र छे, गुणरुप फूल छे, सीयलरुप सुगंध छे, आनंदरुप रस छे, मोक्षरुप प्रधान फल छे. मेरु गिरिना शिखर उपरे जेम चूलिका बिराजे छे तेम समकितीना हृदयमां संवररुपि वृक्ष बीराजे छे. एहवा संवररुपी शीतल छाया जेहने परिणमे तेहना भवोभवना पाप टळे.ने ते परम अतुल सुख पामे इत्यादिक चार प्रकारना कथा. अक्षेवणी,संवेगणी,निर्व्वेगणी ए चार कथा विस्तारपणे कहे तेहने धर्मकथा कहीए.ए धर्मध्याननुं चोथुं आलंबन कह्युं. अक्षेवणा प्रमुख ३ कथानो विस्तार चोथे ठाणे बीजे उद्देशे सुत्र ५८ मध्ये छे. हवे धर्मध्याननी चार अणुप्पेहा कहे छे. अणुप्पेहा कहे छे. अणुप्पेहा ते केहने कहिए ?जीवद्रव्य अने अजीवद्रव्य तेहनो स्वभाव स्वरूप जाणवाने अर्थे सुत्रना अर्थ विस्तारे चींतवीए तेहने

अणुप्पेहा कहिए.

हवे धर्म ध्याननी पहेली अणुप्पेहा कहे छे. एकत्वाणुप्पेहा ते केहने कहिए? जीव असंख्यात प्रदेसी अरुपी सदा स उपयोगी ते चैतन्यरूप एहवो एक माहरो आत्मा निश्चयनये छे तेम सर्व आत्मा निश्चयनये एवाज छे, अने व्यवहारनये आत्मा अनादिकालनो अचैतन्य जड वर्णादि २० रूप सहित पुद्गलनो संयोगीथको त्रस ने स्थावररूप लेइने अनेकनृत्यकारनटुवानीपरे अनेकरूपे अनेक छांदे प्रवर्ते छे. ते त्रसनो त्रसरूपेप्रवर्त्ते तो जघन्य अंतर्मुहूर्त्त उत्कृष्टो बे हजार सागर झाझेरासुधी रहे. अनेस्थावरनो स्थावरपणे प्रवर्ते तो जघन्य अंतर्मुहूर्त उत्कृष्टो अनंती उत्सर्पणी अवसर्पणी कालथी. क्षेत्रथी अनंतालोकप्रमाण अलोकना आकाशप्रदेश थाय तेटलाकालचक्र उत्सर्पणी अवसर्पणी जाणवी. तेहना असंख्याता पुद्गल परावर्त्तन थाय. अंगुलने असंख्यातमे भागे आकास प्रदेश आवे तेटला असंख्याता पुद्गल परावर्त्तन थाय. स्थावर मध्ये पुद्गल लइ खेल्यो ए व्यवहार नयथी जीव जाणीए. वली त्रस स्थावर मध्ये रह्यो थको स्त्रीपुरूष नपुंसक वेदे पुद्गलने संयोगे खेल्यो, प्रवर्त्यो, अनेक रुपो धारण कर्या. ते कहे छे. कोइक प्रस्तावे देवीपणे भवनपत्यादिकथी इसानदेवलोकसुधी इंद्रनी इंद्राणी सुरुपवंती अपसरा थई. जघन्य १० हजारवरस उत्कृष्टा५५पल्योपम देवांगनानेरुपे अनंतिवारजीवखेल्यो. देवतापणेभवनपत्यादिकथी जाव नवग्रैवेयकसुधीमहर्धिकदेवपणे महाशक्तिवंत इंद्रादिक लोकपालप्रमुखपणे रुपवंत देदीप्यमान वंछितभोग संयोगपणे प्रवर्त्यो. जघन्य १० हजारवर्ष उत्कृष्टा३१ सागरोपम एम अनंतीवार भोगी थयो. इंद्र महाराजे एक भवमांहि ७ पल्योपमनी देवी, बाविसक्रोडाक्रोड पंचासी लाख क्रोड, एकोतेर हजार क्रोड, चारसे अठ्यावीस क्रोड,

सतावन लाख चौद हजार बसे ने अठयासी उपर पांचपल्यनी ८. एटली देवी भोगवी तोपण तृप्ति न पाम्यो. मनुष्यमध्ये स्त्री, पुरुषपणे थयो, देवकुरु उत्तरकुरु मध्ये युगलयुगलणी थयो. त्यां महामनोहररूप मनवंछित सुख भोगव्यां. दसप्रकारनाकल्पवृक्षथी मनवंछितसुख भोगव्या. स्त्रीपुरुषने क्षणमात्रनोवियोग न पडे. ३ पल्योपम सुधी निरंतरसुखविलस्यां. हरिवास रमकवास मध्ये २ पल्योपम, हेमवयक्षेत्र एरणवयक्षेत्रमध्ये १ पल्यसुधी, छपन अंतरद्वीपा मध्ये पल्योपमनो असंख्यातमो भाग, युगल युगलणीपणे अनंतीवार, स्त्री पुरुषनां रूप लेइ खेल्यो पण आत्मा तृप्ति न पाम्यो. वली चक्रवर्तिनेघरे स्त्रीरत्नपणे लक्ष्मी सरिखा रूप अनंतीवार जीव लेइ खेल्यो पण तृप्ति न पाम्यो. वासुदेव मंडलीक राजा, प्रधान व्यवहारीयाने घरे स्त्रीपणे मनोज्ञ सुखोमां पूर्वक्रोडादिकनां आउखा पणे प्रवर्त्यो. वलि तेहज जीव मनुष्य मध्ये कुरूपवान, दुर्भागी निच कुल दरीद्रीभर्त्तारनी स्त्रीपणे, अलछरूप दुर्भागीणीपणे, नटवापणे प्रवर्त्यो. छतां मनुष्यपणे स्त्रीपुरुषनाअवतारपूरानथया. वली तीर्यंचपंचेंद्रिय जलचरादिमध्ये स्त्री वेदे पुरुष वेदे प्रवर्त्यो. वली ते जीव सात नरकमां, पांच एकेंद्रीयमां, त्रणविकलेंद्रीय तथा असंज्ञी तिर्यंच मनुष्य मध्ये नियमा नपुंसकवेदे अने संज्ञीतिर्यंचमनुष्य मध्ये पण नपुंसकहोय ते सर्वे नपुंसक वेदे जीव प्रवर्त्यो. परमार्थे लागट स्त्री वेदे प्रवर्त्यो. ते उत्कृष्टा एकसोदसपल्य अने प्रथक् पूर्व क्रोड सुधी स्त्री वेदे खेल्यो. जघन्य आउखा भोगव्या आश्री अंतर्मुहूर्त, पुरुषवेदे उत्कृष्टो पृथक् सो सागरझाझेरा सुधी पुरुषवेद मध्ये खेल्यो. जघन्य आउखा भोगव्या आश्री अंतर्मुहूर्त, नपुंसकवेदे उत्कृष्टो अनंता कालचक्र असंख्यातापुद्गल परावर्त्तन सुधी नपुंसकवेदे खेल्यो.

ज्यां गयो त्यां एकलो पुद्गलने संयोगे अनेक रुप परावर्त्तन कीधां ए सर्व व्यवहार नय जीवने विषे जाणवो. एवा परिभ्रमणनो मिटावणहार श्री जैनधर्मनेविषेशुद्धसद्दहणासहित शुद्ध उद्यम पराक्रमनुं फोरववुं थाय त्यारेज आत्मानुं साधन थाय. तेवारे सिद्धपणुं पामे. तीहां एकलोज निश्चय नय आत्मा जाणवो. ज्यारे शुद्ध व्यवहारे प्रवर्त्ते ने अशुद्ध व्यवहार मटाडे तेवारे सिद्ध होय एहवो माहरो एक आत्मा छे. जे भणी अपर परिवार ते स्वार्थ रूपी छे. अने पउगसा मीससा अने वीससा पुद्गल ते पर्यवे करी जेवे स्वभावे छे, तेवे स्वभावे न रहे ते पण असास्वता छे,ते माटे एक माहरो पोतानो आत्मा पोताना कार्यनो साधक सास्वतो जाणीने पोताना आत्मानुं साधन करीये. ए धर्म ध्याननी पहेली अणुप्पेहा कही.

हवे धर्मध्याननी बीजी अणुप्पेहा कहे छे. अणीच्चाणुप्पेहा ते केहने कहीये ? रूपी पुद्गलनी अनेक प्रकारे यतना करिए. ते पण अनित्य छे. नित्य एक श्री जैनधर्म परम सुखदायक छे. पोताना आत्माने नित्य जाणीने समकितादिक संवरे करि पुष्टो करीये. ए धर्म ध्याननी बीजी अणुप्पेहा कही.

हवे धर्म ध्याननी त्रीजी अणुप्पेहा कहे छे. असरणाणुप्पेहा ते केहने कहिये ? आ भवनेविषे अने परभव पहोंचतां जीवने एकसमकितपूर्वक जैनधर्मविना जन्मजरामरणना दुःख निवारवा बीजो कोइ शरण समर्थ नथी. एम जाणी श्रीजैनधर्मनुं शरण करीये. जेम परम सुख उपजे. ए धर्मध्याननी त्रीजी अणुप्पेहा कही.

हवे धर्म ध्याननी चोथी अणुप्पेहा कहे छे. संसाराणुप्पेहा ते केहने कहिये ? स्वार्थरुप संसार समुद्र मांहे जन्म जरा मरण संयोग वियोग शारीरी मानसी दुःख, कषाय,मिथ्यात्व,तृष्णारुप घणा जळ

कल्लोलादिकनी लहेरे करी चार गति चोवीस दंडकने विषे परिभ्रमणा करतां जगत जीवने श्री जैन धर्मरुप द्विपानो आधार छे. तथा संजमरुप नावानो शुद्ध समकितरुप निर्जामक नावनो खेडणहार छे. एवी नावाए करी जीव सिद्धिरुप महा नगरने विषे पहोंचे. तिहां अनंत अतुल विमल सिद्धना सुख जीव पामे. ए धर्म ध्याननी चोथी अणुप्पेहा कही. एहवा धर्मध्यानना गुण जाणीने सदा धर्मध्यान ध्याइये जेम परम सुख पामीये. इति धर्मध्यान संपूर्ण.

## अथ श्री पांच बोल.

पहेलो नारकीनो द्वार, बीजो भवनपतिनो द्वार, त्रीजो वाणव्यंतरनो द्वार, चोथो ज्योतिषीनो द्वार, पांचमो वैमानीकनो द्वार.

हवे पहेलो नरकनो द्वार कहे छे. पहेले नाम, बीजे गोत्र, त्रीजे अर्थ, चोथे पिंड, पांचमे पोलार, छठे अलोक, सातमे आधार, आठमे आंतरा, नवमे पुष्फाविकीर्ण ने आवलिका बंध, दशमे अंधकार, इग्यारमे नारकी ने उपजवाना स्थानक, बारमे क्षेत्रवेदना, तेरमे पनर परमाधामीना नाम, चौदमे जीव अजीवना परिणाम, पनरमे नारकी ने अवधिनुं देखवुं, सोलमे संघयण, सतरमे कोण जीव कइ नरके उपजे, अढारमे चार बोल कहेवाशे.

हवे पहेले नाम कहे छे. घमा, वंशा, शिला, अंजणा, रिठा, मघा, माघवइ, ए साते उंधा छत्रने आकारे छे.

बीजे गोत्र कहे छे. रत्नप्रभा, शर्कर प्रभा, वालुप्रभा, पंकप्रभा, धूमप्रभा, तमप्रभा, तमतमाप्रभा, रत्नप्रभातेश्यामाटे? सोलहजार जोजननो

खरकांड छे. ते सोळ जातिना रत्नमय छे. एकेकुं रत्नहजारहजार जोजननुं जाडपणे छे. बळ्या कोयला शरिखा छे. तेमांहि ८० हजारजोजननो आउबल छे. अने ८४ हजारजोजननो पंकबलछे. एम त्रणे कांड थइने एकलाख ने एशीहजार जोजननो पृथ्वीनो पिंड जाणवो.

त्रीजे अर्थ कहे छे. रत्नप्रभा ते रत्ननो पिंड ने रत्ननी पिठिका, ते रत्न केहवा छे? श्यामवर्णा बल्याकोलसा सरिखां छे, शर्करप्रभा ते ? कांकरानो पिंड ने कांकरानी पिठिका. ते कांकरा केहवा छे? लुखा निरस गोखरुना कांटा सरिखो स्पर्श छे. वालुप्रभा ते ? वेलुनो पिंड ने वेलुनी पिठिका. ते वेलु केहवि छे? उन्हि धगधगती अग्निपरे जाज्वल्यमान छे. पंकप्रभा ते कादवनो पिंड ने कादवनी पिठिका, ते कादव केहवा छे लोहिमय, परुमय, ने वज्रमय कांटा छे. धूमप्रभा ते धुमाडाना पिंड ने धूमाडानी पिठिका, ते धूमाडो केहवो छे? तिखो तमतमो ने दरदरो छे. तमप्रभा ते अंधकारनो पिंड ने अंधकारनी पिठिका, तमतमाप्रभा ते विशेषे अंधकारनोपिंड ने अंधकारनी पिठिका.

चोथो पिंडने पांचमो पोलार ए बे द्वार भेळा कहे छे. पहेली नरके एक लाख ने एशी हजार जोजननो पृथ्वीनो पिंड छे. तेहमांथि एकहजार जोजन उंचुं मुकिये एक हजार जोजन निचुं मुकिये, वचे १ लाख ने अठोत्तेर हजार जोजननी पोलार छे. ते मांहि १३ पाथडा ने ३० लाख नरकावासा छे. बीजी नरके एक लाख ने बत्रिश हजार जोजननो पृथ्वीनो पिंड छे. तेहमांथि एक हजार जोजन उंचुं मुकिये एक हजार जोजन निचुं मुकिये, वचे एक लाख ने ३० हजार जोजननी पोलार छे. तेमांहि ११ पाथडा ने २५ लाख नरकावासा छे. त्रीजी नरके एक

लाख ने अठ्यावीश हजार जोजननो पृथ्वीनो पिंड छे,तेह्मांहि १ हजार जोजन उंचुं मुकीये. १ हजार जोजन निचुं मुकीये. वचे एक लाख ने छविश हजार जोजननो पृथ्विनो पिंड छे. तेमांहि ९ पाथडा ने १५ लाख नरकावासा छे. चोथी नरके एक लाख ने २० हजार जोजननो पृथ्वीनो पिंड छे. तेह्मांथि १ हजार जोजन उचुं मुकिये, १ हजार जोजन निचुं मुकिये. वचे १ लाख ने १८ हजारजोजमनि पोलारछे.तेह्मांहि७पाथडा ने १० लाख नरकावासाछे. पांचमी नरके एक लाख ने अढार हजारजोजननो पृथ्वीनो पिंड छे.तेह्मांथी एक हजारजोजन उंचुं मुकीए. एक हजार जोजन नीचुं मुकीए.वचे एक लाख ने सोळ हजार जोजननी पोलारछे.तेह्मांहि ५पाथडा ने३लाख नरकावासा छे.छठी नरके एक लाखने१६हजार जोजननो पृथ्वीनो पिंडछे. तेह्मांथि १हजार जोजन उंचुं मुकिये.१हजार जोजन निचुं मुकिये. वचे १लाख ने १४हजार जोजननि पोलार छे.तेह्मांहि ३पाथडा ने १ लाखमां ५ उणां नरकावासा छे. सातमी नरके १ लाख ने ८ हजार जोजननो पृथ्वीनो पिंड छे. तेह्मांथि साडाबावन हजार जोजन उंचुं मुकिये. साडा बावन हजार जोजन निचुं मुकिये. वचे ३ हजार जोजननो जाडो एक पाथडो छे.तेह्मांहि ५ नरकावासा छे.

छठे अलोक कहे छे. पहेली नरकथी १२ जोजन जइये तिवारे त्रिछो अलोक आवे. बिजी नरकथी १२ जोजन ने २ त्रिजा भागे त्रिछो अलोक आवे. त्रिजी नरकथी १३ जोजन ने १ त्रिजा भागे त्रिछो अलोक आवे. चोथी नरकथी १४ जोजन त्रिछो अलोक आवे. पांचमिथी १४ जोजन ने २ त्रिजाभागे अलोक आवे. छठीथी १५ जोजन ने १ त्रिजा भागे त्रिछो अलोक आवे. सातमी नरके १६ जोजने त्रिछो अलोक आवे.

सातमे आधार कहे छे. साते नरक श्याने आधारे रहि छे? २०हजार जोजननो घनोदधि जाडपणे छे. असंख्याता जोजननो लांबपणे पहोलपणे छे. असंख्याता जोजननी परिधि छे. ते थीना घी सरिखो जाणवो. असंख्याता जोजननो घनवाय छे. ते विघर्या घी सरिखो जाणवो. असंख्याताजोजननो तनुवाय छे. ते तपाव्या घी सरिखो जाणवो. तेहने आधारे ७ नर्क रहि छे. एकेकि नरके त्रण त्रण वळाका छे. असंख्याताजोजननो आकाशास्तिकाय छे. वीशहजार जोजननो घनोदधि जाडपणे छे. छेहडे जाता छ जोजननो रह्यो. पेहली नरके छ जोजननो घनोदधि. बिजी नरके छ जोजनने १ त्रिजोभाग. त्रिजी नरके छ जोजन ने २ त्रिजाभागे, चोथी नरके ७ जोजननो घनोदधि. पांचमी नरके ७ जोजन ने १ त्रिजोभाग. छठी नरके ७ जोजन ने २ त्रिजाभाग. सातमी नरके ८ जोजननो घनोदधि. असंख्याताजोजननोघनवायछे. छेहडेजातां साडाचारजोजननो रह्यो. पहेलिनरकेसाडाचारजोजननोघनवायछे. बिजीनरके पोणापांचजोजननोघनवायछे. त्रिजी नरके ५ जोजननो घनवाय छे. चोथी नरके सवापांच जोजननो घनवाय छे. पांचमी नरके साडा पांच जोजननो घनवाय छे. छठी नरके पोणा छ जोजननो घनवाय छे. सातमी नरके ६ जोजननो घनवाय छे. असंख्याता जोजननो तनुवाय छे. छेहडे जाता दोढ जोजननो रह्यो. पहेली नरके दोढ जोजननो तनुवाय. बिजी नरके दोढ जोजन ने १ बारियो भाग. त्रिजी नरके दोढ जोजन ने २ बारिया भाग. चोथी नरके दोढ जोजन ने ३ बारिया भाग. पांचमी नरके दोढ जोजन ने ४ बारिया भाग. छठी नरके दोढ जोजन ने ५ बारिया भाग. सातमी नरके २ जोजननो तनुवाय छे. तेहने आधारे ७ नरक रहि छे. ७

आठमे आंतराकहेछे.पहेली नरके १३पाथडा ने१२आंतरा छे. अकेका पाथडाने ११५८३ इग्यारहजार पांचसें त्यासी जोजनने १त्रिजा भागनुं आंतरुं. बिजी नरके ११पाथडा ने१०आंतरा एकेका पाथडाने सताणुंसें जोजननुं आंतरुं. त्रिजी नरके ९ पाथडा ने ८ आंतरा एकेका पाथडाने बारहजार त्रणसें पंचोतेर जोजननुं आंतरुं. चोथी नरके ७ पाथडा ने ६ आंतरा छे, एकेका पाथडा ने सोल हजार एकसो छासठ जोजन ने २ त्रिजा भागनुं आंतरुं.पांचमी नरके ५पाथडाने४आंतरा,अकेका पाथडाने सवापचीशहजारजोजननुं आंतरुं. छठी नरके ३पाथडा ने २आंतरा,एकेका पाथडाने साडाबावन हजार जोजननुं आंतरुं. सातमी नरके १ पाथडो छे.आंतरुंनथी ८.

हवे नवमे पुष्पाविकीर्ण ने आवलिका बंध नरकावासा कहे छे. पहेली नरके ओगणत्रीश लाख पंचाणु हजार पांचसें सडसठ पुष्पाविकीर्ण नरकावासा छे. अने चुमालिसें तेत्रीस पंक्तिबंध नरकावासा छे. एवं सर्व मळीने ३० लाख. बीजी नरके चोविस लाख सताणुहजार त्रणसें पांच पुष्पाविकीर्ण नरकावासा छे, अने छविसें ने पंचाणु पंक्तिबंध नरकावासा छे.एवं सर्व मळीने २५ लाख. त्रिजी नरके चौदलाख अठाणुंहजार पांचसें पंदर पुष्पाविकीर्ण नरकावासा छे, अने चौदसें पंच्यासी पंक्तिबंध नरकावासा छे. एवं सर्व मळीने १५ लाख. चोथीनरके नव लाख नवाणुं हजार बसें त्राणुं पुष्पाविकीर्ण नरकावासा छे, अने सातसें सात पंक्तिबंध नरकावासा छे, एवं सर्व मळीने १० लाख. पांचमी नरके बेलाख नवाणु हजार सातसें पांत्रीस पुष्पाविकीर्ण नरकावासा छे, अने बसें पांसठ पंक्तिबंध नरकावासा छे. एवं सर्व मलिने ३ लाख. छठी नरके नवाणुं हजार नवसें बत्रीस पुष्पाविकीर्ण नरकावासा छे, अने ६३ पंक्ति-

बंध नरकावासा छे,सर्व मली ९९९९५ सातमी नरके ५ पंक्तिबंध छे. साते नरकना त्यासी लाख नेवुं हजार त्रणसें सडताळीस पुष्पाविकीर्ण नरकावासा छे. अने साते नरकना नव हजार छसें त्रेपन पंक्तिबंध नरकावासा छे. सर्व मळी८४लाख नरकावासाजाणवा ९.

दशमे अंधकार कहे छे. नरकनो अने अशुभ पुद्गलनो अंधकार१०.

इग्यारमे नारकिने उपजवाना स्थानक कहे छे. कुंभिने आकारे घडाने आकारे, पेटोने आकारे, कुंडाने आकारे, एवं नाना विध विषम स्थानके उपजे ११.

बारमे क्षेत्र वेदना कहे छे. क्षुधा, तृषा, शित, उष्ण, दाह, ज्वर, भय, शोक, खरज, परवश ए १० प्रकारनी अनंति वेदना छे.

तेरमे १५ परमाधामिना नाम कहे छे. अंब, अंबरिस, शाम, सलब, रुद्र, वैरुद्र, काल, महाकाल, अशिपत्र, धनूष, कुंभ, वालु, वेतरणी, खरस्वर, महाघोष.

हवे चौदमे जीव अजीवना परिणाम कहे छे. जीव परिणामना १० भेद ते गति परिणाम, इंद्रिय परिणाम, कषाय परिणाम, लेसा परिणाम, जोग परिणाम, उपयाग परिणाम, नाण परिणाम, दंसण परिणाम, चरित्त परिणाम, वेद परिणाम.

हवे अजीव परिणामना १० भेद कहे छे, बंधन परिणाम, गति परिणाम,संठाण परिणाम,भेद परिणाम,वर्ण परिणाम, गंध परिणाम, रस परिणाम,स्पर्स परिणाम,अगुरु लघु परिणाम,शब्द परिणाम.१४.

पनरमे अवधिज्ञाने देखवुं कहे छे.पहेली नरकना नारकि जघ० साडा त्रण गाउ देखे उत्० चार चार गाउ देखे. बिजीना जघ० ३ गाउ,उत्० साडा त्रण गाउ देखे. त्रिजीना जघ० अढि गाउ उत्० त्रण गाउ देखे. चोथीनाजघ०बेगाउ,उत्० अढि गाउ देखे.पांचमीना

जघ० दोढ गाउ उत्० २ गाउ देखे, छठीना जघ० १ गाउ, उत्० दोढ गाउ देखे. सातमीना जघ० अर्द्ध गाउ, उत्०१ गाउ देखे.१५

सोळमे संघयण कहेछे.पहेली बिजी नरके छ संघयणनो धणीजाय. त्रिजी नरके छेवट्ट वर्जिने पांच संघयणनो धणी जाय. चोथीये किलकु ने छेवट्ठ ए २ वर्जिने चार संघयणनो धणी जाय. पांचमी नरके ३ संघयणनो धणी जाय ते किलकु छेवट्ठ ने अर्द्ध नाराच ए३ वर्जिने. छठीनरके,वज्रऋषभनाराचसंघयण ने ऋषभ नारचसंघयण ए २ नो धणि जाय. सातमीये, १ वज्ररुषभनाराचसंघयणनो धणि जाय.

सत्तरमे कोणजीव केइनरकेउपजे ते कहेछे—असंज्ञीतिर्यंच पहेली नरक सुधि उपजे. भुजपर बीजीसुधिउपजे. खेचरतिर्यंच त्रिजीनरक सुधिउपजे.थलचरतिर्यंच चोथीनरकसुधिउपजे. उरपरतिर्यंच पांचमी नरकसुधिउपजे. स्त्री छठीनरकसुधिउपजे.सातमी नरके जलचरमच्छ ने संज्ञीमनुष्यआविउपजे.

अढारमे अशुभ वर्ण. गंध, रस, स्पर्स भोगवताथका नारकिविचरे छे. १८. इतिनारकिनो बोल समाप्त.

हवे बिजो भवनपतिनोद्वारकहे छे—पहेले नाम, बिजे चिन्ह, त्रिजे वर्ण, चोथे वस्त्र, पांचमे सामानिक, छठे आत्मरक्षक, सातमे देवांगना, आठमे अणिका,नवमे अणिकानाअधिपति,दशमेउद्योत, इग्यारमे परिषद, बारमे लोकपाल, तेरमे त्रायत्रिंशक,चौदमे४बोल.

पहेले नामकहेछे—असुरकुमार, नागकुमार, सुवर्णकुमार,विज्जु-कुमार, अग्निकुमार, द्विपकुमार, उदधिकुमार, दिशाकुमार, पवन-कुमार, थणितकुमार.

बिजे चिन्ह कहेछे—असुरकुमारने चुडामणिमुगटनुंचिन्ह. नाग कुमारनेफेणनुंचिन्ह, सुवर्णकुमारनेगरुडनुंचिन्ह, विज्जुकुमारनेवज्रनुं

चिन्ह, अग्निकुमारनेकलशनुंचिन्ह, द्विपकुमारनेसिंहनुंचिन्ह, उदधि कुमारनेघोडानुंचिन्ह, दिशाकुमारनेगजनुंचिन्ह, पवनकुमारने मगर-मच्छनुंचिन्ह,थणितकुमारनेसंपुटनुंचिन्ह.

हवे त्रिजे वर्ण कहेछे. असुरकुमारनो श्यामवर्ण. नागकुमारने उदधिकुमारनो धोलोवर्ण. विज्जुकुमार, अग्निकुमार ने द्विपकुमारनो रातोवर्ण. सुवर्णकुमार, दिशाकुमारने थणित कुमारनोपीलोवर्ण. पवन कुमारनोनिलोत्पलकमलसरिखो निलोवर्ण, ३.

हवेचोथेवस्त्र कहेछे. राता, निला, पिला, धोळा, विविधप्रकारना तेपण संध्यानारंगसरिखा जाणवा.

हवेपांचमे सामानिक कहेछे.दक्षिणदिशाना चमरेंद्रनेचोसठहजार सामानिकछे,उत्तरदिशाना बलेंद्रनेसाठहजारसामानिकछे,धरणेंद्रादिक १८ इंद्रने छ छ हजार सामानिकछे.

छठे—आत्मरक्षक ते सामानिकथी चोगुणा जाणवा.

सातमेदेवांगनाकहेछे—चमरेंद्र तथा बलेंद्रने पांच पांचदेवीओ जाणवी.एकेकदेवी आठआठहजाररुप वैक्रेयकरे,भोगभोगववानेअर्थे धणिपणएटलारुपवैक्रेयकरे,धरणेंद्रादिक१८इंद्रने छछदेविओजाणवी. एकेकीदेवी छछहजाररुपवैक्रेयकरे,भोगभोगववानेअर्थेधणिपणएटला रुपवैक्रेय करे. हवे आठमे अणिका७कहेछे. गंधर्व, नट, हय, गय, रथ, सुभट, महीष ८.

नवमे बोले आणकाना अधिपति एमज जाणवा.

हवे १० मे उद्योत कहेछे देवतानो उद्योत, देवीउनो उद्योत, आभरणनोउद्योत, शुभपुद्गलनोउद्योत, १०.

हवे११मेत्रणपरिषद कहेछे. दक्षिणदिशाना चमरेंद्रनी३परिषद. समीया, चंडा, जाया, समीयानो २४हजारनोपरिवार, चंडानो २८

हजारनो परिवार, जायानो ३२ हजारनो परिवार, समीया तेडया आवे ने मोकल्या जाय ते साथे गुझ वात करे चंडा तेडया आवे ने अणमोकल्या जाय ते साथे गुझवात न करे अने करणकरावण करे. जायाअणतेडया आवे ने अणमोकल्या जाय एहने कामकाज दिये. हवे एहना नवनीकायना देवतानि ३ परिषद तेमांहि अभ्यंतर परिषदना साठहजार, मझम परिषदना सितेरहजार, बाहिरली परिषदना एंसीहजार. दक्षिणदिशना चमरेंद्रनि देवीओनी ३परिषद तेमांहि अभ्यंतरनि३५०देवीओ,मझमपरिषदनी३००देवी,बाहिरलीपरिषदनी २५०देवीओ. हवे एहना नवनीकायना देवतानी, देवीओनी ३ परिषद तेमांहि अभ्यंतरनी१७५देवीओ,मझमनी१५० देवीओ, बाहिरलीनि१२५देवीओ,ए सर्व परिवार दक्षिणदिशाना चमरेंद्रनो जाणवो. एमज उत्तरदिशाना बलेंद्रनी३परिषदजाणवी पण एटलो फेर पहेलीना २०हजारदेवता.बिजाना२४हजारदेवता. त्रिजाना२८हजारदेवता.हवे एहना नवनी कायना देवतानी त्रण परिषद ते पहेलीना पचासहजार बीजीनासाठहजार,त्रीजीना सितेरहजार.बलेंद्रनी देवीओनी३परिषद. पहिलीनी४५०देवीओ,बिजीनी४००देवीउ,त्रिजीनी३५०देवीओ.हवे एहना नवनीकायना देवतानिदेवीओनी त्रण परिषद. पहेलीनी२२५ देवीओ. बिजीनी२००देवीओ. त्रिजीनी १७५. ११.

बारमे लोकपालकहेछे. सोम, जम, वरुण, वेसमण. सोमनो वारो पूर्वदिशे. जमनोवारोदक्षिणदिशे, वरुणनोवारो पश्चिमदिशे, वेसमणनोवारो उत्तरदिशे. शोमने वारे सुखशाता होय. जमनेवारे मारमरकिने मेघ घणाहोय. वरुणने वारे गड गुंबड ने रोग घणा होय. वेसमणने वारे सुगाल सुभिक्ष ने लाभ घणा होय. १२

तेरमे त्रायत्रिंशक ३३ छे. ते गुरु समान, पोहित समान, पूज्य

समान, मित्र समान, पिता समान, आज्ञा आराधक छे. १३.

चौदमे शुभ वर्ण, गंध, रस, स्पर्श, भोगवता थका भवनपति विचरे छे. २.

हवे त्रिजो वाणव्यंतरनो द्वार कहे छे. पहेले नाम, बिजे चिन्ह, त्रिजे वर्ण, चोथे वस्त्र, पांचमे सामानिक, छठे आत्म रक्षक, सातमे देवांगना, आठमे अणिका, नवमे अणिकाना अधिपति, दशमे उद्योत, इग्यारमे परिषद, बारमे ४ बोल.

पहेले नाम कहे छे पिशाच, भुत,जक्ष, राक्षस, किंनर, किंपुरुष, महोरग, गंधर्व, आणपन्ने, पाणपन्ने, इसीवाइ, भुइवाइ, कंदीय, महा कंदीय, कोहंड, पयंगदेव. १६.

बिजे चिन्ह कहे छे, पहेलाने कलंबवृक्षनुं चिन्ह, बिजाने शालिवृक्षनुं चिन्ह, त्रिजाने वडवृक्षनुं चिन्ह, चोथाने पाडलिवृक्षनुं चिन्ह, पांचमांने अशोकवृक्षनुंचिन्ह, छठाने चंपकवृक्षनुंचिन्ह, सातमाने नाग वृक्षनुंचिन्ह, आठमाने टिंबरु वृक्षनुं चिन्ह, ए ८ दक्षिण दिशानां कह्या. एमज ८ उत्तर दिशाना जाणवा. २.

हवे त्रीजे वर्ण ते पहेला, त्रिजा, सातमा ने आठमा ए चारनो श्याम वर्ण, बीजानो कालो वर्ण, पांचमानो निलोवर्ण, चोथा ने छठानो धोळो वर्ण.

हवे चोथे वस्त्र कहे छे. निला राता पीळा ने धोला विविध प्रकारना ते पण संध्याना रंग सरिखा जाणवा, ४.

पांचमे सामानिक ते एकेकाने चारचार हजार सामानिक देवता छे.५

छठे आत्मरक्षक ते सामानिकथी चोगुणा जाणवा. ६.

सातमे देवांगना ते एकेकाने चार चार देवीओ छे. एकेकी देवी १ हजार रुप वैक्रेय करे,भोग भोगववाने अर्थे धणी पण एटला

रुप वैक्रेय करे. ७.

हवे ८ मे ७ अणिका कहे छे. गंधर्व, नट, हय, गय, रथ, पायक, महीष, ८.

नवमे अणिकाना अधिपति एमज जाणवा ९.

हवे १० मे उद्योत कहे छे. देवतानो, देवीनो, आभरणनो शुभ पुद्गलनो १०.

हवे ११ मे ३ परिषद.समीयाना ८ हजारदेवता,चंडाना१०हजार देवता.जायाना१२हजारदेवता. आववुं जावुं प्रथमनि रिते जाणवुं.

बारमे शुभवर्ण, गंध, रस, स्पर्श भोगवता थका वाणव्यंतर विचरे छे. १२ इति वाणव्यंतरनो द्वार समाप्तं ३

हवे चोथो ज्योतिषीनो द्वार कहे छे. पहेले नाम, बिजे वाहक, त्रिजे वर्ण, चोथे वस्त्र, पांचमे सामानिक, छठे आत्मरक्षक, सातमे लांबपणुं ने पहोलपणुं, आठनु उंचपणु ने जाडपणुं, नवमे पंक्ति, दशमे परिषद, इग्यारमे उद्योत, बारमे देवीओ, तेरमेनित्यराहुनेपर्व राहु, चौदमे परिवार, पनरमे अणिका, सोलमे अणिकाना अधिपति,सतरमे संघयण,अढारमे व्याघात,ओगणिसमे निर्व्याघात, विशमे देखवुं, एकविशमे चाल, बाविशमे तपवुं, त्रेविशमे उंचपणुं,चोविशमे आंतरुं, पचीशमे४बोल.

पहेले नाम ते चंद्र, सूर्य, ग्रह, नक्षत्र, तारा. १.

बिजे वाहक कहे छे,चंद्रमा सूर्यना विमानने सोल सोल हजार देवता उपाडेछे तेहनोविवरोकहेछे. चारहजारदेवता सिंहनेरुपे पूर्वदिशे उपाडे छे.चारहजारदेवता हाथिनेरुपे दक्षिणदिशेउपाडेछे. चार हजारदेवतावृषभनेरुपेपश्चिमदिशेउपाडेछे.चारहजारदेवता घोडानेरुपे उत्तरदिशेउपाडेछे. एवं १६ हजार देवता चंद्रमा सूर्यना विमानने

उपाडे छे. आठहजारदेवता ग्रहनाविमानने उपाडे छे. चारहजारदेवता नक्षत्रनाविमानने उपाडे छे.बेहजारदेवता तारानाविमानने उपाडे छे. ते चारे दिशे पांचसें पांचसें एवेजरुपे जाणवा.राहुने चंद्रमानीपरेजाणवुं.२

त्रिजे वर्ण कहे छे.ज्योतिषीना विमाननी मांहि कनकनो वर्ण ने बाहिरनो स्फाटिक रत्न समान जाणवो.

चोथे वस्त्र पूर्वनी परे विविध प्रकारना जाणवा ते पण संध्यानारंग सरिखाजाणवा. ४.

पांचमे सामानिक देवता ४ हजार जाणवा.

छठे आत्मरक्षक देवता १६ हजार जाणवा.

सातमे बोले लांबपणुं ने पहोलपणुं कहे छे—चंद्रमानुं विमान एक जोजन ६१ भाग करिये तेहवा५६ भागनुं लांबु ने पहोलुं छे. सूर्यनुं विमान एकसठिया ४८ भागनुं लांबुं ने पहोलुं छे. ग्रहनुं विमान २गाउनुंलांबुंनेपहोलुंछे. नक्षत्रनुं विमान १गाउनुंलांबुंनेपहोलुं छे. तारानुं विमान अर्द्ध गाउनुं लांबु ने पहोलुं छे. ७.

आठमे उंचपणुं ने जाडपणुं कहेछे. चंद्रमानुं विमान एकसठिया २८भागनुं उंचुंनेजाडुं.सूर्यनुंविमान एकसठिया२४भागनुं उंचुंनेजाडुं छे. ग्रहनुंविमान १ गाउनुं उंचुंनेजाडुं छे. नक्षत्रनुंविमान अर्द्धगाउनुं उचुंनेजाडुं छे. तारानुं विमान पा गाउनुं उचुं ने जाडुं छे.८.

नवमे पंक्ति कहेछे छाशठछाशठनि ४ पंक्ति छे, १३२ चंद्रमाने १३२ सूर्य छे ए बेहुमलीने २६४.

हवे गति कहे छे सर्वथी मंद गति चंद्रमानि. तेहथी सूर्यनी शीघ्र गति,तेहथी ग्रहनि शीघ्र गति,तेहथी नक्षत्रनी शीघ्रगति,तेहथी तारानी शीघ्र गति. सर्वथी थोडिरूद्धि तारानी तेहथी नक्षत्रनी अधिक रुधि जाणवि, तेहथी ग्रहनी अधिक रुद्धि जाणवि. तेहथी सूर्यनी

अधिक रुद्धि जाणवी. तेहथी चंद्रमानी अधिक रुद्धि जाणवी. ९.

दशमे परिषद कहे छे. परिषद ३ इशा, तुडिया, पद्मा. पहेलीना ८शहस्त्र देवत्ता, बिजाना१०सहस्त्र देवता, त्रिजाना१२सहस्त्रदेवता१०.

इग्यारमे उद्योत कहेछे. देवतानो, देवीनो, आभरणनो शुभ-पुद्गलनो, विमाननो, ११.

बारमे देवीउ कहेछे, एकेकाने चारचार देवीउ छे एकेकि चार चारहजार वैक्रेयरुपकरे, धणीपण भोगने अर्थ एटलारुप वैक्रेय करे.

तेरमे नित्यराहु ने पर्वराहु कहेछे नित्यराहु ते चंद्रमाने केडे छे. ते अमावास्यानी एकमथी मांडिने एकेकि कळा छोडतो जाय. पुनमने दिने चंद्रमा १६ कळा संपूर्ण थाय, अने पुनमने पडवेथी एकेकि कळा दबावतो जाय अमावास्याने दहाडे १ कळा चंद्रमांनि रहे, अने परब राहु बेहुने आडे आवे, चांद्रमानुं ग्रहण उघ०६मासे उत्०बेतालिश मासे आवे अने सूर्यनुं ग्रहण जघ०६मासे उत्०अडतालीशवर्षेआवे तेहमां नित्यराहुना विमान श्यामवर्णछे अनेपर्वराहुन विमानपंचवर्णछे. ते नित्यराहुना २ विमानअनेपर्वराहुना२०विमान-जंबुद्विपमां छे. चंद्रमा सूर्यना मांडला क्षेत्रफरशे तो५१०जोजन क्षेत्र फरशेतेमांहि. १८०जोजन जंबुद्विप मांहि फरसे अने३३०जोजनलवण समुद्रमां फरशे. चंद्रमाना. १५ मांडला छे तेमांहि. ५ मांडला जंबुद्विप मांहि करे अने१०मांडला लवण समुद्रमां करे. मांडलेनो मांडले आवेतो १५दिनेआवे. सूर्यना१८४मांडला छे. तेमांहि. ६५ मांडला जंबुद्विपमां करे अने ११९ मांडला लवण समुद्रमां करे. मांडलेनो मांडले आवे तो छ मासे आवे. सूर्यने मांडले बबे जोजननुं आंतरुं. चंद्रमाने मांडले मांडले ३५ जोजनने एकसठिया३१भाग अने एकसठीया एकभागना ७भाग करिये तेहवा४चुरणिया भागनुं आंतरुं. १३.

चौदमे परिवार कहे छे. एक चंद्रमा ने एक सूर्यनो परिवार. २८ नक्षत्र, ८८ ग्रह, अने छाशठ हजार नवसें पंचोतेर क्रोडाक्रोडि तारा छे. एटलो परिवार जाणवो. १४.

पंदरमे बोले ७ अणिका कहे छे. गांधर्व, नट, हय, गय, रथ, सुभट, वृषभ, १५.

सोळमे अणिकाना अधिपति एमज जाणवा. १६.

सतरमे संघयण कहे छे छ ये संघयणनो धणी ज्योतिषी थाय. १७.

अढारमे व्याघात कहे छे. व्याघात सहित आंतरुं पडे तो एक विमानथी बिजा विमानने जघ० २६६जोजननुंआंतरुं, अनेउत्० १२ हजारबसेने४२जोजननुं आंतरुं. १८.

ओगणिशमे निर्व्याघात कहे छे. निर्व्याघात सहित आंतरुं पडे तो जघ० ५००धनुषनुं, उत्०विमान विमानने २गाउनुं आंतरुं.

हवे विशमे देखवुं कहेछे. अषाढ मासे कर्क संक्रांति ने दहाडे १८मुहूर्त्तनो दिवसने १२मुहूर्त्तनि रात्रि ते दिवसे उगतो सूर्य ४७२६३ जोजनने साठिया२१भाग वेगळेथी उगतो देखाय. अने पोश मासे मकर संक्रांतिने दहाडे १२ मुहूर्त्तनो दिवस ने १८ मुहूर्त्तनि रात्रि ते दिवशे उगतो सूर्य ३१८३१ जोजनने एकसठिया ३० भाग वेगळेथी उगतो सुर्य देखाय. २०.

एक विशमे चाल कहे छे. अषाढ मासे कर्क संक्रांतिने दहाडे एकेक मुहूर्ते सूर्य पांच हजार बसें एकावन जोजनने साठिया ओगणत्रिश भाग चाले. आखे दिवशे थइ ने ९४५२६ जोजनने साठिया ४२भाग चाले अने पोष मासे मकरसंक्रांतिने दहाडे एकेक मुहूर्ते सूर्य. ५३०५ जोजनने साठिया १५भाग चाळे आखे दिवसे थइने. ६३६६३ जोजन चाळे. २१.

बाविशमे तपत्रो कहे छे. सूर्य उंचो १०० जोजन तपे छे, हेठो १८०० जोजन तपे छे अने त्रिछो ४७२६३ जोजनने साठिया २१ भाग तपेछे. २२.

त्रेविशमे उंचपणु कहेछे—समभूतल थकी ७९० जोजन उंचा जइये तिवारे तारामंडल आवे तिहांथी१०जोजन उंचपणे सूर्यनुं विमान छे, तिहांथी८०जोजन उंचपणे चंद्रमानुं विमान छे, तिहांथी ४जोजन उंचपणे नक्षत्रना विमान छे, तिहांथी४जोजन उंचपणे बुधनो तारो छे, तिहांथी३जोजन उंचपणे शुक्रनो तारो छे, तिहांथी ३जोजन उंचपणे बृहस्पतिनो तारो छे, तिहांथी३जोजन उंचपणे मंगलनो तारो छे, तिहांथी३जोजन उंचपणे छेहलो शनिश्चरनो तारो आवे एम ११० जोजनमां ज्योतिष चक्र छे. २३.

चोविसमे आंतरुं कहे छे. चंद्रमां चंद्रमाना विमानने सूर्य सूर्यना विमान ने १ लाख जोजननुं आंतरुं छे, अने चंद्रमा सूर्यना विमानने अर्द्ध लाख जोजननुं आंतरुं छे.

पचीशमे बोले शुभ वर्ण गंध रस स्पर्श भोगवता थका ज्योतिषि विचरे छे. २५.

हवे पांचमो वैमानिकनो द्वार कहे छे. पहेले नाम, बिजे आधार, त्रिजे वर्ण, चोथे वस्त्र, पांचमे सामानिक, छठे आत्मरक्षक, सातमे जाडपणुं, आठमे उंचपणुं नवमे पुष्फाविकीर्णविमान, दशमे आवलिकाबंधविमान, इग्यारमे परिषद्, बारमे उद्योत, तेरमे देवीओ, चौदमे लोकपाल, पनरमे त्रायत्रिंशक, सोळमे ७अणिका, सतरमे अणिकाना अधिपति, अढारमे संघयण, ओगणीशमे अवधिनुं देखवुं, विशमे ४बोल.

पहेले नामकहेछे. सुधर्म १, इशान २, सनतकुमार ३, माहेंद्र ४, ब्रह्मलोक ५, लंतक ६, महाशुक्र ७, सहस्त्रार ८, आणत ९, प्राणत १०,

आरण११, अच्युत१२. नव ग्रैवेयकना नाम भद्दे, सुभद्दे, सुजाए, सुमाणसे, पीयदंसणे, सुदंसणे, आमोहे, सुपडीबद्धे, जसोधरे. पांच अनुत्तर विमानना नाम, विजय, विजयंत, जयंत, अपराजित, सर्वार्थ-सिद्ध. हवे मुक्ति शिलाना नाम—इसीतीवा, इसिपभारातीवा, तणुतीवा, तणुतणुतीवा, सिद्धितीवा, सिद्धालएतिवा, मुत्तितिवा, मुत्तालएतिवा, लोयगेतिवा, लोगथुभिएतिवा, लोगपडिबोहएतिवा, सव्वपाणभुयजीवसत्तसुहावहेतिवा.

बिजे आधार कहे छे. पहेला बे देवलोक घनोदधिने आधारे रह्या छे. त्रिजुं चोथुं ने पांचमुं ए ३ देवलोक घनवायने आधारे रह्या छे. छठुं सातमुं ने आठमुं ए ३ देवलोक घनोदधि घनवाय बेने आधारे रह्या छे. नवमांथि ते सर्वार्थसिद्ध सुधि एक आकाशने आधारे प्रतिष्ठित छे.

त्रिजे वर्ण कहे छे. पहेले बिजे देवलोके ५ वर्ण लाभे, त्रिजे चोथे देवलोके १ कालो वर्जिने ४ वर्ण लाभे, पांचमे छठे देवलोके ३ वर्ण लाभे ते कालो ने निलो ए २ वर्ज्या. सातमे, आठमे २ वर्ण लाभे, पीळो ने धोळो. नवमांथि ते सर्वार्थसिद्धलगे १ धोळो वर्ण लाभे.

चोथे वस्त्र कहे छे. बार देवलोकना देवताना वस्त्र विविध प्रकारना ते पण संध्याना रंग सरिखा जाणवा. उपरे वस्त्रनुं कारण नथी.

पांचमे सामानिक कहे छे. पहेला देवलोकना देवता ने ८४ हजार सामानिक देवता. बिजाने ८० हजार सामानिक, त्रिजाने ७२ हजार सामानिक, चोथाने ७० हजार सामानिक, पांचमाने ६० हजार सामानिक, छठाने ५० हजार सामानिक, सातमाने ४० हजार सामानिक, आठमाने ३० हजार सामानिक, नवमां दशमांने २० हजार सामानिक, इग्यारमां बारमांने १० हजार सामानिक.

छठे बोले आत्मरक्षक कहे छे. सामानिकथी चोगुणा जाणवा.

सातमे विमानना भोंयतळीयानुं जाडपणुं कहे छे. पहेला बिजा देवलोकनुं तळीयुं २७०० जोजननुं जाडुं, त्रिजा चोथा देवलोकनुं तळीयुं २६०० जोजननुं जाडुं, पांचमां छठा देवलोकनुं तळीयुं २५०० जोजननुं जाडुं, सातमा आठमा देवलोकनुं तळीयुं २४०० जोजननुं जाडुं. नवमां, दशमां, इग्यारमां, बारमां देवलोकनुं तळीयुं २३०० जोजननुं जाडुं, नव ग्रैवेयकनुं तळीयुं २२०० जोजननुं जाडुं छे, पांच अनुत्तर विमाननुं तळीयुं २१०० जोजननुं जाडुं छे.

आठमे महोलनुं उंचपणुं कहे छे. पहेला बिजा देवलोकना ५०० जोजनना उंचा महोल, त्रिजा चोथा देवलोकना ६०० जोजनना उंचा महोल, पाचमा छठा देवलोकना ७०० जोजनना उंचा महोल, सातमां आठमां देवलोकना ८०० जोजनना उंचा महोल, नवमां दशमां इग्यारमां ने बारमां देवलोकना ९०० जोजनना उंचा महोल, नव ग्रैवेयकना १००० जोजनना उंचा महोल, पांच अनुत्तर विमानना ११००जोजनना उंचा महोल, हवे प्रतर कहे छे.पहेले बिजे देवलोके १३ प्रतर छे. त्रिजे चोथे देवलोके १२ प्रतर छे, पांचमे देवलोके ६ प्रतर, छठे देवलोके ५ प्रतर, सातमे, आठमे, नवमे, दशमे, इग्यारमे ने बारमे ए ६ देवलोके चार चार प्रतर छे. नवग्रैवेकमां ९ प्रतर, पांच अनुत्तर विमाननो १ प्रतर, ए सर्व मळी ६२ प्रतर जाणवा.

नवमे पुष्पाविकीर्ण विमान कहे छे. चोरासीलाख नेवासीहजार एकसो ओगणपचास पुष्पाविकीर्ण विमान जाणवा.

दशमे आलिका बंध विमान अठोतेरसो ने चुमोतेर जाणवा.

हवे ११ मे परिषद कहे छे.पहेला देवलोकना इंद्रने ३ परिषद. पहेलीना १२ हजार देवता, बीजीना १४ हजार देवता, त्रिजीना

१६ हजार देवता, एम बिजा देवलोके १० सहस्त्र, १२ सहस्त्र, १४ सहस्त्र. त्रीजा देवलोके ८ सहस्त्र, १० सहस्त्र,१२ सहस्त्र. चोथे देवलोके ६ सहस्त्र, ८ सहस्त्र, १० सहस्त्र. पांचमे देवलोके ४ सहस्त्र. ६ सहस्त्र, ८ सहस्त्र. छठे देवलोके २ सहस्त्र,४ सहस्त्र, ६ सहस्त्र. सातमे देवलोके १ सहस्त्र, २ सहस्त्र, ४ सहस्त्र, आठमे देवलोके ५००, १ सहस्त्र, २ सहस्त्र, नवमे दशमे देवलोके २५०, ५००, १०००. इग्यारमे बारमे देवलोके १२५, २५०, ५००.

हवे बारमे उद्योत कहे छे देवतानो देवीनो, आभरणनो, शुभ पुद्गलनो, ने विमाननो.

तेरमे देवाओ कहे छे. एकेका इंद्रने आठ आठ देवीओ छे. एकेकि देवी सोळ सोळ हजार रूप वैक्रेय करे, अने धणी पण एटला रूप वैक्रेय करे.

चौदमे लोकपाल कहेछे. एकेका इंद्रने चार चार लोकपाल छे. वारा पूर्वनिपरे जाणवा. सोम ने जमनुं आयुष १ पल्यने १ पल्यना त्रिजा भागनुं अधिक जाणवुं, वरुणनुं देशे उणा २ पल्यनुं आयुष जाणवुं वेशमणनुं पुरा बे पल्यनुं आयुष जाणवुं.

पनरमे त्रायत्रिंसक ते पूर्वनीपरे जाणवा.

सोलमे अणिका ७ ते गंधर्व, नट, हय, गय, रथ, पाळा, वृषभ.

सत्तरमे अणिकाना अधिपति एमज जाणवा.

आढारमे संघयण कहे छे. पहेलाथी ते चोथा देवलोक सुधी ६ संघयणनो धणी जाय पांचमे छठे देवलोके १ छेवट्ठ वर्जिने पांच संघयणनो धणी उपजे. सातमे आठमे देवलोके ४ संघयणनो धणी जाय ते किलकु ने छेवट्ठ ए २ वर्जिने. नवमे दशमे इग्यारमे बारमे देवलोके ३ संघयणनो धणी जाय.नव ग्रैवेयकमां २ संघयणनो धणी

जाय. पांच अनुत्तर विमानमां १वज्ररुषभनाराचसंधयणनो धणीउपजे.

ओगणीशमे अवधिनुं देखवुं कहे छे. पहेला बिजा देवलोकना देवता निचुं पहेली नरकना तळा सुधी देखे, उंचुं पोताना विमाननी ध्वजा लगे देखे. त्रिछुं असंख्याता द्विप समुद्र लगे देखे. त्रिजा चोथा देवलोकना देवता नीचुं बीजी नरकना तळा सुधी देखे, उंचुं त्रिछुं तेटलुंज देखे. पांचमां छठा देवलोकना देवता नीचुं त्रिजी नरकना तळा सुधी देखे, उंचुं त्रिछुं तेटलुंज देखे. सातमां आठमां देवलोकना देवता नीचुं चोथी नरकना तळा सुधी देखे, उंचुं त्रिछुं तेटलुंज देखे. नवमां दशमां इग्यारमां ने बारमा देवलोकना देवता नीचुं पांचमी नरकना तळा सुधी देखे, उंचुं त्रिछुं तेटलुंज देखे. नवग्रैवेयकना देवता नीचुं छठी नरकना तळा सुधी देखे, उंचुं त्रिछुं तेटलुंज देखे. सर्वार्थसिद्ध महा विमानना देवता किंचित् उणिलोक नाली देखे. नारकी त्रापाने आकारे देखे. भुवनपति पालाने आकारे देखे. व्यंतर झालरने आकारे देखे. ज्योतिषि पडहाने आकारे देखे. १२ देवलोकना देवता मादलना आकारे देखे. नवग्रैवेयकना देवता विखर्या फूलने आकारे देखे. चार अनुत्तर विमानना देवता कुंवारीकाना कंचुवाने आकारे देखे. सर्वार्थसिद्धना देवता जवनालिने आकारे देखे.

विशमे बोले शुभ वर्ण गंध रस स्पर्श भोगवता थका वैमानिक विचरे छे. इति पांचमो वैमानिकनो द्वार समाप्तं इतिपांचबोलसमाप्तं.

## ॥ अथ श्री त्रेवीस पदवीना बोल. ॥

तेना नाम कहेछे प्रथम७एकेंद्रिय रत्न,७पंचेंद्रिय रत्न९महोटी पदवी, तेहमां ७ एकेंद्रिय रत्नना नाम कहे छे. चक्ररत्न, छत्र रत्न, चर्मरत्न,

दंडरत्न, अशिरत्न, मणिरत्न, कांगणिरत्न. ए ७ एकेंद्रियरत्ननानामकह्या.

हवे ७ पंचेंद्रिय रत्नना नाम कहे छे. सेनापति, गाथापति, वार्द्धिक, पुरोहित, स्त्री रत्न, अश्व रत्न, गज रत्न ए पंचेंद्रिय रत्नना नाम कह्यां.

हवे ९ महोटि पदवीना नाम कहे छे. अरिहंतनी, चक्रवर्तीनी, बळदेवनी, वासुदेवनी, केवलिनी, साधुनी, श्रावकनी, सम्यक्द्रष्टिनी, मंडलिक राजानी, ए ९ महोटि पदवी कही. एवं सर्व मळी २३ पदवी.

हवे १४ रत्न शुं शुं काम करे? चक्ररत्न षट्खंड साधतां मार्ग बतावे, छत्र रत्न ते ४८ कोस प्रमाणे छाया करे, चर्मरत्न ते नदी आदे पार उतारे, दंडरत्न ते तमस गुफाना बार उघाडे, अशिरत्न ते शत्रुने हणे, मणिरत्न ते उद्योत करे, कांगणि रत्न ते ४९ मांडला आलेखे तथा तोला माप वधारे, सेनापति ते देश साधे, गाथापति ते धान रसवती निपजावे, वार्धिक ते आवास घर निपजावे, पुरोहित ते घाव साजा करे तथा शांतिकर्म करे विघ्न टाळे, स्त्रीरत्न ते भोग साधनने काम आवे, अश्व ने गज बेहु चडवाने काम आवे.

हवे १४ रत्न किहां किहां उपजे ते कहे छे. चक्र, छत्र, अशि, दंड, ए चार आयुधशाळामां उपजे. चर्म मणि ने कांगणि ए ३ लक्ष्मीना भंडारमां उपजे. सेनापति, गाथापति, वार्धिक, पुरोहित, ए ४ पोताना नगरमां उपजे. स्त्री विद्याधरनी श्रेणिमां उपजे. अश्व ने गज ए २ वैताडने मूळे उपजे.

हवे १४ रत्ननी कायानुं परिमाण कहे छे. चक्र छत्र ने दंड ए ३ वाम प्रमाणे वाम ते ४ हाथ प्रमाणे, चर्मरत्न ते २ हाथ प्रमाणे. खड्गरत्न तें ५० अंगुलनुं लांबू ने १६ अंगुलनुं पहोळुं ने अर्द्ध अंगुलनुं जाडुं. मणिरत्न ४ अंगुलनुं लांबू ने २ अंगुलनुं पहोळुं. कांगणि रत्न ने छ तळां, आठ खुणां, बार हांशो, सोनीनी अहिरणने संठाणे

१ अंगुलनुं लांबू पहोलुं ने उंचुं. सेनापति,गाथापति,वार्द्धिक,पुरोहित ए ४नी अवगाहना चक्रवर्ती प्रमाणे उंचि जाणवी.स्त्रीरत्न चक्रवर्तीथी ४ अंगुल नीची होय. अश्वरत्न १०८ अंगुलनो लांबो कानना मूलथी ते पुंछना मूललगे अने ८० अंगुलनो उंचो. गजरत्न चक्रवर्तिथी बमणो उंचो होय ए २३ पदवी.

हवे कइ गतिमांहेथी निकल्यो ते केटली पदवी पामे ते कहे छे. पहेली नरकना निकल्या १६ पदवी पामे ते २३ मांहेथी ७ एकेंद्रिय रत्न वर्ज्या. विजी नरकना निकल्या, १५ पदवी पामे पूर्वे १६ कहि तेहमांथी १ चक्रवर्तिनी वर्जि. त्रिजी नरकना नीकल्या तेर पदवी पामे ते १५ मांथी बलदेव ने वासुदेव ए बे वर्ज्या. चोथी नरकना निकल्या १२ पदवी पामे ते तेर मांथि १ तिर्थंकर वर्ज्या, पांचमी नरकना नीकल्या इग्यार पदवी पामे, ते १२ मांहेथी १ केवली वर्ज्या. छठी नरकना नीकल्या दश पदवी पामे. ते साधुजी वर्ज्या. सातमी नरकना निकल्या ३ पदवी पामे. अश्व गज सम्यक्त्वदृष्टि ए ३ पदवी पामे. भवनपति, वाणव्यंतर, ज्योातषी ए ३ नानीकल्या एकविश पदवी पामे, ते वासुदेवने १ तिर्थंकर ए २ वर्ज्या. पृथ्वी, पाणी, वनस्पति गर्भज मनुष्य नें गर्भज तिर्यंच, एटलाना निकल्या १९ पदवी पामे ते २३ मांथी तिर्थंकर, चक्रवर्ती बलदेव, वासुदेव, ए ४ वर्ज्या. बेइंद्रिय, तेइंद्रिय, चौरिंद्रिय, समुर्छिम तिर्यंच ने समुर्छिम मनुष्य ए ५ ना निकल्या १८ पदवी पामे ते १९ मांथी १ केवलि वर्ज्या. तेउवाउना निकल्या ९ पदवी पामे ते ७ एकेंद्रियरत्न ने हाथि, घोडो, ए ९ पदवी पामे. पनर परमाधामी ने पहेला किल्विषीना निकल्या १८ पदवी पामे ते २३ मांथी ४ उत्तम पुरुषने, १ केवलि वर्ज्या. उपल्या २

किल्विषीना निकल्या ११ पदवी पामे ते १८ मांथी ७ एकेंद्रिय वर्ज्या, शेष ११ पामे. सुधर्म, इशान, ए २ देवलोकना निकल्या २३ पदवी पामे. त्रिजाथी ते आठमां देवलोक सुधिना तथा नव लोकांतिकना निकल्या १६ पदवी पामे ते २३ मांथी ७ एकेंद्रिय रत्न वर्ज्या शेष १६ पामे.नवमां देवलोकथी नव ग्रैवेयक सुधना निकल्या चौद पदवी पामे ते १६ मांथी अश्व, ने गज, ए २ वर्ज्या शेष १४ पामे. पांच अनुत्तर विमानना निकल्या ८ पदवी पामे ते २३ मांथी १४ रत्न ने १ वासुदेव वर्ज्या, शेष ८ पामे. संज्ञिमांहि १५ पदवी लाभे ते २३ मांथी ७ एकेंद्रिय ने १ केवलिनी ए ८ वर्जी, शेष १५ लाभे. असंज्ञि मांहि ८ पदवी लाभे ते ७ एकेंद्रिय ने १ समकीतनी ८ लाभे. तिर्थंकर तथा चक्रवर्तीमां ६ पदवी लाभे ते तिर्थंकरनी, चक्रवर्तीनी, मंडलिकनी, समकितनी, साधुनी, ने केवलिनी ए ६ लाभे.वासुदेवमां ३ पदवी लाभे वासुदेवनी, समकितनी, मंडलिकनी, ए ३ लाभे.बलदेवमां पांच पदवी लाभे,बलदेवनी मंडलिकनी, साधुनी, केवलिनी, ने समकितदृष्टिनी, ए ५ लाभे. मनुष्य मांहि पदवी १३ लाभे, नव महोटि पदवी ने सेनापति, गाथापति, वार्द्धिक, ने पुरोहित, एवं सर्व मळी १३ पदवी लाभे. मनुष्यणी मांहि पदवी ५ लाभे समकितनी, श्राविकानी, साध्वीनी, केवलिनी, ने स्त्री रत्ननी. ए ५ इति २३ पदवीना बोल समाप्तं.

## अथ श्री सिद्धणाद्वार.

१ पहेली नर्कना निकल्या एक समये १० सिझे. २ बिजी नर्कना निकल्या एक० १०. ३ त्रिजि नर्कना निकल्या एक० १०.

४ चोथी नर्कना निकल्या एक० ४. ५. भवन पतिना निकल्या एक० १०. ६ भवनपतिनी देवीना निकल्या एक० ५. ७ पृथ्वीना निकल्या एक० ४ सिझे. ८ पाणिना निकल्या एक० ४ सिझे. ९ वनस्पतिना निकल्या एक० ६. १० संज्ञी तिर्यंचना निकल्या एक० १० सिझे. ११ तिर्यंचणीना निकल्या एक० १०. १२ मनुष्यना निकळ्या एक० १०. १३ मनुष्यणीना निकळ्या एक० २०. १४ पुरुष मरो स्त्री थइ सीझेतो एक० १०. १५ पुरुष मरी नपुषक थइ सीझे तो एक० १०. १६ स्त्री मरी स्त्री थइ सीझेतो. एक० १०. १७ स्त्री मरी पुरुष थइ सीझे तो एक०१०.१८ स्त्री मरी नपुषक थइ सीझे तो एक० १०. १९ नपुसक मरी स्त्री थइ सीझे तो एक० १०. २० नपुसक मरी पुरुष थइ सीझे तो एक० १०. २१ नपुसक मरी नपुसक थइ सीझे तो एक० १०. २२ वाणव्यंतरना निकळ्या एक० १० सिझे. २३ वाणव्यंतरनी देवीना निकळ्या एक० ५. २४ ज्योतिषीना निकळ्या एक० १०. २५ ज्योतिषीनी देवीना निकळ्या एक० २०. २६ वैमानिकना निकळ्या एक० १०८ सिझे. २७ वैमानिकनी देवीना निकळ्या एक० २०. २८ स्वलिंगे सिझे तो १०८ सिझे. २९ अन्य लिंगे सिझे तो १० सिझे. ३० गृहस्थ लिंगे सिझे ता ४ सिझे. ३१ स्त्रीलिंगे २० सिझे. ३२ पुरुषलिंगे १०८ सिझे. ३३ नपुंसकलिंगे १० सिझे. ३४ उर्द्ध लोके ४ सिझे. ३५ अधो लोके २० सिझे. ३६ त्रिछा लोके १०८ सिझे. ३७ उत्कृष्टि अवगाहना वाळा एक० २ सिझे. ३८ जघन्य अवगाहना वाला एक० ४ सिझे. ३९ मध्यम अवगाहनावाला एक० १०८ सिझे. ४० समुद्रमां २ सिझे. ४१ नदी प्रमुख शेष जलमां ३ सिझे. ४२ तिर्थमां १०८ सिझे. ४३ अतिर्थमां १० सिझे. ४४ तिर्थंकर २० सिझे. ४५ स्त्री तिर्थंकर एक

समय बे सिझे. ४६ अतिर्थंकर १०८ सझे. ४७ स्वयं बुद्ध ४ सिझे. ४८ प्रत्येक बुद्ध १० सिझे. ४९ बुद्ध बोहि १०८ सिझे. ५० एक सिद्धाते एक समये १ सिझे. ५१ अनेक सिद्धाते एक समये उत्० १०८. ५२ विजय विजय प्रते एक समये विश विश सिझे. ५३ भद्रशाल वन १ नंदनवन २ सोमनस वन ३ ए ३ मां चार चार सिझे. ५४ पंडग वनमां २ सिझे. ५५ अकर्मभूमिमां १० सिझे. ५६ कर्म भूमिमां १०८ सिझे. ५७ पहेले, बिजे, पांचमे ने छठे ए ४ आरे दश दश सिझे. ५८ त्रिजे, चोथे, ए २ आरे १०८ सिझे. ५९ अवसर्पिणी१ उत्सर्पिणी२ ए २ मां १०८, १०८ सिझे. ६० नोउत्सर्पिणी नोअवसर्पिणीमां १०८ सिझे. ६१ एकथी मांडिने ३२ लगे सिझे तो० ८ समय सुधि. ६२-३३ थी मांडिने ४८ सुधि सिझे तो ७ समय लगे. ६३-४९ थी मांडिने ६० सुधि सिझे तो ६ समय लगे. ६४-६१ थी मांडिने ७२ सुधि सिझे तो ५ समय लगे. ६५-७३ थी मांडिने ८४ सुधि सिझे तो ४ समय लगे. ६६-८५ थी मांडिने ९६ सुधि सिझे तो ३ समय लगे. ६७-९७ थी मांडीने १०२ सुधि सिझे तो २ समय लगे. ६८-१०३ थी मांडीने १०८ सुधि सिझे तो १ समय लगे.

अल्पाबहुत्व. सर्वथी थोडा चोथी नारकीना निकल्या सिद्ध थाय १, तेथी त्रीजी नारकीना निकल्या संख्यात गुणा सिद्ध थाय २, तेथी बीजी नारकीना निकल्या संख्यात गुणा सिद्ध थाय ३, तेथी वनस्पतिना निकल्या संख्यात गुणा सिद्ध थाय ४, तेथी पृथ्वि कायना निकल्या संख्यात गुणा सिद्ध थाय ५, तेथी पाणीना निकल्या संख्यात गुणा सिद्ध थाय ६, तेथी भवनपतिनी देवीना निकल्या संख्यात गुणा सिद्ध थाय ७, तेथी भवनपतिना देवताना निकल्या संख्यात

गुणा सिद्ध थाय ८, तेथी वाणव्यंतरनी देवीना निकल्या संख्यात गुणा सिद्ध थाय ९, वाणव्यंतरना देवताना निकल्या संख्यात गुणा सिद्ध थाय १०, ज्योतिषीनी देवीना निकल्या संख्यात गुणा सिद्ध थाय ११, ज्योतिषीना देवताना निकल्या संख्यात गुणा सिद्ध थाय १२, मनुष्यणीना निकल्या संख्यात गुणा सिद्ध थाय १३, मनुष्यना निकल्या संख्यात गुणा सिद्ध थाय १४, पहेली नरकना निकल्या संख्यात गुणा सिद्ध थाय १५, त्रियंचणीना निकल्या संख्यात गुणा सिद्ध थाय १६, त्रियंचना निकल्या संख्यात गुणा सिद्ध थाय १७, पांच अनुत्तर विमानना निकल्या संख्यात गुणा सिद्ध थाय १८, नव ग्रैवेयकना निकल्या संख्यात गुणा सिद्ध थाय १९, बारमां देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २०, अगीयारमां देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २१, दशमां देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २२, नवमां देवलोकनां निकल्या संख्यात गुणा सिद्ध थाय २३, आठमा देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २४, सातमां देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २५, छठा देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २६, पांचमां देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २७, चोथा देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २८, त्रीजा देवलोकना निकल्या संख्यात गुणा सिद्ध थाय २९, बीजा देवलोकनी देवीना निकल्या संख्यात गुणा सिद्ध थाय ३०, बीजा देवलोकना देवताना निकल्या संख्यातगुणासिद्धथाय ३१, पहेला देवलोकनी देवीना निकल्या संख्यात गुणा सिद्ध थाय ३२, पहेला देवलोकना देवताना नीकल्या संख्यातगुणा सिद्ध थाय३३, इति सिझणा द्वार समाप्तं.

# अथ श्री विरह द्वार.

समुचय चार गतिनो विरह काल जघन्य १ समयनो, उत्कृष्टो १२ मुहूर्त्तनो. हवे पहेली नरके ज० १ समय० उ० २४ मुहूर्त्तनो. बीजी नरके ज० १ समयनो उ० ७ दिननो. त्रीजी नरके ज० १ समयनो, उ० १५ दिननो. चोथी नरके ज० १ समयनो उ० १ मासनो पांचमी नरके ज० १ समयनो उ० २ मासनो. छठी नरके ज० १ समयनो उ० ४ मासनो. सातमी नरके ज० १ समयनो उ० ६ मासनो. उपजवानो तथा चवववानो विरह पडे. हवे दस भवनपतीनो ज० १ समयनो उ० २४ मुहूर्त्तनो. पांच एकेंद्रीय अविरहिया संख्याताने ठामे संख्याता उपजे. असंख्याताने ठामे असंख्याता उपजे अनंताने ठामे अनंता उपजे समय समय उपजे समय समय चवे. त्रण विगलेंद्रीयनो ज० १ समयनो उ० अंतमुहूर्त्तनो. समुर्छिम तिर्यंच पचेंद्रीयनो ज० १ समयनो, उ० अंतर्मुहूर्त्तनो. गर्भज तिर्यंच पचेंद्रीयनो ज० १ समयनो उ० १२ मुहुर्त्तनो. समुर्छिम मनुष्यनो ज० १ समयनो उ० २४ मुहूर्त्तनो. गर्भज मनुष्यनो ज० १ समयनो उ० १२ मुहूर्त्तनो. वाणव्यंतर, ज्योतिषी, वैमानिकमां पहेला, बीजा देवलोक सुधीनो ज० १ समयनो, उ० २४ मुहूर्तनो विरह काल. त्रिजे देवलोके ज० १ समय उ० ९ दिन ने वीस मुहूर्त्तनो. चोथे देवलोके ज० १ समय, उ० १२ दिन ने १० मुहूर्त्तनो. पांचमे देवलोके ज० १ समय उ० साडा बावीसदिननो. छठे देवलोके ज० १ समयनो उ० ४५ दिननो. सातमे देवलोके ज० १ समयनो उ० ८० दिननो विरहकाल. आठमे देवलोके ज० १ समयनो उ १०० दिननो. नवमे दशमे देवलोके

ज० १ समयनो उ० संख्याता मासनो ज्यां लगे १ वरस न होय. इग्यारमे बारमे देवलोके ज० १ समयनो उ० संख्याता वरसना ज्यां लगें सो वरस न होय. पहेली त्रिके ज० १ समयनो उ० संख्याता वर्षना सेंकडा, ज्यां लगें हजार वरस न होय. बीजी त्रीके ज० १ समयनो, उ० संख्याता हजार वरस, ज्यां लगें लाख वरस न होय. त्रीजी त्रीके ज० १ समयनो, उ० संख्याता लाख वरसनो, ज्यां लगें क्रोड वरस न होय. चार अनुत्तर विमानमां ज० १ समयनो उ० पल्यना असंख्यातमां भागनो विरहकाल. सर्वार्थसिद्धमां ज० १ समयनो उ० पल्यना संख्यातमा भागनो विरहकाल. सिद्धनो विरह ज० १ समयनो, उ० छ मासनो विरहकाल. चार गतिमां पंचेंद्रीय आश्री विरहकाल ज० १ समयनो उ० १२ मुहूर्त्तनो. सर्व इंद्र स्थानकनो विरह ज० १ समयनो उ० ६ मासनो. इति श्री विरह द्वार समाप्त.

## अथ श्री पांच देवना बोल.

पहेलुं नाम द्वार, बिजु गुण द्वार, त्रिजु उववाय द्वार, चोथुं स्थिति द्वार, पांचमुं रुद्धि तथा विक्रुवणा द्वार, छठुं चवण द्वार, सातमुं संचिठणा द्वार, आठमुं अंतर द्वार, नवमुं अल्प बहुत्व द्वार. ए ९ द्वार पांच देव उपर उतारे छे.

हवे पहेलुं नाम द्वार कहे छे. भविय द्रव्य देव, नर देव, धर्म देव, देवाधि देव, भाव देव.

हवे बीजुं गुण द्वार कहेछे. मनुष्य तथा तिर्यंचपंचेंद्रिय जेहने देवतामां उपजवुं छे तेहने भविय द्रव्य देव कहीये. चौद रत्न नव निधान जेहने होय तेहने नरदेव कहीये. साधुना सत्याविश गुणे-

करी सहित होय तेहने धर्मदेव कहिये. अढार दोष रहित ने बार गुणे करि सहित होय तेहने देवाधि देव कहिये. अढार दोष ते कहे छे. अज्ञान १, क्रोध २, मद ३, मान ४, माया ५, लोभ ६, रति ७, अरति ८, निद्रा ९, शोक १०, असत्य ११, चोरी १२, मछर १३, भय १४, प्राणिवध १५, प्रेम १६, क्रिडा प्रसंग, १७ हाश्य १८. ए १८ दोष रहित अने १२ गुणे करि सहित ते बार गुण कहे छे. जिहां जिहां भगवंत उभा रहे बेसे समोवसरे तिहां तिहां दश बोल सहित ते भगवंतथी बार गुणो उंचो तत्काल अशोक वृक्ष थइ आवे स्वामिने छांयडो करे १. भगवंत जिहां जिहां समोवसरे तिहां तिहां पांच वर्णी अचेत फुलनी वृष्टि थाय ।ढचण प्रमाणे ढगला थाय २. भगवंतनी जोजन प्रमाणे वाणी विस्तरे सहुना मननो संशय हरे ३. भगवंतने चोविश जोड चामर विंझाय ४. स्फटिक रत्नमय पादपीठ सहित सिंहासन स्वामिने आगले थाय ५. भामंडल अंबोडाने ठेकाणे तेज मंडल बिराजे दिशोदिशना अंधकार टाळे ६. आकाशे साडा बार क्रोड गेबि वाजां वागे ७. भगवंतनी उपरे त्रण छत्र उपरा उपरि बिराजे ८. अनंतज्ञान अतिशय ९. अनंत अर्चाअतिशय परम पूज्यपणुं १०. अनंत वचन अतिशय ११. अनं० अपायापगम अतिशय ते सर्व दोष रहितपणु १२. ए १२ गुणे करी सहित तथा चोत्रीस अतिशय पांत्रिस वचनातिशयआदे दइने अनंतगुणे करी सहित होय तेहने देवाधिदेव कहिये. भाव देव ते केहने कहीए ? भवनपति, वाणव्यंतर, ज्योतिषी, वैमानिक ए चार जातिना देवताने भावे प्रवर्ते छे तेहने भाव देव कहिये.

हवे त्रिजुं उववाय द्वार कहे छे. भविय द्रव्य देवमां, मनुष्य तिर्यंच जुगलीया तथा सर्वार्थसिद्ध ए ३ ठाम वर्जिने बाकि सर्व

ठामना आवि उपजे.नर देवमां चार जातिना देवताने पहेली नर्कए ५ ठामना आवी उपजे. धर्मदेवमां, छठी सातमी नर्क तेउ वाउ मनुष्य तिर्यंच जुगलीया ए ६ ठाम वर्जिने शेष सर्व ठामना आवि उपजे. देवाधिदेवमां पहेली बीजी त्रिजी नर्कने किल्विषी वर्जिने वैमानिक देवना आवि उपजे, भावदेवमां तिर्यंच पंचेंद्रिय ने संज्ञि मनुष्य ए २ ठामना आवि उपजे.

हवे चोथुं स्थिति द्वार कहे छे. भविय द्रव्य देवनी जघ० अंत० उत्० ३ पल्यनि. नरदेवनी जघ० सातसें वर्षनी उत्० चोरासी लाख पूर्वनि. धर्म देवनी जघ० अंत० उत्० देशे उणी पूर्व क्रोडिनी देवाधि देवनी जघ० बहुतेर वर्षनी उत्० ८४ लाख पूर्वनी. भाव देवनी जघ० दश हजार वर्षनी उत्० ३३ सागरनी.

हवे पांचमुं रूद्धि तथा विक्रुवणा द्वार कहे छे भविय द्रव्य देवमां जेहने वैक्रेय लब्धि उपनि होय तेहने,नरदेवने तो होयज, धर्म देवमां जेहने होय तेहने,भाव देवने तो होयज. ए४ वैक्रेय रूप करे तो ज० १, २,३, उ० संख्याता करे शक्ति तो असंख्याता रूप करवानी छे पण करे नहि. देवाधिदेवनी शक्ति घणी छे पण करे नहि.

हवे छठुं चवण द्वार कहे छे भविय द्रव्य देव चवि देवता थाय. नर देव चवि नर्के जाय. धर्म देव चवी वैमानिक तथा मोक्षमां जाय. देवाधिदेव तो मुक्ति जाय. भाव देव चविने पृथ्वी पाणी वनस्पति बादरमां ने गर्भज मनुष्य तिर्यंचमां जाय.

हवे सातमुं संचिठणा द्वार कहे छे. संचठणा ते देवनो देवपणे रहे तो केटलो काळ रहे ते कहे छे. भविय द्रव्य देवनि संचिठणा जघ० अंत० उत्० ३ पल्योपमनि, नर देवनि जघ० सातसें वर्षनी उत्० ८४ लाख पूर्वनि, धर्मदेवनी जघ० १ समयनी उत्० देशे

उणी पूर्व क्रोडिनी. देवाधि देवनी जघ० बहुतेर वर्षनी उत्० ८४ लाख पूर्वनी.भाव देवनी जघ० दश हजार वर्षनी,उत्० ३३ सागरनी.

हवे आठमुं अंतरद्वार कहे छे. भवियद्रव्यदेवनुं आंतरुं पडे तो जघ० दश हजार वर्षने अंतर्मुहूर्त अधिक उत्० अनंता काळनुं आंतरुं पडे. नरदेवनुं जघ० एक सागर झाझेरुं उत्० अर्द्ध पुद्गल परावर्तन देशे उणुं. धर्मदेवनुं जघ० २ पल्य झाझेरुं, उत्० अर्ध पुद्गल परावर्त्तन देशे उणुं.देवाधिदेवनुं आंतरुं नथी. भाव देवनुं जघ० अंत० उत्० अनंता काळनुं.

हवे नवमुं अल्पबहुत्व द्वार कहे छे सर्वथी थोडा नर देव १. तेहथी देवाधिदेव संख्यात गुणा २. तेहथी धर्मदेव संख्यातगुणा ३. तेहथी भवियद्रव्य देव असंख्यात गुणा ४. तेहथी भावदेव असंख्यात गुणा ५. इति पांच देवना बोल संपूर्ण.

## अथ श्री दिशाणुवाइ.

समुचय जीव सर्वथी थोडा पश्चिम दिशे कारण के पश्चिम दिशे गौतम द्विप छे तथा चंद्रमा सूर्यना द्विप छे तेथी पाणी थोडुं छे ते माटे निल फुल पण थोडि छे तेणे करि जीव थोडा छे १.तेथी पूर्व दिशे विशेषाहिया कारण के, गौतम द्विप नथी २.तेथी दक्षिण दिशे विशेषाहिया कारण के, चंद्रमा सूर्यना द्विप पण नथी ३. तेथी उत्तर दिशे विशेषाहिया कारण के, उत्तर दिशे संख्यातमे द्विपे संख्याति जोजन क्रोडा क्रोडीनुं मानसरोवर छे तीहां पाणी घणुं छे तेथी निलफुलना जीव घणा छे ४. पृथ्वीकायना जीव सर्वथी थोडा

दक्षिण दिशे कारण के, दक्षिण दिशे ४ क्रोडिने ६ लाख भवनपतिना भवन छे तिहां पोलार घणी छे ने पृथ्व थोडी छे. तेथी उत्तर दिशे विशेषाहिया कारण के, भवनपतिना भवन थोडा छे ३ क्रोडि छाशठ लाख भवन छे तेथी पोलार थोडी छे ते माटे पृथ्वि घणी छे. तेथि पूर्व दिशे विशेषाहिया कारण के, भवन नथी पण चंद्रमा सूर्यना द्विप छे ते माटे पृथ्वी घणी छे. तेथी पश्चिम दिशे विशेषाहिया कारण के, गौतम द्विपछे ते माटे पृथ्वी घणी छे. एमज अपकाय, वनस्पतिकाय, त्रशकाय, बेइंद्रिय, तेइंद्रिय, चौउरिंद्रिय, तिर्यंचपंचेंद्रिय, ए ७ समुच्चय जीवनी परे जाणवा. तेउकाय, मनुष्य, सिद्ध, ए ३ सर्वथी थोडा कारण के, दक्षिण उत्तरे क्षेत्र नाहना छे. तेथी पूर्वदिशे संख्यातगुणा कारण के, क्षेत्र महोटा छे ते माटे, तेथी पश्चिम दिशे विशेषाहिया कारण के, पश्चिम दिशे अधो गाम विजय छे तिहां जीव घणा छे माटे. वाउकाय जीव सर्वथि थाडा पूर्व दिशे कारण के, भुमि घणि नकोर छे ते माटे. तेथी पश्चिम दिशे विशेषाहिया कारण के, विजय उंडी छे ते माटे. तेथी उत्तर दिशे विशेषाहिया कारण के, भवननी पोलार छे ते माटे. तेथी दक्षिण दिशे विशेषाहिया कारण के, भवन ने नरकावासा घणा छे तेथी पोलार घणि छे ते माटे वाउकाया घणा छे. नारकि सर्वथी थोडा पूर्व, पश्चिम, ने उत्तर दिशे कारण के, तिहां पुष्पाविकिर्ण नरकावासा थोडा छे अने ते वळी संख्याता जोजनना छे, ते माटे नारकी थोडा छे. तेथी दक्षिण दिशे असंख्यात गुणा कारण के, कृष्णपक्षि नारकी दक्षिण दीशना उपजनहार घणा छे ते माटे. ए समुच्चय नारकि आश्रि कह्युं एम प्रत्येक प्रत्येक नरके त्रण दिशना नारकि थोडा ते पूर्व पश्चिम ने उत्तरना. ते थकी दक्षिण दिशना असंख्यात गुणा अधिक छे. सातमी नरकना ३ दिशना

नारकि थकि दक्षिण दिशना नारकि असंख्यात गुणा, सातमी नारकना दक्षिण दिशना नारकि थकि छठि नरकना ३ दिशना नारकि असंख्यातगुणा, ते थकि छठोनरकना दक्षिणदिशना नारकि असंख्यात गुणा, एणि परे पहेलि नरक सुधि जाणवुं. भवनपति देवता सर्वथी थोडा पूर्व, पश्चिम दिशे. तेथि उत्तरदिशे असंख्यातगुणा अधिक कारण के, भवन घणा छे ते माटे, तेथी दक्षिण दिशे असंख्यात गुणा, भवन घणा छे ते माटे. वाणव्यंतर देवता सर्वथी थोडा पूर्व दिशे कारण के, भुमि घणी कठिन छे ते माटे, तेथी पश्चिम दिशे विशेषाहिया, व्यंतरना नगर घणा छे ते माटे, तेथी उत्तर दिशे विशेषाहिया, तेथी दक्षिण दिशे विशेषाहिया, तिहां कृष्णपक्षि घणा छे ते माटे. ज्योतिषी देवता सर्वथी थोडा पूर्व, पश्चिम दिशे कारण के, पूर्व पश्चिम दिशे चंद्रमा सूर्यना द्विपा छे तिहां ज्योतिषी थोडा रहे छे ते माटे. तेथी दक्षिण दिशे विशेषाहिया कारण के, दक्षिण दिशे कृष्णपक्षि घणा छे, तेथी उत्तर दिशे विशेषाहिया कारण के, उत्तर दिशे मानसरोवर छे तिहां मच्छादिक घणा छे ते मच्छने ज्योतिषिना विमान ढुंकडा देखिने जाति स्मरण ज्ञान उपजे तेथी व्रतादि अंगीकार करे ते नियाणुं करिने ज्योतिषीमां उपजे ते माटे ज्योतिषी उत्तर दिशे घणा. सुधर्म, इशान, सनंतकुमार, माहेंद्र, ए ४ देवलोकना देवता सर्वथी थोडा पूर्व पश्चिम दिशे कारण के, पूर्व पश्चिम दिशे आवलिका बंध विमान अल्प छे ते माटे, तेथी उत्तर दिशे असंख्यात गुणा कारण के, उत्तर दिशे पुष्पाविकीर्ण विमान घणा छे ते माटे, तेथी दक्षिण दिशे विशेषाहिया कारण के, दक्षिण दिशे कृष्णपक्षी देवता घणा छे ते माटे. पांचमा देवलोकथी मांडिने ८ मा देवलोक सुधीना देवता सर्वथी थोडा पूर्व, पश्चिम, ने उत्तर ए त्रण दिशना. तेथी

दक्षिण दिशाना असंख्यातगुणा कारणके, तिर्यंच पंचेंद्रिय प्रमुख घणा उपजे छे ते माटे. नवमा देवलोकथी मांडिने सर्वार्थसिद्ध विमान लगे ४ दिशे सरिखा जाणवा. कारण के, सर्व ठेकाणे मनुष्य उपजे छे ते माटे. इति दिशाणुवाइ समाप्तं.

# अथ श्री खंडा जोयणना बोल.

खंडा जोयणादि १० बोलनो विचार विचारीए छीए. जंबुद्विप १ लाख जोजननो लांबो ने पहोळो छे ते वाटलो तेलना पुडलाने आकारे छे. वाटलो रथना पइडाने आकारे छे. वाटलो कमलनी कर्णिकाने आकारे छे. वाटलो पूर्ण चंद्रमाने आकारे छे. तेनी परिधी ३ लाख १६ हजार २२७ जोजन ३ कोस १२८ धनुष ने साडातेर अंगुल झाझेरानी छे. हवे जंबुद्विप १० द्वारे करी वखाणे छे. गाथा

खंडा १, जोयण २, वासा ३, पव्वय ४, कुडाय ५ तिच्छ ६, सेढिओ ७. विजय ८, दह ९, सलिलाउ १०, पिंड एहोइ संघहणी ॥१॥

ए दश द्वार छे तेमां प्रथम खंडा द्वार कहे छे. जंबुद्विपना भरत सरिखा २९० खांडवा छे ते कहे छे भरतक्षेत्रनुं १ खांडवुं, चुल हिमवंत पर्वतना २ खांडवा, हेमवय क्षेत्रना ४ खांडवा, महा हिमवंत पर्वतना ८ खांडवा, हरिवास क्षेत्रना १६ खांडवा, निषढ पर्वतना ३२ खांडवा, महाविदेह क्षेत्रना ६४ खांडवा, निलवंत पर्वतना ३२ खांडवा, रमकवास क्षेत्रना १६ खांडवा, रूपि पर्वतना ८ खांडवा, एरणवय क्षेत्रना ४ खांडवा, शिखरि पर्वतना २ खांडवा, इरवत क्षेत्रनुं १ खांडवुं एवं सर्व मळीने विखंभ पहोलपणे दक्षिण उत्तरे

थइने भरत जेवडा पहोलपणे १९० खांडवा थाय. इति पहेलो खंडा द्वार समाप्तं.

हवे बिजो जोयणद्वार कहे छे.जोयण कहेता जंबुद्विपना चारे हांशे जोजन जोजनना खंड करिये तेवारे सातसें नेवुं क्रोडि छपन लाख चोराणुं हजार एकसो ने पचास चोरस थाय उपरे १ कोस पनरसें पनर धनूष वधे उपर ६० अंगुल वधे. इति बिजो जोयण द्वार समाप्तं.

हवे त्रीजो वासा द्वार कहे छे.वासा कहेता जंबुद्विपने बिषे ७ क्षेत्र ते भरत १ हेमवय २ हरिवास ३ महाविदेह ४ रमकवास ५ एरण-वय ६ इरवत ७ ए ७ क्षेत्र तथा एक महाविदेहना ४ भाग गणिये तो पूर्व महाविदेह पश्चिम महाविदेह ८ देवकुरु ९ उत्तरकुरु १० एवं ६ ने ४ भेळवतां १० क्षेत्र थाय. तेहनुं विखंभपणुं,बाहा,जीवा, धनुषपिठ ४.ए ४ कहेछे.भरतक्षेत्रना२भेद दक्षिण भरत, ने उत्तर भरत. दक्षिण भरतनुं विखंभपणुं २३८ जोजन ने ३ कळानुं, एहनी बाहा नथी. तेहनी जीवा ९७४८ जोजन ने १२ कळा. तेहनी धनुषपिठ ९७६६ जोजन ने १ कळा झाझेरि. हवे उत्तर भरतनुं विखंभपणुं २३८ जोजन ने ३ कळानुं तेहनी बाहा १८९२ जोजन ने साडीसात कळानी, तेहनी जीवा १४४७१ जोजन ने ६ कळा माठेरि. तेहनी धनुषपिठ १४५२८ जोजन ने ११ कळानी. एवं इरवत क्षेत्रनुं पण जाणवुं. २. हिमवय, हिरणवय, ए २ क्षेत्रनुं पहोलपणुं २१०५ जोजन ने ५कळानुं. तेहनी बाहा ६७५५ जोजन ने ३ कळा तेहनी जीवा ३७६७४ जोजन ने १६ कळा. तेहनी धनूषपिठ ३८७४० जोजन ने १० कळा. हरिवास, रमकवास ए २ क्षेत्रनुं विखंभपणुं ८४२१ जोजन ने १ कळा तेहनी बाहा १३३६१ जोजन ने ६ कळा तेहनी जीवा ७३९०१ जोजन ने१७कळा.तेहनी धनूषपिठ ८४०१६

जोजन ने ४ कळा, महाविदेह क्षेत्रनुं विखंभपणुं ३३६८४ जोजन ने ४ कळा, तेहनो बाहा ३३७६७ जोजन ने ७ कळा, तेहनी जीवा १ लाख जोजननी तेहनी धनूषपिठ १५८११३ जोजन ने १६ कळा झाझेरि.देवकुरु, उत्तरकुरु ए २ क्षेत्रनुं विखंभपणुं ११८४२ जोजन ने २ कलानुं, तेहनी बाहा नथी तेहनी जीवा ५३००० जोजननी तेहनी धनूषापठ ६०४१८ जोजन ने १२ कळा. इति त्रिजो वासा द्वार समाप्तं.

हवे चोथो पव्वय द्वार छे.पव्वय क०जंबुद्विपने विषे २६९ पर्वत छे.ते कहे छे–६ वर्षधर पर्वत, १ मेरु,१ चित्त,१ विचित्तो,१जमक, १ समक,२०० कंचनगिरि,४ गजदंता,१६ वखारा,३४ लांबा वैताढ, ४ वाटला वैताढ, एवं सर्व मळीने २६९ पर्वत छे. तेहनु उंचपणुं, उंडपणुं, विखंभपणुं, बाहा, जीवा, धनूषपिठ, कहे छे. चुलहिमवंत, ने शिखरि ए २ पर्वत सो सो जोजनना उंचा छे, अने पचीस पचीस जोजनना धरतीमां उंडा छे, तेमनुं पहोळपणुं १०५२ जोजन ने १२ कलानुं, तेमनी बाहा ५३५० जोजन ने १५ कळा, तेमनी जीवा २४९३२ जोजन ने अर्द्ध कळा माठेरी,तेमनी धनूषपिठ २५२३० जोजन ने ४ कळा. महाहिमवंत ने रुपि ए २ पर्वत बसे बसे जोजननां उंचा अने पचास पचास जोजनना धरतीमां उंडा छे, तेमनुं विखंभपणुं ४२१० जोजन ने १० कळानुं, तेमनी बाहा ९२७६ जोजन ने ९ कळा, तेमनी जीवा ५३९३१ जोजन ने ६ कळा झाझेरी,तेमनी धनूषपिठ ५७२९३ जोजन ने १० कळा, निषढ अने निलवंत ए २ पर्वत चारसो चारसो जोजनना उंचा छे, अने सो सो जोजनना धरतीमां उंडा छे, तेमनुं विखंभपणुं १६८४२ जोजन ने २ कळानुं,तेमनी बाहा २०१६५ जोजन ने २ कळा,तेमनी जीवा९४१५६

जोजन ने २ कळा, तेमनी धनूषपिठ १२४३४६ जोजन ने ९ कळा. ए ६ वर्षधर पर्वत थया. मेरु पर्वत एक लाख जोजननो छे ते १ हाजर जोजननो धरतीमांहि उंडो छे ते मांहि प्रथम २५० जोजन पृथ्वीमय छे, २५० जोजन पाषाणमय छे, २५० जोजन वज्र हीरा-मय छे, २५० जोजन शर्कर पृथ्वीमय छे, एवं १ हजार जोजननो उंडो छे ए प्रथम कांड. ते उपरे नवाणुं हजार जोजननो मेरु उंचो छे ते मांहि पोणा सोळ हाजर जोजन अंकःरत्नमय छे. पोणासोळ-हाजर जोजन स्फटिक रत्नमय छे. पोणासोलहजार जोजन पिळा सुवर्णमय छे. पोणासोलहजार जोजन रुपामय छे, ए ६३ हजार जोजननो बीजो कांड. ते उपरे त्रिजो कांड छत्रिश हजार जोजननो जांबुनद राता सुवर्णमय छे.एवं सर्व मळीने १ लाख जोजननो मेरुपर्वत छे. ते मूल १००९० जोजन ने एक जोजनना ११ भाग करिये तेहवा १० भागनो धरतीने मूळे पहोळो छे, दश हजार जोजननो धरतीए समभूतळे लांबो पहाळो छे, धरतीथकी इग्यार हजार जोजन उंचा जाइए तिहां नव हजार जोजननो लांबो ने पहोळो छे एम इग्यार इग्यार हजारे एकेक हजार घटाडतां शिखरे १ हजार जोजननो लांबो पहोळो छे तेहनी त्रिगुणि झाझेरि परिधि छे. मेरुने ४ वन छे, भद्रशाल वन, नंदन वन, सोमनस वन, ने पंडग वन. भद्रशाल वन ते मेरुने चारेकोर धरती उपरे छे. ते पूर्व पश्चिमे बाविश बाविश हजार जोजननुं लांबू छे, अने अढिसो अढिसो जोजननुं उत्तर दक्षिणे पहोळुं छे. तेहने एक पद्मवर वेदिका छे एक वनखंडे सघले चारे-बाजु विंटि छे, मेरुपर्वत थकी पूर्व दिशे ५० जोजन वनमां जाय तिहां सिद्धायतन छे. ते ५० जोजननुं लांबू ने २५ जोजननुं पहोळुं छे, अने ३६ जोजननुं उंचुं छे. अनेक स्तंभ छे. ते सिद्धायतनने

३ बारणा छे. पूर्वे, दक्षिणे, ने उत्तरे ए ३. तेहना दरवाजा आठ आठ जोजनना उंचा छे, ने ४ जोजनना पहोळा छे. ते सिद्धायतनना मध्य विभागने विषे एक मणिमय पिठिका छे, ते ८ जोजननी लांबी ने पहोली छे, ४ जोजननी जाडपणेछे सर्व रत्नमय छे ते उपरे१ देवछंदो कह्यो ते८जोजननो लांबो ने पहोळोछे अने८जोजननो झाझेरो उंचोछे. तिहां जिन प्रतिमा छे तेहनुं वर्णन अन्य स्थळेथी जाणवुं. जाव धुपना कडछा छे. एज प्रमाणे चारे दिशे ४ सिद्धायतन छे ते एमज जाणवा. चारे दिशे मेरु पर्वतथी ५० जोजन इशान खुणे वनमां जाय तिहांज ४ वावडिओ छे, मेरुथी ५० जोजन अग्नि खुणे वनमां जाय तिहां४ वावडिओ छे, मेरु थी ५० जोजन नैरुत खुणे वनमां जाय तिहां ४ वावडिओ छे, मेरु थी ५० जोजन वायव्य खुणे वनमां जाय तिहां ४ वावडिओछे. ते एकेकी वावडि५०जोजननी लांबी अने २५ जोजननी पहोळीछे. अने दश दश जोजननी उंडियोछे, ते मांहि चारे दिशे तोरण सहितछे ते वावडियोना नाम पद्मा, पद्म प्रभा, कुमुदा, कुमुद प्रभा, ए४ वावडियो मध्ये २ शक्रेंद्रना ने २ इशानेंद्रना महोल छे ते चारे पांचसो पांचसो जोजनना उंचा छे अने अढिसो जोजनना लांबा ने पहोळा छे, उंचा शिखर बंध जाणवां. भद्रशाल वनमां ८ कुट छे भद्रशाल वन थकी पांचसें जोजन मेरु उपर जइये तिहां नंदन वन आवे ते नंदन वन ५०० जोजन चक्रवाल विखंभपणे फरतो वाटलो वलयाने आकारे छे. ते मेरु पर्वतने ढुंकडुं छे. जिहां घणा देवता देवांगना हास्य रति खेले छे. तिहां पण ४ सिद्धायतन छे, १६ वावडिओ छे, ४ महोल छे, पूर्वनि परे ९ कुट छे. वलि नंदन वन थकी साडा बासठ हजार जोजन उंचा जइये तिहां सोमनस वन आवे ते ५०० जोजन चक्रवाल विखंभपणे फरतो वाटलो वलयाने आकारे छे.

मेरुने विंटि रह्यु छे. ४ सिद्धायतन छे. १६ वावडिओ छे, ४ महोल छे. तिहां थकी ३६ हजार जोजन मेरुने शिखरे जइये तिहां पंडग वन आवे ते ४९४ जोजन चक्रवाल विखंभपणे फरतो वाटलो वलयाने आकारे छे, मेरुनी चुलिकाने विंटि रह्यु छे. पंडग वन ने विषे १ चुलिका छे ते ४० जोजननि उंचि छे, १२ जोजननी मूळे पहोळी छे, अने ४ जोजननी मथाळे पहोळी छे, आठ जोजननी वचमां पहोळी छे, गायना पुंछने आकारे छे. सर्व वैरुलि रत्नमय छे. तेहने एक पद्मवर वेदिका छे उपर घणि समरमणिक भूमिका छे ते चुलिका उपरे १ सिद्धायतन छे ते १ कोशनुं लांबुं ने, अर्ध कोशनुं पहोळुं छे, अने देशेउणुं कोशनुं उंचुं छे. अनेक स्तंभा छे जाव धुपना कडछा छे. ते पंडग वनमां ४ सिद्धायतन छे. १६ वावडिओ छे ४ महोल छे ते पूर्वनि परे जाणवुं. पंडग वनमां ४ अभिषेक शिला छे तेहना नाम पंडुशिला, पंडुकंबलशिला, रक्त शिला, रक्त कंबल शिला. ए ४ शिला कहि ते अर्द्ध चंद्रमाने आकारे छे. पूर्व पश्चिमनि शिला उत्तर दक्षिणे पांचसो पांचसो जोजननी लांबि छे, अने पूर्व पश्चिमे अढिसो अढिसो जोजननी पहोळी छे. उत्तर दक्षिणनी शिला ते पूर्व पश्चिमे पांचसो पांचसो जोजननी लांबि छे, अने उत्तर दक्षिणे अढिसो जोजननी पहोळी छे, ४ जोजननी जाडपणे छे. सर्व कनकमय छे. ए ४ ने त्रण दिशे पगथिया छे. पूर्व पश्चिमनी शिला उपर बबे सिंहासन छे अने उत्तर दक्षिणनी शिला उपरे अकेकुं सिंहासन छे, ते पांचसो पांचसो धनूषना लांबा ने पहोळा छे अने २५० धनुषना उंचा छे. तिहां तिर्थंकर देवनो जन्म महोत्सव करे छे. जंबुद्विप मध्ये जघन्य २ तिर्थंकरनो ने उत्० ४ तिर्थंकरनो जन्म महोत्सव करे छे,

मेरुना १६ नाम कहे छे. मंदर, मेरु, मनोरम, सुदर्शन, स्वयंप्रभ, गिरिराज, रत्नोच्चय, तिलकोपम, लोकमध्य,लोकनाभि, रत्न सूर्यावर्त, सूर्यावरण, उत्तम, दिशादि, अवतंश, ए १६ नाम कह्या. हवे चित्त, विचित्त ए २ पर्वत देवकुरु क्षेत्रमां छे. निषढपर्वतथी उत्तरे ८३४ जोजन ने एक जोजनना ७भाग करिये तेवा४ भाग जइये तिहां सीतोदा नदीने पूर्व पश्चिमने कांठे छे. अने जमक समक नामना बे पर्वत उत्तरकुरु क्षेत्रमां छे, निलवंत पर्वत थकी दक्षिणे ८३४ जोजन ने १ जोजनना ७ भाग करिये तेहवा ४ भाग जइये तिहां सिता नदीने पूर्व पश्चिमने कांठेछे. चित्त,विचित्त,जमक ने समक ए ४ पर्वत छे ते १ हजार जोजनना उंचा छे अने अढिसो जोजनना धरती मांहि उंडा छे. एक हजार जोजनना मूळे लांबा पहोळा छे साडासातसें जोजनना वचमां लांबा पहोळा छे. उपरे पांचसो जोजनना लांबा पहोळा छे तेहनी त्रिगुणी झाझेरी परिधि छे. बसे कंचन गिरि पर्वत ते सिता सितोदा नदीनी वचे पांच पांच द्रह छे अने एकेक द्रह पासे एकेकि कोरे दश दश पर्वत छे, एम बिजा पासे पण दश दश पर्वत छे एवं १० द्रहने बंने कांठे मळीने विश विश पर्वत छे. ए दश ने कांठे बसे कंचनगिरि पर्वत थाय. ते सो सो जोजनना उंचा छे, पचीश पचीश जोजनना धरती मांहि उंडा छे, मूळे सो जोजनना लांबा ने पहोळा छे, वचे पोणोसो जोजनना लांबा ने पहोळा छे, उपरे पचास जोजनना लांबा ने पहोळा छे तेमनी त्रिगुणी झाझेरि परिघि छे.

हवे ४ गजदंता कहे छे. गंध मादन, मालवंत, विज्जुप्रभ, ने सोमनसप्रभ. तेमां निषढ थकि बे, ने निलवंत थकि बे, गजदंता निकळीने मेरु पासे चारे आविने अडकि रह्या छे. ते ३०२०९

जोजन ने ६ कळाना लांबा छे निषढ अने निलवंत ने अडतां चारसो चारसो जोजनना उंचा छे, अने सो सो जोजनना धरतीमां उंडा छे, अने पांचसो पांचसो जोजनना पहोळा छे. मेरु पासे जइये तिहां पांचसो पांचसो जोजनना उंचा छे, अने सवासो सवासो जोजनना धरती मांहि उंडा छे, घटता अंगुलने असंख्यातमे भागे पहोळा छे, ए हस्तिना दांतने आकारे छे.

सोल वखारा पर्वत कहे छे. चित्त १, विचित्त २, नलीन ३, एकसेल ४, त्रिकुट ५, वेसमण ६, अंजण ७, मायंजण ८, अंकावइ ९, पद्मावइ १०, आशिविष ११, सुहावह १२, चंदे १३, सूरे १४, नागे १५, देवे १६, एवं १६ ते १६५९२ जोजन ने २ कळाना लांबा छे, पांचसो पांचसो जोजनना पहोळा छे, निषढ निलवंत थकी निकळतां चारसो चारसो जोजनना उंचा छे, अने सो सो जोजनना धरतीमां उंडा छे. सिता सितोदा पासे पांचसो पांचसो जोजनना उंचा छे, अने सवासो जोजनना धरती मांहि उंडा छे, पांचसो पांचसो जोजनना पहोळा छे. वखारा पर्वत घोडाना खंधने आकारे छे. चोत्रिश लांबा वैताढ तेमां १ भरतनो वैताढ, १ इरवतनो वैताढ, अने ३२ विजयना ३२ एवं ३४ वैताढ ते पचीश पचीश जोजनना उंचा छे अने सवाछ जोजनना धरती मांहि उंडा छे, पचास पचास जोजनना पहोळा छे तेमनी बाहा ४८८ जोजन ने १६ कळा झाझेरी छे तेमनी जीवा १०७२० जोजन ने १२ कळानी. तेमनी धनुषपिठ १०७४३ जोजन ने १५ कळा. एकेके वैताढे बबे गुफा छे तमस गुफा अने खंड प्रपात गुफा. ए २ गुफाओ पचास पचास जोजननी लांबि अने १२ जोजननी पहोळि छे अने आठ जोजननी उंचि छे तेमांहि बबे नदी छे तेना नाम उमगजला ने निमगजला. एक विश जोजन

जइये तिहां उमगजला नदी आवे ते त्रण जोजनना पहोटमां छे ते मांहि हाथि घोडां बळद मनुष्यनुं कलेवर कचरो पडे तेने त्रिण वार भमाडि उछाळी नांखे ते कारणे उमगजला कहिये तिहांथी २ जोजन आघा जइये तिहां निमगजला नदी छे ते ३ जोजनना पहोटमां छे ते मांहि हाथि घोडा मनुष्य बलदनुं कलेवर अनेरुं पुद्गल पडे तेने त्रणवार भमाडिने हेठुं बेसाडे ते कारणे निमगजला कहिये. शेष ३२ दिर्घ वैताढ महा विदेह क्षेत्र मांहि छे ते पण ए सरिखा छे पण बाहा,जीवा,धनुषपिठ नथी पलंगने आकारे छे. हवे ४ वाटला वैताढ कहे छे. सदावइ, वियडावइ, गंधावइ, ने मालवंत. ए ४ वाटला वैताढ जुगलियाना क्षेत्रमां छे ते १ हजार जोजनना उंचा छे २५० जोजनना धरती मांहि उंडा छे मूळे १ हजार जोजनना लांबा ने पहोळा छे धानना कोठारने आकारे छे तेनी ३१६२ जोजन झाझेरानि परिधि छे श्वेत वर्ण छे. एवं सर्व मळीने २६९ पर्वत थया इति चोथो पर्वत द्वार समाप्तं.

हवे ५ मो कुट द्वार कहे छे. कुडाय क० जंबु द्विप मांहि ५२५ कुट छे ते मांहि ४६७ कुट पर्वत उपरे छे तेहनो विवरो कहे छे ३४ दिर्घ वैताढ, निषढ, निलवंत अने मेरु. एवं ३७ पर्वत अने विज्जुप्रभ, मालवंत, ए २ गजदंता ए ३९ पर्वत उपरे नव नव कुट छे. ३९ ने नवे गुणता ३५१ कुट थाय. चुलहिमवंत ने शिखरि ए २ पर्वत उपरे अग्यार अग्यार कुट छे एवं २२.महाहिमवंत ने रुपि ए २ पर्वत उपरे आठ आठ कुट छे एवं १६ कुट. सोल वखारा पर्वत उपरे चार चार कुट छे एवं ६४ कुट. सोमनस ने गंधमादन ए २ गजदंता उपरे सातसात कुट छे एवं १४ कुट. एवं सर्व मळीने ४६७ कुट पर्वत उपरना थया, अने शेष ५८ कुट भूमि उपरना छे ते कहे

छे ३४ ऋषभकुट ते १ भरतनो, १ इरवतनो, अने ३२ विजयना ३२, एवं ३४. अने भद्रशाल वनना ८, देवकुरुना ८, उत्तरकुरुना ८ एवं सर्व मळीने ५८ कुट भूमी उपरना थया एवं सर्व मळीने ५२५ कुट थया. इति ५ मो कुटद्वार समाप्तं.

हवे ६ ठो तिर्थद्वार कहे छे तिर्थ क० जंबुद्विप मध्ये १०२ तिर्थ छे ते केम? ३२ विजय, १ भरत, १ इरवत, एवं ३४ ठेकाणे छे एकेकामां त्रण त्रण तिर्थ छे मागध, वरदाम, प्रभास, ए ३ ते अग्नि खुणे, नैरुत्य खुणे, वायव्य खुणे, एवं ३४ तेरी १०२ तिर्थ थाय. इति छठो तिर्थद्वार समाप्तं.

हवे ७ मो श्रेणि द्वार कहेछे सेढिओ क० जंबुद्विपमांहि १३६ श्रेणियो छे ते वैताढ्य पर्वत उपरे दश दश जोजन उंचा चढिये तिहां १ दक्षिणे ने १ उत्तरे ए बे विद्याधरनि श्रेणियो छे, ते मांहि भरतना वैताढ उपरे गगन वलभादिक ५० नगर दक्षिगनी श्रेणिये छे, अने रथ चक्रवालादिक ६० नगर उत्तरनी श्रेणिये छे. एमज इरवतना वैताढ उपरे ६० नगर दक्षिणनी श्रेणिये छे, अने ५० नगर उत्तरनी श्रेणिये छे, महाविदेहना ३२ वैताढ उपरे दक्षिण उत्तरनी श्रेणीये पंचावन पंचावन नगर छे, सर्व मळीने ३७४० नगर विद्याधरनी श्रेणीये छे एवं ३४ दु ६८ विद्याधरनी श्रेणि छे. वळी विद्याधरनी श्रेणिथी १० जोजन उंचा चडिये तिहां आभियोगिया देवतानी २ श्रेणि आवे. १ दक्षिणे, ने १ उत्तरे एवं ३४ दु ६८ श्रेणी आभियोगिया देवतानी छे. एवं सर्व मळीने ६८ विद्याधरनी ने ६८ देवतानी एवं १३६ श्रेणीयो छे. इति ७ मो श्रेणि द्वार समाप्तं.

हवे ८ मो विजयद्वार कहे छे. विजय क० जंबुद्विप मांहि ३४ विजयरूप स्थानक छे तेना नाम. कछे १, सुकछे २, महाकछे ३,

कछगावइ ४, आवत्ता ५, मंगला ६, पुखला ७, पुखलावती ८ ए ८ विजय सिता महानदी ने उत्तर दिशे पूर्व महाविदेहने विषे श्री मेरु पर्वतथी मांडिने सिता मूख वन सुधि प्रथम खांडवुं जाणवुं. वछे ९, सुवछे १०, महावछे ११, वछगाइ १२, रमे १३, रमक १४, रमणिक १५, मंगलावइ १६, ए ८ विजय सिता नदीने दक्षिण पासे सिता मूख वनथी मांडिने मेरु सुधि मायंजण वखारा पर्वत सुधि बीजुं खाडवुं.जाणवुं. पद्मे १७,सुपद्मे १८,महापद्मे १९, पद्मगवाइ २०, संखे २१, कुमुदे २२, नलीणे २३, नलीणावती २४, ए ८ विजय सितोदा नदीने दक्षिणने कांठे विज्जु प्रभ गजदंत्ता पछि अंकावति वखारा पर्वतथि ते सितोदा मूख वन सुधि त्रीजुं खांडवुं जाणवुं. वप्पे २५, सुवप्पे २६, महावप्पे २७, वप्पगाइ,२८, वग्गु २९, सुवग्गु ३०, गंधिले ३१, गंधिलावइ ३२ ए ८ विजय ते सितोदा मुख वनथी मांडीने सितोदा नदीने कांठे देव वखारा पर्वत सुधि चोथुं खांडवुं जाणवुं. ए ३२ विजय महाविदेह क्षेत्रमां छे ते सघळी विजय १६५९२ जोजनने २ कळानी उत्तर दक्षिणे लांबी छे अने २२१३ जोजन माठेरानी पूर्वपश्चिमेपहोळी छे.ए प्रमाणे ३२ विजयनी ३२ अने एक भरतनी, एक इरवतनी एम ३४ राजधानी छे. ३४ तिमिसगुफा, ३४ खंड प्रपात गुफा, ३४ कृतमाल देवता, ३४ नटमाल देवता, ३४ रुषभकुट एटला वाना शास्वता छे. इति ८ मो विजयद्वार समाप्तं.

हवे ९ मो द्रहद्वार कहे छे द्रह क० जंबुद्विपमां १६ द्रह छे तेना नाम पद्मद्रह, महापद्मद्रह,पुंडरिकद्रह, महापुंडरिकद्रह, तिगिछद्रह, केशरिद्रह, ए ६ द्रह वृषधर पर्वतना. हवे ५ द्रह देवकुरुने विषे छे. निषढद्रह, देवकुरुद्रह, सूर्यद्रह, सुलसद्रह, विज्जुप्रभद्रह, ए पांच द्रह

देवकुरु क्षेत्रमां सितोदा नदीनी वचे छे. एमज उत्तरकुरु क्षेत्रने विषे सिता नदीने मध्य भागे ५ द्रह छे. तेना नाम निलवंतद्रह,उत्तरकुरु द्रह, चंद्रद्रह, एरावतद्रह, मालवंतद्रह, एवं १० ने ६ उपज्यों एवं १६ द्रह थया. हवे पद्म अने पुंडरिक द्रह ए २ द्रह १ हजार जोजनना लांबा अने ५०० जोजनना पहोळा छे, १० जोजनना धरती मांहि उंडा छे. ए प्रमाणेज देवकुरु उत्तरकुरुना १० द्रह जाणवा, एकेका द्रहमांहि १२०५०१२० कमळ छे सघळा रत्नमय छे पद्मद्रह मध्ये १ महोटुं कमळ छे ते श्रीदेवीनु छे,अने १०८ कमळ श्रीदेवीना भंडारना छे, ४ कमळ महत्तरिकाना छे, ७ कमळ अणिकाना छे १६ हजार कमळ आत्मरक्षक देवना छे, ४ हजार कमळ सामानिक देवना छे, ८ हजार कमळ मांहिली परिषद्ना छे, १० हजार कमळ वचलि पारषद्ना छे, १२ हजार कमळ बाहिरली परिषद्ना छे, तेने फरता ३ कोट कमळना छे. तेमां ३२ लाख कमळ पहेला कोटना छे. ४० लाख कमळ वचलाकोटना छे. ४८ लाख कमळ बाहिरला कोटना छे. एवं सर्व मळीने १२०५०१२० कमळ थया, ते मांहि महोटुं कमळ १ जोजननुं लांबुं ने पहोळु छे, अर्द्ध जोजननुं जाडुं छे,१० जोजननुं पाणि मांहि उडुं छे, बे गाउ पाणीथी उंचु छे. १० जोजन सर्वांगे झाझेरुं कहेलुं छे. ते कमळनुं वज्र रत्नमय मूल छे. रिष्ट रत्नमय कंदछे. वैरुलि रत्नमय निलवरणा बाहेरला पानडा छे. जांबुनंद राता रत्न ने सुवर्णमय मांहिला पानडाछे. तपाव्या सोनामय केशरी छे. नाना प्रकारना मणिमय ते उपरे पांखडियो छे. सोनानि कर्णिका छे, बे कोशनी कर्णिका लांबि ने पहोळी छे, एक कोशनो जाडपणे डोडो छे, ते उपरे घणुं रमणिक छे तेना मध्य देश भागे श्री देवीनुं घर छे ते १ कोशनुं लांबु ने अर्ध कोशनुं पहोळुं छे अने देशे उणुं

कोश उंचुं छे अनेक स्तंभा छे ओपाव्या सुवर्ण सरिखा सोभे छे ते जोवा योग्य छे. ते भुवनने ३ बारणा छे, पूर्वे, दक्षिणे, उत्तरे, ते बारणा ५०० धनुषना उंचा छे अढिसे धनुषना पहोळा छे ते भुवनमां एक मणि पिठिका छे ते ५०० धनुषनी लांबी ने पहोळी छे. २५० धनुषनी उंची छे, ते मणि पिठिका उपरे १ देवशय्या रहेवानो पलंग छे. हवे महापद्मद्रह, ने महापुंडरिकद्रह ए २ द्रह एकेको २ हजार जोजननो लांबो ने १ हजार जोजननो पहोळो छे अने १० जोजननो धरता मांहि उंडो छे. महापद्मद्रहमां ह्रींदेवी रहे छे. महा पुंडरिक द्रहमां बुद्धि देवी रहे छे. एहना कमळ श्रीदेवीनि परे जाणवा पण कमळनुं मान बमणुं जाणवुं ते मांहि महोटुं कमळ २ जोजननुं लांबु ने पहोळुं छे, अने १ जोजननुं जाडुं छे. हवे तिगिछ द्रह ने केशरि द्रह ए २ द्रह एकेको ४ हजार जोजननो लांबो ने बे हजार जोजननो पहोळो छे. १० जोजननी धरती मांहि उंडो छे तिगिछ द्रहमां धृति देवी रहे छे, केशरि द्रहमां कीर्त्ति देवी रहे छे, एहनुं महोटुं कमळ ४ जोजननुं लांबुं ने पहोळुं छे, अने २ जोजननुं जाडुंछे.कमळ श्रीदेविनी परे जाणवा. एम साळेद्रहना १२०५०१२० कमळने १६ गुणा करतां शाश्वता कमल १९२८०१९२० कमल थाय. अने ५ द्रह देवकुरुमां, ५ उत्तरकुरुमां ए १० द्रह धरती उपरे छे, तेहने नामे देवना नाम छे एक पल्यनुं आयुष छे, अने चुलहिमवंत पर्वत उपरे पद्मद्रह छे तिहां श्रीदेवीनो वास छे. शिखरी पर्वत उपरे पुंडरीक द्रह छे. तिहां लक्ष्मीदेवीनो वास छे.महाहिमवंत पर्वत उपरे महापद्मद्रह छे, तिहां ह्रिँदेवीनो वास छे. रुपि पर्वत उपरे महा पुंडरिकद्रहछे,तिहां बुद्धि देवीनो वासछे,निषढ पर्वत उपरे तिगिछद्रहछे, तिहां धृतिदेवीनो वास छे. निलवंत पर्वत उपरे केशरि द्रह छे, तिहां

कीर्ति देवीनो वास छे. ए ६ देवीओ भवनपतिनी जातिनी जाणवी. तेहनुं आयुष १ पल्यनुं छे. इति ९ मो द्रह द्वार समाप्तं.

हवे दशमो सलिला द्वार कहे छे. सलिलाओ क० जंबुद्विप मध्ये १४५६०९० नदियो छे ते मांहि पद्म द्रहने पूर्व दिशिने तोरणेथी गंगा नदी निकळी ५०० जोजन पूर्व साहमी गइ तिहां गंगा वर्तन कुट छे तिहां अफलाणी तिहांथी दक्षिण दिशे चालि ते ५२३ जोजन ने ३ कळा दक्षिण दिशे पर्वत उपरे गइ, तिहां महोटा घडाना मुखमांथी पाणी पडे तेम मोतिना हार सरिखुं महा मघरमच्छना मुखने आकारे प्रनालि जीभोकामांथी कांइक अधिक १०० जोजन उंचेथी पाणि पडे छे. ते जीभीका अर्द्ध जोजननी लांबी छे अने सवाछ जोजननी पहोळी छे. प्रनालि मघरमच्छना विकस्या मुखने संठाणे छे सर्व वज्रमय छे, आछी तेजवंत छे, ते मांहिथी पाणि पडे छे, तिहां १ महोटो गंगा प्रपात नामा कुंड छे, ते कुंड ६० जोजननो लांबो ने पहोळो छे. १० जोजननो उंडो छे, ते कुंडनी रुपामय उपकंठपालि छे, वज्रपाषाणमय तळुं छे, सुखे मांहि उत्तरिये, नाना मणिरत्ने करि कांठो बांध्यो छे, वज्रमय तळुं छे सुवर्णनो मध्य भाग छे, रुपानि वेलु छे. गंभिर शितळ जळ छे, अने ते कमळ पानडे छांयुं छे, घणा उत्पल कमल छे, कुमुद, नलीन, पुंडरिक, शतपत्र, सहस्त्रपत्र, कमळ घणा छे, गंगा कुंडने ३ बारणा छे, त्रण दिशे पगथीया छे, पूर्व दिशे, दक्षिण दिशे, पश्चिम दिशे. पगथीयानो वर्ण पाषाणना जेवो छे. तेहनो उपल्या भाग रिष्ट रत्नमयछे, वैरुलि रत्नमय स्तंभा छे, सोना रुपाना पाटिया छे, लोहिताक्ष रत्नमय खिला छे, वज्रमय सांधो जडि छे, मणिना आलंबन पकडवाने पगथिया आगळे प्रत्येक प्रत्येक तोरण छे. ते मणि सुवर्ण मुक्ता-

फल हारे करि शोभे छे. ते गंगा प्रपात कुंडनी वचे १ गंगा द्विप नामा द्विपो कह्यो ते ४ जोजननो लांबो ने पहोळो छे. बे कोश पाणि थकि उंचो छे. सर्व रत्नमय छे. गंगा द्विप उपरे घणुं रमणिक छे ते उपर १ गंगा देवीनुं भवन कह्युं ते १ कोशनुं लांबु ने अर्द्ध कोशनुं पहोळु छे अने देशे उणुं कोश उंचुं छे. अनेक स्तंभा छे. तेहनो वर्णव श्रीदेवीनि परे जाणवो. गंगानुं शास्वतुं नाम छे, ते गंगा प्रपात कुंडना दक्षिण दिशना बारणाथी गंगा नदी निकळीने उत्तर भरत मध्ये वहेति थकि ७ हजार नदी साथे खंड प्रपात गुफाने वैताढ पर्वतने हेठे थइने, दक्षिणार्द्ध भरत मांहि वहेति बिजी ७ हजार नदी भळति थकि सर्व १४ हजार नदीने परिवारे जगती ने भेदिने पूर्वना लवण समुद्र मांहि भळी. एमज सिंधु पण पश्चिम दिशे जाणवि. सलिलाउं क० जंबुद्विप मांहि १४५६०९० नदियो छे तेहनो विवरो कहे छे. गंगा, सिंधु, रत्ता, रतवइ, ए ४ नदीयो मूल थकि निकळता सवाछ जोजननी पहोळीओ अने अर्द्ध गाउनि उंडियो छे. छेहडे समुद्रमां भळतां साडीबासठ जोजननो पहोळि अने अढि जोजननि उंडि छे. एकेकिनो चौद चौद हजार नदियोनो परिवार जाणवो. सर्व मळीने १४ चोकुं ५६००० हजार नदियो थइ. हवे रोहिया, रोहितंसा ए २ नदि हेमवय क्षेत्रमां छे अने सुवर्ण कुला ने रुपकुला ए २ नदीयो हिरणवय क्षेत्रमां छे एवं ४ नदी निकलतां साडा बार जोजननी पहोळी अने १ गाउनी उंडि छे. छेडे समुद्रमां भळतां सवासो जोजननी पहोळी अने अढि जोजननी उंडि छे. एकेकिनो अठ्याविश अठ्याविश हजार नदीयोनो परिवार जाणवो. सर्व मळीने एक लाख ने १२ हजार नदीयो थइ. हवे हरिकंता, हरिसलिला, ए बे नदीयो हरिवास क्षेत्रमां छे, अने नरकंता, नारिकंता, ए २

नदीयो रमकवास क्षेत्रमां छे ए ४ नदीयो मूळे निकळतां पचीश पचीश जोजननी पहोळी छे अने २ गाउनी उंडी छे. छेडे समुद्रमां भळतां अढिसो अढिसो जोजननी पहोळी छे, अने पांच पांच जोजननी उंडी छे. एकेकि नदीनो परिवार छपन छपन हजार नदीयोनो जाणवो. एवं ४ थइने २ लाख ने २४ हजार नदीयो थइ. सिता, सीतोदा, ए २ नदीयो महाविदेह क्षेत्रमां छे. ते मूळे पचास पचास जोजननी पहोळी छे, चार चार गाउनी उंडी छे, छेडे समुद्रमां मळतां, पांचसो पांचसो जोजननी पहोळी छे, दश दश जोजननी उंडी छे. एकेकिनो पांच लाख ने बत्रिश हजारनो परिवार छे. एवं २ नो परिवार १० लाख ने ६४ हजार नदियोनो जाणवो. महा विदेह क्षेत्रनी १६ विजयमां गंगा ने सिंधु बब्बे छे एटले १६ दु बत्रिश थइ अने १६ विजयमां रत्ता, ने रत्तवइ बे छे ते पण १६ दु ३२ थइ एवं महाविदेह क्षेत्रमां ६४ नदीयो छे, ६४ नुं पहोळपणुं भरतनी गंगानी परे जाणवुं. ते एकेकिनो चौद चौद हजार नदीयोनो परिवार जाणवो. चोसठ ने १४ हजारे गुणतां ८ लाख ने ९६ हजार नदीयो थाय. अने देव कुरुनी ८४ हजार अने उत्तर कुरुनी ८४ हजार, एवं १ लाख ने ६८ हजार अने ८ लाख ने ९६ हजार मांहि भेळविए एटले १० लाख ने ६४ हजार थाय, एटलो परिवार सीता सीतोदानो जाणवो. अने शेष १२ नदीयोनो परिवार ३ लाख ने ९२ हजार एवं सर्व मळीने १४ लाख ५६ हजार नदीयो थाय. अने ९० महोटी नदीयो जाणवी. हवे १२ अंतर नदीयो महाविदेह क्षेत्रमां छे ते ८ विजयनुं १ खांडवुं ते मांहि ३ नदीयो, पूर्व महाविदेहने उत्तर ने खांडवे अने दक्षिणने खांडवे ३ ए ६. एमज पश्चिम महाविदेहने उत्तर खांडवे ३ अने दक्षिणने खांडवे ३

एवं १२ अंतर नदीयो छे, ते एकेकि सवासो सवासो जोजननी पहोळी छे अने अढि अढि जोजननी उंडी छे. १६५९२ जोजन ने २ कळानी लांबी छे. ते १२ अंतर नदीना नाम कहे छे. गाहावइ, दहावइ, पंकावइ, ततजला, मतजला, ऊमतजला, खिरोदा, सिंहसोया, अंतो वाहिणी, ऊमि मालिनी, फेणमालीनी, गंभीर मालिनी. एवं सर्व थइ महोटि नदीयो १४, ६४, १२, थइने ९० नदीयो थइ. एहनो परिवार सर्व नदीयोनो थइने, १४५६०९० नदीयो थाय. इति १० मो सलिला द्वार संक्षेपथी समाप्तं १० इति खंडाजोयण समाप्तं.

# अथ श्री योनी पदनो थोकडो.

श्री पन्नवणाजी सूत्र पद ९ मे योनीनो अधिकार चाल्यो छे. योनी त्रण प्रकारनी छे. शीतयोनी, उष्णयोनी, शीतोष्णयोनी, हवे तेनो विस्तार कहे छे-पहेली नरकथी त्रीजी नरक सुधी शीतयोनीया, चोथी नरके शीतयोनीया घणा, अने उष्णयोनीया थोडा, पांचमी नरके उष्णयोनीया घणा अने शीतयोनीया थोडा, छठी नरके उष्णयोनीया, सातमीनरके महाउष्णयोनीया. अग्निवर्जीने चारस्थावर, त्रण विग्लेन्द्रिय, समुच्चय तिर्यंच अने मनुष्यमां त्रण योनी पामे. तेउकायमां एक उष्णयोनी सन्नि तिर्यंच, संन्नि मनुष्य अने देवतामां योनी एक शीतोष्णनी. हवे तेनो अल्पबहुत्व कहे छे—सर्वथी थोडा शीतोष्णयोनीया, तेथी उष्णयोनीया असंख्यात गुणा, तेथी अयोनीया सिद्धभगवंत अनन्त गुणा. तेथी शीतयोनीया अनन्तगुणा. वळी योनी त्रण प्रकारे कही छे—सचेत, अचेत, ने मिश्र. नारकी अने देवतामां

योनी एक अचेत. पांच स्थावर, त्रण विग्लेंद्रिय समुच्चत तिर्यंच, अने समुच्चय मनुष्यमां योनी त्रण पामे छे. हवे संन्नी तिर्यंच अने संन्नी मनुष्यमां योनी एक मिश्र. हवे तेनो अल्पबहुत्व कहे छे. सर्वथी थोडा मिश्र योनीया अनंता गुणा. वळी योनी त्रण प्रकारनी-संवुडा, वियडा, ने संवुडावियडा. संवुडा कहेतां ढांकी, वियडा कहेतां उघाडी, संवुडा वियडा कहेतां कांइक ढांकी अने कांइक उघाडी. हवे पांच स्थावर, देवता अने नारकीमां योनी एक संवुडा, त्रण विग्लेन्द्रिय, समुच्चय तिर्यंच अने मनुष्यमां त्रण योनी पामे. संन्नी तिर्यंच अने संन्नी मनुष्यमां योनी एक संवुडावियडा. हवे तेनो अल्पबहुत्व कहे छे. सर्वथी थोडी संवुडावियडा, तेथी वियडा योनीया असंख्यातगुणा, तेथी अयोनीया अनन्तगुणा, तेथी संवुडा योनीया अनन्तगुणा. वळी योनी त्रण प्रकारनी छे. संखा कहेतां शंखने आकारे, कच्छा कहेतां काचबाने आकारे, वंशपत्ता कहेतां वांसना पांदडाने आकारे. चक्रवर्तिनी स्त्रीरत्ननी योनी शंखने आकारे ते योनीवाळी स्त्रीने संतान न थाय. ५४ सळाखा पुरुषनी मातानी योनी काचबाने आकारे होय, अने सर्व मनुष्यनी मातानी योनी वांसना पांदडांने आकारे होय. इति श्री योनी पदनो थोकडो संपूर्ण.

## अथ श्री तेर बोलनो थोकडो.

श्री पन्नवणा सूत्र पद पंदरमे तेर बोलनो विवरो छे ते कहे छे. श्री वीरभगवानने गौतम स्वामी वंदणा नमस्कार करीने एम पुछे छे के हे भगवान ! पहेले बोले-सो वर्षना जुग केटला ? संव-

च्छर केटला ? अयन केटला ? रुतु केटली ? मास केटला ? पक्ष केटला ? अठवाडीयां केटला ? दिन केटला? पहोर केटला? मुहूर्त केटलां ? घडी केटली ? अने श्वासोश्वास केटला ? उत्तर;-सो वरसना वीस जुग थाय, सो वरसना सो संवच्छर थाय, बसें अयन थाय. रुतु छसो थाय. महीना बारसें थाय, पक्ष चोवीसें थाय, अठवाडीयां अडतालीसें थाय, दिवस छत्रीस हजार थाय, पहोर बे लाख ने अठ्यासी हजार थाय, मुहूर्त दश लाख ने ऐंसी हजार थाय, घडी एकवीस लाख ने साठ हजार थाय, श्वासोश्वास चारसें ने सात क्रोड अडतालीस लाख चालीस हजार थाय.

बीजे बोले एक दिवस शुद्ध समकित सहित रागद्वेष रहित क्षमा दया सहित पोषो करे तो शुं फळ थाय ? उ०-सत्यावीसें सत्तोतेर क्रोड, सीत्तेर लाख, सित्तोतेर हजार सातसे सीत्तेर पल्योपम अनेएक पल्योपमना नव भाग करीए तेमांथी आठ भाग झाझेरानुं शुभ देवतानुं आउखुं बांधे.

त्रीजे बोले एक पहोरनो शुद्ध समकीत सहीत संवर करे तो तेनुं शुं फळ थाय ? उ०;-त्रणसें, छेंतालीस करोड, बावीस हजार, बसें ने बावीस पल्योपम अने एक पल्योपमना आठ भाग करीए तेमांथी सात भाग झाझेरानुं शुभ देवतानुं आउखुं बांधे.

चोथे बोले एक मुहूर्त शुद्ध समकीत सहीत सामायक करे तो तेनुं शुं फल थाय ? उ०;-बाणु करोड, ओगणसाठ लाख, पचीस हजार, नवसेंने पचीस पल्योपम अने एक पल्योपमना सात भाग करीए तेमांथी त्रण भाग झाझेरा शुभ देवतानुं आउखुं बांधे.

पांचमे बोले एक घडीनो संवर करे तो शुं फळ थाय ? उ०;-छेंतालीस करोड, ओगणत्रीस लाख, बारहजार नवसेंने सडसठ पल्योपम अने एक पलना छ भाग करीए तेमांथी चार भाग झाझेरा

शुभ देवतानुं आउखुं बांधे.

छठे बोले एक नवकारशी तप करे तो शुं फळ थाय ? उ०-ओगणत्रीश लाख त्रेसठ हजार बसें ने सडसठ पल्योपम अने एक पल्योना चोथो भाग शुभ देवतानुं आउखुं बांधे.

७ में अनुपूर्वी गणे तो शुं फळ थाय ? उ०-पांचसे सा० पाप नासे.

८ में बोले एक उणोदरी तप करे तो ? उ०-सो वरसना पाप नासे.

९ में उपवास करे तो ? उ० हजार वरसना नारकीना पाप नासे.

१० में छठ करे तो ? उ०-एक लाख वर्षना नारकीना पाप नासे.

११ में अठम करे तो ? उ०-१ करोड वर्षना नारकीना पाप नासे.

१२ में बोले चार तथा पांच उपवास करे तो ? उ० क्रोडान क्रोड वरसना नारकीना पाप नासे.

१३ में बोले एक घडीना श्वासोश्वाश केटला थाय ? उ०-एक हजार आठसें साडी बेतालीस थाय. बे घडीना श्वासोश्वास त्रण हजार सातसें ने तोंतेर थाय. एक दीवश रातना श्वासोश्वास एक लाख तेर हजार एकसो ने नेवुं थाय. पोरशीना श्वासोश्वास पंदर हजार ने बाणु थाय. पंदर दिवसना श्वासोश्वास सोल लाख सत्ताणु हजार आठसें ने पचास थाय. एक मासना श्वासोश्वास त्रीस लाख पंचाणुं हजार सातसें थाय. नव मासना श्वासोश्वास त्रण करोड चौद लाख दश हजार बसें ने पचीस थाय. एक वरसना श्वासोश्वास चार क्रोड सात लाख अडताळीस हजार चारसें थाय. सो वरसना श्वासोश्वास चारसें ने सात क्रोड अडतालीस लाख ने चालीस हजार चारसेंहजार थाय.

हवे श्वासोश्वास उपर सुख दुखनी वातो कहे छे. ब्रह्मदत्त चक्रवर्त्तिनु आउखु सातसें वरसनुं हतुं. तेना श्वासोश्वास अठावीसे ने बावन क्रोड आडत्रीस लाख एंसी हजार थाय. तेटला श्वासोश्वास पुरा

करीने सातमी नरके अपइठाण नरकावासे तेत्रीस सागरोपमनी स्थितिए गया. त्यां तेमणे मनुष्यना भवमां जे श्वासोश्वास लीधा तेमां अकेक श्वसोश्वास उपर नरकमां केटलुं दुःख पडे छे ते कहे छे, अगीआर लाख छपन हजार नवसें ने पचास पल्योपम अने एक पल्योपमनो त्रीजो भाग झाझेरो नरकमां दुःख भोगवे छे. हवे सुख आश्री कहे छे. धना अणगारे नवमास संजम पाल्यो तेना श्वासोश्वास त्रण करोड पचास लाख एकसठ हजार ने त्रणसें थाय. ते धन्ना-अणगारे एटला श्वासोश्वास संजम पाळी सर्वार्थसिद्धे सुख पाम्या. ते मनुष्यना एक श्वासोश्वास उपर एकसो ने सात क्रोड, सत्ताणु लाख छनुं हजार, नवसें अठाणु पल्योपम, अने एक पल्योपमनो छठो भाग माठेरा एटलुं सुख भोगवे. पुंडरीक अणगारे त्रण दिवस संजम पाळ्यो तेना श्वासोश्वास त्रण लाख, ओगणचालीस हजार पांचसेंने सित्तेर श्वासोश्वास लीधा. एक श्वासोश्वास उपर सर्वार्थसिद्धमां ते अणगार नवहजार सत्तावीश क्रोड, छोंतेर हजार क्रोड आठसें ने एकसठ पल्योपम अधिक एटलुं सुख देवमां भोगवे छे. एमज एटलुं कुंडरीक संसारमां जवाथी नर्कना दुःख भोगवे छे. इति श्री तेर बोलनो थोकडो संपूर्ण.

## ॥ अथ श्री छकायना भवनो थोकडो ॥

श्री गौतम स्वामि वीर भगवानने वंदणा नमस्कार करी पूछे छे के, हे भगवान ! छकायना जीव अंतर मुहूर्तमां केटला भव करे ? श्री वीरभगवान कहे के हे गौतम ! पृथ्वी, पाणी, अग्नि,

वायरो ए जघन्य एक भव करे, उत्कृष्टा बार हजार आठसेंचोवीस भव एक अंतर मुहूर्तमां करे. अने वनस्पतिना बे भेद ते प्रत्येक अने साधारण. हवे प्रत्येक जघन्य एकभव उत्कृष्टा बत्रीसहजार भव करे अने साधारण जघन्य एकभव अने उत्कृष्टा पांसठ हजार पांचसें छत्रीस भव करे. बेइंद्रिय जघन्य एक भव अने उत्कृष्टा ऐंसी भव करे. तेइंद्रिय जघन्य एकभव अने उत्कृष्टा साठभव करे. चौरेंद्रिय जघन्य एक भव अने उत्कृष्टा चालीसभव करे. असंज्ञी तिर्यंच जघन्य एकभव अने उत्कृष्टा चोवीस भव करे. संज्ञी तिर्यंच अने संज्ञी मनुष्य जघन्य अने उत्कृष्टो एकज भव करे इति श्री छकायना भवनो थोकडो संपूर्ण.

## ॥ अथ श्री छ लेश्यानो थोकडो. ॥

श्री उत्तराध्ययन सूत्र, अध्यन चोत्रीसमे छ लेश्यानो थोकडो चाल्यो छे तेमां प्रथम लेश्याना अगीयार द्वार कहे छेः—नाम, वर्ण, रस, गंध, स्पर्श, परीणाम, लक्षण, स्थानक, स्थिति, गति अने चवन, ए अगीयार नाम कह्यां, हवे तेनो विस्तार कहे छे.

प्रथम नामद्वार कहे छे-कृष्ण लेश्या, नील लेश्या, कापुत लेश्या, तेजु लेश्या, पद्म लेश्या, अने शुक्ल लेश्या.

बीजो वर्णनो द्वार कहे छे-कृष्ण लेश्यानो वर्ण जेवो पाणी सहित मेघ काळो, जेवां पाडानां शींगडां काळां, जेवां अरीठानां बीज, जेवुं गाडानुं खंजन, आंखनी कीकी ए करतां अनन्त गुणो काळो.

१. नील लेश्यानो वर्ण-जेवो अशोक वृक्ष नीलो, जेवी चासपक्षीनी

पांख, जेवुं वैडुर्यरत्न एथी अनन्त गुणो नील लेश्यानो नीलो वर्ण छे.

२. कापुत लेश्यानो वर्ण जेवां अळशीना फुल, जेवी कोयलनी पांख, जेवी पारेवानी डोक कांइक राती, कांइक काळी ए करतां अनन्तगुणो अधिक कापुत लेश्यानोवर्ण जाणवो.

३. तेजु लेश्यानो वर्ण जेवो उगतो सूर्य रातो, जेवी सुडानी चांच, जेवी दीवानी शीखा ए करतां अनन्त गुणो अधिक रातो.

४. पद्म लेश्यानो वर्ण–जेवो हडताळ, जेवी हळदर, जेवां शणनां फूल, ए करतां अनन्त गुणो अधिक पीळो.

५. शुक्ल लेश्यानो वर्ण–जेवो शंख, जेवुं अंक रत्न, जेवुं मोगरानुं फूल, जेवुं गायनुं दुध, जेवो रुपानो हार ए करतां अनन्त गुणो अधिक श्वेत.

६. त्रीजो लेश्याना रसनो द्वार कहे छे–कृष्ण लेश्यानो रस जेवो कडवो तुंबडो, जेवो कडवो लींबडानो रस, जेवो रोहीणी नामे वनस्पतिनो रस, एथी अनन्त गुणो अधिक कडवो रस. १. नील लेश्यानो रस–जेवो सूंठनो तीखो रस, जेवो पींपर–मरीनो रस, एथी अनन्त गुणो अधिक तिखो रस. २. कापुत लेश्यानो रस–जेवो कुणीकाची केरीनो रस, जेवां काचां कोठानो रस,एथी अनन्त गुणो अधिक खाटो रस. ३. तेजु लेश्यानो रस–जेवो पाका आंबानो रस, जेवो पाका कोठानो रस, एथी अनन्त गुणो कांइक खाटो ने कांइक मीठो रस. ४. पद्म लेश्यानो रस–जेवो वारुणीनो रस, जेवो आशप (सरखा) नो रस, जेवो मधुनो रस एथी अनन्त गुणो मधुरो रस. ५. शुक्ल लेश्यानो रस–जेवो खजुरनो रस, जेवो द्राक्षनो रस, जेवो दुधनो रस, जेवो साकरनो रस एथी अनन्त गुणो अधिक मीठो रस ६.

चोथो लेश्याना गंधनो द्वार कहे छे-जेवो गायना मडानो, कुतरानां मडामो, सर्पना मडानो एथी अनन्त गुणो अधिक अप्रसस्थ, प्रथम त्रण माठी लेस्यानो गंध जाणवो. १. जेवो कपुर, केवडो, प्रमुख सुगंधी पदार्थ वाटतां (घुंटतां) जेवी सुगंध नीकळे ते करतां अनन्त गुणो प्रसस्थ त्रण सारी लेश्यानो गंध जाणवो.

पांचमो लेश्याना स्पर्शनो द्वार कहे छे-जेवी करवतनी धार, जेवी गायनी जीभ, जेवुं मुंझनुं तथा वांसनुं पान, ते करतां अनन्त गुणो माठी अप्रसस्थ लेश्यानो स्पर्श जाणवो. १. जेवी बुर नामे वनस्पति, जेवुं माखण, जेवां सरसवनां फूल, जेवुं मखमल ए करतां अनन्त गुणो अधिक प्रसस्थ लेश्यानो स्पर्श सुंवाळो जाणवो. २.

छठो लेश्याना परिणामनो द्वार कहे छे-लेश्या त्रण प्रकारे प्रणमे-जघन्य, मध्यम, अने उत्कृष्ट. तथा नव प्रकारे प्रणमे ते उपर त्रण कही तेना अकेकना त्रण त्रण भेद थाय. जेमके, जघन्यनो जघन्य, जघन्यनो मध्यम, जघन्यनो उत्कृष्ट ए रीते दरेकना त्रण त्रण भेद करतां नव भेद थाय. एम नवना सत्तावीस भेद थाय, एम सत्तावीस ना एकाशी भेद थाय, एम एकाशीना बशे ने त्रेंतालीस भेद थाय, एटले भेदे लेश्या परिणमे.

सातमो लेश्यानां लक्षणनो द्वार तेमां प्रथम कृष्ण लेश्यानां लक्षण कहे छे-पांच आश्रवनो सेवनार, त्रण अगुप्तिवंत, छकाय जीवनो हींसक, आरंभनो तिव्र परिणामी तथा द्वेषी, पाप करवामां सहासिक, निठोर परिणामी, जीवहींसा शुग रहित करनार, अजीतेंद्री एवा जोगे करी सहित होय तेने कृष्ण लेष्यानुं लक्षण जाणवुं. नील लेश्यानां लक्षण कहेछे-इर्ष्यावंत, अमृखवंत, तप रहित, मायावी, पाप करतां लाजे नहीं, गृधी, धूतारो, प्रमादी, रसनो लोलुपी,

मायानो गवेष, आरंभनो अत्यागी, पापने विषे सहासीक, ए नील लेश्यानां लक्षण जाणवां. कापुत लेश्यानां लक्षण कहे छे-वांका बोलो वांकां काम करनार, माया करीने हरखाय, सरळपणा रहित, मोढे जुदो अने पुठे जुदो, भिथ्या खोटा वचननो बोलनार, चोरी मच्छरनो करनार, ए कापुत लेश्यानां लक्षण जाणवां. तेजु लेश्याना लक्षण कहे छे-मर्यादावंत, माया रहित, चपळपणा रहित, कुतोहळ रहित, विनयवंत, दमीतेंद्री, शुभ जोगवंत, उपध्यान तप सहित, द्रढ धर्मी, प्रिय धर्मी, पाप थकी बीहे, ए तेजुलेश्यानां लक्षण जाणवां. पद्म लेश्यानां लक्षण कहे छे-क्रोध, मान, माया, लोभ, पातळा कर्या छे. प्रशांत चित्त आत्मानो दमणहार, योग, उपध्यान सहित होय, थोडाबोलो, उपशांत, जीतेंद्रि, ए पद्म लेश्यानां लक्षण जाणवां. शुकल लेश्यानां लक्षण कहेछे-आर्तध्यान, रौद्रध्यानथी सर्वथा रहित, धर्म ध्यान, शुकल ध्यान सहित, दश प्रकारनी चित्त समाधिए करी सहित, आत्माना दमणहार,इत्यादिक शुकल लेश्यानां लक्षण जाणवां.

आठमो लेश्याना स्थानकनो द्वार कहे छे-असंख्याती उत्सर्पिणी अवसर्पिणीना जेटला समय थाय तथा असंख्याता लोकना जेटला आकाश प्रदेश थाय, एटलां लेश्यानां स्थानक जाणवां.

नवमो लेश्यानी स्थितिनो द्वार कहे छे-कृष्ण लेश्यानी स्थिति जघन्य अंतर्मुहूर्तनी, उत्कृष्टी ३३ सागरोपम ने अंतर्मुहुर्त अधिक; नील लेश्यानी स्थिति जघन्य अंतर्मुहूर्तनी, उत्कृष्टी दश सागरोपम ने पलनो असंख्यातमो भाग अधिक, कापुत लेस्यानी स्थिति जघन्य अंतर्मुहूर्तनी, उत्कृष्टी त्रण सागरोपम ने पलनो असंख्यातमो भाग अधिक; तेजु लेश्यानो स्थिति जघन्य अंतर्मुहूर्तनी, उत्कृष्टी बे सागर ने पलनो असंख्यातमो भाग अधिक; पद्म लेश्यानी

स्थिति जघन्य अंतर्मुहूर्तनी उत्कृष्टी दश सागरोपम ने अंतर्मुहूर्त अधिक, शुक्ल लेश्यानी स्थिति जघन्य अंतर्मुहूर्तनी, उत्कृष्टी ३३ सागरोपम ने अंतर्मुहूर्त अधिक. ए समुच्चय लेश्यानी स्थिति कही, हवे चार गतिनी लेश्यानी स्थिति कहे छे. प्रथम नारकीनी लेश्यानी स्थिति कहे छे-कापुत लेश्यानी स्थिति जघन्य दश हजार वर्षनी, उत्कृष्टा त्रण सागरापम ने पलनो असंख्यातमो भाग, नील लेश्यानी स्थिति जघन्य त्रण सागर ने पलनो असंख्यातमो भाग, उत्कृष्टी दश सागर ने पलनो असंख्यातमो भाग, कृष्ण लेश्यानी स्थिति जघन्य दश सागर ने पलनो असंख्यातमो भाग, उत्कृष्टि तेत्रीस सागर ने अंतर्मुहूर्त अधिक ए नारकीनी लेश्या कही. हवे मनुष्य तीर्यंचनी लेस्यानी स्थिति कहे छे-पहेली पांच लेश्यानी स्थिति जघन्य उत्कृष्टी अंतर्मुहूर्त्तनी, शुकल लेस्यानी स्थिति केवळी आश्री जघन्य अंतर्मुहूर्तनी, उत्कृष्टी नव वर्ष उणी पूर्व क्रोडनी. हवे देवतानी लेस्यानी स्थिति कहे छे-भवनपति, वाणव्यंतर ए बेमां कृष्णलेस्यानी स्थिति जघन्य दश हजार वर्षनी, उत्कृष्टी पलना असंख्यातमा भागनी, नील लेस्यानी स्थिति जघन्य कृष्ण लेस्यानी उत्कृष्टी स्थितिथी एक समय अधिक ने उत्कृष्टी पलनो असंख्यातमो भाग, कापुत लेस्यानी स्थिति जघन्य नील लेस्यानी उत्कृष्टी स्थितिथी एक समय अधिक, उत्कृष्टी पलना असंख्यातमा भागनी, तेजुलेस्यानी स्थिति जघन्य दश हजार वर्षनी, भवनपति वाणव्यंतरनी उत्कृष्टी बे सागर ने पलनो असंख्यातमो भाग अधिक, वैमानिक देवनी पद्म लेस्यानी स्थिति जघन्य तेजुलेस्यानी उत्कृष्टी स्थितिथी एक समय अधिक, वैमानिकनी उत्कृष्टी दश सागर ने अंतर्मुहूर्त अधिक, वैमानिकनी शुक्ल लेस्यानी स्थिति जघन्य पद्म

लेस्यानी उत्कृष्टी ।स्थतिथी एक समय अधिक, उत्कृष्टि तेत्रीस सागर उपर अंतर्मुहूर्त अधिक.

दशमो लेश्यानी गतिनो द्वार कहे छे–कृष्ण, नील, कापुत ए त्रण अप्रसस्थ अधम लेश्या तेणे करी जीव दुर्गति जाय. तेजु, पद्म, शुक्ल ए त्रण धर्म लेश्या, तेणे करीने जीव सुगतिए जाय.

अगीआरमो लेश्याना चवननो द्वार कहे छे–सघळी लेश्या प्रथम प्रणमती वखते कोइ जीवने उपजवुं के चववुं नथी तथा लेस्याना छेल्ला समये कोइ जीवने उपजवुं के चववुं नथी परभवने विषे केम चवे ते कहे छे–लेस्या परभवनी आवी थकी अंतर्मुहूर्त गया पछी शेष अंतर्मुहूर्त आउखा आडा रहे थके जीव परलोकने विषे जाय. इति श्री लेस्यानो थोकडो संपूर्ण.

# अथ श्री चार कषायनो थोकडो.

श्री पन्नवणाजी सूत्र पद चौदमे कषायनो वर्णन चाल्यो छे. कषाय १६ प्रकारे कही छे–१. पोताने माटे, २. परने माटे, ३. तदुभया कहेतां बन्ने माटे, ४. खेत कहेतां उघाडी जमीनने माटे ५. वथ्थु कहेतां ढांकी जमीनने माटे, ६. शरीर माटे, ७. उपधिने माटे, ८ निरर्थकपणे, ९. जाणतां, १०. अजाणतां, ११. उपशांतपणे, १२. अणुपशांतपणे, १३. अनंतानुबंधी क्रोध, १४. अप्रत्याख्यानी क्रोध, १५. प्रत्याखानी क्रोध, १६. संजलनो क्रोध, एवं १६. ते १६ समुच्चय जीवआश्री अने चोवीश दंडक आश्री एम २५ ने सोळे गुणतां ४०० थाय. हवे कषायना दळीआ कहे

छे—चणीआ, उपचणीआ, बांध्या, वेदया, उदीरीया, निर्जर्या एवं छ. ते भूतकाळ, वर्तमानकाळ, अने भविष्यकाळ आश्री एम ६ ने त्रणे गुणतां १८ थाय. ते एक जीव आश्री अने १८ बहु जीव आश्री एवं ३६ थाय ते समुच्चय जीव आश्री, अने चोवीश दंडक आश्री, एम ३६ ने २५ से गुणतां ९०० थाय. अने ४०० उपर कह्या ते मळी कुल १३०० क्रोधना, १३०० मानना, १३०० मायाना अने १३०० लोभना, एवं सर्व मळी ५२०० थाय. इति कषायनो थोकडो संपूर्ण.

## अथ श्री संजयाना बोल.

गाथा ॥ पन्नवणा,१ वेय २ रागे ३, कप्प ४ चरित ५ पडिसेवणा ६ नाणे ७; तिच्छेय ८ लिंगे ९ शरीरे १०, खेत ११ काल १२ गइ १३ संजम १४ निकासे १५ ॥१॥ जोगु १६ वउगे १७ कसाए १८, लेशा १९ परिणाम २० बंध २१ वेदेय २२; कम्मोदीरणा २३ उवसंपजहणा २४, सन्नाय २५ चआहारे २६ ॥२॥ भव २७ आगरिसे २८ कालं २९ तरेय ३०, समुघाय ३१ खेत ३२ फुसणाय ३३; भावेय ३४ परिमाणे ३५ खलु, अपाबहुच्च ३६ संजयाणं ॥३॥ इति गाथा त्रण संपूर्ण.

उपली त्रण गाथानो अर्थ विस्तारी कहे छे.

१ पन० सामायक चारित्रना बे भेद एक थोडा काळनुं ते प्रथम जिनेश्वरने तथा चर्म जिनेश्वरने वारे. बीजुं घणा काळनुं ते बावीस जिनने वारे तथा महा विदेह क्षेत्रे १. छेदोपस्थानीयना बे प्रकार, एक अतिचार सहित ने पंच महाव्रत आरोपीए बीजुं

अतिचार रहित ने पंच महाव्रत आरोपीए २. परिहार विशुद्ध चारित्रना बे प्रकार, एक तप करवा पेठो. बीजो परिहार विशुद्ध चारित्र सेवीने नोकल्यो ते ३. सुक्षम संपराय चारित्रना बेप्रकार, एक उपसम श्रेणीथी पडतो, बीजो क्षपक श्रेणीए चडतो ४. यथाख्यात चारित्रना बे प्रकार एक छदमस्थ, बीजो केवळीनो ५.

२ सामायक, छेदोपस्थानीय, सवेदी ने अवेदी बे. जो अवेदी होय तो? उपशम वेदीने, क्षीणवेदि होय. अने सवेदी होय तो ? त्रणे वेदमां होय. अने परिहार विशुद्ध सवेदी होय पण अवेदी न होय. सवेदी होय तो पुरुष, पुरुष नपुंसक ए बे वेदमां होय. सुक्ष्म संपराय, अने जथाख्यात ए अवेदीहोय. उपसमनेक्षीणवेदीहोय.

३ आगला ४ चारित्र सरागी, अने जथाख्यात वीतरागी ते उपसम ने क्षीणरागी होय.

४ स्थिती कल्प, अस्थिति कल्प, जिनकल्प, स्थिवर कल्प अने कल्पातीत, तेमां स्थिती कल्पमां ५ चारित्र लाभे अस्थिति कल्पमां ३ चारित्र लाभे सामायक, सुक्ष्म संपराय, जथाख्यात ए३लाभे जिनकल्प अने स्थिवर कल्प ए२मां आगल्या ३चा०लाभे कल्पातीतमां ३ चारित्र लाभे सा०, सु०, जथाख्यात ए ३ लाभे

५ पुलाक १, बकुस २, प्रति सेवणा ३, कषाय कुसील ४, निर्गंथ ५, स्नातक ६, तेमां पुलाक बकुस, प्रति सेवणा, ए ३ मा बे चारित्र लाभे, सामा०, छेदो०. ए बे चारित्र लाभे कषाय कुक्षीलमां आगल्या ४चारित्र लाभे निर्गंथमां ने स्नातकमां एक जथाख्यात चारित्र लाभे.

६ हवे प्रतिसेवणा द्वार कहे छे प्रतिसेवीमां आगल्या २ चारित्र लाभे. तेमां पण मूल गुण उत्तर गुण प्रतिसेवीमां बे आगल्या चारित्र लाभे अने अप्रतिसेवीमां तो ५ चारित्र लाभे.

७ हवे ज्ञानद्वार कहे छे, आगल्या ४ चारित्रमां २ ज्ञान, ३ज्ञान के ४ज्ञान लाभे.जथाख्यातमां ज्ञान ५ भजना, अज्ञान एके चारित्रमां लाभे नही. हवे केटलुं भणे सामा० छेदो०, सूक्ष्म०, जथाख्यात, ए ४ चारित्र जघन्य ८ प्रवचनमाता भणे, उत्० १४ पूर्व पुरा भणे. परिहार विशुद्ध नवमा पूर्वनी त्रिजि आचार वत्थु भणे उ० देशे उणा १० पूर्व भणे.

८ हवे तीर्थद्वार कहे छे. तीर्थमां पांच चारित्र लाभे. अतीर्थमां ३ चारित्र लाभे ते सामा० सुक्ष्मसंपराय, जथाख्यात. तिर्थंकर, प्रत्येक बूधमां पण एज ३ चारित्र लाभे.

९ हवे लिंगद्वार कहे छे. द्रव्यलिंग आश्री सलिंगमां ५ चारित्र लाभे. अन्यलिंग गृहलिंगमां परिहार विशुद्ध वरजीने ४ चारित्र लाभे. भावलिंग आश्री सलिंगमां ५ चारित्र लाभे. अन्यलिंग गृहलिंगमां एके चारित्र लाभे नही.

१० हवे शरीरद्वार कहे छे सामा०, छेदो०, ए २ मां ३ शरीर, ४ शरीर तथा ५ शरीर पण लाभे. पाछला ३ चारित्रमां ३ शरीरलाभे ते उदारिक, तेजस ने कार्मण.

११ हवे क्षेत्रद्वार कहे छे. कर्मभुमीमां जन्म छत आश्री ५ चारित्र लाभे, अकर्म भुमीमां एके चारित्र न लाभे. साहारणआश्री कर्मभुमीमां, अकर्म भुमीमां परीहारविशुद्धवरजीने४चारित्रलाभे.

१२ हवे कालद्वार कहेछे अवसर्पिणी, उत्सर्पिणी ए २ मां ५ चारित्र लाभे. नोअवसर्पिणी नोउत्सर्पिणीमां छेदोप०, परिहार०,एबेवरजीने३चारित्रलाभे.

तेमां अवसर्पिणी काळमां जन्म आश्री १, २, आरामां एके चारित्र न लाभे ३, ४, आरामां ५चारित्र लाभे, पांचमां आरामां २चारित्र लाभे सामा० ने छेदो०. छठे आरे एके न लाभे. हवे छत

आश्री १, २, आरामां एके चारित्र न लाभे. ३, ४, ५, आरामां ५ चारित्र लाभे. छठा आरामां एके चारित्र लाभे नही.साहारण आश्री परिहार विशुद्ध वरजीने ४चारित्रलाभे.हवे चढता काळमां जन्म आश्री पेले आरे एके चारित्र न लाभे. २, ३, ४, आरामां ५ चारित्र लाभे. ५, ६, आरामां एके चारित्र लाभे नही. हवे छत आश्री १, २, आरामां एके चारित्र न लाभे. ३, ४, आरामां ५ चारित्र लाभे. ५, ६, आरामां एके चारित्र न लाभे.हवे साहारण आश्रो परिहारविशुद्धवरजीने ४चारित्र लाभे नोउत्सर्पिणी नोअवसर्पिणीमां जन्म छत आश्री ६ जुगलीयाना क्षेत्रमां एके चारित्र न लाभे. पंचमहाविदेह क्षेत्रमां छेदो०, परिहार विशुद्ध वरजीने ३ चारित्र लाभे. हवे साहारण आश्री परिहार विशुद्ध वरजीने ६ अकर्म भूमि ने १ महाविदेह एवं ७ क्षेत्रमां ४ चारित्र लाभे.

१३ हवे गतिद्वार कहे छे. नरक, तिर्यंच, ने मनुष्य ए ३ गतिमां न जाय. १ देव गतिमां जाय. तेमां सामा० छेदो० ए २ आराधक आश्री जघन्य पहेले देवलोके उत्० अनुत्तर विमाने जाय. परिहार विशुद्ध जघन्य पहेले देवलोके जाय अने उत्० आठमे देवलोके जाय. सुक्ष्म संपराय, जथाख्यात ए २ ज० उ० अनुत्तर विमाने जाय, अने जथाख्यातवाळो मोक्ष पण जाय. हवे आराधक पांच पदवी पामे. ईंद्रनी, सामानीकनी,त्राय त्रिंसकनी,लोकपाळनी,नेअहमेंद्रनी पदवी पामे. तेमां सामा० ने छेदो०ए२पांचपदवीपामे.परिहार विशुद्ध १ अहमेंद्रनी वरजीने ४ पदवी पामे सूक्ष्म संपरायने जथाख्यात ए बे १ अहमेंद्रनी पदवी पामे. हवे विराधक आश्री पांचे चारित्रवाळा ज०, भवनपतीमां जाय, उ० पेहेले देवलोके जाय, पदवी पांच मांहेली एके न पामे.

हवे स्थिति कहे छे आवता भव आश्री आगल्या२चारित्रनीज०बे पल्यनी, उ० ३३ सागरनी. परिहार विशुद्धनी ज० बे पल्यनी उ० १८ सागरनी, सूक्ष्म संपराय जथाख्यात ए २ चारित्रनी जघन्य० उत्कृष्टी ३३ सागरनी.

१४ हवे संजमठाण द्वार कहे छे आगल्या ३ चारित्रना असंख्याता स्थानक, सूक्ष्म संपरायना असंख्याता स्थानक, अंतर्मु० काळ प्रमाणे समय २ प्रते चारित्रनी विशुद्धिना विशेष भाववथी ते असंख्य थाय अने जथाख्यातनुं एकज स्थानक. हवे अल्प बहुत्व सर्वथी थोडा जथाख्यातना स्थानक, तेथी सूक्ष्म संपरायना असंख्यात गुणा, तेथी परिहार विशुद्धना असंख्यात गुणा, तेथी सामा० ने छेदोप० मांहोमांहि तुल्य नेअसंख्यातगुणा.

१५ हवे निकास द्वार कहे छे पांचे चारित्रना अनंतापर्यव जाणवा सामायक, छेदोप०, ने परिहार विशुद्ध ३ साथे छठाण वडियो. उपल्या २ थी अनंत गुणहीण. छेदोपस्था० सामायक०, छेदो० परिहार विशुद्ध साथे छठाण वडियो, उपल्या २ थी अनंत गुण हीण. हवे परिहार विशुद्ध सामा०, अने छेदोप० परिहार विशुद्ध साथे छठाण वडियो,उपला २ थी अनंत गुण हीण. हवे सुक्ष्म संपराय सामायक छेदोप० परिहार विशुद्धथी अनंत गुण अधिक पण नो तुल्य० सूक्ष्म संपराय सूक्ष्म संपराय साथे छठाणवडीयो, जो हिणो होय तो अनंत गुणहीणो, जो अधिको होय तो अनंत गुण अधिक, अने तुल्य पण होय अने जथाख्यातथी अनंतगुण हीण.जथाख्यात आगल्या४थी अनंत गुण अधिक.जथाख्यात जथाख्यात साथे तुल्य. हवे अल्प बहुत्व सर्वथी थोडा सामायक छेदोपस्थापनीकना ज० पर्यव मांहोमांहि तुल्य, तेथी परिहार विशुद्धना ज० पर्यव अनंतगुणा, तेथी

परिहार विशुद्धना, उ० पर्यव अनंतगुणा, तेथी सामायक छेदोपस्थापनियना उत्० पर्यव अनंत गुणा अने मांहोमांहि तुल्य, तेथी सूक्ष्म संपरायना ज० पर्यव अनंतगुणा, तेथी सूक्ष्म संपरायना उ० पर्यव अनंतगुणा, तेथी जथाख्यातना ज० उ० पर्यव अनंत गुणा ने मांहोमांहि तुल्य.

१६ हवे जोग द्वार कहे छे. पांचे चारित्र सजोगीमां ते मन जोग, वचन जोग, काय जोग ए ३ मां आगल्या चारित्र ४ लाभे अने अजोगीमां एक जथाख्यात लाभे.

१७ हवे उपयोग द्वार कहे छे सागार उपयोगमां पांचे चारित्र लाभे. अणगार उपयोगमां सूक्ष्म संपराय वरजीने ४ चारित्र लाभे.

१८ हवे कषाय द्वार कहे छे. आगल्या ४ चारित्र सकसाई, एक छेहलो अकसाई. आगल्या ३ चारित्रमां संजलनो क्रोध, मान, माया, लोभ, ए ४ लाभे अने सूक्ष्मसंपरायमां १ संजलनो लोभ लाभे. जथाख्यात उपसम ने क्षिणकसाई होय.

१९ हवे लेश्या द्वार कहे छे. सलेशीमां पांचे चारित्र लाभे. अलेशीमां एक छेलो. सामा०, छेदोपस्थापनीयमां लेश्या६लाभे. परिहार विशुद्धमां पाछली ३ लेश्या लाभे. उपल्या २ मां १ सुक्ल लेश्या लाभे.

२० हवे परिणाम द्वार कहे छे. वर्द्धमान परिणाममां पांचे चारित्रलाभे. हायमान परिणाममां आगल्या ४ चारित्र लाभे. अवस्थित परिणाममां सुक्ष्म संपराय वरजीने ४ चारित्र लाभे. तेमां आगल्या ४ नी जघन्य वृद्धि १ समो उत्० अंतर्मुहू०. अने जथाख्यातनी ज०उ० वृद्धि अंतर्मु०. हवे हायमानमां आगल्या ४ नी ज० १ समो उ० अंतर्मु०. हवे अवस्थितमां आगल्या ३ नी ज० १ समो उ०७ सम०. जथाख्यातनी ज० १ समो उत्कृष्टी देशे

उणा पूर्व क्रोडनी.

२१ हवे बंध द्वार कहे छे. आगल्या ३ चारित्र ७कर्म तथा ८कर्म बांधे. ७ बांधे तो आउखुं वर्जिने. सुक्ष्म संपराय ६कर्म बांधे आउखुं मोहनीवरजीने. जथाख्यात एक सातावेदनीय बांधे अथवा अबंध पण होय.

२२ वेद द्वार कहे छे. आगल्या ४ चारित्र आठे कर्म वेदे अने जथाख्यात सात कर्म वेदे मोहनीय वरजीने. तथा ४ वेदे तो वेदनी, आयु, नाम,गोत्र०ए ४

२३ हवे उदीरणाद्वार कहे छे.आगल्या ३चारित्र आठकर्मनी उदीरणा करे ७ नी करे तो आउखु वरजीने ६ नी करे तो वेदनी वरजीने. सुक्ष्म संपराय ६ कर्मनी उदीरणा करे, आउखु मोहनी वरजीने ५ नी करे तो आउखुं मोहनी वेदनी वर्जिने. जथाख्यात ५नी उदीरणा करे तथा २ नी करे तो नाम गोत्र, ए२नी उदीरणा करे.

२४ हवे उवसंपजहणाद्वार कहे छे. सामायक चारित्रवाळो चडे तो, छेदो० सुक्ष्म संपरायपणुं पामे अने पडे तो असंजति० ने श्रावकपणुं पामे. छेदो० चडे तो परिहार० सुक्ष्मपणुं पामे, पडे तो सामा० असंजती०नेश्रावकपणुं पामे. परिहा० चडे नही पडे तो छेदो० असंजतीपणुं पामे. सुक्ष्म संप० चडे तो जथाख्यात पणुं पामे, पडे तो सामा०छेदो असंजमपणुं पामे.जथाख्यात चडे तो मोक्षमां जाय, पडे तो सुक्ष्म० असंजमपणुं पामे.

२५ हवे सन्नाद्वार कहे छे. सनावउतामांआगल्या ३चारित्र लाभे. नोसनावउतामांपांचेचारित्रलाभे.

२६ आहारद्वार कहेछे. पांचे चारित्र आहारकमां लाभे. एक जथाख्यात अणाहारकमां पणहोय.

२७ हवे भवद्वार कहे छे. सामा० छेदो० ज० १ भव, उत्कृष्टा ८भव करे.बाकी ३चारित्रवाळा ज० १ भव, उ०३ भव करे.

२८ हवे आकर्षद्वार कहेछे. एक भव आश्री सामायक० जघन्य १ वार आवे उत्० प्रत्ये कसें (९००) वार आवे. छेदो० ज० १ उत्० वीसपहुत्त १२०. परिहार०ज० १ उत्० ३, सुक्ष्म० ज० १ उ० ४, जथाख्यात ज० १ उ० २, हवे घणा भव आश्री सामा० ज० २ वार आवे उ० प्रत्येक हजारवार आवे. छेदो० ज० २ उत्० ९६०. परिहा० ज० २ उ० ७. सुक्ष्म० ज० २, उ० ९. जथाख्यात ज० २, उ० ५.

२९ हवे स्थितीद्वार कहेछे एक वचन आश्री सामा० छेदो० ज० १ समय उ० देशे उणी पूर्व क्रोडनी. परिहा० ज० १ समो, उ० २९ वरस उणी पूर्व क्रोड. सुक्ष्म० ज० १ समो, उ० अंतर्मु० जथाख्यात ज० १ समो, उ० देशे उणी पूर्व क्रोड, घणा भव आश्री. सामायकनी ज० उ० सर्व काळ. छेदोप० ज० २५० वरस उ० ५० लाख क्रोड सागर. परिहा० ज० २०० वरस, उ० देशे उणी २ पूर्वक्रोड. सुक्ष्म० ज० १ समो, उ० अंतर्मु० जथाख्यात ज० उ० सर्वेकाळ.

३० हवे अंतरद्वार कहे छे. एक वचन आश्री पांचे चारित्रनुं ज० अंतर्मु० उ० अर्द्ध पुद्गल देशे उणुं आंतरुं पडे, बहुवचन आश्री सामा० ज० उ० अंतर नथी. छेदो० ज० ६३००० वर्ष, उ० १८ क्रोडा क्रोड सागरनुं. परिहा० ज० ८४००० वर्ष, उ० १८ क्रोडाक्रोडसागरनुं. सुक्ष्म० जघन्य १ समय, उ० ६ मासनुं. जथाख्यातनुं० ज० उ० आंतरु नथी.

३१ हवे समुद्घातद्वारकहे छे. सामा० छेदो० ए २मां ६समुद्घात लाभे, परिहार० ३ समुद्घात पहेली लाभे. सुक्ष्म० समुद्घातनथी जथाख्या० १ केवळसमुद्घातलाभे.

३२ हवे क्षेत्रद्वार कहे छे. लोकने संख्यातमे भागे के असंख्यातमे भागे के घणे संख्यातमे भागे के घणे असंख्यातमे भागे के सर्व लोकने विषे चारित्रलाभे?

उत्तर; लोकना असंख्यातमां भागमां तो आगल्या ४ चारित्र लाभे, अने एक जथाख्यात० असंख्यातमे भागे, घणे असंख्यातमे भागे, तेसर्व लोकने विषे लाभे.

३३ हवे फरसना द्वार कहे छे ते क्षेत्र द्वारनी परे जाणवो.

३४ हवे भाव द्वार कहे छे. सामा०, छेदो, परिहा०, सुक्ष्म० ए ४ मां भाव १ क्षयोपशम लाभे. जथाख्यातमां उपशम ने क्षायक ए २ भाव लाभे.

३५ हवे परिमाण द्वार कहे छे. हवे पडिवजमाण आश्री जो होय तो, सामा० ज० १, २, ३, उ० प्रत्येक हजार. छेदो०, परीहार०, ज० १, २, ३, उत्त० प्रत्येकसें. सुक्ष्मसंपराय ज० १, २, ३, उ० १६२ ते १०८ क्षपक, ५४ उपसम०. जथाख्यात ज० १, २, ३, उत्० १६२ ते १०८ क्षपक० ५४ उपसम०. पूर्व पडिवजमाण आश्री जो होय तो, सामा० ज० उत्० प्रत्येक हजार क्रोड. छेदो० ज० उ० प्रत्येकसें क्रोड. परिहार विशुद्ध ज० १, २, ३ उ० प्रत्येक हजार, सुक्ष्म० ज० १, २, ३, उतू०प्रत्येकसें जथाख्यात ज० उ० प्रत्येक क्रोड.

३६ अल्प बहुत्व द्वार कहे छे सर्वथी थोडा सुक्ष्म संपराय, तेथी परिहार०संख्यात गुणा, तेथी जथाख्यात० संख्यात गुणा, तेथी छेदो० संख्यातगुणा तेथी सामा० संख्यातगुणा लाभे. इति संजयाना बोल संपूर्ण.

---

## ॥ अथ श्री नियंठाना बोल. ॥

---

गाथा पन्नवणा१ वेय२ रागे३, कप्प४ चरित्त५ पडिसेवणा६ नाणे७: तत्थेय८ लिंगे९ सरीरे१०, खेत्त११ काल १२ गइ१३ संजम१४ निकासे१५.

जोगु १६ वउगे १७ कसाए १८, लेशा १९ परीणाम २० बंघ २१ वेदेय २२;
कम्मोदीरणा २३ उवसंपजहणा २४, सन्नाय २५ आहारे २६. २.
भव २७ आगरीसे २८ कालं २९ तरेय ३०, समुग्घाय ३१ खेत ३२ फुसणाय ३३
भावेय ३४ परीमाणे ३५ खलु, अप्पाबहुच्च ३६ नीयंठाणं. ३.

उपली ३ गाथानो अर्थ विस्तारी कहे छे.

१ हवे पन्नवणा द्वार कहे छे. पुलाक १, बकुस २, प्रति सेवणा ३, कषाय कुशील ४, निर्ग्रंथ ५, सनातक ६. पुलाक ते सढुंसा धानना पुळानी परे, बकुस ते सढुंसा धाननी परे, प्रती सेवना ते मसल्या धाननी परे, कषाय कुशील ते उपण्या धाननी परे, नीयंठो ते कणकी सहित कणनी परे, सनातक ते अणीशुद्ध चोखानी परे. हवे पुलाकना बे भेद. लबद्धी पुलाक तेचक्रवर्तिनी सेन्या चूरण करण शक्ति संपन्न ते लब्द्धी पुलाक, प्रतिसेवणा पुलाक ते मूळ गुण उतर गुणमां दोष लगाडे. मूळ गुण ते पांच आश्रव मांहेलो अनेरो दोष लगाडे. उतर गुण दोष ते दश पचखाण मांहेलो अनेरो दोष लगाडे. ते पुलाकना पांच भेद, ज्ञान पुलाक, दर्शन पुलाक, चारित्र पुलाक, लिंग पु०, यथा सूक्ष्म पुलाक. पुलाक ते ज्ञानादि अतीचार सेववे करी संजम सार रहित करे तेने पुलाक कहीये. बकुस ते शरीर बकुस, शरीरनी सुश्रूषा विभूषा करे ते. उपकरण बकुस ते झलहलत उपकरण करे, उपकरणादि अधीक संग्रहे वस्त्र पात्रादि प्रक्षालनादि करे. बकुसना ५ भेद आभोग बकुस. अणभोग बकुस. संवूड बकुस. असंवूड बकुस. जथा सुक्ष्म बकुस. हवे लक्षण कहेछे. जाणीने दोष लगाडे ते आभोग बकुस. अणजाणे दोष लगाडे ते अणभोग बकुस. छानो दोषलगाडे ते संवूड बकुस. प्रकट दोष लगाडे ते असंवूड बकुस. यथासुक्ष्म

ते किंचित दोष लगाडे. ते सातिचार निरतिचार बेने भेला सद्दुसाधाननी परे संजमने काबरुं करे ते बकुस. हवे प्रतिसेवना कुसीलना ५ भेद कहे छे. ज्ञान प्रतिसेवना, दर्शण प्रतिसेवना, चारित्र प्रतिसेवना, लिंग प्रतिसेवना, जथा सूक्ष्म प्रतिसेवना. इंद्रियादि वस्य अने पिंड विसुध्यादि सुमती भावना तपपडिमां अभी ग्रहित एटले उत्तर गुण मूळ गुण विराधता सर्वज्ञनी आज्ञाथी न्यूनाधिक प्रवर्त्ते ते प्रतिसेवना ज्ञानादि ५ जाणवा. कषाय कुसील ते संजलना कषायने उदये करी कुछित जेहने सील स्वभाव कषाय उदय थाय अप्रशस्तपणुं थाय ते माटे कषाय कुशील.दोषलगाडवा सरीखा निमित्तवासी परिणाम थाय पण प्रवर्त्तनां सहेजमां दोष न लगाडे ते कषाय कुशीलना ५ भेद ज्ञान कषाय कुशील, दर्शन कषाय कुशील, चारित्र कषाय कुशील, लिंग कषाय कुशील यथा सूक्ष्म कषाय कुशील.हवे नियंठो ते मोहनि कर्मथी नीकल्यो संपूर्ण ग्रंथ रहित उपसमीत, यथा निर्मल क्षायक भाविक, कषाय वरजित, वीतरागावस्थायेवर्ति, ते मुनिनो प्रथम समय ते पढम समय नियंठो. अपढम समय ते बीजा समयादिके वर्त्ते ने अपढम समय नियंठो. ते गुणस्थानकने पर्यंत वर्ति समयनो ते चरम समय नीयंठो. ते गुणठाणाना छेला समयथी पूर्वला समय वर्ति ते अचरम समय नियंठो,यथासुक्ष्मतेगुणठाणाना सर्व समय वर्ती ते यथा सुक्ष्म नियंठो स्नातक ते घाति कर्म मळ पखाळवाथी टाळवाथी परम पवित्र नाह्यानी परे उज्वल परीणामी रूपातीत ध्यानी ते स्नातक पंच नाम विख्यात अछवी ते जोग नीरुंध्या माटे अछवी. असवल ते निरतिचार कावरास रहित ते माटे असबल. घनघाति कर्म क्षय कर्या ते माटे अकर्मांस संशुद्धनाणदंसण धरे अरहाजीन

केवळी ते, सम्यक् शुद्ध निर्दोष ज्ञान दर्शनना धरणहार अरहाजी-ने ते रहस्य छानी वात नहीं ते राग द्वेषना जीतनार माटे केवळी कहीये अपरीसावी ते नवा कर्म आवे नही ते माटे अपरीसावी सर्व योगना रुंधवाथी.ए नामनी प्रज्ञा-पनापरुपणाद्वारकिंचित् निरुपणं.

२ वेद द्वार आगला ४ सवेदी उपल्या २ अवेदी. तेमां पुलाक, स्त्रि वेदमां नहि. पुरुष अने पु-रुष नपुंसक ए २ मां होय. बकुस ने प्रतिसेवना ३ वेदमां होय, क-षाय कुशील सवेदी होय तो त्रणे वेदमां होय अने अवेदी होय तो उपसम ने क्षीण वेदमां होय. निर्ग्रंथ उपसम ने क्षीण वेदमां होय. स्नातक क्षीण वेदमां होय ए द्वा० २.

३. रागद्वार आगल्या ४ नियंठा सरागी. निर्ग्रंथ ने सना-तक क्षीणरागी होय ए ३.

४. कल्पद्वार. स्थितिकल्प, अस्थितिकल्प,जिनकल्प,स्थिवर-कल्प, कल्पातित ए पांच तेमां स्थितिकल्प अस्थिति कल्पमां ६ ए नियंठा लाभे. जिनकल्प-मांही बीजो, त्रिजो, चोथो ए३ नियंठा लाभे. स्थिवर कल्पमां आगल्या ४ नियंठा लाभे. क-ल्पातितमां उपल्या ३ नियंठा लाभे ए द्वार ४ थो.

५. चारित्रद्वार. सामायक ने छेदोपस्थापनीय ए २ मां आगल्या ४ नियंठा लाभे. परि-हार विशुद्ध ने सुक्ष्म संपराय ए २ मां कषाय कुशिल नियंठो लाभे. जथाख्यात चारित्रमां उ-पल्या २ नियंठा लाभे. ए ५.

६. प्रतिसेवी द्वार.आगल्या ३ नियंठा प्रतिसेवी. उपल्या ३ नियंठा अप्रतिसेवी तेमां पु-लाक मूळ गुण उत्तर गुणमां दोष लगाडे. प्रतिसेवना मूळ गुण उत्तर गुणमां दोष लगाडे. बकुस मुल गुणमां दोष लगाडे प्रति-सेवना मूळ गुण उत्तर गुणमां दोष लगाडे उपल्या ३ नियंठा

दोष न लगाडे ए ६ द्वार.

७. नाणद्वार आगल्या ३ नियंठामां ज्ञान २ तथा ३ अने चोथा पांचमा नियंठामां २ज्ञान, ३ तथा ४. स्नातकमां १ केवळज्ञान. हवे पुलाक भणे तो जघन्य नवमां पूर्वनी त्रीजी आचारवस्तु सुधी उत्त० नव पूर्व पूरा भणे १. बकुस ने प्रतिसेवना भणे तो ज० ८ प्रवचनमाता, उत्० १० पूर्व पूरा भणे. कषाय कुशील नियंठो ज० ८ प्रव० उ० १४ पूर्व पूरा भणे. स्नातक तो श्रुत केवळी छे सर्वज्ञ छे. ए ७ द्वार.

८. तिर्थद्वार. तिर्थ, अतिर्थ तिर्थंकर प्रत्येक बुद्ध ए ४. तेमां तिर्थमां छ ए नियंठा लाभे. बाकी ३ मां उपल्या ३ नियंठा लाभे ए ८.

९. लिंगद्वार. द्रव्यथी सलिंग, अन्यलिंग, गृहलिंग ए ३ लिंगमां ६ ए नियंठा लाभे. अने भावथी अन्यलिंग, गृहलिंगमां एके न लाभे ने सलिंगमां छ ए लाभे. ए द्वार ९ मो.

१० शरिरद्वार. पुलाकमां ३ शरिर लाभे. बकुसने प्रतिसेवना ए २ मां ३ शरिर लाभे. उदारिक, तेजस ने कार्मण ए ३ लाभे. तथा ४ लाभे तो वैक्रेय वध्युं अने कषाय कुशीलमां शरिर ३, ४, ५ लाभे अने निग्रंथ ने स्नातकमां शरिर ३ लाभे. उदारिक, तेजस ने कार्मण ए द्वार १०.

११ क्षेत्रद्वार. जन्म आश्री कर्मभूमिमां छए नियंठा लाभे. अकर्मभूमिमां एके न लाभे. छत आश्री पण छए लाभे. साहारण आश्री पुलाक वर्जीने ५ नियंठा लाभे. कर्मभूमि ने अकर्मभूमि बंनेमां ४ लाभे. ए द्वार ११ मो.

१२ कालद्वार. समुच्चे अवसर्पिणी, उत्सर्पिणी, नोअवसर्पिणी, नोउत्सर्पिणीमां ६ नियंठा लाभे. तेमां अवसर्पिणी उत्तरतो काळ तेमां ६ आरा तिहां जन्म आश्री पहेलाने बीजा

आरामां एके न लाभे. त्रीजाने चोथा आरामां ६ नियंठा लाभे. पांचमा आरामां ३ नियंठा लाभे. बीजो, त्रीजोने चोथो ए ३ लाभे. छठा आरामां एके नहि. हवे छत आश्री पहेला बीजा आरामां एके नहि त्रीजा, चोथाने पांचमां आरामां छ ए नियंठा लाभे. छठा आरामां एके न लाभे. सहारण आश्री पुलाक वर्जीने ५ नियंठा ६ ए आरामां लाभे. चडता काळमां जन्म आश्री पहेले आरे एके नहि, बीजे त्रीजे अने चोथे आरे ६ नियंठा लाभे. पांचमे छठे आरे एके नहि. छत आश्री पहेले, बीजे आरे एके नहि. त्रीजे, चोथे आरे ६ नियंठा लाभे. पांचमे छठे आरे एके नहि. साहारण आश्री पुलाक वर्जीने छ ए आरामां ५ नियंठा लाभे. नोउत्सर्पिणी, नोअवसर्पिणी काळ ते हेमवय, एरणवय, हरिवास, रमकवास, देवकुरु, उत्तरकुर, ए ६ क्षेत्रमां जन्म छत आश्री एके नहि. अने साहारण आश्री पुलाक वर्जीने ५ नियंठा लाभे. पांच महाविदेह क्षेत्रमां जन्म छत आश्री छए नियंठा लाभे. साहारण आश्री पुलाक वर्जीने ५ नियंठा लाभे. ए द्वार १२ मो.

१३ गतिद्वार. आगल्या ५ नियंठा आराधक ते एक विमानिक देवगतिमां जाय. स्नातक मोक्ष जाय. तेमां पुलाक ज० पहेले देवलोके जाय. उ० आठमे देवलोके जाय. बकुस ने प्रतिसेवना ज० पहेले देवलोके जाय. उ० बारमे देवलोके जाय. कषाय कुशिल ज० पहेले देवलोके जाय. उ० सर्वार्थ सिद्धमां जाय. नियंठा ज० उ० अनुत्तर विमानमां जाय. स्नातक मोक्षमां जाय. आराधक पदवी पांच पामे. इंद्रनी, सामानिकनी, त्रायत्रिंशकनी, लोकपाळनी, अहमेंद्रनी. ए ५ मांहेली आगल्या ३ नियंठा पदवी ४ पामे. एक अहमेंद्रनी नहि. कषाय कुशिल

पदवी ५ पामे. निर्ग्रंथ एक पदवी अहमेंद्रनी पामे. स्नातक मोक्ष जाय, विराधक आगल्या ५ नियंठा ज० भवनपतिमां जाय उ० पहेले देवलोके जाय. पदवी ५ मांहेली एके न पामे, ए १३.

१४. स्थितिद्वार. देवतामां जाय तिहां स्थिति केटली पामे. पुलाक ज० प्रत्येक पल्यनी उ० १८ सागरनी पामे. बकुसने प्रतिसेवना ज० प्रत्येक पल्यनी उ० २२ सागरनी पामे. कषाय कुशिल ज० प्रत्येक पल्यनी उ० ३३सागरनी पामे. निर्ग्रंथ ज०उ० ३३ सागरनी पामे. स्नातक मोक्ष जाय. ए द्वार १४ मो.

१५. संजम स्थानद्वार. आगल्या ४ नियंठाना असंख्याता संजम स्थानक ते परिणामना स्थानक छे. अने निर्ग्रंथ ने स्नातकनुं एकेकुं स्थानक छे. हवे अल्पबहुत्व, पहेले बोले सर्वथी थोडा निर्ग्रंथ ने स्नातकना स्थानक बंने मांहोमांही तुल्य. तेथी बीजे बोले पुलाकना स्थानक असंख्यात गुणा. तेथी त्रीजे बोले बकुसना स्थानक असंख्यातगुणा तेथी चोथे बोले प्रति सेवनाना स्थानक असंख्यात गुणा. तेथी पांचमे बोले कषायकुशीलना स्थानक असंख्यात गुणा ५. ए द्वार १५ मो.

१६. निकासद्वार ते पर्यवद्वार. एकेका नियंठाना अनंता पर्यव छे. पुलाक, पुलाक साथे छठाण वडिया. पुलाक बकुस प्रतिसेवनाथी अनंतगुण हीणा. कषाय कुशील साथे छठाण वडिया. उपल्या बेथी अनंतगुण हिणा. १. हवे बकुस, पुलाकथी अनंतगुण अधिक. बकुस प्रतिसेवना कषाय कुशील साथे छठाण वडिया. उपल्या बेथी अनंतगुण हीण. २. प्रतिसेवना पुलाकथी अनंतगुण अधिक. बकुस प्रतिसेवना कषाय कुशील साथे छठाण वडिया. उपल्या बेथी अनंतगुण हीणा ३. कषाय कुशील आगल्या ४. साथे छठाण

वडिया. उपल्या बेथी अनंतगुण हीणा ४. निर्ग्रंथ ने स्नातक आगल्या चारथी अनंतगुणा अधिक ने मांहोमांही तुल्य. ६. अल्पबहुत्वद्वार. पहेले बोले सर्वथी थोडा पुलाक ने कषाय कुशीलना जघन्य पर्यव मांहोमांही तुल्य १. तेथी बीजे बोले पुलाकना उत्कृष्टा पर्यव अनंतगुणा २. तेथी त्रीजे बोले बकुस ने प्रतिसेवना जघन्य पर्यव मांहोमांही तुल्य ने अनंतगुणा ३. तेथी चोथे बोले बकुसना उत्कृष्टा पर्यव अनंतगणा ४. तेथी पांचमे बोले प्रतिसेवनाना उ० पर्यव अनंतगुणा ५. तेथी छठे बोले कषाय कुशीलना पर्यव उ० अनंतगुणा ६. तेथी निर्ग्रंथ ने स्नातकना पर्यव मांहोमांही तुल्य ने अनंतगुणा ७. छठाण वडिया ते शुं ? हीणो होय के अधिको होय. जो हिणो होय तो अनंत भाग, असंख्यातभाग, संख्यात भाग, संख्यात गुण, असंख्यात गुण, अनंतगुण हिण. ए ६. हवे अधिक होय तो, अनंत भाग, असंख्यात भाग, संख्यात भाग, संख्यात गुण, असंख्यात गुण, अनंतगुण अधिक ६. ए षट गुणनीहानी वृद्धि जाणवी ए द्वार १६ मो.

१७ जोग द्वार. आगल्या ५ नियंठा सयोगी होय तो ३ जोग होय, ने छठो स्नातक सयोगी होय तो ३ जोग होय अजोगी होय तो जोग एके नहि. ए द्वार १७ मो.

१८ उपयोग द्वार छ ए नियंठामां साकार उपयोगने अणाकार उपयोग बंने लाभे ए द्वार १८ मो.

१९ कषाय द्वार. आगली ३ चोकडीमां एके नियंठो न लाभे. संजवलनी १ चोकडी आगल्या त्रण नियंठामां होय. अने कषाय कुशीलमां संजवलना चारे होय. अने जो ३ होय तो क्रोध वर्जीने, बे होय तो मान

वर्जीने ने एक होय तो माया वर्जीने तेमां क्रोध, मान, मायानी भजना लोभनी नियमा होय ४ निर्ग्रंथ उपसम तथा क्षीण कषायी होय, स्नातक क्षीण कषायी होय ए द्वार १९ मो.

२० लेश्याद्वार. आगल्या ३ नियंठामां उपली ३ लेश्या होय. कषायकुशीलमां ६ लेश्या होय ने निर्ग्रंथ ने शुकल लेश्या स्नातकमां परम शुक्ल लेश्या अने अलेशी पण होय ए द्वार२०.

२१ परिणाम द्वार. छ ए नियंठामां वर्द्धमान परिणाम होय तो आगल्या ४ मां जघन्य १ समो उ० अंतर्मुहूर्त, उपल्या २ ना जघन्य उत्कृष्ट अंतर्मुहूर्त. हवे हायमान परिणाम आगल्या४ ना ज० एक समो उ० अंत० उपल्या २ ना हायमान परिणाम होय नहि. अवस्थित परिणाम आगल्या ४ ना ज० १ समो उ० ७ समा, निर्ग्रंथ ज० १ समो उ० अंत०, स्नातकना ज० अंतमुहूर्त उ० देशे उणी पूर्वक्रोड ए द्वार २१.

२२ बंध द्वार. पुलाक ७ कर्म बांधे. आउखुं वर्जीने. बकुसने प्रति सेवना ७–८ कर्म बांधे, ७ बांधे तो आउखुं वर्जीने. कषाय कुशील ६, ७, ८ कर्म बांधे, सात कर्म बांधे तो आउखुं वर्जीने, ६ कर्म बांधे तो आयुष्य तथा मोहनी वर्जीने. निर्ग्रंथ १ साता वेदनी कर्म बांधे. स्नातक १ साता वेदनी बांधे ने स्नातक अबंधक पण होय. ए द्वार २२ मो.

२३ वेद द्वार. आगल्या ४ आठे कर्म वेदे, निर्ग्रंथ मोहनी कर्म वर्जीने ७ कर्म वेदे, स्नातक ४ कर्म वेदे वे० आ० ना० गो० ए ४ वेदे. ए द्वार २३ मो.

२४ उदीरणा द्वार. पुलाक ६ कर्मनी उदीरणा करे आउखुं १, वेदनी २ वर्जिने. बकुसने प्रतिसेवना आठ कर्मनी उदीरणा करे अने जो ७ नी करे तो आउखुं बर्जिने. ६नी करे तो आउखुं

ने वेदनी वर्जिने. कषाय कुशिल ८ कर्मनी उदीरणा करे, ७ नी करे तो आउखुं वर्जिने ६ नी करे तो आयुष्य वेदनी वर्जिने ५ नी नी करे तो मोहनी आउखुं वेदनी वर्जिने. अने निर्ग्रंथ आउखुं वेदनी मोहनी ए ३ वर्जिने ५ कर्मनी उदीरणा करे, तथा नाम, गोत्र ए २ नी उदीरणा करे. स्नातक नाम, गोत्रनी उदीरणा करे तथा न पण करे. उदीरणा द्वार २४.

२५ उवसंपजहणा द्वार पुलाक चडे तो कषाय कुशील पणुं पामे अने जो पडे तो असंजति पणुं पामे. बकुस चडे तो प्रति सेवनाने कषाय कुशीलपणुं पामे. अने जो पडे तो असंजतिने श्रावकपणुं पामे. प्रतिसेवना चडे तो कषाय कुशीलपणुं पामे. अने जो पडे तो बकुस, असंजति, श्रावकपणुं ए त्रण पामे. कषाय कुशील चडे तो निर्ग्रंथ पणुं पामे अने जो पडे तो पुलाक, बकुस, प्रतिसेवना, असंजति, श्रावक ए ५ थाय. निर्ग्रंथ चडे तो स्नातकपणुं पामे अने जो पडे तो कषाय कुशील पणुं पामे असंजति पण थाय. स्नातक मोक्ष जाय पण पडवुं नथी. ए द्वार २५ मो.

२६ संज्ञा द्वार बीजो त्रीजो चोथो ए ३ नियंठा सनावउतामां होय. नो सनावउतामां ६ नियंठा लाभे ए द्वार २६ मो.

२७ आहार द्वार. आगल्या पांच नियंठा आहारक होय. छठो नियंठो स्नातक आहारकने अणाहारक होय. ए द्वार २७ मो.

२८ भव द्वार. पुलाक ज० १ भव करे. उ० ३ करे. बकुश, प्रतिसेवना, कषाय कुशील ए ३ ज० १ भव उ० ८ भव करे. निर्ग्रंथ ज० १ भव उ० ३ भव करे. स्नातक मोक्षमां जाय. ए द्वार २८.

२९ आकर्षक द्वार. आकर्षक १ भवे पुलाक ज० १ वार उ० ३ वार आवे, बकुस प्रतिसेवना कषाय कुशील ज० १

उ० प्रत्येक सो ९०० वार आवे. निर्ग्रंथ ज० १ उ० २ वार आवे. स्नातक ज० उ० १ वार आवे. घणा भव आश्री. पुलाक ज० २ वार उ० ७ वार आवे. बकुस, प्रतिसेवना, कषायकुशील ए ३. ज०२ उ० प्रत्येक हजार वार आवे. निर्ग्रंथ ज०२ उ० ५ वार आवे. स्नातक ने पुनर्भव छे नहि. ए द्वार २८ मो.

२९. स्थितिद्वार-स्थिति १ भव आश्री पुलाकनी ज० अंत० उत्० अंत० बकुस प्रतिसेवना कषायकुशीलनी ज० १ समो. उ० देशे उणी पूर्व क्रोड निर्ग्रंथ नी ज०१ समो. उ० १ अंतर्मु० स्नातकनी ज० १ अंत०उ०देशे उणी पूर्व क्रोड घणाभव आश्री, पुलाकने निर्ग्रंथनी ज० १ समो उ० १ अंत० बाकी ने सर्वथा काळ ए द्वार २९ मो.

३०अंतर द्वार-अंतर एक जीव आश्री आगल्या ५ नियंठाने ज० अंत०, उ० अर्द्ध पुद्गल देसे उणुं आंतरुं पडे. स्नातकने आंतरुं नथी. हवे घणा जीव आश्री पुलाकने ज० १ समो, उ० संख्याता वर्षनुं. निर्ग्रंथने ज० १ समो, उ० ६ मासनुं. शेष बाकिने आंतरु नथी. ३०.

३१ समुद्घात द्वार-समुद्घात, पुलाकमांत्रण, वेदनी, कषाय, मारणांतिक ए ३ लाभे. बकुस ने प्रतिसेवनामां पांच समुद्घात. वेदनी, कषाय, मारणांतिक, वैक्रेय, अने तैजस, ए ५. कषाय कुशीलमां ६ समुद्घात, केवल०वर्जीने. निर्ग्रंथमां समुद्घात नथी. स्नातकमां १ केवळ समुद्घात लाभे. ३१.

३२ क्षेत्र द्वार-ते ६ नियंठा लोकने संख्यातमे भागे होय के असंख्यातमे भागे के घणे संख्यातमे भागे के घणे असंख्यातमे भागे के सर्व लोकमां होय ? तेनो उत्तर. आगल्या ५ नियंठा लोकने असंख्यातमे भागे होय. शेष ४ बोले न होय. स्ना-

तक लोकने असंख्यातमे भागे घणे असंख्यातमे भागे ने सर्व लोकमां होय. ३२.

३३ फरसना द्वार-ते पण क्षेत्र द्वारनी परे कहेवो. ३३.

३४ भाव द्वार-आगल्या ४ नियंठा क्षयोपसम भावे होय. निर्ग्रंथ उपशम ने क्षायक भावे होय. स्नातक १ क्षायक भावे होय. ३४.

३५ परिणाम द्वार-पडिवज्जमाण ते नवीन थाता होय ते वर्तमान आश्री एक समे जो होय तो पुलाक,बकुस,प्रतिसेवना ज० होय तो १,२,३, उ० प्रत्येक सो. कषाय कुशील ज०होय तो १,२,३, उ० प्रत्येक हजार निर्ग्रंथ ज० होय तो १, २, ३, उ० १६२ तेमां १०८ क्षपकश्रेणीना अने ५४ उपसम श्रेणीना स्नातक ज० १,२,३,उ० १०८ पुव्वपडिवज्जमाण आश्री पुलाक होय तो ज० १, २, ३, उ० प्रत्येक हजार,बकुस ने प्रतिसेवना होय तो ज०प्रत्येकसें क्रोड, उ० प्रत्येकसें क्रोड. कषाय कुशील होय तो ज० उ० प्रत्येक हजार क्रोड. निर्ग्रंथ ज० १, २, ३, उ० प्रत्येकस. स्नातक ज० उ० प्रत्येक क्रोड. ३५.

३६ अलपबहुत्व द्वार-सर्वथी थाडा निर्ग्रंथ, तेथी पुलाक संख्यातगुणा, तेथी स्नातकसंख्यातगुणा, तेथी बकुस संख्यातगुणा, तेथी प्रतिसेवना संख्यात गुणा, तेथी कषाय कुशील संख्यात गुणा. ए छ नियंठानो अधिकार सूत्र श्री भगवति शतक २५ मे उद्देशे छठे छे.

इति श्री नियंठा बोल समाप्त.

# अथ श्री षट् द्रव्यना बोल.

परिणाम जीवमुत्तं, सपएसाएगंखेत्त किरियाय;
निच्चंकारणकत्ता, सव्वगयमियरेहिंअप्पवेसा ॥१॥

ए गाथा हवे एहनो अर्थ कहे छे. शिष्य आत्मार्थी पंचांग नमावी पुछे छे जे हे स्वामिन् ! षट् द्रव्यमां परिणामि द्रव्य केटला अने अपरिणामि द्रव्य केटला? गुरु कहे छे हे आयुष्मन् शिष्य ! निश्चय नये षट् द्रव्य पोतपोताने स्वभावे स्वरुपे पोत पोताना गुण पर्यायनि परिणति रुपे छ ए स्वभाव परिणामि अने व्यवहार नये जीव ने पुद्गल ए २ विभाव परिणामि शेष ४ द्रव्य अपरिणामि. १. हवे छ द्रव्यमां एक जीवास्तिकाय, जीवद्रव्य, चैतन्य. शेष ५ जड, अजीव द्रव्य छे. २. हवे छ द्रव्यमां एक पुद्गल द्रव्य मुर्तिमान छे. शेष ५ अमूर्ति छे. ३. छ द्रव्यमां एक काळद्रव्य अप्रदेशी, समयद्रव्य छे. शेष ५ सप्रदेशी छे. धर्म, अधर्म असंख्यात प्रदेशी. आकाश लोकालोक प्रमाणे छे माटे अनंत प्रदेशी. पुद्गल द्रव्य एक परमाणुं यावत् अनंता खंधो छे माटे अनंत प्रदेशी छे. अने जीवात्मा असंख्यात प्रदेशी छे. ४. छद्रव्य निश्चयनये एक, छये द्रव्य अनेक, धर्म० अधर्म० द्रव्यथी एक, गुण पर्याय प्रदेशथी अनेक, गुण अनंता. पर्याय अनंता, प्रदेश असंख्याता, आकाशना प्रदेश पण अनंता. काळ द्रव्य वर्त्तना लक्षणे एक. गुण पर्याय समयथी अनेक. गुण अनंता. पर्याय अनंता. समय अनंता ते केम ? एक आवलिकाना चोथा असंख्यात प्रमाणे समय थाय. एम यावत् दश क्रोडाक्रोडी सागरोपमे एक उत्सर्प्पिणी. दश क्रोडाक्रोडि सागरो-

पमे एक अवसर्प्पिणी, विश क्रोडाक्रोडि सागरोपमनो एक काळ-चक्र थाय.एहवा अनंता काळ चक्रे एक पुद्गल परावर्त्तन थाय.एहवा अनंता पुद्गल परावर्त्तननो अतीतकाळ गयो. वर्त्तनकाळ एक समयज. अनंत पुद्गल परावर्त्तननो आगमियो काळ आवशे.एम त्रण काळना समय अनंता. हवे पुद्गल द्रव्य पुरण गलन स्वभावे एक, गुण पर्याय प्रदेशथी अनेक. गुण अनंता, पर्याय अनंता, प्रदेश अनंता अनंता परमाणुया. अनंता द्वि प्रदेशीया. अनंता त्रिप्रदेशीया. अनंता चौ प्रदेशीया. अनंता पंच प्रदेशीया. एमयावत् अनंता संख्यात प्रदेशीया. अनंता असंख्यात प्रदेशीया. अनंता अनंत प्रदेशीया खंध छे ते माटे एक अनंत प्रदेशीया खंधमा अनंत प्रदेशीया प्रदेश छे माटे पुद्गल अनंत प्रदेशी छे. जीवास्तिकाय चैतन्य लक्षण द्रव्यथी एक छे, गुण पर्याय प्रदेशथी अनेक. गुण अनंता. एक जीवना प्रदेश असंख्याता. एहवा आत्म द्रव्य छे. अने व्यवहार नये ? धर्म०, अधर्म०, आकाश०, ए त्रणे एक. अने काळ पुद्गल ने जीव ए ३ द्रव्य अनेक छे सकलनुं भिन्न भिन्न प्रवर्त्तन अवस्थापणुं छे माटे अनंत ५. छ द्रव्यनुं क्षेत्र आधारसमान एक आकाश द्रव्य छे.शेष ५ द्रव्य क्षेत्री आध्येय रहेवा योग्य वस्तु छे. ६. छ द्रव्य निश्चय स्वरुपे पोतपोतानी क्रिया रुपे तो षट् द्रव्य सक्रिय छे. चलण सहाय रुप १, स्थिर सहाय रुप २, आश्रय रुप ३, वर्त्तना रुप ४, पुरण गलन हानिवृद्धि रुप ५, उपयोग चैतन्य रुप ६ ए ६ सक्रिय अने व्यवहार नये गमनागमन पर रुप चलण क्रिया आश्रि पुद्गलने जीव ए २ सक्रिय शेष ४ द्रव्य अक्रिय. ७. छ द्रव्य निश्चय नये नित्य अने एक पक्षे छए अनित्य ते केम ? धर्मना, अधर्मना चार गुण छे तेमां पर्यायमां खंध लोक प्रमाणे नित्य छे. अने देश, प्रदेश,

अगुरु लघु ए ३ पर्याय अनित्य छे.आकाशमां ४ गुण तेमां लोकालोक प्रमाणे खंध नित्य छे. देश प्रदेश अगुरु लघु अनित्य छे. काळद्रव्यना ४ गुण नित्य. ४ पर्याय अनित्य छे. पुद्गल द्रव्यना ४ गुण नित्य. ४ पर्याय अनित्य. जीवद्रव्यना ४ गुण ३ पर्याय नित्य, अगुरु लघुपर्याय अनित्य. ८. छ द्रव्यमां एक जीव कारणी छे एटले जीव ने पांचे द्रव्य कारण रुप छे. पांच द्रव्य अकारणी छे.९. छ द्रव्यमां स्वरुप, चलण स्वभाव, स्थिर स्वभाव, अवकाश दान, नवीन पुराण स्वभाव, पुरण गलन स्वभाव, उपयोग लक्षण, चैतन्य स्वभाव. छ ए स्वभावना कर्ता छे. अने व्यवहार नये एक जीव द्रव्य परभाव रुपनो कर्ता छे. शेष ५ द्रव्य अकर्ता छे. १०. छ ए द्रव्यमां सर्वव्यापी एक आकास द्रव्य, लोकालोक प्रमाणे छे. माटे शेष ५ द्रव्य लोक व्यापी छे. ११. इयर अप्पवेशाके० यद्यपि छ ए द्रव्य एक क्षेत्रमां खिर निरनि परे एकठा मळी रह्या छे तो पण एक बिजामां कोइ कोइमां भळे नहि ए द्रव्यनो विचार.

हवे धर्मास्तिकाय ते केहने कहिए? धर्म ते चलण स्वभावरुप, गतिमान् पुरुषवत्, अस्ति के० त्रण काळमां छे, काय के० असंख्य प्रदेशनो समूह तेने धर्मास्तिकाय द्रव्य कहिये. तेना ४ गुण अरुपी, अचैतन्य, अक्रिय, चलण सहाय, तेना पर्याय पण ४ स्कंध, देश, प्रदेश, अगुरु लघु. १. एम अधर्म कहेता चलणस्वभाव ने प्रतिपक्षी ते स्थिर स्वभाव. स्थितिमान् पुरुषवत्. अस्ति के० त्रण काळमां छे. काय के० असंख्य प्रदेशनो समूह. तेने अधर्मास्तिकाय द्रव्य कहिये, तेना ४ गुण, अरुपि, अचैतन्य, अक्रिय, स्थिर सहाय. तेना पर्याय पण ४ पूर्ववत्. आकाश के० अवगाह आश्रय दानरुप भिंतमां खालीनी पेठे. अस्ति के० त्रण काळमां छे

काय के० अनंत प्रदेशनो समूह तेने आकाशास्तिकाय द्रव्य कहिये. तेना ४ गुण अरुपि, अचैतन्य, अक्रिय, अवकाश दान, तेना पर्याय ४ पूर्ववत्. ३. जीव ने पुद्गल उलट पालट करे तेने काळ कहिये तेना ४ गुण अरुपि, अचैतन्य, अक्रिय, वर्त्तना लक्षण, तेना पर्याय ४ अतित अनागत, वर्तमान, अगुरु लघु, ४. समये समये हानि वृद्धिरुप स्वभाव अस्ति के० त्रण काळमांछे.काय के० बेथी मांडि अनंतप्रदेशनो समूह तेने पुद्गलास्तिकाय द्रव्य कहिये. तेना ४गुण रुपि, अचैतन्य, सक्रिय,पुरण गलण तेना पर्याय ४ स्कंध,देश, प्रदेश, अगुरु लघु, तथा बिजा पण पर्याय ४ वर्ण, गंध, रस, स्पर्श, ५. द्रव्य प्राण भाव प्राणे करि जीवे ते जीव. अस्ति के० त्रण काळमां छे काय के० असंख्य प्रदेशनो समूह तेने जीवास्ति काय द्रव्य कहिये. तेना ४ गुण. केवळ ज्ञान, केवळ दर्शन, स्वरुप रमण, स्थिरता चरण, क्षायक अनंत शक्ति. तेना पर्याय ४ अव्या बाध, अनावगाह, अमूर्ति, अगुरु लघु, ६. एम पुद्गलनो विचार, एक परमाणुमां ५ वर्ण मांहिलो १ वर्ण, बे गंध मांहिलो १ गंध, पांच रस मांहिलो १ रस, ८ स्पर्श मांहिला २ स्पर्श, बे परमाणु मळे त्यारे द्वि प्रदेशी खंध थाय. तेमां २ वर्ण, २ गंध, २ रस, ४ स्पर्श, त्रण परमाणु मळे त्यारे त्रिप्रदेशी खंध थाय. तेमां त्रण वर्ण, २ गंध, ३ रस, ४ स्पर्श, ते शित, उष्ण, स्निग्ध, ने लुख, चार परमाणु मळे त्यारे चतुः प्रदेशी खंध थाय तेमां ४ वर्ण २ गंध, ४ रस, ४ स्पर्श. पंच परमाणु मळे त्यारे पंचप्रदेशी खंध थाय तेमां ५ वर्ण, २ गंध, ५ रस, ४ स्पर्श एम छ, सात, आठ यावत् संख्यात, असंख्यात अनंत प्रदेशी खंधमां यावत् चोथे अनंते अभव्य जीवथी अनंतगुण अधिक, सिद्ध ने अनंतमे भागे ओछा पर-

माणु मळे त्यारे उदारिकने ग्रहण योग्य वर्गणा थाय. एम अनंत-गुणी अधिक वर्गणा मळे त्यारे वैक्रेयने ग्रहण करवाने योग्य वर्गणा थाय. एम आहारक वर्गणा, तैजस वर्गणा, भाषा वर्गणा, श्वासो-श्वास वर्गणा, मनो वर्गणा, अने कार्मण वर्गणा ए ८ वर्गणा मांहि पहेलीथी बिजी वर्गणा अनंतगुणी, बीजीथी त्रीजी अनंतगुणी, एम आठे वर्गणा जाणवी. तेमां उदारिक, वैक्रेय, आहारक, तैजस, ए ४ मां ५ वर्ण, २ गंध, ५ रस, ८ स्पर्श, अने भाषा. उश्वास, मनो-अने कार्मण ए ४ वर्गणामां ५ वर्ण, २ गंध, ५ रस, ४ स्पर्श ए ४ वर्गणा अगुरु लघुनी जाणवी. हवे षट द्रव्यमां आठ आठ पक्ष कह्याछे. नित्य १, अनित्य २, एक ३, अनेक ४, सत् ५, असत् ६, वक्तव्य ७, अवक्तव्य ८, हवे तेमां नित्य, अनित्य, एक, अनेक. ए ४ पक्ष तो पूर्वे कह्या. तेमज सत् ते छ द्रव्य पोत पोताना द्रव्य, क्षेत्र, काळ, भाव रूपे छता छे. तेमां धर्मास्तिकायनो स्वद्रव्य चलण सहाय गुण. अधर्मास्तिकायनो स्वद्रव्य स्थिर सहाय गुण. आकाश० स्वद्रव्य अवकाश दान गुण. काळ० स्वद्रव्य वर्तना, लक्षण गुण. पुद्गल० स्वद्रव्य पूरण गलन गुण. जीवास्तिकाय स्वद्रव्य उपयोग लक्षण गुण. एम छ द्रव्यनुं स्वक्षेत्र कहे छे. धर्म० अधर्म० स्वक्षेत्र असंख्यात प्रदेशी. आकाश० स्वक्षेत्र अनंत प्रदेशी. काळनो स्वक्षेत्र एक समय. पुद्गलनो स्वक्षेत्र एक परमाणु एहवा अनंता. जीवनो स्वक्षेत्र असंख्य प्रदेशी. एम छ द्रव्यनो काळ पोतपोताना अगुरु लघुनी समय समयनी प्रणति करे छे ते छ द्रव्यनो स्वकाळ. छ द्रव्यनो स्वभाव ते छ ए द्रव्यमां पोतपोताना ४ बोल पोतपोतामां छे, अने बिजा द्रव्यना ४ बोल तेमां नथी. जेम धर्मास्तिकायमां पोताना द्रव्य क्षेत्र काळ भाव ए चार बोल छे. बीजा ५ द्रव्यना

नथी. एम छ ए द्रव्यमां पोतपोताना ४ बोल छे. बिजा ५ ना नथी. एम स्वभाव ए सत् पक्ष कह्यो अने असत् ते अछता द्रव्य क्षेत्र काळ भाव पर द्रव्यना अछता रूपे तो असत् छे. जेम धर्म० द्रव्य अधर्मादि ५ पर द्रव्यना द्रव्य क्षेत्र काळ भावे असत के० अछतो छे. एम छ ए द्रव्यमां जाणवुं. छ द्रव्यमां वक्तव्य ते वचनथी कहेवा योग्य एहवा अनंता स्वभाव एक एक द्रव्यमां छे, अने अवक्तव्य के० वचनथी कहेवाय नहि केवळज्ञाने जणाय एहवा अनंता धर्म स्वभाव एक एक द्रव्यमां रह्या छे. एम अनंता गुण पर्याय पण कहेवा. सर्व पदार्थ केवळिये दिठा तेने अनंतमे भागे अभिलाष्यवाक वर्गणा योग्य अनभिलाष्यने अनंतमे भागे ते अभिलाष्य. वळी अभिलाष्यने अनंतमे भागे वक्तव्य कह्या तेने अनंतमे भागे गणधर महाराजे सूत्र गुंथ्या छे, तेथी असंख्यातमे भागे हमणा आगम रह्या छे ए ८ पक्ष. वळी नित्य अनित्य पक्षथी उपनी चोभंगी कहे छे. अनादि अनंत ते जेनी आदि ने अंत नथी ते प्रथम भांगो. जेनी आदि नथी ने अंत छे ते अनादि सांत बिजो भांगो. जेनी आदि छे ने अंत पण छे ते सादि सांत त्रिजो भांगो. जेनी आदि छे पण अंत नथी ते सादि अनंत चोथो भांगो. धर्मास्तिकायमां ४ गुण अनादि सांत भांगो नथी पर्याय ४ खंध, देश, प्रदेश, अगुरु लघु, ए ४ सादि सांत त्रिजे भांगे छे. सिद्धना जीवमां धर्मास्तिकायना प्रदेश सादि अनंत चोथे भांगे छे. एमज अधर्म द्रव्यमां. आकाशमां पण ए रीते जाणवुं पण एटलो विशेष के खंध अनादि अनंत पहेले भांगे जाणवुं. काल द्रव्यमां गुण ४, अनादि अनंत पहेजे भांगे छे. अने पर्यायमां अतीत काळ अनादि सांत बिजे भांगे छे. वर्तमान काळ सादि सांत त्रिजे भांगे छे. अनागत काळ सादि अनंत चोथे भांगे

छे. पुद्गल द्रव्यमां ४ गुण अनादि अनंत प्रथम भांगे छे. जीव पुद्गलनो संबंध अभव्य जीवने अनादि अनंत प्रथम भांगे छे. अने पुद्गल खंधथी ते सादि सांत त्रिजे भांगे छे. जघन्य १ समय उत्कृष्टो असंख्य काळ ते माटे सादि सांत भांगो अने सादि अनंत भांगो पुद्गलमां नथी. अने भव्य जीवने पुद्गलनो संबंध अनादि सांत चोथे भांगे छे. जीव द्रव्यमां गुण ४ अनादि अनंत प्रथम भांगे छे. जीवने कर्मनो संयोग भव्य जीवने अनादि सांत कारण के कोइक वखते ते कर्मथी छुटशे. नरक तिर्यंचना भव करवा ते सादि सांत त्रिजे भांगे जाणवा. अने जीवमां सिद्धपणु प्रकटे ते सादि अनंत चोथे भांगे जाणवुं एम षट् द्रव्यनो विचार लेश मात्र छे. हवे आत्म द्रव्यनो विचार, आत्मा ३. एक बहिरात्मा, बीजो अंतरात्मा, त्रिजो परमात्मा, तेमां बहिरात्मा ते धन, स्वजन, शरीर, कर्म, सर्व पर पुद्गलिक वस्तु माहरि अने हुं पण एहनो एहवी परिणामनी लोलुपता, अज्ञान, मोह, मिथ्यात्वे परिणम्यो तेने बहिरात्मा कहिए. (दुहो) पुद्गलसु रातो रहे, जाणे एह निधान; तस लाभे लोभ्यो रहे, (सो) बाहिरात्म अभिधान. पुद्गल विषय विलास द्रव्य कुटुंबादिमां रातो ने रातो तल्लालीन परिणामे मग्न रहे. अने मनोज्ञ पुद्गल मळे थके जाणे जे एह उपरांत बिजुं कांइ निधान नथी, ते पुद्गलना लाभ मांज लोभि रहे तेनुं नाम बहिरात्मा. ते पहेला गुणठाणाथी त्रिजा गुणठाणा सुधि जाणवो.

हवे बीजा अंतरात्मानुं लक्षण कहे छे. (दुहो) पुद्गल खल संगी परे, सेवे अवसर देख; तनुं अशक्तज्युं लाकडी, ज्ञान भेद पद लेख १ पुद्गलनो संबंध खल निच दुर्जन-मनुष्यान संगति सरिखो जाणे. पण अण चाल्ये पुद्गलनो संग करे. जेम शरिरे असमर्थ लाकडि राखे, ते लाजतो थको पण समर्थाइयें राखे नहि. तेम परिणामथी

ज्ञान सम्यकत्वे करी पुद्गलीक वस्तु जीव वस्तुनो भेद करी अंतरंग परिणामथी उदासी परिणामे आत्मीक वस्तु न्यारी ओळखीने तेनुं ध्यान करण रुचिवाळाने अंतरात्मा पद प्रकटे ते चोथे गुणठाणेथी मांडीने १२मा गुणठाणा सुधी जाणवो.

हवे त्रीजा परमात्मानुं लक्षण कहे छे. (दुहो) न्यारो आप स्वरुपमे, न्यारो पुद्गल खेल; सो परमात्मा जाणीए, नहि जस भव को मेल. आत्मा स्वरुपने विषे मग्न रहे. (दुहो) समता रमता उर्द्धता, ज्ञायकता सुख भास, वेदकता चैतन्यता, ए सब जीव विलास. २. एटला बोल प्रगट थयाछे शुद्ध प्रणतिये अने पुद्गळना खेलथी न्यारो होय. (दुहो) तनता मनता वचनता, जडता जड सह मेळ, लघुता गुरुता गमनता, ए अजीव के खेल; ३. ए सर्वपर वस्तु मात्र कर्म चैतन्यताथी न्यारो रहे, जेहने पुनरपि भवादि सर्व मेळ रहित ते परमात्मा तेरमे, चौदमे गुणठाणे तथा सिद्धने परमात्मा कहिये. तेमां द्रव्यात्मा असंख्यात प्रदेशी बहिरात्मानी प्रणतिये परिणम्यो ते बहिरात्मा, एमज अंतरात्मा परमात्मा पण कहिये. एमज कषायात्मा ते निश्चय व्यवहार सर्व रीते बहिरात्माज कहिये. योगात्मा निश्चय नये तो बहिरात्मा, व्यवहारनये शुद्ध योग ते अंतरात्मा, अशुध्ध योग ते बहिरात्मा, उपयोग आत्मा तेमां ज्ञानात्माना उपयोगमां ४ ज्ञान अंतरात्मा केवळज्ञान परमात्मा, दर्शन आत्मानां ३ दर्शननो उपयोग शुध्ध प्रणतिये अंतरात्मा, अशुद्ध प्रणतिये बहिरात्मा, केवळदर्शनना उपयोग ते परमात्मा, अज्ञाननो उपयोग ते बहिरात्मा, ज्ञानात्मामां ४ ज्ञान अंतरात्मा, केवळज्ञान परमात्मा, दर्शन आत्मामां ३ दर्शन शुद्ध प्रणतिये अंतरात्मा, अशुद्ध प्रणतिये बहिरात्मा, केवळदर्शन ते परमात्मा, चारित्र आत्मामां, ५ चारित्र क्षयोपशमनी

परिणतिये अंतरात्मा, अने जथाख्यात चारित्र क्षायक केवळी चारित्रनी परिणतिनि अपेक्षाये परमात्मा, वीर्यात्मामां, बाळवीर्यनी परिणति ते बहिरात्मा, बाळ पंडित वीर्यनी श्रावकनी शुध्धपरिणति ते अंतरात्मा.अशुध्ध परिणति ते बहिरात्मा. पंडित वीर्य क्षयोपशम परिणतिनी अपेक्षाये छद्मस्तनुं पंडितवीर्य अंतरात्मा अने क्षायक केवळी पंडित वीर्यनि परिणतिनी अपेक्षाये परमात्मा.ए आठ आत्मानो लेश मात्र अधिकार कह्यो. षट्द्रव्य आत्म बोधनो विचार लेश मात्र निरुपणे, विस्तार रुचिये,सात नय, चार प्रमाण.चार निक्षेप, षट् उपक्रम, नव अनुगम, ओघनिष्पन, नामनिष्पन, सुत्रलायकनिष्पन, निक्षेप निर्युक्ति, स्याद्वादि, असंख्य प्रदेशी, अनंत नयात्मक सिध्धांतनी वाणीनो विस्तार करतां पार न पामीये, पण सार भूत एटलुं जे असंख्य प्रदेशी, अनंत केवळज्ञान अनंत केवळदर्शन अनंत स्वरुप स्थिरता रमण, अनंत क्षायक शक्ति, अनंत परमक्षमा अनंत परम मार्दव, परम आर्जव परम संतोष, परम समता, परम शीतल दशा, परम शांति, परम दांति, परम क्षायक सम्यक्त, परमक्षायक भाव, परम शुध्ध परिणामिक भावमयि शुध्ध सत्तानी रासि, निस्पृहि, स्वतंत्री, इछा रोध निरासंसी नाहं मम, अरागी,अद्वेषी, अमोहि, अविकारी, सहजानंदि, स्वरुप विलासी, स्वरुप मोक्ष कर्त्ता, स्वरुप मोक्ष भोक्त्ता, स्वरुप तत्व रमणीय, तत्वानंदि, तत्व विश्रामी, स्वरुप स्थायी, तत्व विलासी, तत्वानुभवी, अछेद, अभेद, अप्रतिहत अविनाशी, अजरअमर, निःकलंकी, अगम्य, अलक्ष, अकल, अगोचर, अगाध, सच्चिदानंद, पूर्णानंद, पूर्णब्रह्म, आत्मद्रव्य अनंतगुणि, अनंतपर्यायमयि, अनंतशुध्धात्मधर्ममयि, आत्मसत्तानी सद्दहणा प्ररुपणा स्पर्शना करवी. एहवी शुद्ध सत्ता, केवळ ज्ञानादि

आत्म द्रव्यने न माने तेनी साध्य शुन्य साधना-क्रिया जेम घृत अथवा लुण विना रस वती न शोभे तेवी छे. तेम सत्ताये केवळज्ञान न माने अने जीव गमे तेटली क्रिया करे, द्रव्य ज्ञाननो अभ्यास करे, ते करणी सर्वे शुभाश्रव पुन्यफळनी दाता छे. ते तो परभाव छे, अनंत वार जीव पाम्यो ते पाम्यानुं शुं आश्चर्य छे ? ते माटे आचारंग, नंदि, मोक्ष मार्गाध्ययन, भगवति, पन्नवणा, अनुयोगद्वारादि, दश वैकालिक सूत्रोना रहस्यने गुरु गमथी समजे, आराधे सकळ आगमनी शाखे आत्मार्थि मोक्षार्थि, निर्जरार्थिने तो एकांतहित, पार्श्वमणी, चिंतामणी, रसकुंपि, अमृत रसकुंभ, चित्रावेली, कल्पवेली, सिद्धिमंत्रथी अधिक, अनोपम, सार सर्व ज्ञाननुं तत्त्व ए जे केवळज्ञान सत्ता ए मानीने शक्ति प्रमाणे शुद्ध व्यवहार क्रिया करीने शुध्ध सत्ता प्रगट करवी. ए सर्व सद्हणाथी क्रोडी गमे युक्तिवाळा मळे तोपण सद्हणाथी न चळवुं फरी फरीने जीवने आत्म द्रव्यनी शुध्ध केवळ श्रध्धा थवीज महा दुर्लभ छे, ते माटे ज्ञानामृतमां झीली, सकळ जंतुनी रक्षा करी, गुणीना गुणग्राम करी, आत्मानी निंदा करी, सकळ जीवने उपगार बुद्धि चिंतवी, सर्व इर्ष्या, अवर्णवाद मात्रनो निषेध करी, सकळ उपगारी पुरुषनो क्षण क्षण उपगार समरी सरल स्वभावी उदासी भावे रहिने पूर्वे अनंत जीव सत्ताने वर्या, वरेछे आगामी काळे वरसे. घणुं शुं कहिए ? ए विचारणा तो पोताना जीवने हाथ छे, ए शिखामण प्रमाण करे तेहना सकळ कार्य सिद्ध थाय. इति षट् द्रव्य विचार संपूर्ण.

# अथ श्री रूपी अरूपीना बोल.

गाथा ॥ कम्मठ पावठाणाय, मणवय जोगाय कम्मदेहा;
एसाचौफासा, घणतणवाय घणोदही १.

उरालाय चौदेहा, पुग्गलथ्थिकाय दव्वलेसा;
तह काय जोगोय, नायव्वा अठ फासा २.

धम्मा धम्मागासा जीव, अद्धापावठाणावत्तियः
दिठिपचुठाणा, उवओग भावलेसाय ३.

उग्गहासन्ना बुद्दी, चौचौ एगेगसठीय;
ए ए सव्वभणीया, अरु वितथ्थनायव्वा ४.

ए चार गाथानो अर्थ कहे छे कर्म ८, पाप १८. मन जोग, वचन जोग, अने कार्मण शरीर, ए २९ बोलमां ४ स्पर्श लाभे १. घनवाय, तनवाय, ने घनोदधि तथा उदारिक वैक्रय, आहारक ने तेजस ए ४ शरीर तथा पुद्गलास्तिकाय, तथा छ द्रव्य लेशा, अने कायजोग ए १५ बोलमां ८ स्पर्श लाभे. २. ए ४४ बोल रूपिना जाणवा. धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, जीव, काळ, अढार पापनि निवृत्ति, त्रण दृष्टि उठाण, कर्म, बळ, वीर्य, पुरुषाकार प्राक्रम, तथा बार उपयोग, ने छ भाव लेश्या, अवग्रह, इहा, अवाय, धारणा, तथा चार संज्ञा उत्पातनी, विनयनी, कर्मनी, पारिणामनी, ए ४ बुद्धि ए ६१ बोल अरूपीना जाणवा. इति रूपी अरूपीना बोल समाप्तं.

# अथ श्री पचीस बोलनो थोकडा.

॥ पहेले बोले महावीर प्रभुए एका एक दीक्षा लीधी अने मोक्ष पण एकाएक गया. उर्द्धलोके सर्वार्थसिद्ध विमान एक लाख जोजननुं छे, त्रिछा लोके जंबुद्वीप एक लाख जोजननो छे; अधो लोके सातमी नरके अपइठाण नरकावासो एक लाख जोजननो छे. चित्रा नक्षत्र, शांति नक्षत्र, आरद्रानक्षत्र, ए त्रण नक्षत्रनो एकेको तारो कह्यो छे. १.

बीजे बोले धर्मकरणी करती वखते बे दीशा सन्मुख बेसी करवी ते पूर्व अने उत्तर. बे प्रकारे धर्म कह्यो छे; गृहस्थ धर्म अने साधु धर्म. बे प्रकारे जिव कह्या छे, सिद्धना जीव अने संसारी जीव. बे प्रकारे दुःख कह्युं छे, ते शारीरिक दुःख अने मानसिक दुःख. पूर्वा फाल्गुणी नक्षत्र, उत्तरा फाल्गुणी नक्षत्र, पूर्वा भाद्रपद अने उत्तरा भाद्रपद ए चार नक्षत्रना बबे तारा कह्या छे. २.

त्रीजे बोले श्रावक त्रण मनोरथ चितवे ते एवी रीते के, हे भगवान ! हुं आरंभ अने परिग्रह क्यारे छांडीश? हे भगवान ! हुं पंचमहाव्रतधारी क्यारे थइश ? हे भगवान ! हुं आलोयणा करी संथारो क्यारे करीश ? ते वखतने धन्य छे. त्रण प्रकारना जिन कह्या छेः-अवधीज्ञानी जिन, मनःपर्यवज्ञानी जिन, केवळज्ञानी जीन. त्रण प्रकारना पात्र साधुने खपे ते-माटीनुं, तुंबडानुं, काष्टनुं. सात नक्षत्रना त्रण त्रण तारा कह्या छे. अभिच, श्रवण, अश्वनी, भरणी, मृगशर, पुष्य, ज्येष्ठा ए सात नक्षत्र. ३.

चोथे बोले श्रावकने चार विसामा कह्या छे भार वहेनारने दृष्टांते. एवी रीते के भार एक खभेथी बीजे

खभे ले ते एक विसामो, कोइ जग्याए ओटले के चोतरे बोजो मुकीने पीशाब करवा जाय के झाडे फरवा जाय तेबीजो विसामो, गाम दुर होय रस्तामां धर्मशाळा के जक्षनुं देवळ आवे त्यां रात रहे ते त्रीजो विसामो, पोताने के धणीने त्यां भार मूके ते चोथो विसामो. हवे ए दृष्टांत श्रावकना उपर उतारे छे. ते जेम भार लीधो तेम श्रावकने बोजो ते अढार पाप रुप. तेना चार विसामा नीचे प्रमाणे— श्रावक आठम, पाखी, अपवास एकासणुं करे ते पाप रुप बोजो— एकखांधेथी बीजेखांधे लेवारुप ते पहेलोविसामो. केमके अपवास कर्यो ते पोतानी जातने माटे खावानुं बंध कर्युं अथवा पाप बंध कर्युं पण बीजाने माटे करवुं पडे छे, तेथी पहेलोविसामो जाणवो. श्रावक एक सामायक बे सामायक अथवा बे घडीनुं चार घडीनुं देशावगासिक करे ते बीजोविसामो जाणवो. केमके एटलो वखत पापमांथी रोकायो. श्रावक आठम पाखीना पोषध करे ते रात रहेवा रुप त्रीजो विसामो. श्रावक आलोयणा करी संथारो करे ते वारे सर्व पापथी निवर्त्यो ए भार घेर मुकवारुप चोथो विसामो, श्रावकने चार प्रकारनुं रात्रिभोजन कह्युं छे ते जेमके रात्रिए रांधे अने दिवसे खाय ते अशुद्ध. दीवसे रांधे अने रात्रिए खाय ते पण अशुद्ध. रात्रे रांधे अने रात्रे खाय ते पण अशुद्ध. दीवसे रांधे अने दीवसे खाय ते शुद्ध. वळी एज चार भांगा बीजी रीते कहे छे:—अंधारीजग्याए रांधे अने अजवाळे खाय ते अशुद्ध. अजवाळामां रांधे अने अंधारीजगाए खाय ते पण अशुद्ध. अंधारी जग्याए रांधे अने अंधारीजग्याएखाय ते पण अशुद्ध. अजवाळीजग्याए रांधे अने अजवाळीजग्याए खाय ते शुध्ध. पुर्वाषाढा नक्षत्र, उत्तराषाढा नक्षत्र, अनुराधा नक्षत्र ए त्रणना चार चार तारा कह्या छे.

पांचमे बोले समकितना लक्षण पांच. सम, संवेग, निर्वेग, अनुकंपा, आस्ता,पांच समकितना दुषण कह्या छे. मिथ्यात्वी ए बोलाव्या पहेलां पोते तेने बोलावे ते, मिथ्यात्वीना सामुं वारंवार जोवुं ते, मिथ्यात्वीने पहोंचाडवा जवु ते, कामविना तेना मकान उपर जवुं ते, वारंवार तेना मकान उपर जवुं ते, ए पांच दुषण. पांच समकितना भूषण कहे छे. धर्मने विषे चतुराइ राखे ते समकितनुं भूषण. जिनशासनने अनेक रीते दीपावे ते, साधुनी सेवा करे ते, धर्मथी डगताने स्थिर करे ते, साधु साधर्मीनी वैयावच्च करे ते. ए पांच भूषण जाणवा. शरीर मांहेथी पांच ठेकाणेथी जीव नीकळे ते कहे छे. पगने तळीएथी नीकळे ते नरके जाय. जांगेथी नीकळे ते तीर्यंचमां जाय. छातीएथी नीकळे ते मनुष्यमां जाय, मस्तकेथी नीकळे ते देवलोकमां जाय. अने सर्वांगथी नीकळे ते मोक्ष जाय. पांच प्रकारे जीव धर्म न पामे ते कहे छे—अहंकारी,क्रोधी, रोगी,प्रमादी, अने सलील. पांच नक्षत्रना पांच पांच तारा कह्या छे ते रोहीणी, पुनर्वसु, धनिष्ठा, विशाखा,हस्त.

छठे बोले छ प्रकारे साधु आहार करे ते कहे छे—क्षुधावेदनी समावाने माटे, वैयावच्च करवाने माटे, इरीयासुमति शोधवाने माटे, संयमना निर्वाहने माटे, शरीर नभाववाने माटे, रात्रीए धर्म जागरण करवाने माटे, छ धर्मना देवगुरुना नाम कहे छे—जैन धर्ममां देव अरिहंत, गुरु निर्ग्रंथ. बोद्ध मतमां देव बुद्ध, गुरु फुंगी. शीव मतमां देव रुद्र, गुरु योगी. देवी मतमां देवी धर्म, गुरु वैरागी. न्याय मतमां देव जगतकर्ता, गुरु संन्यासी. मीमांशक मतमां देव अलख, गुरु दरवेश. समकीतनी छ जतना कहे छे—अन्य तीर्थीना गुणग्राम न करे, अन्य तीर्थीने माने वांदे ने पूजे नहि, अन्य तीर्थीए बोलाव्या

विना पोते बोले नहि. वारंवार ए साथे आलाप संलाप करे नहि. अन्य तीर्थीने तरण तारण मानी अन्नपाणी आपे नहि. ( दयाबुद्धी अनुकंपानो आगार)अन्य तीर्थीने धर्मबुद्धि ए वस्त्र पात्रआपे नहि,साता नीमीते आपे. छ लेश्याना विचार कहे छे. कृष्ण लेश्यावाळाने जीव हिंसा करवानी ईच्छा होय. नील लेश्यावाळाने चोरीनी इच्छा होय.कापुत लेश्यावाळाने मैथुननी इच्छा होय.तेजु लेश्यावाळाने तपश्चर्या करवानी इच्छा होय.पद्म लेश्या वाळाने दान देवानी इच्छा होय. शुक्ललेश्यावाळाने मोक्षना इच्छा होय.कृतिका,अश्लेषा ए बे नक्षत्रना छ छ तारा छे.

सातमे बोले सात कारणे छद्मस्थ जाणवो. प्राणातिपात करे, मृषावाद बोले,अदत्तादान दीए,शब्द रुप गंध रस स्पर्श तेनो स्वाद ले. पूजा सत्कार वांछे.निर्वद्य परुपे पण सावद्य वरते. जेवुं परुपे तेवुं करी शके नहि, ए सातवाना जेनामां होय ते छद्मस्थ जाणवो.सात प्रकारे आउखुं त्रुटे ते कहे छे. ध्रास्को पडवाथी मरे,शस्त्रथी मरे, मंत्र मुठथी मरे, घणे आहारे अजीर्णथी मरे, शुलादीक वेदनाथी मरे, सर्पादीक करडेथी मरे, श्वासोश्वास रुंधावाथी मरे, ए सात प्रकारे आउखुं तुटे. हवे सात नय कहे छे. निगम नय, संग्रह नय, व्यवहार नय, रुजु सुत्र नय, शब्द नय, समभिरुढ नय, एवंभूत नय, ए सात नय कह्या. मघा नक्षत्रना सात तारा कह्या छे.

आठमे बोले आचार्यनी आठ संपदा.आचार संपदा,शरीर संपदा,सूत्र संपदा, वचन संपदा, प्रयोग संपदा, मति संपदा,संग्रह संपदा,वाचना संपदा. एकल विहारी साधु साध्वीना आठ अवगुण कह्या छे तेना नाम—क्रोधी होय ते एकलो रहे, अहंकारी होय ते एकलो रहे, कपटी हीय ते एकलो रहे, लोभी होय ते एकलो रहे, पाप कर-

वामां आसक्त होय ते एकलो रहे, कताहलो मश्करो होय ते एकलो रहे, धुतारो होय ते एकलो रहे, माठा आचारनो धणी होय ते एकलो रहे. आठ गुणनो धणी एकलो होय तेना नाम-संयमने विषे दृढ प्रणामनो धणी गुरुनी आज्ञा लइ एकलो रहे, घणा सूत्रनो जाण एकलो रहे, जघन्य दश पूर्वनो भणेलो उत्कृष्ट चउद पूर्वनो भणेलो एकलो रहे, चार ज्ञाननो धणी एकलो रहे, महा बळनो धणी एकलो रहे, क्लेश रहीत होय ते एकलो रहे, संतोषी होय ते एकलो रहे, धैर्यवंत होय ते एकलो रहे. देखता आठ प्रकारे अंध कह्या ते कहे छे. कामांध, क्रोधांध, कृपणांध, मानांध, मद्यांध, चोरांध, जुगटयांध, चुगलांध, ए आठ आंधळा जाणवा. आठ महा पापी कहे छे-आत्मघाती, विश्वासघातो, गुण ओळवनार, गुरुद्रोही, कुडी साक्षी पुरे ते, खोटी सलाह आपे ते, पच्चखाण वारंवार भांगे ते हींसामय धर्म परुपे ते महा पापी.

नवमे बोले नव प्रकारे शरीरमां रोग उपजे ते कहे छे-घणुं खाय तो रोग उपजे. अजीरणमां खाय तथा घणुं बेसी रहे तो रोग उपजे, घणुं उंघे तो रोग उपजे, घणुं जागे तो रोग उपजे, दिशा रोके तो रोग उपजे, पिशाब रोके तो रोग उपजे, घणुं चाले रोग उपजे, अगमती वस्तु भोगवे तो रोग उपजे, वारंवार विषय सेवे तो रोग उपजे. नव बोल समजवाना कह्या ते कहे छे-रजपुतने क्रोध घणो, क्षत्रीयने मान घणुं, गुणकाने माया घणी, ब्राह्मणने लोभ घणो, मित्रने राग घणो, शोकने द्वेष घणो, जुगारीने शोच घणो, चोरनी माताने चिंता घणी, कायरने भय घणो.

दशमे बोले नारकीना जीवने दश प्रकारनी वेदना कहे छे-अनंती भूख, अनंती तरस, अनंती टाढ, अनंती गरमी, अनंतो दाघ, अनंतो भय, अनंतो ज्वर, अनंती खरज,

अनंतुं परवशपणुं, अनंतो शोक. दस कारणे देवतानुं आयूष्य बंधाय. दश प्रकारे ज्ञानमां वृद्धि करनार नक्षत्रनां नाम. मृगसर, आर्द्रा, पुष्य, पूर्वाभाद्रपद, पूर्वाषाढा, पूर्वाफाल्गुनी, मूळ, अश्लेषा, हस्त, चित्रा. ए दश नक्षत्रमां ज्ञान भणे तो वृद्धि थाय ने विघ्न जाय.

अगीयारमे बोले महावीरना ११ गणधरना नाम कहे छे इंद्रभुती, अग्निभुति, वायूभुति, व्यक्त, सुधर्मा स्वामी, मंडित पुत्र, मौरीपुत्र, अकंपित, अचळभ्राता, महेतार्य, प्रभास.

अगिआरमे बोले ज्ञानवधे ते कहे छे. उद्यम करता ज्ञान वधे. निद्रा तजे तो ज्ञानवधे, अणुदरी करे तो ज्ञान वधे, थोडुं बोले तो ज्ञान वधे, पंडितनी सोबत करे तो ज्ञान वधे, विनय करे तो ज्ञान वधे, कपट रहित तप करे तो ज्ञान वधे, संसारमां आसक्ति घटे तो ज्ञान वधे, मांहोमांही चर्चा वार्ता करे तो ज्ञान वधे, ज्ञानी पासे भणे तो ज्ञान वधे, इंद्रीयोना विषयनो त्याग करे तो ज्ञान वधे, मुळनक्षत्रना अगीआर तारा छे.

बारमे बोले बार कारणे आत्मानुं परम कल्याण थाय ते कहे छे-समकित निर्मळ पाळे तो आत्मानुं परम कल्याण थाय-श्रेणीक राजानी पेरे १. नीयाणा रहीत करणा करे तो परम कल्याण थाय-तामल तापसनी पेरे २. मन वचन कायाना जोग कबजे राखे तो परम कल्याण थाय-गजसुकुमार मुनिनी पेरे ३. छती शक्तिए क्षमा करे तो परम कल्याण थाय-परदेशी राजानी पेरे ४. पांच इंद्रीने दमन करे तो परम कल्याण थाय-धर्मरुची अणगारनी पेरे ५. साधुनो शुद्ध आचार पाळे तो परम कल्याण थाय-धना अणगारनी पेरे ६. धर्म उपर श्रद्धा प्रतित राखे तो परम कल्याण थाय-वरुण नाग नतुयाना मित्रनी पेरे ७. माया कपट छांडे तो परम कल्याण थाय-मलिनाथना छ

मीत्रनी पेरे ८. आश्रवमां संवर निपजावे तो परम कल्याण थाय-संजति राजानी पेरे ९.रोग आवे हाय वोय न करे तो परम कल्याण थाय-अनाथी निग्रंथनी पेरे १०. परिसह आव्या समभाव राखे तो परम कल्याण थाय-मेतारज मुनिनी पेरे ११. तृष्णा उत्पन्न थइ तेने पाछी वाळे तो परम कल्याण थाय-कपील केवळीनी पेरे १२.

तेरमे बोले तेर तणखा कहेछे-जन्मरुपी रु अने मरणरुपी तणखा १. संजोग रुपी रु अने विजोग रुपी तणखो २. शाता रुपी रु अने अशाता रुपी तणखो ३. संपदा रुपी रु अने आपदा रुपी तणखो ४. हरख रुपी रु अने शोग रुपी तणखो ५. शील रुपी रु अने कुशील रुपी तणखो ६. ज्ञान रुपी रु अने अज्ञान रुपी तणखो ७. समकित रुपी रु अने मिथ्यात्व रुपी तणखो ८. संजम रुपी रु अने असंजम रुपी तणखो ९. तपस्या रुपी रु अने क्रोध रुपी तणखो १०. विवेक रुपी रु अने अभिमान रुपी तणखो ११. स्नेह रुपी रु अने माया रुपी तणखो १२. संतोष रुपी रु अने लोभ रुपी तणखा १३. ए तेर तणखा. हवे तेर काठीआ कहे छे. जुगार, आळस, शोक, भय, वीकथा, कौतक, क्रोध, कृपणबुध्धि, अज्ञान, वहेम, निद्रा, मद, मोह, ए तेर काठीआ.

चौदमे बोले व्याख्यान सांभळनारना १४ गुण कहे छे-भक्तिवंत होय १. मीठाबोलो होय २. गर्व रहीत होय ३. सांभळवा उपर रुची होय ४. चपळता रहित एकाग्र चित्ते सांभळनार होय ५. जेवुं सांभळे तेवुं पूछनारने बराबर कहे ६. वाणीने प्रकाशमां लावनार होय ७. घणा शास्त्र सांभळीने तेना रहस्यनो जाण होय ८. धर्म कार्यमां आळस न करनार होय ९. धर्म सांभळतां निद्रा न करनार होय

१०. बुद्धिवंत होय ११. दातार गुण होय १२. जेनी पासे धर्म सांभळे तेना गुणनो फेलावो करनार होय १३. कोइनी निंदा न करे तेमज तेमनो वादविवाद न करे १४.

पंदरमे बोले वनीत शिष्यना पंदर गुण कहे छे—गुरुथी नीचा आसने बेसवा वाळोहोय १. चपळपणा रहित होय २. माया रहित होय ३. कतोहळ रहित होय ४. करकस वचन रहित होय ५. लांबो वखत पहोंचे तेवो क्रोध न करनार होय ६. मित्र साथे मित्रता राखे ७. सुत्र भणी मद न करे ८. आचार्यादिकनो निंदा न करे ९. शिखामण देनार उपर क्रोध न करे १०. पुंठ पाछळ वालेसरोना गुण बोले ११. कलेश ममता रहित होय १२. तत्वनो जाण होय १३. विनयवंत होय १४. लज्जावंत इंद्रिनो दमनार होय १५.

सोळमे बोले सोळ प्रकारना वचन जाणवा ते कहे छे—एक वचन घट, पट, वृक्ष १. द्विवचन घटौ, पटौ, वृक्षौ २. बहुवचन घटाः पटाः वृक्षाः ३. स्त्री लिंगे वचन कुमारी, नगरी, नदी ४. पुरुष लिंगे वचन देव, नर, अरिहंत, साधु ५. नपुंसक लिंगे वचन. कपट, कमळ, नेत्र ६. अतीत काळ वचन ( गयो काळ ) करेलुं, थएलुं ७. अनागत काळ वचन ( आवतो काळ ) करशे, थशे, भांगशे ८. वर्तमानकाळ वचन करे छे, थाय छे, भणे छे ९. परोक्ष वचन एकार्य तेणे कर्युं १०. प्रत्यक्ष वचन एमज छे ११. उपनित वचन ए पुरुष रुपवंत छे १२. अपनीत वचन जेम ए पुरुष कुरुपवंत छे १३. उपनीत अपनात वचन जेम ए रुपवंत पण कुशीलिओ छे १४. अपनीत उपनीत वचन जेम ए पुरुष कुशीलिओपण रुपवंत छे १५. मायिक वचन भग्न बोले (तुटेलुं वचन) रु वाणीआनी पेरे रु पा १६.

सतरमे बोले सतर प्रकारनो संयम कहे छे—पृथ्वीकायनी दया

पाळवी ते संयम १. अपकायनी दया पाळवी ते संयम २. तेउकायनी ३.वायुकायनी४. वनस्पतिकायनी ५. बेइंद्रीयनी ६. तेइंद्रीयनी ७. चउरींद्रीयनी ८. पचेंद्रीयनी ९.अजीव कायनी १०. पेहानी ११. उपेहानी १२.पमजणानी १३. परीठावणीया १४. मन १५. वचन. १६. काया. १७. ए सत्तर प्रकारनो संयम.

अढारमे बोले अढार द्रव्य दीशा कहे छे-पूर्व १, पश्चिम २, उत्तर ३, दक्षिण ४, इशान खूणो ५, अग्नि खूणो ६, नैऋत्य खूणो ७, वायव्य खूणो ८, विदीशीना आठ आंतरा ए बधा थइने सोळ अने उंची सत्तर अने नीची अढार, ए अढार. अढार भाव दिशा कहे छे-पृथ्वी १. अप २.तेउ ३.वायु ४. अग्रबिआ ५. मूळबिआ ६. पोरबिआ. ७. खंधबीआ. ८. बेइंद्रीय ९. तेइंद्रीय १०. चउरींद्रीय ११.पंचेंद्रीय १२.तिर्यंच १३. कर्मभुमी १४. अकर्मभुमि १५. छपन अंतरद्वीपा १६. देवता १७. नारकी १८.ए अढार.

ओगणीसमे बोले काउसग्गना ओगणीस दोष कहे छे-ढींचण उपर एक पग राखीने काउसग्ग करे तो दोष १. काया आघी पाछी हलावे तो दोष २. ओठींगण दे तो दोष ३. माथु नमावी उभो रहे तो दोष ४. हाथ उंचा राखे तो दोष ५. मोढे माथे ओढे तो दोष ६. पग उपर पग राखे तो दोष ७. शरीर वांकु राखे तो दोष ८.साधुनी बराबर रहे तो दोष ९. गाडानी उंधनी पेरे उभो रहे तो दोष १०.केडेथी वांको उभो रहे तो दोष ११. रजोहरण उंचो राखे तो दोष १२. एक आसने न रहेतो दोष १३. आंख ठेकाणे न राखे तो दोष १४. माथुं हलावे तो दोष १५. खोंखारो करे तो दोष १६. डील हलावे तो दोष १७. मरडे तो दोष १८. शून्य चित्त राखे तो दोष १९.

वीशमे बोले वीस प्रकारे जीव तिर्थंकर गोत्र बांधे ते कहे छेः--अरिहंतना गुण ग्राम करे तो कर्मनी क्रोड खपावे, उत्कृष्ट रस आवे तो तिर्थंकरगोत्र बांधे १. सिद्धना गुणग्राम करे तो २. सिध्धांतना गुणग्राम करे तो ३.गुरुना गुगग्राम करे तो ४.स्थिवरना गुणग्राम करे तो ५. बहुसूत्रीना गुणग्राम करे तो ६. तपस्वीना गुणग्राम करे तो ७. ज्ञान उपर उपयोग वारंवार राखे तो ८. शुद्ध समकित पाळे तो ९. विनय करे तो १०. बे वखत पडिक्कमणुं करे तो ११. वृत पचखाण चोख्खां पाळे तो १२. धर्मध्यान शुक्लध्यान ध्यावे तो १३. बार भेदे तप करे तो १४. सुपात्रने दान दे तो १५. वैयावच्च करे तो १६. सर्व जीवने सुख उपजावे तो १७. अपूर्व ज्ञान भणे तो १८. सूत्रनी भक्ति करे तो १९. तिर्थंकरनो मार्ग दीपावे तो २०. ए विस.

एकवीसमे बोले श्रावकना एकवीश गुण कहे छेः-अशुद्र १. जशवंत २. सौम्य प्रकृति ३. लोकप्रिय ४. स्वभाव आकरो नहि ५. पापथी डरे ६. श्रद्धावंत ७. लब्धलक्ष ८. लज्जावंत ९. दयावंत १०. मध्यस्थ ११. गंभीर १२. सौम्य द्रष्टी १३. गुणरागी १४. धर्मकथक १५. साचानो पक्ष करनार १६. शुद्ध विचारी १७. घरडानी रीते चालनार १८. विनयवंत १९. कीधेला गुणने भुले नहि २०. परहितकारी २१. ए एकवीश.

बावीसमे बोले बावीस जण साथे वाद न करवो ते कहे छेः-धनवंत साथे १.बळवंत साथे २.घणा परिवार साथे ३.तपस्वी साथे ४. हलका माणस साथे ५.अहंकारी साथे ६.गुरु साथे ७. स्थीवर साथे ८. चोर साथे ९. जुगारी साथे १०. रोगी साथे ११. क्रोधी साथे १२. जुठाबोला साथे १३. कुसंगी साथे १४.राजा साथे १५.

शीतळ लेशावाळा साथे १६. तेजु लेश्यावाळा साथे १७. मोढे मीठा बोला साथे १८. दानेश्री साथे १९. ज्ञानी साथे २०. गुणका साथे २१. बाळक साथे २२. ए बावीस.

त्रेत्रीसमे बोले पांच इंद्रीयना त्रेवीस विषय कहेछेः—श्रोतेंद्रियना त्रण विषय--जीव शब्द, अजीव शब्द, मिश्र शब्द. चक्षु इंद्रियना पांच विषय--काळो, पीळो, लीलो, रातो, धोळो, घ्राणेंद्रीयना बे विषय--सुर्भी गंध, दुर्भीगंध, कुल दस. फरस इंद्रीयना आठ विषय ते खरखरो सुंहाळो, हलको, भारे, टाढो, उनो, लुखो, चीकणो, रस-इंद्रीयना पांच विषय--तीखो, कडवो, कषायलो, खाटो, मीठो.

चोवीसमे बोले चोवीस टोटा कहे छे:--भणवा गणवानी आळस करे तो ज्ञाननो टोटो बहु सूत्रनी शाख १. साधु साध्वीना दर्शन न करे तो समकितनो टोटो—सोमिल ब्राह्मणनी शाख २. वखतसर पडीक्कमणुं न करे तो व्रत पच्चखाणनो टोटो--उत्तराध्ययन अध्य० २९ नी शाख ३. साधु साध्वी मांहो मांही वयावच्च न करे तो तीर्थनो टोटो--ठाणांगनी शाख ४. तपस्यानी ने आचारनी चोरी करे तो देवतामां उंची पदवीनो टोटो--दशवैकालिक भगवतीनी शाख ५. कठण कलुश भाव राखे तो शीतळतानो टोटा-- समवायंगनी शाख ६. अजतनाथी चाले तो जीव दयानोटोटो-दशवैकालीकनीशाख ७. रूपनो ने योवननो मद करे तो शुभ कर्मनो टोटो—पन्नवणानी शाख ८. मोटामो विनय न करे तो तीर्थंकरनी आज्ञानो टोटो—व्यवहार सूत्रनी शाख ९. माया कपट करे तो जश कीर्तिनो टोटो--आचारंगनी शाख १०. पाछली रात्रे धर्म जाग्रिका न जागे तो धर्म ध्याननो टोटो नीशीथनी शाख ११, क्रोध कलेश करे तो स्नेह भावनो टोटो-चेडा कुर्णीकनी शाख १२, मन उंचु नीचुं करे तो अक्कलनो टोटो—

भृगु पुरोहीतनी शाख १३.स्त्रीना लालचुने ब्रह्मचर्यनो टोटो--उत्तराध्ययननी शाख १४. साधु -साध्वी, श्रावक--श्राविका मांहोमांही हेत मेळाप न राखे तो जैन धर्मनो टोटो--शंख पोखलीजीनो शाख १५. सुपात्र ने उलट भावे दान न आपे तो पुण्य प्रकृतिनो टोटो-कपोला दासीनी शाख १६. साधु गाम नगर विहार न करे तो धर्म कथानो टोटो-शेलक राजऋषिनी शाख १७. भणे गणे नहि तो जिनशाननो टोटो-समाचारीनी शाख १८. व्रत पच्चखाणनी आलोयणा करे नहि तो मोक्षना सुखनो टोटो-पार्श्वनाथनी बसें छप्पन साध्वीनी शाख १९. अरीहंत, धर्म, ने चार तीर्थना अवर्णवाद बोले तो सत् धर्मनो टोटो-ठाणांगनी शाख २०. साधुनुं वचन माने नहि तो उंची गतिनो टोटो-ब्रह्मदत्तनी शाख २१. साधु-साध्वी, गुरु-गुरुणीनी आज्ञा उलंघे तो आराधकपणानो टोटो सुकुमालीकानी साख तथा खंधकजीनो शाख २२.भगवानना वचन उपर श्रद्धा न राखे तो शुद्ध मार्गनो टोटो-जमालीनी शाख २३. भणेलुं वारंवार संभारे नहि तो मेळवेली विद्यानो टोटो-जव रुषिनीशाख २४.

पचीसमे बोले साडापचीश-आर्य देश तथा तेनो नगरीना नाम कहे छे-मगध देश-राजग्री नगरी १, अंग देश--चंपानगरी २, वंग देश--तामलीप्त नगरी ३, कलींग देश--कंचनपुर नगर ४, काशी देश--वणारसी नगरी ५, कोशळ देश अयोध्या नगरी ६, कुरु देश--गजपुर नगरी ७, कुषवर्त देश--सोरीपुरनगरी८,पंचाळदेश--कंपीलपुर नगरी९,जंगलदेश--अइछत्तानगरी. १०, कच्छ देश--कोसंबी नगरी ११, सांडोल देश--नंदीपुर नगरी १२, माळव देश--भदिलपुर नगरी १३, वच्छ देश--वैराटनगरी १४, दशारण देश--मृगावती नगरी १५, वरण देश--इच्छापुर नगरी

१६, विदेह देश- शित्रावती नगरी १७, सिंध देस--वितीभय पाटण नगरी १८, सौवीर देश--मथुरा नगरी १९, विदेह देश--मीथीला नगरी २०,सुरसेन देश--पावापुर नगरी २१,भंग देश--मांसपुर नगरी २२, पाटण देश--कांडावती नगरी २३, कुणाल देश--सात्रर्थी नगरी २४,सोरठ देश--द्वारका नगरी २५, केकार्ध देश--सितांबीका नगरी २६,ए साडीपचीस आर्य देश.इति श्री पचीस बोलनो थोकडो समाप्तः

# श्री वाटे वहेतां जीवना बोल.

वाटे वहेतां जीवने समकित चार लाभे ते वेदक वर्जीने १. वाटे वहेतां जीवने शरीर बे लाभे तेजस ने कारमण २. वाटे वहेतां जीवने गुणस्थानक त्रण लाभे पहेलुं बीजु ने चोथु ३. वाटे वहेतां जीवने जोग एक लाभे ते कारमण ४. वाटे वहेतां जीवने उपयोग दस मनपर्यव ने चक्षु दर्शन ए बे वर्जीने ५. वाटे वहेतां जीवने लेश्या छ ६. वाटे वहेतां जीवने द्रष्टि बे लाभे ते समद्रष्टि ने मिथ्या-द्रष्टि ७. वाटे वहेतां जीवमां अज्ञान त्रण लाभे ८. वाटे वहेतां जीवमां समुद्घात बे पहेली लाभे ९. वाटे वहेतां जीवमां ज्ञान चार लाभे मनपर्यव टाळीने १०. वाटे वहेतां जीवमां दर्शन त्रण चक्षुदर्शन वर्जीने ११. वाटे वहेतां जीवमां वेद त्रण लाभे १२. वाटे वहेतां जीवमां पर्याप्ति एके नहि १३. वाटे वहेतां जीवनी स्थिती जघन्य एक समयनी उत्कृष्टि चार समयनी १४. वाटे वहेतां जीवमां कषाय चार लाभे १५. वाटे वहेतां जीवमां इंद्री एके नहि १६. वाटे वहेतां जीवमां जीवना भेद सात अपर्याप्ता लाभे १७. वाटे वहेतां जीवमां

समकिती अने मिथ्यात्वी १८. वाटे वहेतां जीवमां प्राण एक आयुष्य लाभे १९. वाटे वहेतां जीवमां असंज्ञी ने संज्ञी बे लाभे २०. वाटे वहेतां जीवमां त्रस स्थावर ए बे लाभे २१. वाटे वहेतां जीवमां आत्मा सात ते चारित्र आत्मा वर्जिने २२. वाटे वहेतां जीवमां चारित्र एके नहि २३. वाटे वहेतां जीवमां संज्ञा चार लाभे २४. वाटे वहेतां जीव एक अभासक्रा हाय २५. वाटे वहेतां जीवमां करण अठयावीस लाभे २६. वाटे वहेतां जीवमां हेतु तेत्रीस लाभे २७. वाटे वहेतां जीवमां सुक्ष्म ने बादर बे लाभे २८. वाटे वहेतां जीवमां अणाहारीकपणु लाभे २९. वाटे वहेतां जीवमां किरीया एके नहि ३०. वाटे वहेतां जीवमां जोग एक कारमणनो ३१. वाटे वहेतां जीव मन रहित होय ३२. वाटे वहेतां जीवना बोल समाप्त.

## अथ श्री प्रमाण बाधनो थोकडो.

भव्य जीवना बोधने अर्थे ३ प्रकारना अंगुल तथा ३ प्रकारना पल्योपमनुं मान सूत्र अनुयोग द्वारथी कहे छे. तेमां प्रथम ३ प्रकारना अंगुलना नाम, आत्म अंगुल, उत्सेधांगुल, प्रमणांगुल, आत्म अंगुलनु मान कहे छे, भरतादि १५ क्षेत्र छे, तिहां जे काळे जे आरे जे मनुष्य होय, ते मनुष्य पोतपोताने १२ अंगुले १ मुख थाय अने ९ मुखे एक पुरुषनुं उंचपणानुं मान थाय, एटले १२ नवा १०८ आत्म अंगुलनो पुरुष उंचो होय, ते पुरुष ने प्रमाणापेत कहिए, मान युक्त पुरुष केहने कहिये, पुरुष प्रमाणे कुंडि कुंडि हाय तेने जळे करि परिपूर्ण भरिये, तेमां पुरुष बेशे

तेवारे एक द्रोण प्रमाणे जल कुंडि मांहिथी बाहिर निकळे तथा एक द्रोण प्रमाणे जले करि कुडि उणि होय ते कुंडिमां ते पुरुष बेशे परिपूर्ण जले भराय तेने मानोपेत पुरुष कहिए, द्रोण ते केवडो होय ते कहे छे, बे असलीये १ पसली थाय, बे पसलीये १ सइ थाय, चार सइए १ कुडव थाय, चार कुडवे १ पाथा थाय, चार पाथे १ आढो थाय. चार आढे १ द्रोण थाय, ए द्रोणनुं मान कह्युं. ए रीते मानोपेत पुरुष कहिये, उन्मानयुक्त पुरुष केहने कहिये, जे पुरुष तोळाणो थको अर्द्ध भार थाय तेने उन्मानयुक्त पुरुष कहिये, अर्द्ध भारनु मान कहे छे एक हजार ने पचाश पळे अर्द्ध भार थाय, ए अर्द्ध भारनुं मान कह्युं, प्रमाण मान उन्मान युक्त लक्षण साथियादिक व्यंजन मस तिलादिक गुण, क्षमा दानादिक सहीत जे पुरुष होय ते उत्तम पुरुष जाणवो, उत्तम पुरुष १०८ आत्म अंगुलनो उंचो होय, मध्यम पुरुष १०४ आत्म अंगुलनो उंचो होय, एहवा ६ आत्म अंगुले १ पगना मध्य भागनुं पहोळपणु थाय, बे पगे १ वेंत थाय, बे वेंते १ हाथ थाय, बे हाथे १ कुक्षि थाय, बे कुक्षिए १ धनुष थाय, बे हजार धनुषे १ गाउथाय, चार गाउ ए १ जोजन थाय, जे काळे मनुष्यनुं आत्म अंगुल होय ते आत्म अंगुळे ते वखतना नगर, गाम, वंन, कुवा, तळाव, वाव, गढ, पोळ, कोठा, यान, रथ, गाडादिक ७२ बोलना नाम कह्यांछे ते मपाय. उत्सेधांगुलनुं मान कहे छे, अनंता सुक्ष्म परमाणुवा भेळा करिये त्यारे १ व्यवहारि प्रमाणुं थाय, तथा जाळीने विषे सूर्यना किरण तेमां रज उडती देखाय ते रजनो अनंतमो भाग तेने व्यवहारि परमाणु कहिये. अन्यमतिओ रजना तेत्रिशमां भागने परमाणु कहे छे. पण व्यवहारि परमाणु ते कहेवाय के जे शस्त्रादी कोइ प्रकारे छेदाय

नहि, अग्निमां बळे नहि, पाणीमां चाल्यो जाय पण भिंजाय नहि, गंगा महानदीनो प्रवाह उंचो चुलहिमवंत पर्वतथी पडे छे ते प्रवाह सामो चाल्यो जाय पण खळाय नहि, घात पामे नहि, पाणिना बिंदुमां रहे पण पलळे नही, ते अति तिखे शस्त्रे करि देवतानी शक्तिये छेदता एक खंडनो बिजो खंड न थाय. तेने तत्वज्ञाता परमाणु कहे छे. एहवा अनंता व्यवहारि परमाणु एकठा मले तेवारे १ उष्णसन्नियो थाय. आठ उष्णसन्निये १ सणसन्नियो थाय. आठ सणसन्निये १ उर्द्धरेणु थाय, आठ उर्द्धरेणुये १ त्रशरेणु. बेंद्री-यादिक त्रश जीवने चालता रज उडे ते त्रसरेणु कहेवाय. आठ त्रशरेणुये १ रथरेणु. रथादिक हिंडता रज उडे ते रथरेणु थाय. आठ रथरेणु-ए १ देवकुरु उत्तरकुरुना जुगलीया मनुष्यना वाळा-ग्रनुं जाडपणुं थाय. आठ देवकुरु उत्तरकुरुना वाळाग्रे १ हरिवास रमकवास क्षेत्रना जुगलियाना वाळाग्रनुं जाडपणुं थाय. आठ हरिवासरमकवासना वाळाग्रे १ हेमवय एरणवयनाक्षेत्रना जुगली याना वाळाग्रनुं जाडापणुं थाय. आठ हेमवय एरणवयना वाळाग्रे १ पूर्व पश्चिम महाविदेह क्षेत्रना मनुष्यना वाळाग्रनुं जाडपणुं थाय. आठ पूर्व पश्चिम महाविदेहना वाळाग्रे १ भरत इरवतना मनुष्यना वाळाग्रनुं जाडपणुं थाय. एहवा ८ वाळाग्रे १ लिख थाय, आठ लिखे १ जु थाय, आठ जुये १ जवमध्य थाय, आठ जव मध्ये १ अंगल थाय, ६ अंगुले १ पग थाय, १२ अंगुले १ वेंत थाय. २४ अंगुले १ हाथ थाय, ४८ अंगुले १ कुक्षि थाय, ९६ अंगुले १ धनूष थाय, २ हजार धनूषे १ गाउ थाय. ४ गाउए १ जोजन थाय, ए उत्सेधांगुले २४ दंडकनी अवघेणा वर्णवी छे. प्रमाणांगुलनुं मान कहे छे. भरतादिक चक्रवतीनुं कांग-

णिरत्न होय. ते ८ सोनइया भार छे. सोनइयानुं तोल कहे छे. ४ मधुरत्रिफले १ स्वेत सरसव थाय, १६ सरसवे १ अडद थाय, २ अडदे १ गुंजा थाय, ५ गुंजाये १ मासो थाय. १६ मासे १ सोनइयो थाय, एहवा ८ सोनइया भारनुं कांगणिरत्न होय. तेने छ तळा, ८ खुणा, १२ हांश छे. सोनींनी अहिरणने संठाणे छे. ते कांगणिरत्ननी एकेकी हांश उत्सेधांगुलनि पहोळी छे. अने जे उत्सेधांगुल ते समण भगवंत महावीरनुं अर्द्धअंगुल थाय तेने हजार गुणुं करिये तेवारे १ प्रमाणांगुल थाय. एटले महावीर-स्वामीना पांचसे आत्मअंगुले १ प्रमाणांगुल थाय, एहवा ६ प्रमाणां-गुले १ पग थाय, १२ अंगुले १ वेंत थाय, २४ अंगुले १ हाथ थाय, ४८ अंगुले १ कुक्षि थाय, ९६ अंगुले १ धनूष थाय, २ हजार धनूषे १ गाउ थाय, ४ गाउये १ जोजन थाय, ए प्रमाणां-गुले पृथ्वी, पर्वत, विमान, नरकावासा, द्विप, समुद्र, नरक, देव-लोक,लोक,अलोक,शास्वती जमीन रत्न प्रभादिक २८ बोलनुं तथा द्विपसमुद्रादि २८ बोलनुं लांबपणुं, पहोळापणुं, उंचपणुं, उंडपणुं, परिधि प्रमुखना मान वर्णव्या छे. ए ३ प्रकारना अंगुल कह्या ते प्रत्येक प्रत्येकना त्रण त्रण भेद श्रेणिअंगुल, प्रतरांगुल, घनांगुल, तीहां असत्कल्पनाये श्रेणि ते असंख्याता जोजन क्रोडाक्रोडि प्रमाणे लांबी, अने एक आकाश प्रदेशनी पहोळी जाडपणे लोकांत सुधि होय तेने श्रेणि कहिये. ते श्रेणिने श्रेणि गुणो करिये तेने प्रतर कहिये, ते प्रतरने श्रेणि गुणो करिये तेने घन कहिये. ते घनीकृत लोकने संख्यात गुणा करिये तेवारे संख्याता लोक अलोकमां थाय ते संख्याता लोकने असंख्यात गुणा करिये त्यारे असं-ख्याता लोक अलोकमां थाय. ते असंख्याता लोकने अनंत

गुणा करिये तेवारे अनंता लोक अलोकमां थाय. अने ते अनंता लोकना जेटला आकाश प्रदेश छे तेटला निगोदना एक शरीरमांहि निगोदिया जीव छे. असंख्याता सुक्ष्म निगोदे १ बादर निगोद थाय. एक निगोदमां अनंता जीव जाणवा. ए त्रण प्रकारना अंगुल कह्या. त्रण प्रकारना पल्योपमनुं मान कहे छे तेमां पल्योपमना ३ भेद उद्धार पल्योपम, अद्धापल्योपम, क्षेत्र पल्योपम, एक एकना बबे भेद सुक्ष्म ने बादर प्रथम बादर उद्धार पल्योपमनुं स्वरुप कहे छे एक जोजननो उत्सेधांगुले लांबो पहोळो ने उंडो एहवो १ पालो कलपिये तेनी त्रिगुणि झाझेरी परिधि होय ते पालो देवकुरु उत्तरकुरुना जुगलीयाना मस्तकना केश ते एक दिनथी मांडिने ७ दिनना उग्या वालाग्रे करि भरिये, एहवो तो ठांसी भरिये के अग्निमांहि बळे नहि, वायरे करी उडे नहि, पाणीयें करी सडे नहि, पोलारना अभावथि विध्वंशे नहि. दुर्गंध थाय नहि, चक्रवर्तीनुं सैन्य उपर चाले तोपण नमे के डोले नहि, गंगानदीनो प्रवाह उपर चाले तोपण पाणि मांहि भेदाय नहि. पालामांथि समये समये एक एक वाळाग्र काढिये. एम काढतां जेटले काळे पालो खाली थाय अने बाकी एके रज रहे नहि तेटला काळने बादर उद्धार पल्योपम कहिये, ते पल्योपम संख्यात समयनो जाणवो एहवा दश क्रोडाक्रोडि पल्योपमे १ बादर उद्धार सागरोपम थाय, केवळ परुपणा मात्र छे ए बादर उद्धार पल्योपम. हवे सुक्ष्म उद्धार पल्योपमनुं मान कहे छे,जेम एक जोजननो पालो कल्पिये ते पूर्ववत् ते पाला मांहि देवकुरु उत्तरकुरुना जुगलीयाना माथाना केश एकदिनथी सात दिनना उग्या वालाग्र लइये एकेका वालाग्रना असंख्याता खंड करीए ते खंड केवडा नाहना थाय? चक्षु,इंद्रियनी अवचेणाथी असंख्यातमे

भागे अने नाहना सुक्ष्म वनस्पति जीवना शरीरनी अवघेणाथी असंख्यातगुणा महोटा अने जेवडुं एक बादर पृथ्वीकायना जीवनुं शरिर तेवडा वाळाग्रना खंड न्हाना थाय, ते वाळाग्रना खंड अग्निये बळे नहि, वायरे उडे नहि, ते वाळाग्रने खंडे करी पालो ठांसी भरीये, ते पाला मांहेथी समये समये अकेको वालाग्रनो खंड काढीये एम काढतां जेटले काळे ते पालो खाली थाय तेटला काळने सुक्ष्म उद्धार पल्योपम कहीये. ए पल्योपम असंख्याता समयनो थाय एहवा दश क्रोडा क्रोडी पल्योपमे एक सुक्ष्म उद्धार सागरोपम थाय. ए सागरोपमे द्वीप समुद्रनुं मान वर्णव्युं छे. अढी उध्धार सागरोपमना जेटला समय थाय तेटला द्वीप समुद्र त्रिछालोकमां छे. जंबुद्वीप एकलाख जोजननो लांबो ने पहोळो एम ठाम बमणो, लवण समुद्र बे लाख जोजननो धातकिखंड चार लाख जोजननो एम ठाम बमणा असंख्याता द्वीप समुद्र जाणवा ए सुक्षम उद्धार पल्योपम. हवे अध्धा पल्योपमनुं स्वरुप कहे छे. तेना बे भेद सुक्षम अने बादर तेमां बादर अद्धा पल्योपम केहने कहिए? एक जोजननो लांबो पहोळो ने उंडो चारे हांसे सरखो पूर्ववत् पालो कल्पिए देवकुरु उतरकुरु जुगलीया मनुष्यना वाळाग्रे करी पालो ठांसी भरीये, पछी सो सो वर्षे एकेको बालाग्र काढिये, एम काढतां जेटले काळे ते पालो खाली थाय, तेटला काळने बादर अद्धा पल्योपम कहिये, ए पल्य संख्याता क्रोडि वर्षे थाय, एहवा दश क्रोडाक्रोडि बादर अद्धा पल्योपमे १ बादर अद्धा सागरोपम थाय. केवळ परुपणा मात्र छे. हवे सुक्षम अद्धा पल्योपमनुं स्वरुप कहेछे एक जोजननो लांबो पहोळो ने उंडो पूर्ववत् कल्पिये तेहमां पूर्ववत् देवकुरु, उत्तरकुरु, क्षेत्रना जुगलीयाना वालाग्रने असंख्याता खंड करी भरीये, पालामांथी सो सो वर्षे एकेक खंड

काढीये; जेटले काळे ते पालो खाली थाय. तेटला काळने सुक्ष्म अद्धा पल्योपम कहीए. ए हवा दश क्रोडाक्रोडी पल्योपमे १ सुक्ष्म अद्धा सागरोपम थाय ए सागरोपम. नारकी, तिर्यंच, मनुष्य, देवता. ए ४ गतिना आयुष्य वरणव्या छे, हवे क्षेत्र पल्योपम कहे छे. क्षेत्र पल्येपमना २ भेद. सुक्ष्म ने बादर. तेमां बादर क्षेत्र पल्बोपम केहने कहिए. एक जोजननो लांबो पहोळो ने उंडो पूर्व-वत् पालो कल्पीए. तेमां पूर्ववत् देवकुरु उत्तरकुरु क्षेत्रना जुग-लीयाना माथाना वालाग्रे भरीये ते पाला मांहिला वालाग्रना फरस्या आकाश प्रदेशने समये समये अपहरता जेटळे काळे ते पालो खालि थाय. तेटला काळने, बादर क्षेत्र पल्योपम कहिये. ए पालो खाली थतां असंख्याति अवसर्प्पिणी उत्सर्प्पिणी वहिजाय, एहवा दश क्रोडा-क्रोडि पल्योपमे १ बादर क्षेत्र सागरोपम थाय. आसर्व केवल प्ररूपणा मात्र छे. हवे सुक्ष्म क्षेत्र पल्योपमनुं स्वरूप कहे छे. एक जोजननो लांबो पहोळो ने उंडो पूर्ववत् पालो कलपिये, तेमां देवकुरु उत्तर-कुरु क्षेत्रना जुगलियाना वाळाग्रना असंख्याता खंड करि भरिये ते पाला मांहिला वाळाग्रना फरस्या आकाश प्रदेश तथा अणफर-स्या आकाश प्रदेश छे ते फरस्या अणफरस्या आकाश प्रदेशने समये समये अपहरिये, जेटले काळे पालो खालि थाय. तेटला काळने १ सुक्ष्म क्षेत्र पल्योपम कहिये, एहवा दश क्रोडाक्रोडि सुक्ष्म क्षेत्र पल्योपमे १ सुक्ष्म क्षेत्र सागरोपम थाय. ए सागरोपमना द्रष्टि-वाद सूत्रे भाव वरणव्या छे. ए ३ प्रकारना अंगुल तथा ३ प्रकारना पल्योपमनुं मान कह्युं. इति प्रमाणबोध समाप्त.

## ॥ अथ श्री चौद बोलनो अल्प बहुत्व ॥

सर्वथी थोडा संज्ञी पचेंद्रिय पर्याप्ता १. तेथी संज्ञी पंचेंद्रीय अपर्याप्ता असंख्यात गुणा २. तेथी चौरंद्रीय पर्याप्ता संख्यात गुणा ३. तेथी असंज्ञी पचेंद्रिय पयाप्ता विषेसाहिया ४. तेथी बेरेंद्रिय पर्याप्ता विषेसाहिया ५. तेथी तेरेंद्रिय पर्याप्ता विषेसाहिया ६. तेथी असंज्ञी पंचेंद्रिय अपर्याप्ता असंख्यातगुणा ७. तेथी चौरेंद्रिय अपयाप्ता विषेसाहिया ८. तेथी तेरेंद्रिय अपर्याप्ता विषेसाहिया ९. तेथी बेरेंद्रिय अपर्याप्ता विषेसाहिया १०. तेथी एकेंद्रिय बादर पर्याप्ता अनंतगुणा ११. तेथी एकेंद्रियबादर अपर्याप्ता असंख्यातगुणा १२. तेथी सुक्ष्म एकेंद्रिय अपर्याप्ता असंख्यातगुणा १३. तेथी सुक्ष्म एकेंद्रिय पर्याप्ता संख्यातगुणा १४.

## अथ श्री श्वासोश्वासनो थोकडो.

श्री पन्नवणाजी सूत्र पद सातमे श्वासोश्वासनो अधिकार चाल्यो छे तेमां गौतमस्वामी वीर प्रभुने पूछता हता के हे भगवन्! नारकी अने देवता केवी रीते श्वासोश्वास लीए छे? वीर प्रभुए कह्युं के हे गौतम! नारकीना जीव निरंतर धमणनी प्रेरे श्वासोश्वास लीए छे. असुरकुमारना देवता जघन्य सात थोक, उतकृष्टा एक पक्ष झाझेरे श्वासोश्वास लीए छे. वाणव्यंतर ने नव नीकायना देवता जघन्य सात थोक, उतकृष्टा प्रत्येक मुहूर्त. ज्योतिषी ज० अने० उ० प्रत्येक मुहूर्त. पहेले देवलोके ज० प्रत्येक मुहूर्त अने उ० बे पक्षे. बीजे देवलोके ज० प्रत्येक मूहूर्त झाझेरे, उ० बे पक्ष झाझेरे. त्रीजे देवलोके ज० बे पक्षे, अने उ० सात पक्षे. चोथे

देवलोके ज० बे पक्ष झाझेरे. अने उ० सात पक्ष झाझेरे. पांचमे देवलोके ज०सात पक्षे.अने उ०दस पक्षे.छठे देवलोके ज० दश पक्षे. उ० चौद पक्षे. सातमे देवलोके ज० चौद पक्षे उ० सत्तर पक्षे. आठमे देवलोके ज० सत्तर पक्षे, उ० अढार पक्षे. नवमे देवलोके ज० अढार पक्षे, उ० ओगणीस पक्षे. दशमे देवलोके ज० ओगणीस पक्षे. उ० वीस पक्षे. अगियारमे देवलोके ज० वीस पक्षे. उ० एकवीस पक्षे. बारमे देवलोके ज० एकवीस पक्षे. उ० बावीस पक्षे. पहेली त्रीकमां ज० बावीस पक्षे, उ० पचीस पक्षे. बीजी त्रीकमां ज० पचीस पक्षे. उ० अठावीस पक्षे. त्रीजी त्रीकमां ज० अठावीस पक्षे. उ० एकत्रीस पक्षे. चार अनुत्तर विमानमां ज० एकत्रीस पक्षे. उ० तेत्रीस पक्षे. सर्वार्थसिद्धमां ज० उ०तेत्रीस पक्षे. एम तेत्रीस पखवाडीये श्वास उंचो ले अने तेत्रीस पखवाडीए श्वास नीचो मुके. इति श्री श्वासोश्वासनो थोकडो संपूर्ण.

## आराधिक—विराधिक.

( श्री भगवतीजी सूत्र शतक पहेले, उदेशे बीजे )

१ असंजति भव्य द्रव्यदेव जघन्य भवनपति, सुधी जाय अने उत्कृष्टा नवग्रैवेयक सुधी जाय.

२ आराधिक साधु ज० पहेला देवलोक सुधी, उ० सर्वार्थसिद्ध विमान सुधी जाय.

३ विराधिक साधु ज०भवनपति,उ० पहेला देवलोक सुधी जाय.

४ आराधिक श्रावक ज० पहेला देवलोक सुधी, उ० बारमा देवलोक सुधी जाय.

५ विराधिक श्रावक ज०भवनपति, उ०ज्योतिषी सुधी जाय.

६ असंजति तिर्यंच ज० भवनपति, उ० वाणव्यंतर सुधी जाय.

७ तापसना मतवाळा ज० भवनपति,उ०ज्योतिषी सुधी जाय.

८ कंदर्पीया साधु ज०भवनपति,उ०पहेला देवलोक सुधी जाय.

९ अंबड संन्यासीना मतवाळा ज०भवन०उ०पांचमा देवलोक सुधी.

१० जमालीना मतवाळा ज०भवन०उ० छठ्ठा देवलोक सुधी जाय.

११ संज्ञी तिर्यंच ज०भवनपति,उ०आठमा देवलोक सुधी जाय.

१२ गोशाळाना मतवाळा ज०भवन० उ०बारमा देवलोक सुधी.

१३ दर्शन विराधिक स्वलिंगी साधु ज० भवनपति, उ०नव ग्रैवेयक सुधी जाय.

१४ आजीवीकामती ज०भवनपति,उ०बारमा देवलोक सुधी जाय

इति आराधिक-विराधिकनोथोकडो संपूर्ण.

## त्रण जाग्रिका.

श्री वीर भगवानने गौतम स्वामी पूछता हवा, के हे भगवान्! जाग्रिका केटला प्रकारे कही छे ?

भगवान कहे--हे गौतम ! जाग्रिका त्रण प्रकारनी कही छे, ते सांभळ--१ धर्म जागरण, २ अधर्म जागरण, ३ सुदखु जागरण तेमां प्रथम धर्म जागरणना चार भेद. १ आचार धर्म, २ क्रिया धर्म ३ दया धर्म, ४ स्वभाव धर्म.

तेमां प्रथम आचार धर्मना पांच भेद—१ ज्ञानाचार, २ दर्शनाचार, ३ चारित्राचार, ४ तपाचार, ५ वीर्याचार. तेमां ज्ञानाचारना ८ भेद, दर्शनाचारना ८ भेद, चारित्राचारना ८ भेद, तपाचारना १२ भेद, वीर्याचारना ३ भेद ए रीते ३९ थया.

ज्ञानाचारना ८ भेदः—१ ज्ञान भणवाने वखते ज्ञान भणवुं,

२ ज्ञान लेता विनय करवो, ३ ज्ञाननुं बहु मान करवुं, ४ ज्ञान भणतां यथाशक्ति तप करवो, ५ अर्थ तथा गुरुने गोपववा नहि, ६ अक्षर शुद्ध, ७ अर्थ शुद्ध, ८ अक्षर अर्थ बंने शुद्ध भणे.

दर्शनाचारना ८ भेदः—१ जैनधर्ममां शंकारहितपणुं, २ पाखंडधर्मनी वांछा रहित, ३ करणीना फळनुं संदेह रहितपणुं, ४ पाखंडीना आडंबर देखी मुंझाय नहि, ५ स्वधर्मनी प्रशंसा करे, ६ धर्मथी पडताने स्थिर करे, ७ स्वधर्मनी भक्ति करे, ८ जैनधर्मने अनेक रीते दीपावे, कृष्ण महाराज तथा श्रेणिकनृपनी पेरे.

चारित्राचारना ८ भेदः—१ इर्या समिति, २ भाषा समिति, ३ एषणा समिति, ४ आयाण भंडमत निखेवणा समिति, ५ उचार पासवण खेल जळ संघाण पारिठावणीया समिति, ६ मन गुप्ति, ७ वचन गुप्ति, ८ काय गुप्ति.

तपाचारना १२ भेदः—छ बाह्य अने छ आभ्यंतर, ए बार. छ बाह्य तपनां नामः—१ अणसण, २ उणोदरी, ३ वृत्ति संक्षेप, ४ रसपरित्याग, काय कलेश, ६ इंद्रियप्रतिसंलीनता हवे भ्यंतर तपना छ भेदः--१ प्रायश्चित, २ विनय, ३ वैयावच्च, ४ सज्झाय, ५ ध्यान, ६ कार्योत्सर्ग. एम कुल बार भेद तपाचारना जाणवा तेमां इहलोक परलोकना सुखनी वांछारहित तप करे. अथवा आजीविकारहित तप करे ए तपना बार आचार जाणवा.

वीर्याचारना ३ भेदः—बळ, वीर्य, धर्म काममां गोपवे नहि, पूर्वोक्त ३६ बोलमां उद्यम करे, शक्ति अनुसारे काम करे, एवं ३९ भेद आचार धर्मना कह्या.

हवे बीजो क्रियाधर्म, तेना सीत्तेर भेदनां नामः—चार प्रकारे पिंड विशुद्धि, पांच समिति, बार प्रकारनी भावना, साधुनी बार

पडिमा, पांच इंद्रियनो निरोध, पचीस प्रकारनी पडी लेहणा, त्रण गुप्ति, चार अभिग्रह, एवं ७०.

हवे त्रीजो दयाधर्म तेना आठ भेदनां नाम कहे छेः—१ प्रथम स्वदया ते पोताना आत्माने पापथी बचावे ते, २ परदया ते बीजा जीवनी रक्षा करवी ते, ३ द्रव्यदया ते देखादेखीथी, शरमथी, अथवा कुळआचारे दया पाळे ते, ४ भावदया खरी समजणपूर्वक प्राणी उपर अनुकंपा लावी, तेनो जीव बचाववो तथा पतीत थतां अटकाववो ते, ५ वहेवारदया ते जेवी श्रावकने दया पाळवानी कही छे ते साचवे ते, घरनां अनेक कामकाज करतां जतना राखवी ते, ६ निश्चयदया ते आपणा आत्माने कर्मबंधथी छोडाववो, तेनो खुलासो ए छे के पुद्गल परवस्तु छे, तेना उपरथी ममता उतारीने तेनो परिचय छांडीने आपणा आत्माना गुणमां रमण करवुं, जीवनुं कर्मरहित शुद्ध स्वरुप प्रगट करवुं ते निश्चय दया, चौदमा गुणस्थानकने अंते संपूर्ण लाभे. ७ स्वरुपदया ते कोइ जीवने मारवाने भावे पहेलां ते जीवने सारी रीते खवरावे अने शरीरे मातो करे, सार संभाळ ले, ए दया उपरथी देखाव मात्र छे, परंतु पाछळथी ते जीवने मारवाना परिणाम छे, ते उतराध्ययन सूत्रना सातमा अध्ययनमां बोकडाना अधिकारथी समजवुं.८ अनुबंधदया ते जीवने त्रास पमाडे पण अंतरथी तेने साता देवानो कामी छे ते, जेमके माता पुत्रने रोग मटाडवाने अर्थे कडवुं औषध पाय पण अंतरथी तेनुं भलुं चहाय छे, तथा जेम पिता पुत्रने भली शिखामण आपवा माटे उपरथी तर्जना करे, मारे, पण अंतरथी तेनुं भलुं चहाय छे तेम.

चोथो स्वभाव धर्मः—ते जे वस्तु जीव अथवा अजीव तेनी जे प्रणति छे तेना बे भेदः—तेमां एक शुद्ध स्वभावथी अने बीजो

कर्मना संजोगथी अशुद्ध प्रणति छे ते जीवने विषयकषायना संजोगथी विभावना थाय छे. हवे जीव अने पुद्गलने विभाव छे, तेने दूर करीने जीव आपणा ज्ञानादिक गुणमां रमण करे ते स्वभाव धर्म अने पुद्गलनो एक वर्ण, एक गंध, एक रस, बे फरसमां रमण थाय ते पुद्गलनो शुद्ध स्वभाव धर्म जाणवो. ए सिवाय बीजा चार द्रव्यमां स्वभाव धर्म छे पण विभाव धर्म नथी, ते चलण गुण, स्थिर गुण, अवकाश गुण, वर्तना गुण, ते पोतपोताना स्वभावने छोडता नथी ते माटे शुद्ध स्वभाव धर्म छे. ए चार प्रकारनी धर्म जाग्रिका कही.

बीजी अधर्मजाग्रिका–ते संसारमां धन कुटुंब परिवारमां आसक्त थइ कुमाग आरंभादिक करवा तेनी रक्षा अन्यायथी करवी, तेना उपर सराग द्रष्टिथी अधर्म करवो ते अधर्म जाग्रिका जाणवी.

त्रीजी सुदखु जाग्रिका ते सु कहेतां भली, दखु कहेतां चतुराइवाळी जाग्रिका श्रावकने होय छे, केमके सम्यक्ज्ञान, दर्शन, सहित धन कुटुंबादिक तथा त्रिषय कषायने खोटा जाणे छे, देशथी निवर्त्या छे, उदय भावथी उदासीनतापणे छे, त्रण मनोरथ चिंतवे छे, त सुदखु जाग्रिका जाणवी.

इति त्रण जाग्रिका संपूर्ण.

## अवधि पद.

श्री पन्नवणाजी सुत्र पद तत्रीसमे अवधि पदनो थोकडो चाल्यो तेमां प्रथम दश द्वार छे तेना नाम कहे छेः—भेदद्वार १, विषय द्वार २, संठाणद्वार ३, आभ्यंतर अने बाह्यद्वार ४, देश थकी अने सर्व थकी ५, अणुगामी ६, हायमान अने वर्धमान ७, अवट्ठीया ८,

पडवाइ ९, अपडवाइ १०.

१ पहेलो भेदद्वार–तेमां नारकी अने देवता भव प्रत्ये देखे एटले उपजती वखते साथे अवधिज्ञान होय छे. तिर्यंच अने मनुष्य क्षयोपशम प्रमाणे देखे.

२. वीजो विषय द्वार–एटले पहेली नरकना नारकी जघन्य साडात्रण गाउ देखे, उत्कृष्टा चार गाउ देखे. बीजी नरकना नारकी जघन्य त्रण गाउ, उत्कृष्टा चार गाउ देखे. त्रीजी नरकना नारकी ज० अढी गाउ, उ० त्रण गाउ देखे. चोथी नरकना नारकी ज० बे गाउ, उ० अढी गाउ देखे. पांचमीना ज० दोढ गाउ, उ० बे गाउ देखे. छठ्ठीना ज० एक गाउ उ० दोढ गाउ देखे. सातमीना ज० अर्ध गाउ, उ० एक गाउ देखे. भवनपति ज० पचीश जोजन सुधी देखे, उ० त्रण प्रकारनुं देखे. उंचुं पहेला बीजा देवलोक सुधी, नीचुं त्रीजी नरकना तळा सुधी, अने त्रीछुं पलना आउखावाळा संख्याता द्वीप समुद्र देखे, अने सागरना आउखावाळा असंख्याता द्वीप समुद्रदेखे. वाणव्यंतर अने नव निकायना देवता ज० पचीस जोजन, उ० त्रण प्रकारनुं देखे, उंचुं पहेला देवलोक सुधी, नीचुं पाताळ कळसा सुधी अने त्रीछुं, संख्याता द्वीप समुद्र देखे. ज्योतिषी ज० आंगुलनो असंख्यातमो भाग, उ० त्रण प्रकारनुं देखे. उंचुं पोताना विमाननी धजा सुधी, नीचुं नरकना तळा सुधी अने त्रीछुं पळना आउखावाळा संख्याता द्वीप समुद्र देखे अने सागरना आउखावाळा असंख्याता द्वीप समुद्र देखे. त्रीजा देवलोकथी यावत् सर्वार्थसिद्ध विमानना देवता उंचुं पोतपोताना विमाननी धजा सुधी देखे, त्रीछुं असंख्याता द्वीप समुद्र देखे, नीचुं त्रीजा चोथावाळा बीजी नरकना तळा सुधी, पांचमा, छठ्ठावाळा त्रीजी नरकना तळा सुधी, नवमांथी बारमा सुधीना पांचमी नरकना तळा सुधी नव ग्रैवेयकना

छट्ठी नरकना तळा सुधी, चार अनुत्तर विमानना सातमी नरकना तळा सुधी, अने सर्वार्थसिद्धना देवता सातमी नरकना तळा सुधी देखे. तिर्यंच ज० आंगुलनो असंख्यातमो भाग, उ० संख्याता द्वीप समुद्र देखे. मनुष्य ज० आंगुलनो असंख्यातमो भाग, उ० आखा लोक अने अलोकमां लाक जेवडा असंख्याता खांडवा देखे.

३. त्रीजो संठाणद्वार नारकी त्रापाने आकारे देखे, भवनपतीपालाने आकारे देखे, वाणव्यंतर झालरने आकारे देखे. ज्योतिषी पहाडने आकारे देखे, बार देवलोकना देवता मृदंगने आकारे देखे. नवग्रैवेयकना देवता फूलनी चंगेरीना आकारे देखे, अनुत्तर विमानना देवता कुंवारी कन्याना कंचवाने आकारे देखे.

४. चोथो आभ्यंतर अने बाह्यद्वारः-नारकी, देवता आभ्यंतर देखे, तिर्यंच बाह्य देखे, मनुष्य आभ्यंतर अने बाह्य देखे, कारण के तीर्थंकर दवने अवधिज्ञान साथेज होय छे.

५. पांचमो देश अने सर्वथकीद्वारः–नारकी, तिर्यंच अने देवता देश थकी अने सर्व थकी देखे.

६. छट्ठो अणुगामी अने अणाणुगामीद्वारः–नारकी, देवताने अणुगामी कहेतां साथे जनारुं अवधिज्ञान होय, अने तिर्यंचने अणुगामी अने अणाणुगामी बन्ने होय.

७–८. सातमो हायमान वर्द्धमान अने आठमो अवठीया द्वार–नारकी देवताने अवठीया कहेतां होय तेटलुं अवधिज्ञान रहे. मनुष्य अने तिर्यंचने हायमान-वर्द्धमान अने अवठीया ए त्रण प्रकारनुं होय.

९-१०. नवमो पडीवाइ अने दसमो अपडीवाइद्वारः–नारकी अने देवताने अपडीवाइ अवधिज्ञान होय, मनुष्य अने तिर्यंचने पडीवाइ अने अपडीवाइ बंने जाणवा. इति अवधिपद संपूर्ण.

इति जैन सिद्धांत प्रकरण संपूर्ण.

# अनुक्रमणिका.


| अंक. | थोकडो | पानुं |
|---|---|---|
| १ | नवतत्व | १ थी १३ |
| २ | छकायना बोल | १४थी१८ |
| ३ | लघु दंडक | १८ थी ४१ |
| ४ | गतागत | ४१ थी ४६ |
| ५ | गुणस्थान | ४७ थी ६८ |
| ६ | मोटो बासठीओ | ६८थी८० |
| ७ | अठाणु बोल | ८१ थी ८३ |
| ८ | छ आरा | ८३ थी ९१ |
| ९ | जिनांतरा | ९१ थी १०० |
| १० | कर्मप्रकृति | १०१ थी१०७ |
| ११ | धर्मध्यान | १०८थी ११६ |
| १२ | पांच बोल | ११६थी १३४ |
| १३ | पदवीना बोल | १३४थी१३७ |
| १४ | सिझणा द्वार | १३७थी१४० |
| १५ | बिरह द्वार | १४१ थी १४२ |
| १६ | पांच देव | १४२ थी १४५ |
| १७ | दिशाणुवाइ | १४५ थी १४८ |
| १८ | खंडाजोयण | १४८थी१६४ |

| अंक | थोकडो | पानुं |
|---|---|---|
| १९ | योनी पद | १६४ थी १६५ |
| २० | तेर बोल | १६५ थी १६८ |
| २१ | छकायनाभव | १६८–१६९ |
| २२ | छ लेश्या | १६९ थी १७४ |
| २३ | चार कषाय | १७४थी १७५ |
| २४ | संजया | १७५ थी १८३ |
| २५ | नियंठा | १८३ थी १९४ |
| २६ | षटद्रव्य | १९५ थी २०४ |
| २७ | रुपीअरुपी | २०५ |
| २८ | पचीश बोल | २०६थी २१८ |
| २९ | वाटे व्हेता | २१८थी२१९ |
| ३० | प्रमाणबोध | २१९ थी २२५ |
| ३१ | चौद बोलनो अल्पबहुत्व | |
| ३२ | श्वासोश्वास | २२६ |
| ३३ | आराधिक वि० | २२७–२२८ |
| ३४ | त्रण जाग्रिका | २२८–२३१ |
| ३५ | अवधिपद | २३१ थी २३३ |

પંડિત મુનિ મહારાજ શ્રી નાનચંદ્રજી સ્વામીકૃત તથા
સંગ્રહ કરી સુધારેલાં આત ઉપયોગી ને સસ્તાં પુસ્તકો.

| બુકોના નામ. | આવૃત્તિ. | કીંમત |
| --- | --- | --- |
| સુબોધ સંગીત માળા.ભાગ૧-૨-૩ પાકું પુંઠું | બીજી | ૧—૦-૦ |
| ,, ,, ભાગ ૩ જો | ત્રીજી | ૦--૩-૦ |
| સામાયક સ્વરૂપ. | બીજી | ૦—૩-૦ |
| સંસ્કૃત કાવ્યાનંદ ભાગ ૨-૩ | પેલી | ૧—૦-૦ |
| આધ્યાત્મિક ભજન પદ સંગ્રહ | બીજી | ૧—૦-૦ |
| છંદ સંગ્રહ | ત્રીજી | ૦—૩-૦ |
| નમીરાજ ( અતિ રસમય નોવેલ) | પેલી | ૦—૪-૦ |
| શ્રી સુબોધ કુસુમાવળી | બીજી | ૦—૨-૦ |
| જૈન સિદ્ધાંત પ્રકરણ સંગ્રહ (૩૫ થોકડાઓ) (શાસ્ત્રી સુંદર લિપિમાં) | બીજી | ૨—૦-૦ |
| સંવાદ શારદ | પેલી | ૦—૨-૬ |
| ઉત્તરાધ્યયન સૂત્રની ૮૪ કથાઓ પાકું પુંઠું | બીજી | ૧—૦-૦ |
| ,, કાચું પુંઠું | ,, | ૦-૧૨-૦ |
| જૈન પ્રશ્નોત્તર કુસુમાવળી | બીજી | ૦--૩-૦ |
| રેશીટેશનો ભા. ૨-૩ (દરેકના) | પેલી | ૦ · ૩-૦ |
| હૈમવતી, સુહાસિની, ઇંદુમતી (દરેકના) | પેલી | ૦—૨-૦ |
| સામાયિક પ્રતિક્રમણ (અર્થ સહિત) | પેલી | ૦—૪-૦ |
| જૈન સિધ્ધાંત પાઠમાળા દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સંપૂર્ણ તથા પુચ્છસુણં, ભક્તામરાદી ૭ સ્તોત્રો | બીજી | ૦-૧૨-૦ |
| સામાયક પ્રતિક્રમણ | ચોથી | ૦--૨-૦ |
| આધ્યાત્મિક પ્રબંધાવળી (પાંચે મણકા ભેગા પાકા પુંઠાના.) | પેલી | ૧—૦-૦ |
| ,, (પાંચે મણકા છુટાની આખીસીરીઝના) | ,, | ૦-૧૨-૦ |
| શતાવધાની પં. મુનિશ્રી રત્નચંદ્રજી સ્વામી રચીત ભાવના શતક | પેલી | ૧ - ૪-૦ |
| કાવ્યાનંદ ભા. ૧લો (જેમાં ૩૮૦ શ્લોકોનો સંગ્રહ) | બીજી | ૦—૪-૦ |

મળવાનું ઠે:-શ્રી અજરામર જૈન વિદ્યાશાળાના·સેક્રેટરી-લીંબડી.